॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

પુષ્ટિ-ભાવ વર્ધિની



|| શ્રી દ્વારકેશો જયતિ ||



પુષ્ટિ ભાવ વર્ધિની

પુષ્ટિમાર્ગીય સ્તોત્ર - ધોળ - પદ સંગ્રહ
તથા સંક્ષિપ્ત સેવા પ્રકાર

સંકલન કર્તા : **જયેન્દ્રભાઇ ર. સોની**
કાંદિવલી (પશ્ચિમ), મુંબઇ - ૬૭.

સંકલન સહાયક : **કૃષ્ણકુમાર ર. સોની**
રમિલા ર. ઝવેરી
ઇન્દિરા વી. પરિખ
નવનિતપ્રિયા સુ. સોની
ચંદ્રિકા રા. શર્મા
સ્મિતા હ. પરિખ



પ્રાપ્તિ સ્થાન : **જયેન્દ્રભાઇ ર. સોની**
અરવિંદ એપાર્ટમેન્ટસ,
મથુરાદાસ રોડ,
કાંદિવલી (પશ્ચિમ),
મુંબઇ - ૪૦૦ ૦૬૭.
ફોન : ૮૦૧ ૪૫ ૧૮

મુદ્રક : **પ્રશાંત આર. શાહ**
દ્વારકેશ આર્ટસ
ડી-૩-૩, ભાદરણ નગર,
એસ.વી.રોડ, મલાડ (પ),
મુંબઇ - ૪૦૦ ૦૬૪.
ફોન : ૮૬૧ ૪૭ ૯૦ / ૮૦૮ ૫૫૬૧

સમર્પણ

श्रीमद् वल्लभवंश मौलिमुकुटः सेवासुधा स्वादकः ।
नानाशास्त्र विचार चारू चरितः पुष्टि प्रथा पोषकः ॥
शुध्धाद्वैत प्रचारण परः पुनः पुनः देश पर्यटन् ।
भक्ताभीष्टि वर प्रदो विजयते विश्व वन्द्यो व्रजेशः ॥



જેમના અનેકાનેક અનુગ્રહોથી
અભિસિંચિત થયેલ છીએ,
જેમની સખ્ય ભક્તિ, ઉત્તરોત્તર
ભગવદ્ ચરણાનુરાગમાં પરિણમી છે.
જેમણે 'ભક્તેચ્છાપૂરક' નિજ સ્વરૂપનો
સ્વાનુભવ અનેક પ્રસંગે કરાવેલ છે.
તેવા
પરમ શ્રધ્ધેય, પ્રાતઃસ્મરણિય, કૃપાનિધાન
શ્રીમદ્ વલ્લભકુલ કૌસ્તુભ
કાંકરોલી નરેશ, તૃતિય પીઠાધીશ

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી
મહારાજશ્રી

ના યુગ્મ ચરણ કમલોમાં

પુષ્ટિ-ભાવ-વર્ધિની

સદૈન્ય સમર્પણ

દા.દા. જયેન્દ્રભાઈ સોની

ગોવર્ધનોધ્ધરણ શ્રીનાથજી



ગો.વા. સોની મણીમા ગોરધનદાસના
જયશ્રીકૃષ્ણ

નિકુંજનાયક શ્રી દ્વારકાધીશ પ્રભુ



ગો.વા. સોની કલાવતીબેન રમણીકલાલના
જયશ્રીકૃષ્ણ

અધમોધ્ધારણ શ્રીયમુનાજી



ગો.વા. સોની રમણીકલાલ નાથાલાલના
જયશ્રીકૃષ્ણ

આચાર્યચરણ શ્રીમહાપ્રભુજી



ગો.વા. સોની રસીકલાલ નાથાલાલના
જયશ્રીકૃષ્ણ

પ્રભુચરણ શ્રી ગુસાંઈજી



ગો.વા. સોની શાંતાબેન રમણીકલાલના
જયશ્રીકૃષ્ણ

નિ.લી.ગો. ૧૦૮ શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રી

(કાંકરોલી)



ગો.વા. સોની કાંતિલાલ ગોરધનદાસના
જયશ્રીકૃષ્ણ

તૃતિય ગૃહાધિપતિ પુ.પા.ગો.૧૦૮
શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી(કાંકરોલી-વડોદરા)



ગો.વા. સોની કમળાબેન કાંતિલાલના
જયશ્રીકૃષ્ણ

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી
(અમરેલી-કાંદિવલી-ચંપારણ્ય)



ગો.વા. સોની નવનિતલાલ કાંતિલાલના
જયશ્રીકૃષ્ણ

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥



ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ
(શુ. તૃ. ગૃહાધિપતિ)
કાંકરોલી

તા. ૧-૨-૯૯

પરમ ભગવદીય શ્રી જયેન્દ્રભાઈ ર. સોની
મુંબઇ.

આ જાણીને અત્યંત પ્રસન્નતા થાય છે કે, તમો તમારા વડીલોની સ્મૃતિમાં **“પુષ્ટિ-ભાવ વર્ધિની”** નામની પુસ્તિકા પ્રકાશિત કરી રહેલ છો. જેમાં સાંપ્રદાયિક સ્તોત્ર - પાઠ - ધોળ - પદ અને શ્રી..... પ્રભુ ના વિવિધ ચિત્રજીનું સુંદર સંકલન કરવામાં આવશે.

વડીલોના સદ્‌ગુણોને તમોએ અને પરિવારના સ્વજનોએ જીવન સાથે આત્મસાત કર્યા છે તે સદર પુસ્તિકાના પ્રકાશન કરવાના તમારા વિચાર જાણીને અનુભવાય છે.

શ્રી.... પ્રભુ અને શ્રીમદ્ આચાર્ય ચરણોની પરમ કૃપાથી **“પુષ્ટિ-ભાવ વર્ધિની”** પુસ્તિકાનો લાભ વધારેમાં વધારે જન સમાજ લઇ તેમના જીવનને પ્રભુ ભક્તિમય બનાવવામાં સક્ષમ બને એજ અમારી મંગલકામના સહ શુભાશીર્વાદ છે.

ભવદીય,

(ગો. વ્રજેશકુમાર)

શ્રી દ્વારકાધીશ મંદિર, કાંકરોલી-૩૧૩ ૩૨૪. ફોન : ૨૦૦૦૧
શ્રી રાજાધિરાજ મંદિર, રાજાધિરાજ માર્ગ, મથુરા-૨૮૧ ૦૦૧. ફોન : ૪૦૬૩૭૨
શ્રી બેઠક મંદિર, દ્વારકેશ બાગ, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૫૫૫૯૫૫

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

ગો. શ્રી વાગીશકુમારજી મહોદય
કાંકરોલી-વડોદરા

તા. ૧-૬-૯૯

પરમ ભગવદીય શ્રી જયેન્દ્રભાઈ ર. સોની
મુંબઇ.

આપના દ્વારા સંપાદીત સંકલનના સંપૂર્ણ મેટરને જોઇ ખુબજ આનંદની અનુભુતિ થઇ. પોતાના વડિલોની સ્મૃતિમાં આ પ્રકારનો ગ્રન્થ બહાર પાડવો એ પ્રાચીન પરિપાટી સંપ્રદાયમાં રહેલી છે. માટે આપનો આ સુન્દર પ્રયાસ અને સંકલન ખરેખર વૈષ્ણવ સમાજ માટે ખુબજ ઉપયોગી સિધ્ધ થશેજ એમાં જરાપણ શંકાને સ્થાન રહેતું નથી અને આપ નું સમર્પણ સંપ્રદાયન્ની વિવિધ ક્ષેત્રમાં છે જ માટે એવાત બતાવે છે કે પ્રભુની અને શ્રી વલ્લભની પૂર્ણ કૃપાતો આપના પર છેજ ્ને આપની સેવાનો પણ આપશ્રીએ સ્વિકાર કર્યો છે. માટે આપ દરેક કાર્ય સંપ્રદાયનું હોય તેમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરો એ શુભકામના સાથે આશિર્વાદ......

ભવદીય,
ગો. વાગીશ કુમાર
(કાંકરોલી)

શ્રી દ્વારકાધીશ મંદિર, કાંકરોલી-૩૧૩ ૩૨૪. ફોન : ૨૦૦૦૧
શ્રી બેઠક મંદિર, દ્વારકેશ બાગ, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૫૫૫૯૫૫

॥ શ્રી હરિઃ ॥



ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ
વડોદરા

તા. ૧૨-૯-૯૯

પરમ ભગવદીય શ્રી જયેન્દ્રભાઇ ર. સોની
મુંબઇ.

સન્સેહ શુભાશિષ

આપના દ્વારા આપના માતૃશ્રીના સ્મરણાર્થે **"પુષ્ટિ-ભાવ વર્ધિની"** નામાવિધાન પુસ્તકનું પ્રકાશન થઇ રહ્યું છે. જેમા ખુબ સુંદર પ્રચલીત-અપ્રચલીત, પ્રાપ્ય-અપ્રાપ્ય ધોળ, પદ, કીર્તનો અને ભગવદ્ ગુણગાનનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી શ્રીમદ્ વલ્લભની સકળ વૈષ્ણવ સૃષ્ટિને અનેરો લાભ મળશે.

આપના આ ખુબજ સુંદર ભગવદ્ કાર્ય કરવા બદલ મારા અંતરની અનંત શુભકામનાઓ અને શત્ શત્ આશીર્વાદ પ્રદાન કરૂં છું.

પુનઃ આ સુંદર ભગવદ્ કાર્ય કરવા બદલ શુભકામનાઓ સહ...

ભવદિય.

ગો. દ્વારકેશલાલ

'અષ્ટપીઠ' શ્રી કલ્યાણરાયજી મંદીર, શેઠ શેરી, બાજવાડા,
વડોદરા - ૩૯૦ ૦૦૧. (ગુજરાત) ફોન : (૦૨૬૫) ૪૨૩૩૨૨
શ્રી મહાપ્રભુજી બેઠક, કૃષ્ણા સિનેમા સામે, નરોડા - ૩૮૨ ૩૨૫.
અમદાવાદ (ગુ.). ફોન : (૦૭૯) ૨૮૧૩૪૪૪, ૨૮૧૩૪૭૭, ૨૮૧૧૪૭૭

અનુક્રમણિકા

નંબર	વિગત		પાના નં.
૧	હૃદયોદ્‌બોધન		૧
૨	શ્રી દ્વારકેશાષ્ટકમ્		૩
૩	નિ.લી.ગો.૧૦૮ શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રી ના ૧૦૮ નામ સ્તોત્ર		૪
૪	શ્રી ગુરૂદેવાષ્ટકમ્		૬
૫	પુષ્ટિ-ભાવ		૮
૬	નિર્ગુણ ભક્તિયોગ-પુષ્ટિમાર્ગના વિશિષ્ટ લક્ષણો		૧૦
૭	આટલું તો અવશ્ય કરવું		૧૨
૮	સેવા અને સ્મરણ		૧૩
૯	સેવો શ્રી કૃષ્ણ કૃપાળ		૧૫

(૧) પ્રાતઃ સ્મરણ

૧૦	શ્રી ગોવર્ધન નાથ પાદ યુગલં		૧૭
૧૧	શ્રીમદ્ વલ્લભ વિઠ્ઠલૌ		૧૭
૧૨	શ્રી મહાપ્રભુજીનું પદ	ઉઠત પ્રાતઃ રસના લીજે નામ	૧૭
૧૩	શ્રી ગુસાંઇજીનું પદ	પ્રાત સમે શ્રી વલ્લભસુતકો	૧૮
૧૪	શ્રી યમુનાજીનું પદ	તિહારો દરશ મોહે ભાવે	૧૮
૧૫	બાલ-ગીત	પ્રભાતે સવેળા પથારી તજી દો	૧૮

(૨) નિત્ય સ્તોત્ર પાઠ

૧૬	શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ	સૌન્દર્યં નિજહૃદગતં	૨૦
૧૭	શ્રી ગોપીનાથજીનું સ્વરૂપ	શ્રી વલ્લભ પ્રતિનિધીમ્	૨૦
૧૮	શ્રી ગુસાંઇજીનું સ્વરૂપ	સાયંકુજા લયસ્થા	૨૦
૧૯	શ્રી કૃષ્ણ સ્વરૂપ	બર્હાપીડં નટવરવપુ	૨૦
૨૦	મંગલાચરણ	ચિન્તા સંતાનહંતારો	૨૧
૨૧	મુરલીસ્વર કૃતતાલં		૨૧
૨૨	મંગલાચરણના અન્ય શ્લોકો		૨૧
૨૩	બ્રહ્મસંબંધનો ભાવાર્થ		૨૩

(૩) શ્રી વલ્લભ-વિઠ્ઠલ સ્મરણ

૨૪	શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્		૨૪
૨૫	શ્રી સપ્ત શ્લોકી		૨૬
૨૬	શ્રી વલ્લભાષ્ટકમ્		૨૮
૨૭	શ્રી નામ રત્નાખ્ય સ્તોત્રમ્		૨૯

નંબર વિગત પાના નં.

(૪) ષોડશ ગ્રંથો

૨૮ શ્રી યમુનાષ્ટક ૩૨
૨૯ શ્રી કૃષ્ણાશ્રય ૩૩
૩૦ ચતુઃશ્લોકી ૩૪
૩૧ નવરત્ન ૩૫
૩૨ સિધ્ધાંત સહસ્ય ૩૫
૩૩ બાલબોધ ૩૬
૩૪ સિધ્ધાંત મુક્તાવલી ૩૮
૩૫ પુષ્ટિ-પ્રવાહ મર્યાદા ભેદ ૪૦
૩૬ અંતઃકરણ પ્રબોધ ૪૨
૩૭ વિવેકધૈર્યાશ્રય ૪૩
૩૮ ભક્તિ વર્ધિની ૪૪
૩૯ જલભેદ ૪૫
૪૦ પંચ પદ્યાની ૪૭
૪૧ સંન્યાસ નિર્ણય ૪૭
૪૨ નિરોધ લક્ષણ ૪૯
૪૩ સેવાફલમ્ ૫૧
૪૪ સેવા ફલમ્ - વિવરણ ૫૧

(૫) અન્ય સ્તોત્ર પાઠ

૪૫ શિક્ષા શ્લોકાઃ ૫૩
૪૬ પંચ શ્લોકી ૫૩
૪૭ શ્રી ગિરિરાજ ધાર્યાષ્ટકમ્ ૫૪
૪૮ શ્રી મધુરાષ્ટકમ્ ૫૪
૪૯ શ્રી અષ્ટાક્ષર મંત્રાર્થ નિરૂપણમ્ ૫૫
૫૦ શ્રી ગોકુલાષ્ટકમ્ ૫૭
૫૧ શ્રી ગોકુલેશાષ્ટકમ્ ૫૭
૫૨ જન્મ વૈફલ્ય નિરૂપણાષ્ટકમ્ ૫૯
૫૩ પ્રાતઃસ્મરણમ્ ૫૯
૫૪ શ્રી નંદકુમારાષ્ટકમ્ ૬૦
૫૫ શ્રી રાધા પ્રાર્થના ચતુઃશ્લોકી ૬૨
૫૬ શ્રી વિઠ્ઠલેશ સ્તવન ૬૨
૫૭ શ્રી યમુના વિજ્ઞપ્તિ ૬૩
૫૮ શ્રી યમુના અષ્ટપદી ૬૪
૫૯ રાસલીલામૃત શ્લોકો ૬૪
૬૦ ગોપીગીત ૬૫

નંબર	વિગત	પાના નં.
૬૧	શ્રી પુરૂષોત્તમ સહસ્ત્રનામ	૬૭
૬૨	દશમ સ્કંધાનુક્રમણીકા	૮૬
૬૩	ગીતા અધ્યાય (૧૨) - ભક્તિ યોગ	૯૧
૬૪	ગીતા અધ્યાય (૧૫) - પુરૂષોત્તમ યોગ	૯૩
	(૬) નિત્ય કિર્તન	
૬૫	શ્રી મહાપ્રભુજીનું પદ જૈ જૈ શ્રી વલ્લભ પ્રભુ	૯૫
૬૬	શ્રી ગુસાંઇજીનું પદ પ્રાતઃસમેં ઉઠે શ્રી વલ્લભનંદનકે	૯૫
૬૭	શ્રી મહાપ્રભુજી-શ્રી ગુસાંઇજીનું પદ પ્રાત સમે સુમિરો	૯૬
૬૮	શ્રી યમુનાજીનું પદ શ્રી યમુના યમુના નામ ભજો	૯૬
	શ્રીઠાકોરજીને જગાડવાના પદ	
૬૯	જાગીયે વ્રજરાજ કુંવર	૯૬
૭૦	પ્રાતઃ સમે ઘરઘરતેં મુખ દેખન કો આઇ	૯૭
	કલેવાના પદ	
૭૧	છગનમગન પ્યારે લાલ	૯૭
૭૨	હોં બલિ બલિ જાઉં કલેઉ લાલ કિજે	૯૭
	મંગલા આરતિના પદ	
૭૩	મંગલ મંગલ વ્રજભુમિ મંગલમ્	૯૮
૭૪	મંગલ આરતિ ગોપાલ કી માઇ	૯૮
૭૫	**મંગલા સન્મુખનું પદ** ગોવર્ધન ગિરિ સઘન કંદરા	૯૯
	વ્રત ચર્યાના પદ	
૭૬	હરિ યશ ગાવત ચલી વ્રજસુંદરી	૯૯
૭૭	બનત નહીં યમુનાજી કો નહિવો	૯૯
	ખંડિતાના પદ	
૭૮	કહો તુમ સાંચી કહાં તે આયે	૧૦૦
૭૯	આવન કહ ગયે અજહું ન આયે	૧૦૦
૮૦	**સ્નાનનું પદ** કરત શ્રીંગાર મૈયા મનભાવત	૧૦૦
	શ્રૃંગારનાં પદ	
૮૧	આવો ગોપાલ શ્રૃંગાર બનાવું	૧૦૧
૮૨	ભોગ શ્રૃંગાર યશોદા મૈયા	૧૦૧
૮૩	મેરો મુખ નીકો કે તેરો મુખ પ્યારી	૧૦૧
	પલનાના પદ	
૮૪	પ્રેખ પર્યંક શયનં	૧૦૨
૮૫	યહ નિત નેમ યશોદા જુ મેરે	૧૦૨
૮૬	ઝુલે ઝુલે રે જશોદા તેરો લલના	૧૦૨

નંબર	વિગત		પાના નં.
	રાજભોગના પદ		
૮૭	જેંવત રામ-કૃષ્ણ દોઉ ભૈયા		૧૦૩
૮૮	જેંવત વૃષભાન નંદિની		૧૦૩
૮૯	**છાકનું પદ**	આજ દધિ મીઠો મદન ગોપાલ	૧૦૩
૯૦	**બીરીનું પદ**	પાન ખવાવત કર કર બીરી	૧૦૪
	રાજભોગ - શિતકાલ - હિલગના પદ		
૯૧	જાકો મન લાગ્યો ગોપાલ સોં		૧૦૪
૯૨	નંદલાલ સોં મેરો મન માન્યો		૧૦૪
૯૩	અબતો કહાં કરોરી માઇ		૧૦૫
	રાજભોગ - ઉષ્ણકાલ - સન્મુખ પદ		
૯૪	ચલિ સખી કુંજ કુંજ ગોપાલ જહાં		૧૦૫
૯૫	સુંદર મુખકી હોં બલિ બલિ જાઉં		૧૦૫
	પોઢવાના પદ		
૯૬	કુંજ ભવનમેં પોઢે દોઉ		૧૦૬
૯૭	સખીયન રૂચિ રૂચિ એજ બનાઇ		૧૦૬
૯૮	પોઢે શ્રી રાધિકા કે ગેહ		૧૦૬
	દિનતા - આશ્રયના પદ		
૯૯	યહ માંગો શ્રી ગોપીજનવલ્લભ		૧૦૭
૧૦૦	શ્રી વલ્લભ મેરી કૃતિ જિન દેખો		૧૦૭
૧૦૧	મેરે તો તુમ હો શ્રી વલ્લભ સ્વામિ		૧૦૭
	શ્રી ઠાકોરજીની વધાઇ		
૧૦૨	યહ ધન ધર્મ હિતે પાયો		૧૦૮
૧૦૩	સબમિલી મંગલ ગાવો ગાઇ		૧૦૮
૧૦૪	રાનીજુ આપુન મંગલ ગાવે		૧૦૮
૧૦૫	પદ્મ ધર્યો જન તાપ નિવારણ		૧૦૯
	શ્રી મહાપ્રભુજીની વધાઇ		
૧૦૬	પ્રકટ વ્હે મારગ રીત દિખાઇ		૧૦૯
૧૦૭	પ્રકટે પુષ્ટિ મહારસદેન		૧૧૦
	શ્રી ગુસાંઇજીની વધાઇ		
૧૦૮	કહત સબન સોં આવો આવો		૧૧૦
૧૦૯	હોં ચરણાંટ પત્ર કી છૈયા		૧૧૦
૧૧૦	**કિર્તન**	રહ્યો મોહે શ્રી વલ્લભ ગૃહ ભાવે	૧૧૦
	(૭) શ્રીયમુના સ્તુતિ		
૧૧૧	શ્રીયમુનાજીના ૪૧ પદો		૧૧૫
૧૧૨	શ્રીયમુના સ્તવન	શ્રીકૃષ્ણના ચરણાર્વિંદ	૧૨૭

નંબર	વિગત		પાના નં.
૧૧૩	શ્રીયમુના વંદના	વ્હાલે કરી વંદુરે	૧૨૯
૧૧૪	શ્રીયમુના પાન	મહારાણીજીના પાન	૧૩૦
૧૧૫	શ્રીયમુના દર્શન	અહર્નિશ દરશન દ્યો	૧૩૦
૧૧૬	શ્રીયમુના યાચના	દર્શન દ્યો માં યમુનાજી	૧૩૧
૧૧૭	શ્રયમુનાજીનું ધોળ	દુ:સ્વભાવથી જીતાડો	૧૩૨
૧૧૮	શ્રીયમુના-વ્રજ સુખ યાચના	ધન્ય ધન્ય શ્રીયમુના	૧૩૩
૧૧૯	શ્રીયમુના કૃપા યાચના	ધન્ય શ્રીયમુના મા	૧૩૪
૧૨૦	શ્રીયમુના આરતિ	જય જય શ્રીયમુના મા	૧૩૪
૧૨૧	શ્રીયમુના મહાત્મ્ય	જય જય મહારાણી યમુના	૧૩૫
૧૨૨	શ્રીયમુના વ્રત	ઉત્તમ વ્રત એકાદશી	૧૩૬
૧૨૩	શ્રીયમુના સ્વરૂપ	મેં તો જુગલ સ્વરૂપે	૧૩૬
૧૨૪	શ્રીયમુના વિનંતિ	શ્રીયમુનાજી મારા આવજો રે	૧૩૭
૧૨૫	શ્રીયમુના અધમ ઉધ્ધારણ મેં જાની		૧૩૮
૧૨૬	યહ પ્રસાદ હોં પાઉ શ્રીયમુનાજી		૧૩૮
૧૨૭	જગત મેં શ્રીયમુના પરમ કૃપાલુ		૧૩૮
૧૨૮	શ્રીયમુના નામ સંભારે રે જે કોઇ		૧૩૮
૧૨૯	શ્રીયમુનાજીનો ધ્વનિ		૧૩૯

(૮) શ્રીનાથજી સ્મરણ

૧૩૦	શ્રીજી મેરા એસા રસીયા	૧૪૦
૧૩૧	ચાલો તો શ્રીજી જઇએરે	૧૪૦
૧૩૨	ગિરિકંદરામાંથી પ્રગટ થયા	૧૪૦
૧૩૩	શ્રીનાથજીનો ડંકો	૧૪૨
૧૩૪	મેવાડમાં સિંહાડમાં પહાડમાં	૧૪૩
૧૩૫	સાચા સગાછો શ્રીનાથજી	૧૪૩
૧૩૬	મ્હારે મંદિરે પધારો શ્રીનાથજી	૧૪૩
૧૩૭	શ્રીનાથજી તે છેલ બિરાજતાજો	૧૪૪
૧૩૮	શ્રીનાથજીનું વદન કમળ જોયું	૧૪૫
૧૩૯	વાંકે અંબોડે શ્રીનાથજી	૧૪૫
૧૪૦	ઉભા રહો તો કહું વાતલડી	૧૪૬
૧૪૧	એક વાર દર્શન દિજીયે	૧૪૬
૧૪૨	મેરે શ્રીનાથજી પ્યારે	૧૪૭
૧૪૩	વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું	૧૪૭
૧૪૪	મારા અંત સમયે અલબેલા મુજને મુકશોમાં	૧૪૮
૧૪૫	શ્રીનાથજી કો ધ્યાન મેરે નિશ દિનારી માઇ	૧૪૮
૧૪૬	નાના સરખા શ્રીનાથજી	૧૪૯

નંબર	વિગત	પાના નં.
૧૪૭	હાંરે વ્હાલા અરજી અમારી	૧૪૯
	(૯) અન્ય ધોળ-પદ	
૧૪૮	ઉભા કદંબ વન વેલીમાં	૧૫૧
૧૪૯	આવ્યા શ્રીગોકુળ તારવા	૧૫૧
૧૫૦	અમે આવ્યા તમારે આશરે અલબેલાજી	૧૫૧
૧૫૧	મોહન મલપંતા ઘેર આવિયારે	૧૫૨
૧૫૨	વ્રજના જીવન કરૂં વિનંતિ	૧૫૩
૧૫૩	શ્રી વલ્લભ વિઠ્ઠલ હરિ નવ જાણ્યા	૧૫૩
૧૫૪	આજે આનંદ મારે અતિ ઘણો રે	૧૫૪
૧૫૫	સખી આજનો લ્હાવો લીજીએરે	૧૫૪
૧૫૬	મારા વ્હાલાનાં વનમાંય વાગી રૂડી વાંસલડી	૧૫૫
૧૫૭	ગરબે રમવાને ગોરી નિસર્યો રે લોલ	૧૫૫
૧૫૮	વ્હાલા મારા વ્રંદાવનના ચોક કે	૧૫૬
૧૫૯	નાગર નંદાજીના લાલ	૧૫૭
૧૬૦	બંસી બાજી રે કાના તેરી મદનગોપાલ	૧૫૮
૧૬૧	મારૂ મન મોહ્યું રે	૧૫૮
૧૬૨	ગાવડી લાવો મારી ગોતી	૧૫૯
૧૬૩	ધન્ય આજની ઘડી રળીયામણી	૧૫૯
૧૬૪	શ્યામ રંગ સમીપે ન જાવું	૧૬૦
૧૬૫	તું જોને સખી શોભા સલુણા શ્યામની	૧૬૦
૧૬૬	પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે	૧૬૦
૧૬૭	જે કોઇ પ્રેમ અંશ અવતરે	૧૬૧
૧૬૮	ચિત્ત તું શીદને ચિંતા કરે	૧૬૧
૧૬૯	આજ ગઇતી કાલિંદીને તટ રે	૧૬૨
૧૭૦	ગોપીજનના રે પ્રાણ મારા પ્રભુજીની પાસે	૧૬૩
૧૭૧	નિશ્ચયના મહેલમાં	૧૬૪
૧૭૨	શ્રીગોવર્ધન વાસી સાંવરે લાલ	૧૬૪
૧૭૩	વ્રજ મેરે મન ભાઇ	૧૬૫
૧૭૪	આંબો અખંડ ભુવનમાંથી ઉતર્યો	૧૬૬
૧૭૫	શ્રીવ્રજ ચોર્યાશી કોસ યાત્રાનું ધોળ	૧૬૭
૧૭૬	વ્રજપરિક્રમાનું ધોળ	૧૮૧
૧૭૭	હોં વ્રજ માંગનો જી	૧૮૩
૧૭૮	જન્માષ્ટમીનું ધોળ	૧૮૩
૧૭૯	શ્રીદ્વારકાધીશજીનું ધોળ	૧૮૬
૧૮૦	શ્રીબાલકૃષ્ણજીનું ધોળ	૧૮૭

નંબર વિગત પાના નં.
૧૮૧ સબ આરતિ ઉતારો મેરે લાલન કી ૧૮૭
૧૮૨ સાંઝીનું ધોળ ૧૮૮
૧૮૩ અષ્ટાક્ષરનું પદ ૧૯૦
૧૮૪ અષ્ટાક્ષરનો ધ્વનિ ૧૯૧
૧૮૫ શ્રીનાથજીનો ધ્વનિ ૧૯૩

(૧૦) શ્રી વલ્લભ નાં ગુણગાન

૧૮૬ મુળ પુરૂષ ૧૯૪
૧૮૭ વલ્લભાખ્યાન - ૧ ૧૯૯
૧૮૮ વલ્લભાખ્યાન - ૨ ૨૦૧
૧૮૯ વલ્લભાખ્યાન - ૩ ૨૦૩
૧૯૦ વલ્લભાખ્યાન - ૪ ૨૦૫
૧૯૧ વલ્લભાખ્યાન - ૫ ૨૦૬
૧૯૨ વલ્લભાખ્યાન - ૬ ૨૦૭
૧૯૩ વલ્લભાખ્યાન - ૭ ૨૦૮
૧૯૪ વલ્લભાખ્યાન - ૮ ૨૧૧
૧૯૫ વલ્લભાખ્યાન - ૯ ૨૧૩
૧૯૬ શ્રી સર્વોત્તમજીનું ધોળ ૨૧૪
૧૯૭ શ્રી મહાપ્રભુજીની ચોર્યાશી બેઠકો ૨૧૭
૧૯૮ હું તો માંગું શ્રીમહાપ્રભુજી એટલું રે ૨૨૦
૧૯૯ શ્રી વલ્લભના ચરણ છોડી ૨૨૧
૨૦૦ અમને શ્રી વલ્લભ વ્હાલા ૨૨૧
૨૦૧ શ્રીમહાપ્રભુજી ગુરૂ મ્હારા ૨૨૨
૨૦૨ આજ મ્હારે આનંદ ઉરમાં ૨૨૩
૨૦૩ વલ્લભ વર ઘેર આવીયા ૨૨૪
૨૦૪ વલ્લભ રસની તરસી હુંતો ૨૨૪
૨૦૫ એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ ૨૨૪
૨૦૬ શ્રીમદ્ વલ્લભાધીશ મારા શીર પર ગાજે છે ૨૨૫
૨૦૭ શ્રીવલ્લભ કહો શ્રી વલ્લભ કહો ૨૨૬
૨૦૮ મેરે તો આધાર શ્રી વલ્લભ કે ચરણાર્વિંદ ૨૨૭
૨૦૯ શ્રી હરિરાયજી કૃત વલ્લભ સાખી ૨૨૭

(૧૧) ભક્તિ કુંજ

૨૧૦ શ્રી હરિરાયજી કૃત નિત્યલીલા ૨૩૫
૨૧૧ દયારામભાઇ કૃત શ્રી પુષ્ટિ-પથ-રહસ્ય ૨૪૧
૨૧૨ ભક્તિ પોષણ ૨૫૧
૨૧૩ ચિંતન નું ધોળ ૨૭૧

નંબર	વિગત	પાના નં.
૨૧૪	ચોરાશી વૈષ્ણવનું ધોળ	૨૭૯
૨૧૫	બસ્સોબાવન વૈષ્ણવનું ધોળ	૨૮૨
૨૧૬	અષ્ટસખાની ભાવનાનું ધોળ	૨૮૬
૨૧૭	કૃષ્ણાશ્રયનું ધોળ	૨૮૯
૨૧૮	ચતુઃશ્લોકીનું ધોળ	૨૯૦
૨૧૯	નવરત્નનું ધોળ	૨૯૦
૨૨૦	સિધ્ધાંત રહસ્યનું ધોળ	૨૯૩
૨૨૧	વ્રજજીવન વ્રજમાં બોલાવો મને	૨૯૪
૨૨૨	દ્વાદશ કુંજો	૨૯૫
૨૨૩	શ્રીહરિરાય મહાપ્રભુના વચનામૃત	૨૯૬
૨૨૪	પરમ કૃપાલુ શ્રી વલ્લભનંદન	૩૦૦

(૧૨) સેવા કુંજ

૨૨૫	કિર્તન - સેવા - શિક્ષા	૩૦૧
૨૨૬	સુક્ષ્મ સેવા પ્રકાર	૩૦૧
૨૨૭	નિત્ય સેવા પ્રકાર	૩૦૩
૨૨૮	વસ્ત્ર - શ્રૃંગાર પ્રકાર	૩૦૯
૨૨૯	સેવા - સંહિતા	૩૧૧
૨૩૦	સેવા દરમ્યાન કરવાના સ્તોત્ર પાઠનો ક્રમ	૩૨૨

(૧૩) સત્સંગ - નિત્ય ક્રમ

૨૩૧	પુષ્ટિમાર્ગના પાંચ તત્વ	૩૨૩
૨૩૨	જયશ્રીકૃષ્ણ રે ભાઇ	૩૨૪
૨૩૩	જયશ્રી વલ્લભ - જયશ્રી વિઠ્ઠલ	૩૨૫
૨૩૪	ભરોંસો શ્રી વલ્લભ હિકો ભારી	૩૨૬
૨૩૫	શ્રી વલ્લભ ભલે બુરે તોઉ તેરે	૩૨૬
૨૩૬	કલી મેં એક બડો આધાર	૩૨૬
૨૩૭	શ્રી વિઠ્ઠલનાથ જેસો તેસો તિહારો	૩૨૬
૨૩૮	જે જન શરણ આયે સોહી તારે	૩૨૭
૨૩૯	શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી	૩૨૭
૨૪૦	હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની	૩૨૭
૨૪૧	લાલન હિકિ ચહિયે કૃપા એક	૩૨૮
૨૪૨	એક પલક જો રહિયે વૃંદાવન	૩૨૮
૨૪૩	તરહટિ શ્રીગોવર્ધન કી રહિયે	૩૨૮
૨૪૪	સદા મન ગોકુલમેં રહિયે	૩૨૮
૨૪૫	દ્રઢ ઇન ચરણન કેરો	૩૨૯
૨૪૬	આજે સૌને જયશ્રીકૃષ્ણ	૩૨૯
૨૪૭	હાલરડાં	૩૨૯

હૃદયોદ્‌બોધન

પુષ્ટિમાર્ગીય નિત્યપાઠ-ધોળ-પદ ઇત્યાદીના અનેક પુસ્તકો પ્રાપ્ત થાય છે અને વારંવાર પ્રકાશિત પણ થયા કરે છે. છતાં આ **પુષ્ટિ-ભાવ વર્ધિની** નું પ્રકાશન કરવાનું વિશેષ તાત્પર્ય રહેલું છે. પૂર્વ જન્મોના અનુસંધાન રૂપે અમોને ભગવદીય માતાની કૂખે જન્મ પ્રાપ્તિ થઇ અને અમારી એ જન્મદાત્રી માતુશ્રી એ ભગવદ્ સંસ્કારોથી અમારૂં સીંચન કર્યું. જીવનની પ્રતિકુલમાં પ્રતિકુલ પરિસ્થિતિમાં પણ એમને **'આશરો એક શ્રી વલ્લભાધિશનો'** એ વચનને આત્મસાત કરી અમો સૌ સાત ભાઇ-બહેનોથી ભરેલી નૌકાને કિનારે પહોંચાડી અમારા સૌના જીવનને એક ચોક્કસ દિશા આપી છે. અમારા સૌના આજના જીવનની સ્થિતિ, અમારી ચિત્તવૃતિ તથા અમારા કર્તૃત્વમાં મહદ્ અંશે અમારી આ જનેતાનો અમુલ્ય ફાળો રહેલ છે. એમના ઋણને ફેડવવાનું સામર્થ્ય તો અમારૂં નથી, પરંતુ આ નાનકડી પુસ્તિકાના માધ્યમથી એમના એ ઋણનો સ્વિકાર કરી થોડી હળવાશ અનુભવીએ છીએ. એ અન્ય હેતુઓ માંના એક ને કારણે આ પુસ્તિકા પ્રકાશિત કરવાનું વિચાર્યું છે. આ પુસ્તિકામાં સંકલિત કરેલા સર્વ સ્તોત્ર પાઠ-ધોળ-પદ ઇત્યાદીનું નિયમિત અવગાહન એ અમારા માતુશ્રીના દૈનિક જીવનનું એક અભિન્ન અંગ હતું, અને તે રીતે **'શ્રી'** ની સ્વરૂપ સેવા સાથે શ્રીમદ્ આચાર્ય ચરણની આજ્ઞાનુસાર નામ સેવા ને પણ પોતાના જીવનમાં વણી લીધી હતી, જે ક્રમ તેમના આખરી શ્વાસ પર્યંત અવિચ્છીન્ન રહ્યો હતો. દૈનિક ગૃહકાર્યની સાથે સતત ધોળ-પદ કિર્તન ગાન દ્વારા ભગવન્નામનું રટણ અવિરત ચાલું રહેતું. આ પુસ્તિકામાં તેમને કંઠસ્થ થયેલ અને તેમના દૈનિક ક્રમના લગભગ સર્વે સ્તોત્ર-પાઠ-પદો ને સમાવિષ્ટ કરવાની કોશિષ કરેલ છે, જેના દ્વારા તેમની સ્મૃતિને તાજી રાખી શકાય. આ પુસ્તિકામાં નિત્ય પાઠ, ષોડષ ગ્રંથો, અન્ય સ્તોત્રો તથા પુષ્ટિમાર્ગનું અન્ય સામાન્ય વૈષ્ણવોપયોગી સાહિત્ય તથા ધોળ પદોને પણ આવરી લેવાયા છે, જેથી અભિષ્ટ રૂચી ક્રમાનુસાર તેનું અવગાહન કરવું સરળ પડે.

માતુશ્રી દ્વારા સંસ્થાપિત બીજને પોષણ આપવાનું શ્રેય, જેમના ચરણારવિંદમાં દ્રઢાશ્રય કેળવવાના સંસ્કાર પ્રાપ્ત થયા છે, તેવા શ્રીવલ્લભસ્વરૂપે બીરાજતા અમારા પૂજ્ય ગુરૂદેવને ફાળે જાય છે. કૃપાનિધાન-ભક્તવત્સલ-ભક્તેચ્છાપૂરક એવા નિત્ય લીલાસ્થ **ગો. ૧૦૮**

શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી), એવમ્ વિદ્યમાન તૃતિય ગૃહ પીઠાધીશ **ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી** એ અમારામાં રહેલ ભગવદ્ બીજનું સમય સમય પર અકારણ અનુગ્રહ વરસાવી સિંચન કરી નવપલ્લવિત રાખ્યું છે તે અમારા સૌનું પરમ સૌભાગ્ય છે. અનુભવ કરેલા આપશ્રીના વિશિષ્ટ ચરિત્રોનું વર્ણન કરવા શબ્દકોષના સર્વે વિશેષણો અપર્યાપ્ત છે. આપશ્રીના કૃપા કટાક્ષ દ્વારાજ અમારામાં સ્થિત ભગવતોન્મુખ ભાવોને પોષણ મળ્યું છે, અને તેના થકીજ અમારા લૌકિક તેમજ અલૌકિક કાર્યો પ્રભુકૃપાથી પરિપુર્ણ થયા છે એવો અમારો દ્રઢ વિશ્વાસ છે. અમારા દિક્ષા દાતા ગુરુદેવના અનુગ્રહને કારણેજ અન્ય વલ્લભકુળ ગોસ્વામિ આચાર્યોની તેમજ સંતવર્યોની પણ અમારા ઉપર કૃપા દ્રષ્ટિ રહી છે. સવિશેષ ઉલ્લેખનીય એવા **ગો. ૧૦૮ શ્રી વ્રજીજીવનલાલજી મહારાજશ્રી** (અમરેલી-કાંદિવલી)ની વિશિષ્ટ કૃપા અમારા સંપુર્ણ પરિવાર ઉપર વરસતી રહી છે જેને બિરદાવવા અમારી કલમ અસમર્થ છે. આ સર્વ ગુરૂ ચરણોના ઋણને અદા કરવાનું સામર્થ્યતો અમારા જેવા પામર જીવોનું ક્યાંથી હોઈ શકે, કારણ જેમણે સ્વ નિધી **નિકુંજનાયક શ્રીદ્વારકાધીશ પ્રભુની** સાથે સંગમ કરાવી આપ્યો છે, પરંતુ આ પુસ્તિકાના માધ્યમથી આપશ્રીઓના યુગ્મચરણોની ચરણવંદના કરી ધન્યતા અનુભવીએ છીએ અને વિંનવીએ છીએ કે અમારા અગણિત દોષોને નજર અંદાજ કરી નિજ ચરણ કમલોંમાં અમોને સદા સ્થિત રાખે. આપના અનુગ્રહ દ્વારા શ્રીમદાચાર્યના ચરણ કમલોંમાં સદા અમારી રતિ-ગતિ અને મતિ સ્થિર રહે અને તે થકી શ્રી પ્રભુની યત્કિંચિત ટહેલ કરવાનું સૌભાગ્ય અમારા પરિવારને સાંપડે એજ અભ્યર્થના.

અમારામાં સંસ્કારનું સિંચન તો માતુશ્રીએ કર્યું, પરંતુ ભગવદ્ સેવામાં વિનિયોગ કરી શકાય તેવો કલા-વારસો અમોને પૂ. પિતાશ્રી પાસેથી પ્રાપ્ત થયેલ છે. એમનું પણ ઋણ સ્વિકાર અમો આ માધ્યમથી કરીએ છીએ.

અંતમાં જેઓની આત્મિયતા ભરી હુંફ અને માર્ગદર્શન અમોને પ્રાપ્ત થયેલ છે, તે સૌ આપ્તજનો માટે આ **પુષ્ટિ ભાવ વર્ધિની** તેમના પુષ્ટિ ભાવમાં અભિવૃધ્ધિ કરશે અને તેઓની નામ સેવામાં સહાયક બનશે તેજ અમારા આ નમ્ર પ્રયાસની ફલશ્રૃતિ ગણાશે.

ગો.વા. સોની કલાવતી રમણીકલાલના પરિવાર વતી
જયેન્દ્રભાઈ ર. સોની.

શ્રીદ્વારકેશાષ્ટકમ્

વને ગોપિકાયૂયમાકારયન્તં દરીદ્વારદેશસ્થિતં ગોપિકેશમ્ ।
રમેશં વ્રજે ગવ્યમાસ્વાદયન્તં ભજેસ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૧॥

નિજાનન્દદાનાય વૃન્દાવનસ્થાન્ રસોદ્રેકભાવૈઃ કલક્વાણવેણુમ્ ।
મનોદેશદેશાધિપં માથુરાણાં ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૨॥

પ્રિયાપાંગસમ્પાતનીલાંગરૂપ કલિન્દાદ્રિજાકૂલલીલાં સ્મરન્તમ્ ।
વિદા શૂન્યલેકાન્ સદ્દુદ્બોધયન્તં ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૩॥

નિકુંજેસુગુંજાવનીયે પ્રિયાયાઃ નિમીલ્યાક્ષિણી વેણુમુદ્બાદયન્તમ્ ।
વ્રજાનન્દકન્દં ચતુર્બાહુરૂપં ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૪॥

ગિરીન્દ્રેણ છત્રાકરૂપેણ ગોષ્ઠં સુરેન્દ્રસ્ય કોપાદહો ! મોચયન્તમ્ ।
જલં તદ્ભવેનૈવ સંશોષયન્તં ભજે સ્વામિનીવલ્લભમં દ્વારકેશમ્ ॥૫॥

સદા રાસરાસેશ્વરીમણ્ડલસ્થં કલાનાથકાન્તિં દધદ્દ્ ગોકુલેશમ્ ।
જિતં પંચબાણં સ્વરૂપેણ રાસે ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૬॥

હરિત્કૌસ્તુભવ્યાપ્તવલોજદેશં મહાવૈજયન્તીલસદ્ભુષણાંગમ્ ।
કિરીટં ગદાચક્રશંખાન્ધરન્તં ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૭॥

સદાસ્વીયભક્તાત્મપુષ્ટિં પ્રદાતું કરાગ્રે વરાખ્યાંચ મુદ્રાં દધનમ્ ।
કૃપાદૃષ્ટિસંજીવિતાશેષલોકં ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥૮॥

ઇનં દ્વારકેશાષ્ટકં યઃ પઠેદ્વા જપેચ્ચાપિભૂયાત્સ વૈ વૈષ્ણવાનામ્ ।
પ્રધાનઃ ફલાવાપ્તિરેષા ચ ભૂયા- દિતિ પ્રાર્થ્યતે પ્રાદપદ્મેષુ તસ્ય ॥૯॥

યશોદાયશોદાનદક્ષસ્વરૂપો વ્રજેશો વ્રજેશં પ્રપન્નં પુનાતુ ।
ઇતિ શ્રીમદાચાર્યદાસસ્ય દાસ- વ્રજેશોપનામ્નઃકૃતિઃપૂરિતાऽભૂત્ ॥૧૦॥

॥ ઇતિ ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી વિરચિતમ્
શ્રી દ્વારકેશાષ્ટકમ્ સમ્પુર્ણમ્ ॥

શ્રી વ્રજભુષણ નામસ્તોત્રમ્

(નિ.લી.ગો. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીના ૧૦૮ નામનું સ્તોત્ર)

દ્વારકેશં નમસ્કૃત્ય નત્વા વલ્લભવિઠ્ઠલૌ ॥
અનન્ત ગુણરૂપં ચ પ્રણિપત્ય ગુરૂવિભુમ્ ॥૧॥

પ્રવક્ષ્યામિ સુદૈન્યેન નામસ્તોત્રં ગુરોર્મમ ॥
કૃપયા પરયા યસ્ય પ્રેરિતોડસ્મિ નિબંધને ॥૨॥

તન્નામાષ્ટોત્તરશંત તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥
અનુષ્ટુભમિહચ્છંદઃ ઋષિઃ શ્રી ગુરૂસેવકઃ ॥૩॥

અનુગ્રહો ગુરોર્બીજમ્ દેવઃ શ્રી વ્રજભૂષણઃ ॥
વિનિયોગઃ કૃપાપ્રાપ્તિઃ તલ્લીલા સુખ પ્રાપ્તયે ॥૪॥

ગુરૂભક્તિર્દઢા સિદ્ધિર્યયા તુષ્યતિ શ્રીહરિઃ ॥
વત્સો સૌન્દર્યવત્યાશ્ચ બાલકૃષ્ણ સુખાવહઃ ॥૫॥

માતૃ સંસ્કાર સમૃદ્ધો માતૃપ્રેમ સુલાલિતઃ ॥
ભ્રાતૃપ્રિયઃ પિતા દિવ્યઃ સ્વવંશે સવ ત્વદાયકઃ ॥૬॥

પ્રિયઃ પિતા મહશ્ચંદ્રલતાયાઃ પ્રાણવલ્લભઃ ॥
કાંકરોલીસ્થિતો રાજા પ્રજા પાલન તત્પરઃ ॥૭॥

અનુશાસન શીલશ્ચ રાજનીતિવિશારદઃ ॥
સદા સ્વાધ્યાયનિરિતઃ સર્વથૈવ સુસંસ્કૃતઃ ॥૮॥

ગુણગાંભીર્યલાવણ્યો ગુણગ્રાહી વિચક્ષણઃ ॥
શીઘ્રવક્તૃત્વસ્વામી ચ સુહન્મગલપ્રેરકઃ ॥૯॥

અનેકભાષાભાષી ચ વિદ્વદ્ વૃંદપ્રભાકરઃ ॥
સત્યપ્રિયઃ સત્યવક્તા રૂઢાસત્યવિભેદકઃ ॥૧૦॥

શ્રેયોભાષી સદાચારી મહાન્ શ્રીમાન્ સુપૂજિતઃ ॥
સ્વીયાનાં પરિતોષાર્થ પરિહાસવિશારદઃ ॥૧૧॥

પક્ષીપાલનપ્રેમી ચ પક્ષીવિજ્ઞાનકોવિદઃ ॥
મહામનાસ્તુ તેજસ્વી ॥૧૨॥

સદાપ્રસન્ન કાંતિશ્ચ ગોસ્વામિ કુલ કૌસ્તુભઃ ॥
ગાર્હસ્થ્યે પિ સુસદત્તિર્વાકપટુશ્ચ કુશાગ્રધીઃ ॥૧૩॥

વિદ્યાવતાં પક્ષપાતી સતાં સત્કર્મ પોષકઃ ॥
અપ્રસ્તુતવિચારસ્ય સુતર્કેણ વિમર્ષકઃ ॥૧૪॥

શ્રીભાગવતતત્વજ્ઞો માર્ગ ગ્રંથ વિવેચકઃ ॥
સર્વ સામર્થ્ય સહિતો મૃદુસ્મિતકૃપાપ્રદઃ ॥૧૫॥

સૌજન્ય મૂર્તિ ધર્માત્મા ભક્ત તાપ નિવારકઃ ॥
માર્ગાચારે ચ સાહિત્યે સંશોધન સુતત્પરઃ ॥૧૬॥

ભક્તિ ભાવ સમૃદ્ધશ્ચ નૃત્યગીત મહાર્ણવઃ ॥
વેદવેદાંગ મર્મજ્ઞો ધર્મજ્ઞી ભક્તહાર્દવિત્ ॥૧૭॥

દાનેશ્વરઃ પ્રસન્નત્મા સર્વભૂતહિતેરતઃ ॥
દીર્ઘદ્રષ્ટા સ્પષ્ટવકતા ભક્તપ્રેય સુશ્રેયવિત્ ॥૧૮॥

વિવેકધૈર્યસંપન્નો ભકતેચ્છાપરિપૂરકઃ ॥
ગુરૂઃ પરમશ્રધ્ધેયઃ કૃષ્ણ સેવોપદેશકઃ ॥૧૯॥

સમારોહસહસ્ત્રેષુ વિચક્ષણ ધુરંધરઃ ॥
સદૈવ સત્ય સંકલ્પપ્રેરકઃ પરિપૂરકઃ ॥૨૦॥

શ્રીદ્વારકેશપ્રાકટયમ્ સ્વગૃહસ્ય પ્રણાલિકામ્ ॥
અષ્ટછાપચરિત્રં ચ નાના ગ્રન્થ પ્રકાશકઃ ॥૨૧॥

પુષ્ટિસિદ્ધાંત તદ્વાર્તા સંવાદિતં ચ ચિત્રિતમ્ ॥
સર્વોત્તમોત્તમગ્રન્થં ભૂરિશ્રમપ્રકાશવાન્ ॥૨૨॥

કલિકાલતમચ્છન્ન દ્રષ્ટિત્વાન્નાસ્તિકાનપિ ॥
કૃપાદ્રષ્ટિપ્રતાપેન બ્રહ્મસંબંધ જ્ઞાપકઃ ॥૨૩॥

શ્રીવલ્લભકુલામાર્તંડોનિજાનાં તુ સુધાકરઃ ॥
દ્વારકેશમયો હૃષ્ટઃ સેવા સર્વસ્વજીવનઃ ॥૨૪॥

સદોત્સવપ્રિયઃ સાક્ષાત્ વિભુઃ શ્રીવ્રજભૂષણઃ ॥
સર્વાંગ મધુરઃ પ્રેમ્ણા પ્લાવિતા ખિલસેવક ॥૨૫॥

સેવાસૌભાગ્ય દાતા ચ લીલા સંબંધ સાધકઃ ॥
માર્ગ સંકીર્તન સક્તઃ સાક્ષાત્ કૃષ્ણમુખાંબુજઃ ॥૨૬॥

સુબોધિનીહૃદારુઢઃ પુષ્ટિફલપ્રદાન કૃત્ ॥
સેવાં વ્રજાંડગનાયાશ્ચ પ્રીતિમદ્દ્યોષયન્ મુદા ॥૨૭॥

અતીવશ્રમસાધ્યશ્રી મનોરથ સુયોજકઃ ॥
વ્રજાધિદૈવવિકીંયાત્રાં સહસેવ્યેનપારકૃત્ ॥૨૮॥

નિજેચ્છાપૂરકો ભર્તા કૃપાલુઃ પુરૂષોત્તમઃ ॥
વ્યાધિવ્યાજેન ભક્તાનાં પાદપદ્મ નિરોધકૃત્ ॥૨૯॥

ઔદાર્યપરિસીમા ચ દ્વારકેશાશ્રયી સદા ॥
ષષ્ઠીપૂર્તિ સમારોહ ભક્ત સંતોષદાયકઃ ॥૩૦॥

ઉત્સુકઃ વ્રજયાત્રા યૈ કાલિન્દી સ્તુતિ તત્પરઃ ॥
વ્રજલીલા નિમગ્નશ્ચ ગિરિગ્ગાજરતિઃ સદાઃ ॥૩૧॥

શ્રી ગોવર્ધનનાથસ્ય પાદપદ્મ પ્રપૂજકઃ ॥
પ્રભુશ્રી દ્વારકેશસ્ય ચરણાબ્જરજોધનઃ ॥૩૨॥

ઇત્યેષાં મહતાં નામાન્યષ્ટોત્તરશતાનિતુ ॥
તત્કૃપાબલસૂકતા નિ સ્તોત્રં વિજયતે તમામ્ ॥૩૩॥

પ્રસન્ન સંત ચિત્તેન યઃ પઠેત્ સર્વદા મુદા ॥
ગુરૂભક્તિર્દઢાતસ્ય ભવિષ્યતિ ન શંસયઃ ॥૩૪॥

॥ ઇતિ ગુરૂપાદપદ્મરજોભિલાષી સેવકવિરચિતમ્ નામસ્તોત્રમ્ સંપૂર્ણમ્ ॥

અથ શ્રી ગુરૂદેવાષ્ટકમ

પુષ્ટિમાર્ગીયસર્વજ્ઞઃ કરૂણારસપૂરિતઃ ।
શ્રેષ્ઠઃ ફલપ્રદાતા ચ તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥૧॥

દેવજીવસમુદ્ધર્તા આનંદમય વિગ્રહઃ ।
ધ્યેયોડસિ મે સદા સ્વામિન્ રસિકૈકશિરોમણિઃ ॥૨॥

પ્રતિબંધનિરાકર્તા પુષ્ટિજ્ઞાનપ્રદિપકઃ ।
સર્વસિદ્ધાંતવક્તા ચ દીન દુઃખાસહઃ પ્રભુઃ ॥૩॥

સર્વદોષપ્રહંતા ચ સર્વાતીતસુખપ્રદઃ ।
બુદ્ધિપ્રેરક ભાવાત્મા નમામિ તમહં ગુરૂમ્ ॥૪॥

સ્વરૂપજ્ઞાનશૂન્યસ્ય કૃપયા નિખિલાઘહત્ ।
કાર્યમાત્રસમર્થાત્મા નિજનાથ નમોનમઃ ॥૫॥

રસમગ્નો ભગ્ન દુઃખઃ સર્વદાનવિલક્ષણા ।
સર્વાંગસુંદર વિભો રતિનાથવિમોહનઃ ॥૬॥

ભક્તિપ્રિયો ભાવગમ્યો રસજ્ઞો રસદાયકઃ ।
અતિમાધુર્યનિચયો દુર્લભો ભાવબોધકઃ ॥૭॥

અનન્યધર્મદાતા ચ વ્યભિચારનિવારકઃ ।
શરણાગતસંત્રાતન કાલાદિભયનાશકઃ ॥૮॥

શ્રી વિઠ્ઠલપ્રાપ્તિકર્તા નિજદાસાવલંબકઃ ॥૯॥

॥ ઇતિ શ્રી નિજદાસ વિરચિતં ગુરૂદેવાષ્ટકં સમાપ્તમ્ ॥

❦

ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ અર્થાત સ્નેહરૂપ પુષ્ટિમાર્ગને પ્રકટ કરનારા હોવાથી વ્રજના ગોપીજનો પુષ્ટિમાર્ગમાં ગુરૂ સ્થાને છે.

❁

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે “આચાર્યવાન પુરૂષો વેદ” અર્થાત ગુરૂ હોય તે માનવી જ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્મ કલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યો આચાર્યને-સદ્ગુરૂને પ્રાપ્ત કરવા આવશ્યક છે.

❁

જેમ લોકમાં આશ્રય રહિત પુરૂષો સ્થાન ભ્રષ્ટ થાય છે તેમ હરિની કૃપાવાળો પુરૂષ પણ જો ગુરૂ રહિત હોય તો તે પણ સ્થાન ભ્રષ્ટ થાય છે.

❁

શિષ્યના કલ્યાણ માટે ગુરૂની પ્રસન્નતા આવશ્યક છે. સ્નેહપાત્ર શિષ્યને ગુરૂ ગુપ્ત રહસ્ય પણ કહી દે છે.

❁

સુરદાસજીએ ગાયું છે.

ગુરૂ બિન એસી કોન કરે ?
માળા તિલક મનોહર બાના, લે સિર છત્ર ધરે ॥
ભવસાગર તે બૂડત રાખે, દિપક હાથ ધરૈ ।
‘સુરસ્યામ’ ગુરૂ ઐસો સમરથ, છિનમેં લૈ ઉધરે ॥

પુષ્ટિભાવ

જીવને અનેક યોનીમાં ભ્રમણ કરતાં આ માનવ દેહ પ્રાપ્ત થાય છે. જીવ પ્રભુનો અંશ છે છતાં તેની સાથેના અતુટ સંબધને તે ભુલી ગયો છે. મોહ-માયામાં અટવાતાં અનેક પ્રકારની આધિ-વ્યાધિ અને ઉપાધીઓથી ઘેરાઇ જાય છે. મનની શાંતિ ખોઇ બેસતાં અનેક ઉપાય યોજે છે. પ્રભુ પ્રાપ્તિના વિધ-વિધ રસ્તાઓ ભિન્ન ભિન્ન મનીષીઓ એ બતાવ્યાં છે. કોઇ જ્ઞાન માર્ગ ચિંધે છે તો કોઇ કર્મ માર્ગ, વળી કોઇ સાંખ્ય યોગનો નિર્દેશ કરે છે. અનેક પ્રકારની કઠીન સાધનાઓ આ માર્ગો ઉપર ચાલતાં કરવી પડે છે. છતાંય અંતિમ લક્ષ્ય કયારે પ્રાપ્ત થશે તે અનિશ્ચિત છે. આ પરિસ્થિતિનો વિચાર કરી જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શરણાગતિનો સરલત્તમ માર્ગ પ્રતિપાદિત કર્યો છે, અને તે માર્ગ છે પુષ્ટિમાર્ગ. પ્રભુને સર્વ સમર્પણ કરી તેમનું શરણ સ્વિકારવાનો માર્ગ. જીવનની ક્રિયા બદલવાની નહિં. કેવળ જીવન પ્રત્યેનો અભિગમ બદલવાનો. જાતિ, વર્ગ, ધર્મ ઈત્યાદી કોઇ પણ જાતના ભેદભાવ વગર દરેક ક્ષેત્રની વ્યક્તિ આ માર્ગને અપનાવી શકે છે. પુષ્ટિમાર્ગ એ કેવળ કોઇ સંકુચિત સંપ્રદાય કે ધર્મનો ફાંટો નથી. એતો જીવન જીવવાની ઉત્તમ કલા છે. એવી અદ્‌ભુત કલા કે જે આપણા જીવનને આનંદથી ભરી દે. જીવનને જીવવાં જેવું બનાવે, જીવનને આનંદમય બનાવે. જીવનમાં કોઇ અધુરપ ન વર્તાય. જીવનને જીવ્યાનો સંતોષ અને આનંદ પ્રાપ્ત કરાવે એવો છે આ પુષ્ટિમાર્ગ. આમાં સૌથી મહત્વની વાત છે, પ્રભુની સેવા. આપણા ઇષ્ટદેવની સેવા. એ કોરી પુજા નથી. કશુંક માંગવાની પ્રયોજના નથી. કોઇ વૈદિક વિધિ માત્ર નથી, પણ સંપુર્ણ સ્નેહપુર્ણ સમર્પણનો એક દિવ્યભાવ છે.

શ્રી મહાપ્રભુજીએ ખુબજ સરસ અને સરળ રસ્તો બતાવ્યો છે. તમારૂં જે કંઇ છે તે તમારા ઠાકોરજીને સમર્પી દો. તમારી બધી સંપતિ, તમારી બધી આવડત એને રાજી કરવામાં વાપરી અને તેને રાજી કરતાં કરતાં તમો ખુદ રાજી થતાં રહેશો. ચિત્તની પ્રસન્નતા અનુભવશો. આ અનુભવવા જેવું છે. ગોળનું ગળપણતો ખાધે ખબર પડે. આ સેવાનો પ્રકાર માણસની સંવેદનાને જગાડનારો અને જીવતી રાખનારો

પ્રકાર છે. પ્રભુને જે ભાવે તે બનાવવાનું અન પ્રેમપૂર્વક ભોગ ધરવાનો. આરોગવા માટે એને લાડથી મનાવવાનો અને પછી એના પ્રસાદ તરીકે પ્રસન્નતાથી પોતે લેવાનું. એને મરચું તીખું લાગે તો આપણે પણ નહીં ખાવાનું. એને ગરમ ભોજન ન ધરાય તો આપણે પણ ગરમ નહીં ખાવાનું. કેટલી મોટી વાત છે ! આપણા ગમા-અણગમા છોડવાની કેવી સહજ રીત છે ! કોઇને ધુમ્રપાન કરવાની ટેવ હોય પણ એ ઠાકોરજીને અંગીકાર ન કરી શકાય તો પોતાનાથી પણ તે ન કરાય. વ્યસન છોડવાનો આ કેવો પ્રેમભર્યો ઉપાય છે.

પુષ્ટિમાર્ગીય જીવનમાં કયાંય સંકુચિતતા નથી. કયાંય દંભ નથી.તમે ભલા, તમારા ઠાકોરજી ભલા અને તમારૂં ઘર ભલું. તમે તમારા પ્રભુ સિવાય કોઇને જવાબદાર નહીં. કોઇનો તમને ભય નહીં. અને એટલેજ શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી છે. **‘પ્રભુ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્’.** આ માર્ગની વિશેષતાઓતો જુઓ ! તમારી બધી કલાઓ પણ તમારા ઠાકોરજી ને માટે. પાકશાસ્ત્રની પ્રવિણતા છે, -તેને માટે સુંદર વિવિધ સામગ્રી સિધ્ધ કરો; સંગીતનો શોખ છે-તેની આગળ કિર્તન કરો; સારા કલાકાર છો,- તેને માટે કલાત્મક પલના, હિંડોળા, ફૂલમંડલી ઇત્યાદી તૈયાર કરો, અનેક પ્રકારની આકર્ષક સજાવટ કરો, વિવિધ પ્રકારની પુષ્પમાળા બનાવી ધરો; અરે, તમને નૃત્ય કલાનો શોખ હોયતો એના માટે એની સામે નૃત્ય કરો. એતો સર્વ-રસ-શિરોમણી છે. બસ, જીવનને હર્યુંભર્યું રાખવાનું. કયાંય કઠોર તપ નહીં. કઠોર દંડ નહીં. કઠોર વ્રત નહીં. ન ત્યાગ, ન વૈરાગ્ય. સંન્યાસી પણ નહીં થવાનું. ગૃહસ્થાશ્રમ પાળવાનો. ઘરનાની સાથે રહેવાનું પણ પ્રભુના થઇને રહેવાનું, પ્રભુને માટે જીવવાનું અને ત્યારેજ પ્રભુના કૃપા પાત્ર થઇ શકાય. પ્રભુ તમારા થઇને રહે, તમારા આધિન રહે. આનું નામ **પુષ્ટિભાવ.**

પુષ્ટિ એટલે પોષણ, અનુગ્રહ. શ્રીકૃષ્ણનો અનુગ્રહ તેજ પુષ્ટિ. અનુગ્રહ ભગવાનનો ધર્મ છે, કે જેના વડે સર્વ લૌકિક તેમજ અલૌકિક ઉત્તમફલ સિધ્ધ થાય છે.

*

નિર્ગુણ ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગના વિશિષ્ટ લક્ષણો

(૧) આ માર્ગ વૈદિક મર્યાદા સ્વિકારે છે, છતાં તેનાથી બંધાયેલ નથી. માટે એને સ્વતંત્ર અથવા પૃથક્ ભક્તિ માર્ગ કહેવામાં આવે છે.

(૨) આ માર્ગમાં સેવ્ય ફક્ત પૂર્ણ પુરૂષોત્તમ શ્રી યશોદાનંદન શ્રીકૃષ્ણચંદ્રજ છે. તેમના અન્ય કોઈ વિભુતી, અંશ, કળારૂપોની પૂજા-ઉપાસના થતીં નથી.

(૩) આ માર્ગમાં ભગવત્સેવા એજ મુખ્ય સાધન છે. ભક્ત પોતાના ઘરમાં પોતાના ભગવત્સ્વરૂપને પધરાવી, પોતાના શરીર અને પોતાના દ્રવ્યથી તેમનું સુખ થાય એવી રીતે એમની સેવા કરે છે. સેવારૂપી સાધન દ્વારા જ્યારે ભક્તનું ચિત્ત ભગવાનમાં પૂરેપૂરૂં ચોંટી જાય, ત્યારે તેને માનસી સેવા સિધ્ધ થાય છે. માનસી સેવાજ ફલ છે. આમ, આ માર્ગમાં સેવા સાધન પણ છે. અને ફલ પણ છે.

(૪) આ માર્ગમાં ભક્ત લૌકિક ફળ કે મોક્ષ મેળવવાની કામના રાખીને કશું કરતો નથી. તેનો ભગવાન પ્રત્યેનો પ્રેમ નિષ્કામ હોય છે. ભગવાનનું સુખ વિચારવું એજ તેની એકમાત્ર કામના હોય છે.

(૫) મર્યાદા ભક્તિમાર્ગમાં બતાવેલી પૂજા-ઉપાસનાની વિધિને આ માર્ગમાં કોઈ અવકાશ નથી. દાન, વ્રત, તીર્થ જેવા સાધનોનું પણ આ માર્ગમાં કોઈ મુખ્ય મહત્વ નથી.

(૬) પ્રભુ પ્રત્યેનો નિઃસ્વાર્થ, નિષ્કામ અને નિર્હેતુક સ્નેહજ આ માર્ગમાં મુખ્ય છે. આવો સ્નેહ પ્રગટ કરવા ભગવત્સ્વરૂપના માહાત્મ્યનું જ્ઞાન હોવું જરૂરી છે. સ્નેહ વધ્યા પછી જ્ઞાનની આવશ્યક્તા રહેતી નથી. માહાત્મ્યજ્ઞાન માટે શ્રવણ, કીર્તન અને સ્મરણ જરૂરી છે. તેથી સેવાના અનવસરમાં સત્સંગ અને સ્મરણ કરવામાં આવે છે. સેવાના ભોગે સત્સંગ અને સ્મરણ નથી.

(૭) આ સાધન માર્ગ નથી. પ્રભુમાં સ્નેહ કરવા કોઇ સાધનની જરૂર નથી. આ માર્ગમાં શ્રવણ ભક્તિ પાયાનું પગથિયું નથી. આત્મનિવેદન એજ પાયાનું પગથિયું છે. આત્મનિવેદનથી પ્રભુમાં પ્રેમ પ્રગટ થાય છે. તે પ્રેમને લઇને શ્રવણ, કીર્તન સ્મરણ બને છે. આમ નવધા ભક્તિ પ્રેમરૂપ બની જાય છે. તે સાધનરૂપ મટી જાય છે માટે આ માર્ગને પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ પણ કહેવામાં આવે છે.

(૮) આ માર્ગમાં પ્રભુને ધર્યા સિવાયનું અસમર્પિત લેવું, ભગવાન શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઇનો પણ આશ્રય કરવો, ભગવદિયો સિવાયનો સંગ કરવો અને ભગવન્નામ સિવાય લૌકિક વાતો કરવી, એ પ્રતિબંધ રૂપ છે. આ માર્ગમાં સમર્પિત પદાર્થોનો ઉપયોગ, ભગવાનનો અનન્યાશ્રય, સત્સંગ અને ભગવદ્ ગુણગાન અત્યંત જરૂરી છે.

(૯) આ માર્ગમાં બિનશરતી શરણાગતી અને સમર્પણ એ પાયાની બાબતો ગણવામાં આવે છે.

(૧૦) આ માર્ગમાં દીનતા, નિઃસાધનતા, ગુણગાન અને દ્રઢ ભાવના ખુબજ અગત્યના છે.

પુષ્ટિથી (કૃપાથી) ઉત્પન્ન થયેલો ભક્તિમાર્ગ તે પુષ્ટિમાર્ગ.

*

પુષ્ટિ-ભક્તિમાર્ગ વેદમાર્ગથી વિરૂધ્ધ માર્ગ નથી પરંતુ વૈદિક માર્ગ થી વિલક્ષણ માર્ગ અવશ્ય છે.

*

જે માર્ગમાં જીવનો અંગીકાર કરતાં પ્રભુ એની યોગ્યતા વિગેરે નો વિચાર કરતા નથી તેમજ તેનું વરણ કરવામાં વિલંબ કરતાં નથી, તે માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે.

*

પુષ્ટિમાર્ગ - ભગવત્માર્ગની વિશેષતા એ છે કે ભગવદીચ્છા તેમજ ભગવત્કૃપાથી બાધક તત્વ પણ બાધક રહેતું નથી.

*

પુષ્ટિમાર્ગમાં ભગવત્સ્વરૂપ પરાયણતાજ મુખ્ય ધર્મ છે.

આટલું તો અવશ્ય કરવું

સવારમાં ઉઠી કંઠીના દર્શન કરી ઘરમાં પ્રત્યેકને જયશ્રીકૃષ્ણ કહેવા. શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, શ્રીગુરૂદેવના ચિત્રજીના દર્શન કરી પ્રાતઃસ્મરણ બોલવું. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી અને શ્રીયમુનાજીના પદ બોલવાં. વડિલોને પગે લાગવું.

સ્નાન કર્યા પછી ચરણામૃત લઇ, પ્રસાદી કંકુથી તિલક/ચાંલ્લો કરી ઘરમાં પ્રભુની સેવા બીરાજતી હોય તે પરત્વે પોતાની ફરજ સમજી પ્રેમપૂર્વક ટહેલ કરવી. (સેવાનો સુક્ષ્મ ક્રમ આ પુસ્તકની સેવા-કુંજ વિભાગમાં આપેલ છે.) બ્રહ્મસંબંધ લીધા પછી ભગવદ્ સેવા એ જીવમાત્રનું સાધારણ કર્તવ્ય છે. માટે પોતાની અનુકુળતા મુજબ સેવા અવશ્ય કરવી. શ્રી ને તુલસીદળ સમર્પવા અને બ્રહ્મસંબંધનો ભાવાર્થ (અપરસમાં હોઇએ તો ગદ્યમંત્ર) બોલવો. પ્રભુની સન્મુખમાં કૃષ્ણાશ્રયનો પાઠ અથવા ધોળ અવશ્ય બોલવું. વધુ સમય ન હોય તો મંગળાચરણ, શ્રી યમુનાષ્ટક, શ્રી સર્વોત્તમસ્તોત્ર, શ્રી કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, નવરત્ન અને સિધ્ધાંત રહસ્ય એટલા પાઠ અવશ્ય કરવાં. તદુપરાંત સમયની અનુકુળતા મુજબ અન્ય સ્તોત્ર પાઠ, શ્રી યમુનાજીના ૪૧ પદ, શ્રી વલ્લભાખ્યાન, મૂળ પુરૂષ, નિત્યલીલા તથા અન્ય ધોળ પદોનું અવગાહન કરવું.

શક્યતઃ અસમર્પિત નો ત્યાગ કરવો, પણ કદાચ એ સંભવ ન થાય તો ચરણામૃત પધરાવીને જ અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કરતાં ભોજન કરવાનો આગ્રહ રાખવો. યથા સંભવ સ્વમાર્ગીય મંદિરે નિયમ પૂર્વક દર્શન કરવા જવું. ગામમાં વલ્લભવંશજ ગોસ્વામિ આચાર્ય બિરાજતા હોય તો તેમના ચરણસ્પર્શ અચુક કરવા. યથા શક્તિ તનુજા-વિત્તજા સેવા કરવી. વૃથા વાર્તાલાપ ન કરવો. અન્યાશ્રય ન કરવો. પોતાના પ્રભુ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી નિતીપૂર્વક જીવન વ્યવહાર ચલાવવો. રાત્રે અનુકુળતા મુજબ સત્સંગ કરવો. ભગવદીયોના ચરિત્રો, શિક્ષાપત્ર, સાંપ્રદાયક માસિકો ઇત્યાદીનું વાંચન-શ્રવણ કરવું. આશ્રયના પદ બોલવાં. સુતા પહેલાં મુખશુદ્ધિ કરી, ચરણામૃત લઇ અષ્ટાક્ષરનું સ્મરણ કરતાં નિંદ્રાધીન થવું.

સેવા અને સ્મરણ

શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે-

સેવાયાં વા કથા યાં વા,યસ્યાસકિત ર્દૃઢાભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો,ન કવાપીતિ મતિર્મમ ॥

અર્થાત્

'જે ભક્તને ભગવત્સેવામાં તથા ભગવતકથામાં જીવન પર્યંત આસક્તિ રહે છે, તેના ભક્તિભાવનો ક્યારે પણ નાશ થતો નથી. એવી શ્રીમહાપ્રભુજીની માન્યતા છે. માટે પુષ્ટિમાર્ગીય ભક્તે જીવન પર્યંત ભગવત સેવા અને અનવસરમાં ભગવત્કથામાં દ્રઢ આસક્તિ રાખવી. જેથી ભક્તિનું ફળ પ્રાપ્ત થાય.'

શ્રીમહાપ્રભુજીના અનન્ય કૃપાપાત્ર કુંભનદાસજી નો પ્રસંગ ખુબ જાણીતો છે. શ્રીગુસાંઇજીએ એક દિવસ કુંભનદાસજીને પુછ્યું. તમારે પુત્ર કેટલા ? કુંભનદાસજીનો જવાબ હતો મારે દોઢ પુત્ર છે. વાતનો ખુલાસો કરતા પોતે જણાવે છે કે સેવા અને સ્મરણ બન્ને કરે તે આખો પુત્ર, અને સેવા અથવા સ્મરણ બે માંથી એકજ કરે તે અડધો પુત્ર. પરંતુ જે બેમાંથી એક પણ ન કરે તે તો આત્મસંબંધીજ ન ગણાય. પોતાના સાત પુત્રોમાંથી ચતુર્ભુજદાસ જેઓ સેવા અને સત્સંગ બન્ને કરતાં તેમને આખા પુત્ર ગણાવ્યા અને કૃષ્ણદાસ ગાયોની સેવા કરતાં તેમને અર્ધો પુત્ર ગણાવ્યો. બાકીના દિકરાઓને તો પોતાના પુત્ર ગણવાનો પણ ઇન્કાર કરી દીધો, આ પરમ ભગવદીયે.

શ્રીમહાપ્રભુજી પ્રતિપાદિત પુષ્ટિમાર્ગ સ્વીકાર્યા પછી સેવા અને સત્સંગ બન્ને કરે તે પુર્ણ, એક કરે તે અપુર્ણ. વૈષ્ણવ જીવન રથના બે પૈડા-સેવા અને સત્સંગ. બન્નેનું સરખું મહત્વ. બન્ને એક બીજાના પુરક. એક વિના બીજું અધુરું ગણાય. સેવા અને સત્સંગ ઉભયને પોષણ આપનારા છે.

સેવા વિષે સંક્ષિપ્ત સાર સેવાકુંજ વિભાગમાં આપવામાં આવેલ છે અને સ્મરણ-સત્સંગમાં ઉપયોગી નિવડે તેજ આશયથી આ સ્તોત્ર-પાઠ-ધોળ-પદ-કિર્તન ઇત્યાદીનું સંકલીત રૂપ **પુષ્ટિ ભાવ વર્ધિની**

રૂપે રજુઆત પામે છે, જેમાં પ્રાતઃસ્મરણ થી માંડી નિત્ય સ્તોત્ર પાઠ, ષોડશ ગ્રંથો, અન્ય વિશિષ્ટ સ્તોત્રો, શ્રી પુરૂષોત્તમ સહસ્ત્ર નામ, ગીતાજીનો ૧૨ મો અને ૧૫ મો અધ્યાય, નિત્ય કિર્તન, શ્રીયમુનાજીના ૪૧ પદો તથા અન્ય સ્તવનો, મુળ પુરૂષ, વલ્લભાખ્યાન, ભક્તિ પોષણ, શ્રી મહાપ્રભુજી, શ્રીયમુનાજી, શ્રીનાથજીના વિશિષ્ટ ધોળ-પદો તેમજ નિત્ય સંત્સંગ માં ઉપયોગી કિર્તન-પદોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે. સંપ્રદાયની પ્રણાલીકાનુસાર ભગવદ્ સેવાની જાણકારી પ્રાપ્ત થઇ શકે તે હેતુથી સેવા-કુંજ વિભાગમાં આવશ્યક માહિતિ સંકલીત કરવામાં આવી છે. તદ્દુપરાંત શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીદ્વારકાધીશજી તથા શ્રી ગુરૂદેવના ચિત્રજી પણ સામેલ કરેલ છે, જેથી સ્મરણ સાથે ભગવદ્ સ્વરૂપોના ચરણસ્પર્શ પણ થઇ શકે. પુસ્તક પ્રાપ્ત કરનાર વૈષ્ણવના નિત્ય નિયમમાં સહાયરૂપ બને એજ આ **પુષ્ટિ ભાવ વર્ધિની** ના પ્રકાશનનો હેતુ છે.

* * *

પુષ્ટિપથ ના દશ ધર્મો

આશરો એક દ્રઢ શ્રી વલ્લભકો ।
માનસી રીત કી મુખ્ય સેવા વ્યસન, લોકવૈદિક ત્યાગ શરન ગોપીશકો ॥
દીનતા ભાવ ઉદ્બોધ ગુણગાન સો, ઘોષત્રિય ભાવના ઉભય જાને ।
શ્રીકૃષ્ણ નામ સ્ફૂરે, પલન આજ્ઞા નટરે, કૃતિવચન વિશ્વાસ દ્રઢ ચિત્ત આને ॥
ભગવદીય જાન સત્સંગ કો અનુસરે, ના દેખે દોષ અરૂ સત્ય ભાખે ।
પુષ્ટિપથ મર્મ દશ ધર્મ યહ વિધિ કહે સદા ચિત્તમેં દ્વારકેશ રાખે ॥

અર્થાત્

(૧) શ્રીમહાપ્રભુજીનો દ્રઢાશ્રય. (૨) પ્રભુની માનસી સેવાનું વ્યસન. (૩) લોકવેદના ધર્મોનો (બાધક સમજીને) ત્યાગ અને શ્રીગોપીજન વલ્લભનું અનન્ય ભાવે શરણ. (૪) દિનતા પૂર્વક પ્રભુના ગુણગાન. (૫) સંયોગ અને વિપ્રયોગ માં સેવારીત અને પ્રીતમાં વ્રજ સ્ત્રીભાવને જાણવો. (૬) શ્રીકૃષ્ણ નામનું સતત રટણ (૭) ભગવદઆજ્ઞા અને ગુરૂ આજ્ઞા માંથી ચલાયમાન ન થવું. (૮) મન-વચન-કર્મ થી ભગવાન માં દ્રઢ વિશ્વાસ રાખવો. (૯) ભગવદીય જન સાથે સત્સંગ અને (૧૦) અન્યના દોષને નજોવા અને સત્ય બોલવું.

દરેક ભગવદીયે આ દશ ધર્મ જીવનમાં ઉતારવા જોઇએ.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાય મેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન ॥

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આદેશ મુજબ બ્રહ્મસંબંધ લીધા પછી ભગવત સેવા એ જ જીવનું મુખ્ય કર્તવ્ય છે. પોતાના ગુરૂદેવ દ્વારા પુષ્ટ કરાવી પોતાના ઘરે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ પધરાવી પુષ્ટિમાર્ગની રીત તેમજ વ્રજભક્તોની પ્રીત અનુસાર સેવા કરવી તેજ પુષ્ટિધર્મ છે. જેમાં કેવળ પ્રભુનું સુખ વિચારાય છે. પ્રભુને પ્રિય હોય અને ઉત્તમ હોય એવી સામગ્રી ધરવી, ભોગ, રાગ શૃંગાર થી પ્રભુને લાડ લડાવવા એને પુષ્ટિમાર્ગીય સેવા કહેવાય છે. ભાવપૂર્વકની ભક્તિ એ સેવા. અલૌકિક સ્નેહની અભિવ્યક્તિ રૂપ સેવા માટે તેથીજ, શ્રીમહાપ્રભુજીએ વ્રજભક્તો એ આચરેલી આજ પ્રકારની સેવા પધ્ધતિનો નિર્દેશ કર્યો છે. આપે સેવાની વ્યાખ્યા આપી છે કે **'પ્રભુના માહાત્મ્ય-જ્ઞાન પૂર્વક તેમનામાં સુદઢ અને સર્વથી અધિક સ્નેહ કરવો તેનુ નામ જ ભક્તિ(સેવા).'** સિધ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં આપ આજ્ઞા કરે છે. કે **'ચેતસ્તત્ પ્રવણં સેવા.'** ચિત્ત પ્રભુમાં પરોવાય તેનું નામ સેવા. કોઇ પણ કાર્યમાં રસ પડે ત્યારે જ તેમાં ચિત્ત પરોવાય છે. પ્રભુમાં પ્રેમ જાગે ત્યારે જ પ્રભુમાં ચિત્ત પરોવાય. શ્રી પ્રભુની સેવામાં એકાગ્ર ચિત્તથી મન લગાડીને સેવા કરીએ તો જ તે સાચી સેવા કહેવાય. શ્રી મહાપ્રભુજીએ સેવાની રીત અંગે આજ્ઞા કરી છે કે જેવી રીતે આપણે આપણા દેહને સુખ થાય તેમ બધાં કાર્યો કરીએ છીએ તેવીજ રીતે પ્રભુને પણ સુખ થાય તેમ સેવા કરવી જોઇએ. સેવામાં પ્રભુના સુખનોજ વિચાર કરવો. આમ સેવા એ જીવ માત્રનો સહજ ધર્મ હોઇ અનુકુળતા મુજબ સેવા ક્રમ ગોઠવવો જોઇએ. શરૂઆતમાં કદાચ વિશેષ અનુકુળતા ન હોય તો ચિત્રજી પધરાવી શ્રીગુરૂદેવની આજ્ઞાનુસાર મિશ્રીભોગ ધરવાની આજ્ઞા લઇ સેવા ક્રમ શરૂ કરવો જોઇએ જે માટે સુક્ષ્મ સેવા ક્રમ પુસ્તકમાં બતાવેલો છે. પરંતુ જીવન પર્યંત કેવળ મિશ્રીભોગની સેવાનો ક્રમ બની રહે તો ભગવદ્ સ્વરૂપાનંદનું ઉત્તમ ફળ પ્રાપ્ત થતું નથી. **પૂ.પાદ**

ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ વચનામૃતમાં ખુબ સુંદર વાત કહી છે કે એકજ સ્થાને ઉભા રહી પગ હલાવવાથી ગંતવ્ય સ્થાને જઈ શકાતું નથી. મંઝીલે પહોંચવા માટે ગતિ આવશ્યક છે. આગળ વધતા રહીયે તો ધ્યેયને પહોંચાય, તેમ ભગવત્ સેવા મિશ્રીભોગના ક્રમથી શરૂ કરી, ઉત્તરોત્તર વિશેષ ભોગ-રાગ-શ્રીંગારનો ક્રમ વધારતાં ફળ પ્રાપ્તિના અધિકારી બની શકીએ અને તોજ પ્રભુ આપણને નિજ સ્વરૂપાનંદનું દાન કરે.

તસ્ય સેવાં પ્રકુર્વીત યાવજજીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થ ન ભોગાર્થ ન પ્રતિષ્ઠા પ્રસિધ્ધયે ॥

ભગવાન શ્રીકૃષ્ણની સેવા એ, મારો ધર્મ છે, એમ સમજી જીવન પર્યંત કરવી. કોઈપણ ફલ, ભોગ, વૈભવ, પ્રતિષ્ઠા કે પ્રસિધ્ધીની કદી લાલસા રાખવી નહીં.

* * *

શ્રીમદ્ ભાગવત (ચતુઃશ્લોકી)નો સાર

(સ્કંધ - ૨, અધ્યાય ૩૩,૩૪,૩૫)

૧. “હું શ્રીકૃષ્ણજ પહેલા હતો, બીજુ કાંઈ નહતું. આ જે જગત દેખાય છે તે હું જ છું. પલય પછી બાકી રહે છે. તે પણ હું જ છું.” ભગવાન સિવાય અન્ય કાંઈ ન હતું અને નહીં રહે.

૨. વસ્તુ સિવાય ન હોવા છતાં જે દેખાય છે અને છે તે દેખાતો નથી. આત્મામાં વિદ્યમાન હોવા છતાં દેખાતો નથી અને નથી તેને પ્રતિતિ થાય છે. આને દર્પણના આભાસની માફક પ્રભુની વ્યામોહિકા માયા જાણવી.

૩. જેમ પંચમહાભુતો દરેક પદાર્થોમાં હોવા છતાં જુદુ અસ્તિત્વ ધરાવે છે તેમ ભગવાન પણ બધામાં હોવા છતાં અલગ છે.

૪. આત્માના તત્વને જાણવા ઈચ્છતા વિચારકને આટલુંજ વિચારવા યોગ્ય છે કે બ્રહ્મ સર્વ રૂપ હોવા છતાં સર્વથી અલગ રહીને પણ બધે હંમેશા હોય છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણ-કમલેભ્યો નમઃ ॥
॥ શ્રી ગુસાંઇજી-પરમ-દયાલવે નમઃ ॥
॥ શ્રી ગુરવે નમઃ ॥

(૧) પ્રાતઃ સ્મરણ

પ્રાતઃસ્મરણ... શ્લોકો

(શાર્દૂલ વિક્રીડિત છંદ)

શ્રી ગોવર્ધનનાથ-પાદયુગલં, હૈયંગવીનપ્રિયં
નિત્યં શ્રી મથુરાધિપં સુખકરં, શ્રી વિઠ્ઠલેશં મુદા
શ્રીમદ્દ્વારવતીશ-ગોકુલપતી, શ્રી ગોકુલેન્દું વિભું
શ્રીમન્મન્મથમોહનં નટવરં, શ્રી બાલકૃષ્ણં ભજે ॥૧॥

* * *

શ્રીમદ્ વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં, ગોવિંદરાયાભિધં
શ્રીમદ્ બાલકૃષ્ણ-ગોકુલપતી, નાથંરઘૂણાં સ્તથા
એવં શ્રી યદુનાયકં, કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્
કાલિન્દીં, સ્વગુરું, ગિરીમ્, ગુરુવિભૂન્સ્વીયંપ્રભુશ્ચસ્મરેત્ ॥૨॥

* * *

શ્રી મહાપ્રભુજીનું પદ

ઉઠત પ્રાત રસના રસ પીજે, લીજે શ્રીવલ્લભપ્રભુજીકો નામ
આનંદમેં બીતત સબ નિસદિન, મનવાંછિત સુધરે સબ કામ.
સુજસ ગાન મન ધ્યાન આન અરૂ, જો રાખે દ્રઢ આઠોં જામ,
પરમાનન્દદાસકો ઠાકુર, જો વલ્લભ સોઇ સુન્દરશ્યામ.

સર્વત્ર ભગવદ્ બુધ્ધિ રાખવી. મનમાં પોતાની દીનતાની ભાવના કરવી.
વૈષ્ણવે અહંકાર નકરવો. માનની અપેક્ષા તો ખાસ ત્યજવી.

શ્રી ગુસાંઇજીનું પદ

પ્રાતઃસમે શ્રીવલ્લભસુતકો, ઉઠત હિ રસના લીજે નામ
આનંદકારી પ્રભુ મંગલકારી, અશુભહરન જનપૂરન કામ. ॥૧॥
યેહિ લોક પરલોકકે બંધુ, કો કહિ સકે તિહારે ગુનગ્રામ
નંદદાસ પ્રભુ રસિક શિરોમણિ, રાજ કરો શ્રી ગોકુલ સુખ ધામ. ॥૨॥

* * *

શ્રી યમુનાજીનું પદ

(રાગ : રામકલી)

શ્રી યમુનાજી તિહારો દરશ મોહિ ભાવે,
શ્રી ગોકુલ કે નિકટ બહત હો, લહરની છબિ આવે,
દુઃખ હરની, સુખદેની શ્રી યમુનાજી, જે જન પ્રાત ઉઠ ન્હાવેં,
મદનમોહન જાકી હે પિય પ્યારી પટરાની જુ, કહાવેં,
વૃંદાવનમેં રાસ રચ્યોં હે, મોહન મુરલી બજાવેં,
સુરદાસ પ્રભુ તિહારે મિલનકોં, વેદ વિમલ યશ ગાવેં.
..... શ્રી યમુનાજી

* * *

બાળ કાવ્ય

પ્રભાતે સવેળા, પથારી તજી દો,
ભજી લો, વ્રજાધીશ-પાદારવિન્દો
સદા સત્ય બોલો, સદાચાર પાળો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હેયે ઉતારો ૧

ભણો એક ચિત્તે નિશાળે જઇને,
રમો સર્વ સાથે હળીને મળીને
નઠારા જનોને સદા દૂર રાખો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૨

બનો મિષ્ટ ભાષી, વિવેકાદિ શીખો,
રહો સ્વચ્છ ઊંચા, વિચારો ધરાવો

ન ઈર્ષા ન નિંદા, ન જિદ્દે ભરાઓ,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૩
કરો દર્શનો, કૃષ્ણનાં મંદિરોએ,
કરો કિર્તનો, કૃષ્ણનાં શુધ્ધ ભાવે
હસો ને હસાવો, સદા મોદ માણો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૪
થઇ શાન્ત બેસો, સભામાં જઇને,
અને સાંભળો ભાષણો, જ્ઞાન માટે
ગ્રહો સદ્‌ગુણોને, સુવિદ્યા વધારો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૫
ન ભૂલો તમે છો, કૃપા-માર્ગ-પંથી,
કૃપા-પાત્ર થાવા, કરો પ્રેમ ભક્તિ
બની નમ્ર સૌને, સુસન્માન આપો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૬
બધું વિશ્વ એનું, રમે વિશ્વ રૂપે,
તમારા બધાનાં, ઉરે એ બિરાજે
અતઃ કોઇને ના, જરાયે દુભાવો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૭
કરી બ્રહ્મસંબંધ, નિષ્પાપ થાઓ,
સમર્પી પદાર્થો, પછી સર્વ ખાઓ
જનેતા-પિતાની, ન આજ્ઞા ઉથાપો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૮

*

જબ લગ યમુના ગાય ગોવર્ધન જબ લગ ગોકુળ ગામ ગુંસાઈ,
જબ લગ શ્રી ભાગવત કથા રસ, તબ લગ કલિયુગ નાંહી.
જબ લગ હે સેવા રસ જગમેં, નંદનંદન સો પ્રીત બઢાઈ,
‘પરમાનંદ’ તાસોં હરિ કીઠત, શ્રી વલ્લભ ચરણરેણુ જિન પાઇ.

(૨) નિત્ય સ્તોત્ર પાઠ

શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ

(શાર્દૂલ વિક્રીડિત છંદ)

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં, સ્ત્રી ગૂઢભાવાત્મકં
પુરૂપંચ પુનસ્તદન્તરગતં, પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ, કૃષ્ણો હિયત્સાક્ષિકં
રૂપંતત્ત્રિતયાત્મકં પરમભિધ્યેયં, સદાવલ્લભમ્ ॥

* * *

શ્રી ગોપીનાથજીનું સ્વરૂપ

(છંદ અનુષ્ટૂપ્)

શ્રી વલ્લભ પ્રતિનિધિં, તેજોરાશિ દયાર્ણવમ્,
ગુણાતીતં ગુણનિધિં, શ્રી ગોપીનાથમાશ્રયે ॥

* * *

શ્રી ગુસાંઇજીનું સ્વરૂપ

(છંદ સ્ત્રગ્ધરા)

સાયંકુંજાલયસ્થાસનમુપવિલસત્સ્વર્ણ પાત્રંસુધૌતં
રાજદ્યજ્ઞો પવીતં, પરિતનુવસનં, ગૌરવમ્ભોજવક્ત્રમ્ ।
પ્રાણાનાયમ્યનાસા - પુટનિહિતકરં,કર્ણ રાજદ્દ્વિમુક્તાં
વન્દેર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં, શ્રીવિઠ્ઠલેશંસુકેશકમ્ ॥

* * *

શ્રી કૃષ્ણ સ્વરૂપ

(છંદ મંદાક્રાન્તા)

બર્હાપીડં નટવરવપુઃ, કર્ણયોઃકર્ણિકારં
બિભ્રદ્વાસઃ કનકકપિશં, વૈજયન્તીં ચ માલામ્ ।
રન્ધ્રાન્ વેણોરધરસુધયા, પૂરયન્ ગોપવૃન્દૈઃ
વૃન્દારણ્યં સ્વપદરમણં, પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥

શ્રી મંગલાચરણમ્

ચિન્તાસંતાનહન્તારો, યત્પાદામ્બુજરેણવઃ
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્, પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥
યદનુગ્રહતો જન્તુઃ, સર્વદુઃખાતિગો ભવેત્
તમહં સર્વદા વન્દે, શ્રીમદ્ વલ્લભનન્દનમ્ ॥૨॥
અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા
ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૩॥
નમામિ હૃદયે શેષે, લીલાક્ષીરાબ્ધિશાયિનમ્
લક્ષ્મીસહસ્ત્રલીલાભિઃ, સેવ્યમાનં કલાનિધિમ્ ॥૪॥
ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા
ષડ્ભિર્વિરાજતે યોસૌ, પંચધા હૃદયે મમ ॥૫॥

મુરલીસ્વરકૃતતાલં

મુરલીસ્વરકૃતતાલં નયનવિશાલં વિચિત્રવનમાલમ્
કેશરશોભિતભાલં ગોકુલપાલં નમામિ ગોપાલમ્

પુષ્ટિમાર્ગીય સર્વજ્ઞઃ કરૂણારસપુરિતઃ
શ્રેષ્ઠફલપ્રદાતા ચ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ

મંગલાચરણના અન્ય શ્લોકો

પ્રભુર્નન્દકુમારો મે સ્વામિની વૃષભાનુજા
કૃતાર્થોહં કૃતાર્થોહં કૃતાર્થોહં ન સંશય

*

તસ્ય સેવાં પ્રકુર્વીત યાવજજીવં સ્વધર્મતઃ
ન ફલાર્થ ન ભોગાર્થ ન પ્રતિષ્ઠા પ્રસિધ્ધયે

*

શુધ્ધભાવઃ પ્રભો સ્થાપયો ન ચાતુર્ય પ્રયોજનમ્
અન્તર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્

*

યદુકતં તાત ચરણૈઃ શ્રીકૃષ્ણ શરણં મમ
એત એવાસ્તિ નૈશ્ચિત્ય મૈહિકે પાર લૌકિકે

*

મમ ચિત્તસ્ય વિશ્વાસઃ શ્રીગોપીજન વલ્લભે
યદા તયા કૃતાર્થોડહં શોચનિયો ન કર્હિચિત્

*

આચાર્ય ચરણ દ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જ ભાસ્કરમ્
નમસ્યામિ મનઃકર્મ વાગ્નિરન્ત સ્ત મો ડ પહમ્

*

દાસ્યં પ્રપચ્છતાં મહ્યં સમસ્ત ફલ મૂર્ધગમ્
સ્વામિનૈ વલ્લભાધીશ વિઠ્ઠલેશાભિ ધૌ સદા

*

શ્રી કૃષ્ણં પરમાનંદમ્ દશ લીલાયુતં સદા
સર્વ ભક્ત સમુધ્ધારે વિસ્ફૂરન્તં પરં નમઃ

*

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાદ્ભુતં કર્મણે
રૂપ નામ વિભેદેન જગત્ ક્રિડતિ યો યતઃ

*

બુધ્ધિ પ્રેરક કૃષ્ણસ્યં પાદ પદ્મં પ્રસીદતુ
ધ્યાના સમર્થ જીવાનામસ્માકં સર્વદા સ્વતઃ

*

નમામિ શ્રી બાલકૃષ્ણં યશોદોત્સંગ લાલિતમ્
પૂતના સુપયઃ પાન રક્ષિતાં શેષ બાલકાન્

*

ભાવૈરંકુરિતં મહી મૃગદેશામાકલ્પ મા સિંચતૈઃ
પ્રેમ્ણા કન્દલિતં મનોરથ મયૈઃ શાખા શતૈઃ સંભૃતમ્ ।
લોલ્યૈઃ પલ્લવિતં મુદા કુસુમતિં પ્રત્યાશયા પુષ્પિતં
લીલાભિઃ ફલિતં ભજે વ્રજવની શૃંડગારકલ્પદ્રુમમ્ ॥

બ્રહ્મસંબંધ(ગદ્ય મંત્ર) નો ભાવાર્થ

ભગવાન શ્રીકૃષ્ણથી વિખૂતા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ - કલેશનો આનંદ થવો જોઇએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રીગોપીજનવલ્લભ)ને દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક આત્મા સહિત સમર્પણ કરૂં છું. હું દાસ છું, હે કૃષ્ણ ! હું તમારો છું.

❊

હજારો વર્ષોથી વિખુટા પડેલા આ જીવનો શ્રીકૃષ્ણને પામવા માટેનો તલસાટ હૃદયમાં હોવો જોઇએ.

❊

આત્મનિવેદન એટલે અંહતા-મમતાના બોજમાંથી ભારમુક્ત થવાની પ્રક્રિયા. તે જ બ્રહ્મસંબંધ.

❊

કોઇ પણ રીતે ભગવાન સાથેનો સંબંધ સર્વથા મુક્તિ કરાવનારો છે. શ્રીભાગતવતજીમાં આના અનેક દ્રષ્ટાંતો છે.

❊

બ્રહ્મસંબંધથી જીવના બધા એટલે કે પાંચે પ્રકારના દોષો, સહજા-દેહ સાથે ઉત્પન્ન થનારા, દેશોત્થા-સ્થાન સંબંધી, કાળોત્થા-કાળ સંબંધી, સંયોગજા-સંયોગ જન્ય અને સ્પર્શજા-સ્પર્શ દ્વારા ઉત્પન્ન થતા, આ સર્વે નાશ પામે છે, જીવ વિશુદ્ધ થાય છે અને સેવા લાયક બને છે.

❊

બ્રહ્મસંબંધની દિક્ષા પ્રાપ્ત કર્યા પછી ભગવત સેવા એ જીવનું મુખ્ય કર્તવ્ય બને છે. માટે ગુરૂ આજ્ઞા પ્રમાણે સેવા કરવી આવશ્યક છે.

❊

બ્રહ્મસંબંધ દ્વારા સર્વ સમર્પણ કર્યા પછી. જીવે પ્રભુનો દાસ બનીને રહેવાનું એક માત્ર કર્તવ્ય છે. માટે પંચાક્ષર મંત્રનું સતત રટણ કરવું જેથી દાસ ભાવ ટકી રહે.

❊

(૩) શ્રી વલ્લભ-વિઠ્ઠલ સ્મરણ

શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્

પ્રાકૃતધર્માનાશ્રય- મપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।।
નિગમપ્રતિપાદ્યં યત્- તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ।।૧।।

કલિકાલ તમશ્છન્ન- દષ્ટિત્વાદ્વિદૂષામપિ ।।
સંપ્રત્યવિષયસ્તસ્ય્ માહાત્મ્યં સમભૂદ્ભુવિ ।।૨।।

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।।
વાણ્યા યદા તદા સ્વાસ્યં, પ્રાદુર્ભૂતં ચકાર હિ ।।૩।।

તદુક્તમપિ દુર્બોધં, સુબોધં સ્યાદ્યથા તથા ।।
તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્યખિલાધહત્ ।।૪।।

ઋષિરગ્નિકુમારસ્તુ, નામ્નાં છંદો જગત્યસૌ ।।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ, બીજં કારૂણિકઃ પ્રભુ ।।૫।।

વિનિયોગો ભક્તિયોગ- પ્રતિબંધવિનાશને ।।
કૃષ્ણાધરામૃતાસ્વાદ- સિદ્ધિરત્રનસંશયઃ ।।૬।।

આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।।
દૈવોદ્ધાર પ્રયત્નાત્મા સ્મૃતિ માત્રાર્તિ નાશનઃ ।।૭।।

શ્રીભાગવત ગૂઢાર્થ- પ્રકાશન પરાયણઃ ।।
સાકાર બ્રહ્મવાદૈક- સ્થાપકો વેદપારગઃ ।।૮।।

માયાવાદ નિરાકર્તા, સર્વવાદિ નિરાસકૃત્ ।।
ભક્તિ માર્ગાબ્જ માર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ।।૯।।

અંગીકૃત્યૈવ ગોપીશ- વલ્લભી કૃતમાનવઃ ।।
અંગીકૃતૌ સમર્યાદો, મહાકારૂણિકો વિભુઃ ।।૧૦।।

અદેયદાનદક્ષશ્ચ, મહોદાર ચરિત્રવાન્ ।।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતા સુરમાનુષઃ ।।૧૧।।

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ, સદ્રૂપો હિતકૃત્સતામ્ ।।
જન શિક્ષા કૃતે કૃષ્ણ- ભક્તિ કૃન્નિ ખિલેષ્ટદઃ ।।૧૨।।

સર્વ લક્ષણ સંપન્નઃ, શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂઃ ।।
સ્વાનંદ તુંદિલઃ પદ્મ- દલાયત વિલોચનઃ ।।૧૩।।

કૃપા દૃગ્વૃષ્ટિ સંહૃષ્ટ- દાસ દાસી પ્રિયઃ પતિઃ ।।
રોષ દૃક્ પાત સંપ્લુષ્ટ- ભક્તદ્વિટ્ ભક્ત સેવિતઃ ।।૧૪।।

સુખસેવ્યો દુરારાધ્યો, દુર્લ ભાંઘ્રિ સરોરૂ હઃ ।।
ઉગ્રપ્રતાપો વાક્સીધુ, પૂરિતા શેષ સેવકઃ ।।૧૫।।

શ્રી ભાગવત પીયૂષ- સમુદ્ર મથન ક્ષમઃ ।।
તત્સાર ભૂત રાસસ્ત્રી- ભાવ પૂરિત વિગ્રહઃ ।।૧૬।।

સાન્નિધ્યમાત્રદત્ત- શ્રીકૃષ્ણ પ્રેમા વિમુક્તિ દઃ ।।
રાસલીલૈક તાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ।।૧૭।।

વિરહાનુભવૈકાર્થ- સર્વત્યાગોપદેશકઃ ।।
ભકત્યાચારોપદેષ્ટા ચ, કર્મ માર્ગ પ્રવર્તકઃ ।।૧૮।।

યાગાદૌ ભક્તિમાર્ગૈક- સાધનત્વો પદેશકઃ ।।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો, વાક્પતિર્વિબુધેશ્વરઃ ।।૧૯।।

કૃષ્ણનામસહસ્ત્રસ્ય, વક્તા ભક્ત પરાયણઃ ।।
ભક્ત્યાચારોપદેશાર્થ, નાનાવાક્યનિરૂપકઃ ।।૨૦।।

સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણ- પ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।।
સ્વ-દાસાર્થ કૃતાશેષ-સાધનઃ સર્વ શક્તિ ધૃક્ ।।૨૧।।

ભુવિ ભક્તિ પ્રચારૈક- કૃતે સ્વાન્વયકૃત્પિતા ।।
સ્વવંશે સ્થાપિતાશેષ- સ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ।।૨૨।।

પતિવ્રતા પતિઃ પાર- લૌકિકૈહિક દાન કૃત્ ।।
નિગૂઢ હૃદયો નન્ય- ભક્તેષુ જ્ઞાપિતા શયઃ ।।૨૩।।

ઉપાસનાદિ માર્ગાતિ- મૃગ્ધમોહ નિવારકઃ ।।
ભક્તિ માર્ગે સર્વ માર્ગ- વૈલક્ષણ્યાનુ ભૂતિકૃત્ ।।૨૪।।

પૃથક્ શરણમાર્ગોપ- દેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।।
પ્રતિક્ષણ નિકુંજ સ્થ- લીલા રસ સુપૂરિતઃ ।।૨૫।।

તત્કથાક્ષિપ્ત ચિત્તસ્તદ્- વિસ્મૃતાન્યો વ્રજ પ્રિયઃ ।।
પ્રિય વ્રજ સ્થિતિઃ પુષ્ટિ- લીલા કર્તા રહઃ પ્રિયઃ ।।૨૬।।

ભક્તેચ્છાપૂરકઃ સર્વા- જ્ઞાત લીલો તિમોહનઃ ॥
સર્વા સક્તો ભક્તમાત્રા- સક્તઃ પતિત પાવનઃ ॥૨૭॥

સ્વયશોગાન સંહૃષ્ટ- હૃદયાં ભોજ વિષ્ટરઃ ॥
યશઃ પીયૂષ લહરી- પ્લાવિ તાન્ય રસઃ પરઃ ॥૨૮॥

લીલામૃત રસાર્દ્રાર્દ્રી- કૃતાખિલ શરીર ભૃત્ ॥
ગોવર્ધન સ્થિત્યુત્સાહઃ તલ્લીલા પ્રેમ પૂરિતઃ ॥૨૯॥

યજ્ઞ ભોક્તા યજ્ઞ કર્તા, ચતુર્વર્ગ વિશારદઃ ॥
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણા- તીતો નય વિશારદઃ ॥૩૦॥

સ્વકીર્તિ વર્ધન સ્તત્ત્વ- સૂત્ર ભાષ્ય પ્રદર્શકઃ ॥
માયા વાદાખ્ય તૂલાગ્નિ- બ્રહ્મવાદ નિરૂપકઃ ॥૩૧॥

અપ્રાકૃતા ખિલાકલ્પ- ભૂષિતઃ સહજ સ્મિતઃ ॥
ત્રિલોકી ભૂષણં ભૂમિ- ભાગ્યં સહજ સુન્દરઃ ॥૩૨॥

અશેષ ભક્ત સંપ્રાર્થ્ય- ચરણાબ્જ રજો ધનઃ ॥
ઇત્યા નંદનિધેઃ પ્રોક્તં, નામ્ના મષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥

શ્રદ્ધા વિશુદ્ધ બુદ્ધિર્યઃ, પઠત્યનુ દિનં જનઃ ॥
સતદેક મનાઃ સિદ્ધિ- મુક્તાં પ્રાપ્નોત્ય સંશયઃ ॥૩૪॥

તદ પ્રાપ્તૌ વૃથા મોક્ષ- સ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ॥
અતઃ સર્વોત્તમં સ્તોત્રં, જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

॥ ઇતિ શ્રીમદ્ અગ્નિકુમારપ્રોકતં સર્વોત્તમસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

શ્રી સપ્ત શ્લોકી

(શિખરિણી છંદ)

સ્ફુરત્કૃષ્ણપ્રેમા- મૃતરસભરેણાતિભરિતા
વિહારાન્કુવાર્ણા, વ્રજપતિવિહારાબ્ધિષુ સદા
પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભઇતિ
પ્રથાવત્યસ્માકં, હૃદિ સુભગમૂર્તિઃ સકરૂણા ॥૧॥

(આર્યા છંદ)

શ્રી ભાગવત-પ્રતિ-પદ-મણિવર ભાવાશું-ભૂષિતા મૂર્તિઃ
શ્રી વલ્લભાભિધાન-સ્તનોતુ નિજદાસસ્યસૌભાગ્યમ્ ॥૨॥

(શાર્દૂલ વિક્રીડિત છંદ)

માયાવાદતમો નિરસ્ય મધુભિત્-સેવાખ્યવર્ત્માદ્ભુતમ્
શ્રીમદ્-ગોકુલનાથસંગમસુધા- સંપ્રાપકંતત્ક્ષણાત્
દુષ્પ્રાપં પ્રકટં ચકાર કરૂણા- રાગાતિસંમોહનઃ
સઃશ્રીવલ્લભભાનુરૂલ્લસતિયઃ શ્રી વલ્લવીશાંતરઃ ॥૩॥

(શિખરિણી છંદ)

કવચિત્ પાણ્ડિત્યંચેન્- ન નિગમગતિઃ સાપિ યદિ ન
ક્રિયા સા સાપિ સ્યાત્- યદિ ન હરિમાર્ગે પરિચયઃ
યદિ સ્યાત્સોપિ શ્રી વ્રજપતિરતિર્નેતિ નિખિલૈ-
ર્ગુણૈરન્યઃ કો વા, વિલસતિ વિના વલ્લભવરમ્ ॥૪॥

(શાર્દુલ વિક્રીડિત છંદ)

માયાવાદિકરીન્દ્રદર્પદલને- ના સ્યેન્દુરાજોદ્ગતઃ
શ્રીમદ્ ભાગવતાખ્યદુર્લભસુધા- વર્ષેણ વેદોક્તિભિઃ
રાધા વલ્લભ સેવયા તદુચિત- પ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્-વલ્લભનામધેયસદૃશો, ભાવી ન ભૂતોસ્ત્યપિ ॥૫॥

(પૃથ્વી છંદ)

યદંઘ્રિનખમણ્ડલ- પ્રસૃતવારિપીયૂષયુગ્
વરાંગહૃદયૈઃ કલિ- સ્તૃણમિવેહ તુચ્છીકૃતઃ
વ્રજાધિપતિરિન્દિરા- પ્રભૃતિમૃગ્યપાદામ્બુજઃ
ક્ષણેન પરિતોષિત- સ્તદનુગત્વમેવાસ્તુ મે ॥૬॥

અઘૌઘાતમસાવૃતં, કલિભુજંગમાસાદિતં
જગદ્ વિષયસાગરે, પતિતમસ્વધર્મે રતમ્
યદીક્ષણસુધાનિધિઃ, સમુદિતોનુકમ્પામૃતા-
દમૃત્યુમકરોત્ ક્ષણા, દરણ મસ્તુ મેતત્પદમ્ ॥૭॥

॥ ઇતિ શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર વિરચિતં શ્રી સ્ફૂરત્કૃષ્ણ પ્રેમામૃતં સમ્પૂર્ણમ્ ॥

શ્રી વલ્લભાષ્ટકમ્

(સ્ત્રગ્ધરાવૃત છંદ)

શ્રીમદ્ વૃંદાવનેન્દુ - પ્રકટિતરસિકા - નન્દસન્દોહરૂપ
સ્ફૂર્જદ્રાસાદિલીલા - મૃતજલધિભરા - કાન્તસર્વોપિશશ્વત્ ॥
તસ્યૈવાત્માનુભાવ-પ્રકટનહૃદય- સ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્
ભૂમૌય: સન્મનુષ્યા-કૃતિરતિ કરૂણ-સ્તં પ્રપદ્યે હુતાશમ્ ॥૧॥

નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચે-દધિધરણિતલં, ભૂતનાથોદિતાસન્
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા, નિગમપથગતૌ, દેવસર્ગેપિ જાતાઃ ॥
ધોષાધીશં તદેમે, કથમપિ મનુજાઃ, પ્રા પ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્-નિજ, ફલરહિતા, દેવ વૈશ્વાનરૈષા ॥૨॥

ન હ્યન્યો વાગધીશા-ચ્છ્રુતિગણ વચસાં, ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં, પ્રકટયતિ વધૂ-રગ્રતઃ પત્યુરેવ ॥
તસ્માત્ શ્રીવલ્લભાખ્યઃ, ત્વદુદિતવચના-દન્યથારૂપયન્તિ
ભ્રાંતા યે તે નિસર્ગ-ત્રિદશરિપુતયા, કેવલાન્ધંતમોગાઃ ॥૩॥

પ્રાદુર્ભૂતેન ભૂમૌ, વ્રજપતિચરણાં-ભોજસેવાખ્યવર્ત્મ-
પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે, શ્રી હુતાશેતિ મન્યે ॥
યસ્માદસ્મિન્ સ્થિતો યત્, કિમપિ કથમપિ, ક્વાપ્યુપાહર્તુમિચ્છ
ત્યધ્ધા તદ્ ગોપિકેશઃ સ્વવદનકમલે, ચારૂહાસે કરોતિ ॥૪॥

ઉષ્ણત્વૈકસ્વભાવો-પ્યતિશિશિરવચઃ પુંજપીયૂષવૃષ્ટિ-
રાર્તેષ્વત્યુગ્રમોહ - સુરનૃષુયુગપત્ - તાપમપ્યત્રકુર્વન્ ॥
સ્વસ્મિન્ કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચનો, ભૂતદે વત્વમે તદ્-
યસ્માદાનંદદં શ્રી - વ્રજજનનિચયે, નાશકં ચાસુરાગ્નેઃ ॥૫॥

આમ્નાયોક્તં યદંભો-ભવનમનલત- સ્તચ્ચ સત્યં વિભો યત્
સર્ગાદૌભૂતરૂપા - દભવદનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ॥
આનંદૈકસ્વરૂપાત્-ત્વદધિભુ યદભૂત્- કૃષ્ણસેવાર સાબ્ધિશ્ચ
આનંદૈકસ્વરૂપ- સ્તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥૬॥

સ્વામિન્ શ્રી વલ્લભાગ્ને, ક્ષણમપિ ભવતઃ, સન્નિધાને કૃપાતઃ
પ્રાણપ્રેષ્ઠવ્રજાધી - શ્વરવદનદિદૃ- ક્ષાર્તિતાપો જનેષુ ॥

યત્પ્રાદુર્ભાવમાપ્નો, ત્યુચિતતરમિંદ, યત્તુ પશ્ચાદપીત્થં
દ્રષ્ટેપ્યસ્મિન્મુખેન્દૌ, પ્રચુરતરમુદે- ત્યેવ તચ્ચિત્રમેતત ॥૭॥

અજ્ઞાનાદ્યંધકાર-પ્રશમનપટુતા- ખ્યાપનાયત્રિલોક્યા-
મગ્નિત્વં વર્ણિતં તે, કવિભિરપિ સદા, વસ્તુતઃ કૃષ્ણ એવ ॥
પ્રાદુભૂતો ભવાનિ-ત્યનુભવ નિગમા- દ્યુક્ત માનૈરવેત્ય
ત્વાં શ્રી શ્રી વલ્લભેમે, નિખિલબુધજના, ગોકુલેશં ભજન્તે ॥૮॥

॥ ઇતિ શ્રી વિઠ્ઠલેશ્વર-વિરચિતં શ્રી વલ્લભાષ્ટકમ્ સમ્પૂર્ણમ્ ॥

* * *

શ્રી નામરત્નાખ્ય સ્તોત્રમ્

(અનુષ્ટુપ્ છંદ)

યન્નામાર્કોદયાત્પાપ ધ્વાન્તરાશિઃ પ્રશામ્યતિ ॥
વિકસન્તિ હૃદબ્જાનિ, તન્નામાનિ સદાશ્રયે ॥૧॥

અનુષ્ટાભમિ હ ચ્છંદ, ઋષિરગ્નિ કુમાર જઃ ॥
સર્વ શક્તિસમા યુક્તો, દેવઃ શ્રી વલ્લભાત્મ જ ॥૨॥

વિનિયોગઃ સમસ્તેષ્ટ- સિદ્ધ્યર્થે વિનિરૂપિતઃ ॥
શ્રી વિઠ્ઠલઃ કૃપાસિંધુ- ર્ભક્તવશ્યોતિસુંદરઃ ॥૩॥

કૃષ્ણલીલારસાવિષ્ટઃ, શ્રીમાન્ વલ્લભનંદનઃ ॥
દુર્દશ્યો ભક્તસંદશ્યો, ભક્તિગમ્યો ભયાપહઃ ॥૪॥

અનન્યભક્ત હૃદયો, દીનાના થૈક સંશ્રય ॥
રાજીવલોચનો રાસ, લીલા રસ મહોદધિઃ ॥૫॥

ધર્મસેતુર્ભક્તિસેતુઃ સુખસેવ્યો વ્રજેશ્વરઃ ॥
ભક્તશોકાપહઃ શાંતઃ સર્વજ્ઞઃ સર્વકામદઃ ॥૬॥

રૂક્મિણીરમણઃ શ્રીશો, ભક્તરત્નપરીક્ષકઃ ॥
ભક્ત રક્ષૈકદક્ષઃ શ્રી-કૃષ્ણ ભક્તિ પ્રર્વતકઃ ॥૭॥

મહાસુર તિર સ્કર્તા, સર્વ શાસ્ત્ર વિદગ્રણીઃ ॥
લુબ્ધ મકરંદકે, ભ્રમર જ્યોં બસ ભયે,
દેખિ રવિ ઉદય, માનો કમલ ફૂલે. ૧
કરત ગુંજાર મુરલી જુ લે સાંવરો,
સુનત વ્રજવધુ તન સુધી જુ ભૂલેં,
ચતુર્ભુજદાસ યમુને પ્રેમ-સિંધુમેં,
લાલ ગિરિધરનવર હરખિ ઝુલે. ૨

(૧૫)

વારંવાર શ્રી યમુને ગુણગાન કીજે,
યેહી રસનાતે જો નામ રસ-અમૃત,
ભાગ્ય જાકે હેં સોઇ જુ પીજે. ૧
ભાનુ-તનયા દયા અતિહી કરૂણામયા,
ઇનકી કર આશ, અબ સદાહી જિજે,
ચતુર્ભુજદાસ કહે, સોઇ પ્રિય પાસ રહે,
જોઇ શ્રીયમુનાજીકે રસ જુ ભીંજે. ૨

(૧૬)

હેત કરિ દેત શ્રી યમુને વાસ કુંજે,
જહાં નિશવાસર રાસનેં રસિકવર,
કહાંલગ બરનિયે પ્રેમ-પુંજે. ૧
થકિત સરિતા-નીર થકિત વ્રજવધુ ભીર,
કોઉ ન ધરત ધીર, મુરલી સુનિજે,
ચતુર્ભુજદાસ યમુને પંકજ જાનિ,
મધુપકી નાંઇ ચિત્ત લાય ગુંજે. ૨

(૧૭)

ભક્ત પર કરિ કૃપા શ્રી યમુને જુ એસી,
છાંડિ નિજ ધામ વિશ્રામ ભૂતલ કિયો,
પ્રકટ લીલા દિખાઇ જુ તેસી, ૧
પરમ પરમારથ કરત હેં સબનકોં,
દેત અદભુત રૂપ આપ જેસી,

નંદદાસ યોં જાની દ્રઢ કરિ ચરણ ગહેં,
એક રસના કહા કહોં વિસેષી. ૨

(૧૮)

નેહ કારન શ્રી યમુને પ્રથમ આઇ,
ભક્ત કે ચિત્તકી વૃત્તિ સબ જાનકે,
તાહી તે અતિહિ આતુર જુ ધાઇ,
જા કે મન જેસી, ઇચ્છા હતી તાહીકી,
તોસીહી આય સાધા જુ પૂજાઇ,
નંદદાસ પ્રભુ તા પર રિઝિ રહે,
જોઇ શ્રી યમુનાજી કે જસ જુ ગાઇ. ૨

(૧૯)

તાતોં શ્રી યમુને-યમુને જુ ગાવો,
શેષ સહસ્ત્ર નિશદિન ગાવત,
પાર નહીં પાવત તાહી પાવો. ૧
સકલ સુખ દેનહાર તાતેં કરો ઉચ્ચાર,
કહતહોં વારંવાર જિન ભૂલાઓ,
નંદદાસ કી આસ શ્રી યમુને પૂરણ કરી,
તાતેં ધરી ધરી ચિત્ત લાવો. ૨

(૨૦)

ભાગ્ય સૌભાગ્ય શ્રી યમુને જુ દેઇ,
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો,
લાલ ગિરિધરનવર તબ મિલેઇ. ૧
ભગવદીય સંગ કર બાત ઇનકી લહેં,
સદા સાનિધ્ય રહે કેલિમોઇ,
નંદદાસ જા પર કૃપા શ્રી વલ્લભ કરે,
તાકે શ્રી યમુને સર્વસ્વ જુ હેઇ. ૨

(૨૧)

નામ મહિમા એસી જુ જાનો,
મર્યાદાદિક કહેં, લૌકિક સુખ લહેં,
પુષ્ટિકોં પુષ્ટિ-પથ, નિશ્ચે જુ માનો. ૧

સ્વાતિ જલ-બુંદ જબ પરત હે જાહિમેં,
તાહિમેં હોત તેસો જુ બાનો,
શ્રી યમુને કૃપા સિંધુ જાનિ, સ્વાતિ જલ બહુમાનિ
સૂર ગુણ-પૂર, કહાલો બખાનોં. ૨

(૨૨)

ભક્તકો સુગમ, શ્રી યમુને અગમ ઓરેં
પ્રાતહીં ન્હાત, અઘ જાત તાકે સકલ,
યમહું રહત તાહિ હાથ જોરે. ૧
અનુભવી બિના અનુભવ કહા જાનહિ,
જાકે પિયા નહીં ચિત્ત ચોરેં,
પ્રેમકે સિંધુકો મરમ જાન્યો નહીં,
સૂર કહે, કહા ભયો દેહ બોરે. ૨

(૨૩)

ફલ ફલિત હોય ફલરૂપ જાને,
દેખીહું ના સુની તાહીકી આપુની,
કાહુકી બાત કહો કેસે જુ માને. ૧
તાહિકે હાથ નિર્મોલ નગ દીજિયે,
જોઈ નીકે કરિ પરખિ જાને,
સૂર કહે ક્રુરતો દૂર બસિયે સદા,
શ્રી યમુનાજીકો નામ લીજે જુ છાને. ૨

(૨૪)

શ્રીયમુને-પતિં-દાસકે ચિન્હ ન્યારે,
ભગવદીકોં, ભગવત્સંગ મિલિ રહે,
જા કે હિ યે બસત પ્રાણ પ્યારે. ૧
ગુઢ શ્રી યમુને બાત સોઈ અબ જાનિયે,
જા કે મન મોહન નેન તારે,
સૂર સુખસાર નિરધાર વે પાવહી,
જા પર હોય શ્રી વલ્લભ કૃપા રે. ૨

(૨૫)

શ્રી યમુને રસખાનકોં શિષ નાઉં,
એસી મહિમા જાન ભક્તકોં સુખદાન,
જોઇ માગોં સોઇ જુ પાઉં. ૧
પતિત પાવન કરન, નામ લીનો તરન,
દ્રઢ કર ગહિ ચરન, કહું ન જાઉં,
કુંભનદાસ લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી ચાહત, નહીં પલક લાઉં. ૨

(૨૬)

શ્રી યમુને અગનિત ગુન ગિને ન જાઇ
યમુને તટ-રેણુતેં હોત નવીન તનુ
ઇનકે સુખ દેનકી, કહા કરોં બડાઇ. ૧
ભક્ત માંગત જોઇ દેત હે તિહી છિનુ
સો એસી કો કરે પ્રાણ નિભાઇ,
કુંભનદાસ લાલ ગિરિધરન મુખ નિરખત,
કહો કેસેં કરિ મન અઘાઇ. ૨

(૨૭)

શ્રી યમુને પર તન, મન, ધન, પ્રાણવારો
જાકી કિર્તિ વિશદ, કોન અબ કહિ શકે,
તાહિ નેનનતેં ન નેક ટારો. ૨
ચરણ કમલ ઇનકે જુ ચિંતત રહો
નિશદિના, નામ મુખતેં ઉચ્ચારો,
કુંભનદાસ કહે, લાલ ગિરિધરન મુખ,
ઇનકી કૃપા ભઇ તબ નિહારો. ૨

(૨૮)

ભક્ત ઇચ્છા પૂરન શ્રીયમુને જુ કરતા,
બિના માંગે હું દેત, કહાંલોં કહોં હેત,
જેસે કા હુ કો કોઉ હોય ધરતા. ૧
શ્રીયમુના પુલીન રાસ, બ્રજ-બધૂ લિયે પાસ,
મંદ-મંદ હાસ કર મન જુ હરતાં,

કુંભનદાસ લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી જિય લેખત શ્રી યમુને જુ ભરતા. ૨

(૨૯)

રાસ-રસ-સાગર શ્રી યમને જુ-જાની,
બહત ધારા તન પ્રતિ છિન નૌતન,
રાખત અપને ઉરમેં જુ ઠાની. ૧
ભક્ત કો સહે ભાર, દેત જુ પ્રાણ આધાર,
અતિહી બોલત મધુર-મધુર બાની,
શ્રી વિઠ્ઠલ- ગિરિધરનવર બસ કિયે,
કોનપેં જાત મહિમા બખાની. ૨

(૩૦)

ભકત-પ્રતિપાલ, જંજાલ ટારે,
અપને રસ રંગમેં, સંગ રાખત સદા,
સર્વદા જોઇ શ્રીયમુને નામ ઉચ્ચારે. ૧
ઇનકી કૃપા અબ કહાં લગ બરનિયે,
જેસે રાખત જનની પુત્ર બારે,
શ્રી વિઠ્ઠલ-ગિરિધરન સંગ વિરહત,
ભક્તકોં એક છિન ના બિસારે. ૨

(૩૧)

શ્રી યમુનાજીકો નામ લેસોઇ સુહાગી,
ઇનકે સ્વરૂપ કોં સદા ચિંતન કરત,
કલ ન પરત, જાય લેહ લાગી. ૧
પુષ્ટિ-મારગ મરમ, અતિહી દુર્લભ કરમ,
છાંડી સગરે, પરમ પ્રેમ પાગી,
શ્રી વિઠ્ઠલ-ગિરિધરન એસી નિધી,
ભક્તકોં દેત હેં બિના માંગી. ૨

(૩૨)

કોનપેં જાત શ્રીયમુને જુ બરની,
સબહીકો મન મોહત મોહન,
સો પિયાકો મન હે જુ હરની. ૧

ઇન બિના એક છિન, રહત નહિં જીવન, ધન,
બ્રજચંદ મન આનંદ કરની,
શ્રી વિઠ્ઠલ-ગિરિધરન સહીત આયે,
ભક્ત કે હેત અવતાર ધરની. ૨

(૩૩)

શ્રી યમુને તુમસી, એક હો જુ તુમહીં,
કરી કૃપા દરસ, નિસવાસર દીજિયે,
તિહારે ગુનગાનકોં, રહે ઉધમહીં. ૧
તિહારે પાયેતેં, સકલ નિધી પાવહીં,
ચરણકમલ ચિત્ત ભ્રમર ભ્રમહીં,
કૃષ્ણદાસનિ કહે, કોન યહ તપ કિયો,
તિહારે ઢિગ રહત હે, લતા દ્રુમહી. ૨

(૩૪)

એસી કૃપા કિજીયે લીજિયેં નામ,
શ્રીયમુને જગવંદની, ગુણ ન જાત કાહુ ગિની,
જિનકે એસે ધની સુંદર શ્યામ. ૧
દેત સંયોગ રસ, એસે પિયુ હે જુ બસ,
સુનત તિહારો સુજસ, પૂરે સબ કામ,
કૃષ્ણદાસનિ કહે, ભક્ત હિત કારને,
શ્રી યમુને એક છિન, નહિ કરે વિશ્રામ. ૨

(૩૫)

શ્રી યમુના કે નામ અઘ દુર ભાજે,
જિનકે ગુન સુનનકોં લાલ ગિરિધરન પિય,
આય સન્મુખ તાકે બિરાજે. ૧
તિહિ છિનુ કાજ, તાકે સાગરે સરે,
જાયકે મિલવત બ્રજબધૂ સમાજે,
કૃષ્ણદાસનિ કહે તાહિ અબ કોન ડર,
જાકે ઉપર શ્રીયમુનેસી ગાજે. ૨

(૩૬)

શ્રી યમુનાજીકો નામ તેઈ જુ લેહેં,
જીનકી લગન લગી નંદલાલ સોં,
સર્વસ્વ દેકે નિકટ રહે હેં. ૧
જિનહીં સુગમ જાનિ, બાત મનમેં જુ માનિ,
બિના પહેચાનિ કેસો જુ પૈયે,
કૃષ્ણદાસનિ કહે શ્રી યમુને નામ નૌકા,
ભક્ત ભવ-સિંધુતેં યોંહિ તરીયે. ૨

(૩૭)

શ્રીયમુનેકી આસ અબ કરત હે દાસ,
મન-કર્મ-વચન, કર જોરિંકેં માંગત,
નિસદિના રાખિયે, અપને જુ પાસ. ૧
જહાં પિય રસિક વર, રસિકનિ રાધિકા,
દોઉ જન, સંગ મિલ કરત હેં રાસ,
દાસ પરમાનંદ પાયે અબ બ્રજચંદ,
દેખિ સિરાને નેન મંદ હાસ. ૨

(૩૮)

શ્રીયમુનેકે સાથ અબ ફિરતહેં નાથ,
ભક્તાકે મનકે, મનોરથ પૂરન કરત,
કહાંલોં કહીયે, ઈનકી જુ ગાથ. ૧
વિવિધ શૃંગાર આભૂષણ પહેરેં,
અંગ-અંગ શોભા, બરની ન જાત,
દાસ પરમાનંદ પાયે અબ બ્રજચંદ,
રાખે અપને શરણ બહે જુ જાત. ૨

(૩૯)

શ્રીયમુને પ્રિયકોં બસ તુમ જુ કીને
પ્રેમકે ફંદતેઃ ગહિ જૂ રાખે નિકટ,
એસે નિરમોલ નગ મોલ લીને. ૧

તુમ જુ પઠાવત, તહાં અબ ધાવત,
તિહારે રસ-રંગમેં રહત ભીનો,
દાસ પરમાનંદ પાયે અબ બ્રજચંદ,
પરમ ઉદાર શ્રી યમુને જુ દીને. ૨

(૪૦)

શ્રી યમુને સુખકારની-પ્રાણપતિ કે,
જિન્હે ભૂલિ જાત પિયે, તિન્હે સુધિ કરિ દેત,
કહાંલો કહિયેં, ઇન કે જુ હિત કે. ૧
પ્રિયસંગ ગાન કરે ઉમંગિ જ્યોં રસ ભરે,
દેવ તારી કર લેત ઝટકે,
દાસ પરમાનંદ પાયે અબ બ્રજચંદ,
યેહી જાનત સબ પ્રેમ ગતિકે. ૨

(૪૧)

શરણ-પ્રતિપાલ, ગોપાલ રતિ-વર્ધિની,
દેત પતિ-પંથ, પિય-કંથ સન્મુખ કરત,
અતુલ કરૂણામયી નાથ અંગ અર્ધિની. ૧
દીનજન જાન, રસ-પૂંજ કુંજેશ્વરી,
રમત રસ-રાસ, પિય-સંગ નિશ શરદની,
ભક્તિ દાયક સકલ ભવસિંધુ-તારિણી,
કરત વિધ્વંસ,જન અખિલ અઘ-મર્દિની. ૨
રહત નંદ-સૂનુ તટ, નિકટ નિશદિન સદા,
ગોપ-ગોપી રમત, મધ્ય રસ-કંદની,
કૃષ્ણ-તન-વરણ, ગુણ-ધર્મ-શ્રીકૃષ્ણકે,
કૃષ્ણ-લીલામયી, કૃષ્ણ સુખકંદની. ૩
પદ્મજા પાય તું-સંગ હી મુરરિપુ,
સકલ સામર્થ્યયી, પાપકી ખંડની,
કૃપા-રસ-પૂર, વૈકુંઠ-પદકી સીઢી,
જગત વિખ્યાત, શિવ-શેષ શિર મંડની. ૪

પર્યો પદકમલ-તર, ઓર સબ છાંડકે,
દેખ દૃઢ કર દયા, હાસ્ય-મુખ-મંદની,
ઊભય કર જોર, કૃષ્ણદાસ વિનતી કરે,
કરો, અબ કૃપા કલિંદ-ગિરિ-નંદિની. ૫

* * *

શ્રી યમુના સ્તવન

શ્રી કૃષ્ણના ચરણારવિંદની, રજ થકી શોભી રહ્યાં;
સિદ્ધિ અલૌકિક આપનારાં, વંદું શ્રી યમુનાંજીને...
સુપુષ્પની સુવાસથી, જંગલ બધું મહેંકી રહ્યું,
તે મંદ શીતલ પવનથી, જલ પણ સુગંધિત થઇ રહ્યું;
પૂજે સુરાસુર સ્નેહથી, વળી સેવતાં દૈવી જીવો,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૧)

મા ! સૂર્ય મંડળ છોડીને, બહુ વેગથી આવી રહ્યાં,
ત્યાં કલિન્દના શિખર ઉપર, શોભા અતિ સુંદર દીસે;
એ વેગમાં પત્થર ઘણા, હરખાઇને ઉછળી રહ્યાં,
તે આપ પણ ઉલ્લાસ પૂર્વક, ઉછળતાં શોભી રહ્યાં;
હરિ હેતના ઝૂલા ઉપર, જાણે બિરાજ્યાં આપ હો,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૨)

શુક મોર સારસ હંસ આદિ, પક્ષીથી સેવાયેલાં,
ગોપીજનો ના સેવ્ય ભુવન, સ્વજન પાવન રાખતાં;
તરંગ રૂપ શ્રી હસ્તમાં, રેતી રૂપી મોતી તણાં;
કંકણ સરસ શોભી રહ્યાં, શ્રીકૃષ્ણને બહુ પ્રિય જે;
નિતમ્બ રૂપ શ્રી તટ તણું; અદ્‌ભૂત દર્શન થાય જો,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૩)

અનન્ત ગુણથી શોભતાં, સ્તુતિ દેવ બ્રહ્મા-શિવ કરે;
ઘનશ્યામ જેવું મેઘ સમ છે, સ્વરૂપ સુંદર આપનું;
વિશુદ્ધ મથુરાં આપનાં, સાનિધ્યમાં શોભી રહ્યાં;
સહુ ગોપ ગોપી વૃન્દને, ઇચ્છિત ફળ આપી રહ્યાં,

મમ કોડ સૌ પૂરા કરો, જ્યમ ધ્રુવ પરાશરના કર્યા,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૪)

શ્રી કૃષ્ણના ચરણો થકી શ્રી જાન્હવી ઉત્પન્ન થયાં,
સત્સંગ પામ્યાં આપનો ને, સિદ્ધિ દાયક થઇ રહ્યાં;
એવું માહાત્મ્ય છે આપનું, સરખામણી કોઇ શું કરે,
સમ કક્ષમાં આવી શકે, સાગર સુતા એક જ ખરે,
એવાં પ્રભુને પ્રિય ! મારા, હૃદયમાં આવી વસે
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૫)

અદ્ભૂત ચરિત્ર છે આપનું, વંદન કરૂં હું પ્રેમથી,
યમયાતના આવે નહિ, મા ! આપના પય પાનથી,
કદી દુષ્ટ હોઇએ તોય પણ, સંતાન છીએ અમે આપના,
સ્પર્શે ન અમને કોઇ ભય, છાયા સદા છે આપની,
ગોપીજનો પ્રભુ પ્રિય બન્યાં, એવી કૃપા બસ રાખજો,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૬)

શ્રીકૃષ્ણને પ્રિય આપ છો, મમ દેહ સુંદર આપજો,
ભગવદ્ લીલામાં થાય પ્રીતિ, સ્નેહ એવા આપજો,
જ્યમ આપના સંસર્ગથી, ગંગાજી પુષ્ટિમાં વહ્યાં,
મમ દેહ મન શ્રીકૃષ્ણને, પ્રિય થાય એવાં રાખજો,
વિરહાર્તિમાં હે માત ! મારા, હૃદયમાં બિરાજજો,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૭)

હું આપની સ્તુતિ શું કરૂં, માહાત્મ્ય અપરંપાર છે,
શ્રી લક્ષ્મી વિષ્ણુ સેવવાથી, મોક્ષનો જ અધિકાર છે.
પણ આપની સેવા થકી, અદ્ભૂત જલ ક્રીડા તણાં,
જલનાં અણુની પ્રાપ્તિ થાયે, ગોપીજનોનાં સ્નેહનાં
એ સ્નેહનું સુખ દિવ્ય છે, મન મારૂં એમાં સ્થાપજો,
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૮)

કોઇ સ્નેહથી કરશે સદા, આ પાઠ યમુનાષ્ટક તણો.
નિશ્ચય પ્રભુને પ્રિય થશે, ને નાશ થાશે પાપનો,

સિદ્ધિ સકલ મળશે અને, શ્રીકૃષ્ણમાં વધશે પ્રિતિ,
આનંદ સાગર ઉમટશે ને, સ્વભાવ પણ જાશે જીતી,
જગદીશને વ્હાલા અમારા, શ્રી વલ્લભાધીશ ઉચ્ચરે.
વંદન કરૂં શ્રી યમુનાંજીને, શ્રી કૃષ્ણ આશ્રય આપજો. (૯)

શ્રી યમુના-વંદના

વ્હાલે કરી વંદુરે શ્રીમહારાણીજી
બહુ અધમ ઉદ્ધાર્યારિ એવા'જસ જાણીજી ૧

ચૌદ લોકના સ્વામીરે વસ્યા જ્યાં વાસ કરી
પટરાણીજી પોતે રે રહ્યાં એવા નાથ વરી ૨

ગંગાપદ પામીરે, કે પાવન જગ કરિયાં
તે તો શ્રીમહારાણી રે, ગુણે બહુ વિસ્તરિયાં ૩

જમુનાજળ ન્હાવા રે, યોગેશ્વર દેહ દમે
ક્રીડા રસ પૂરણ રે, હરિ નિત્ય રાસ રમે ૪

શિવજી અજ જેવા રે, બેઠા ત્યાં ધ્યાન ધરી
સનકાદિક સરિખા રે, ગાયે ગુણ ગાન કરી ૫

શ્રીજમુના જળ મહિમા રે, કળિ નવ કોઈ શકે
શેષ નાગ સરિખા રે, ગાતાં ગુણ તેજ થકે ૬

જશ જાણી વિશેષે રે, કે સુર મુનિ નરનારી
તારો તાપ શું જાણે રે, કે એ રસ અધિકારી ૭

અમૃત જળ એવાં રે, કે પીતાં પાપ હરે
તે તો વેદની વાણી રે, કે સુર મુનિ ઉચ્ચારે ૮

નીર ધીર ગંભીરે રે, ચાલે મહામોદ ભર્યા
મથુરા મંડળમાં રે કે વિલાસે વરવરીયાં ૯

વૃંદાવન તીરે રે, ગતિ બહુ શોભા ધરે
ધીર તટ સમીરે રે, ગોપીજન ક્રીડા કરે ૧૦

શ્રી ગોકુળ રસ ભરિયું રે, કે શોભા શી રે કહૂં
એઉના ગુણ ગાવા રે, કે દાસી થઈને રહૂં ૧૧

મુને આશ ઘણેરી રે, માતાજી તમારી છે
'પ્રભુદાસ' ને સ્હાવારે કે બાંહ પસારી છે ૧૨

* * *

શ્રી યમુના-પાન

(શ્રી) મહારાણીજીનાં પાન કરને તૂ પ્રાણી રે
એ છે અધમ ઉદ્ધાહરણ જાણી - મહારાણીજી ૧

એનું મહાત્મ્ય છે પદ્મ પુરાણે રે, પૃથ્વીપર શ્રી વારાહજી વખાણે રે
એ તો વ્રજવાસી સુખ માણે - મહારાણીજી ૨

સુંદર મથુરાજી નિકટ બિરાજે રે, મંદ મંદ મહા ધ્વનિ ગાજેરે
એમનાં દર્શનથી દુખ ભાજે - મહારાણીજી ૩

વિશ્રામ ઘાટે તે આરતી થાય રે, સામા પ્રભુજીના મુગટ ધરાય રે,
ચોબા હાથીની ગર્જના સંભળાય - મહારાણીજી ૪

ત્યાંતો વૈષ્ણવની ભીડ ભરાય રે, વળી આરતી ધોળ ગવાય રે,
ત્યાં તો જય જય શબ્દ ઉચ્ચરાય - મહારાણીજી ૫

એમના સ્મરણથી સુખ થાશેરે, તેના પ્રાયશ્ચિત દૂર પળાશે રે
જેમ સિંહ દેખીને મૃગ નાસે - મહારાણીજી ૬

જે પયપાન શ્રીયમુનાનાં કરશે રે, તેનો જમકિંકર ભય ટળશે રે
કહે 'રસિક' રાધાવર મળશે - મહારાણીજી ૭

* * *

શ્રી યમુના-દર્શન

અહર્નિશ દરશન દીજીએ કલિંદજા અહર્નિશ દરશન દીજીએ.
બાલ પશુ બુદ્ધિમાં અજ્ઞાન છું પણ આપની મા,
વિનતી કરતાં મન બ્હીજીએ. - કલિંદજા... ૧

જનની પ્રકાર સ્નેહ જીવ ઉપર રાખતાં મા,
સાધન વિના તે આપ રીઝીએ - કલિંદજા... ૨

ભક્તને છો ભક્તિ દાતા આપ ભવતારિણી મા,
પ્રેમનો તે પંથ પતીજીએ - કલિંદજા... ૩
મેઘશ્યામ રૂપ આપ ભાનુની સુતા છો મા,
કારણ એ શ્યામ સ્નેહ ભીંજીએ - કલિંદજા... ૪
પરમ કૃપાળુ આપ અધમ ઉદ્ધારિણી મા,
પુષ્ટિરસ પાઓ તો પીજીએ - કલિંદજા... ૫
'નિજજન' ધ્યાન માગે ચરણ કમળનું મા,
જેમ ઘૃત ખાંડ મધ્યે થીજીએ - કલિંદજા... ૬

* * *

શ્રી યમુના-યાચના

દરશન દ્યોની મા શ્રીજમુનાજી, હુંતો બીજા કશાથી નથી રાજી ૧
પાન કરાવો અમૃત જળનું, જોર હઠાવો માયા દળનું,
રટણ કરાવો (શ્રી) રાધાવરનું. -દરશન... ૨
શરણ પડ્યો છું દુખડાં કાપો, પાપ નિવારી સુખડાં આપો,
યુગલ સ્વરૂપ (મ્હારે) હૃદયે સ્થાપો -દરશન... ૩
માયા જાળ ટાળો મહારાણી, માજી લીલામાં લ્યો તાણી,
દૈવી જીવ તણી કરૂણા જાણી -દરશન... ૪
અહર્નિશ સેવામાં દિન ભાગું, કૃષ્ણકૃપા ને દીનતા માગું,
અવિચળ પદ આપો પાય લાગું -દરશન... ૫
મા છોડાવો વિષયાસક્તિ, માનસી સેવામાં અનુરક્તિ,
શ્યામ ચરણમાં ધો દૃઢ ભક્તિ -દરશન... ૬
દુર્ગુણ મ્હારા કાઢી નાંખો, વાંક હમારો હોય તોય સાંખો,
વ્રજવાસ મળે એમ મુખ ભાખો -દરશન... ૭
'લાલા લહેરી' સેવક ત્હારો, દીન થઈ જાયે અતિ દુખિયારો,
મા ઉગરવાનો નથી કોઈ આરો -દરશન... ૮

* * *

શ્રી યમુનાજીનું ધોળ

દુઃસ્વભાવથી જીતાડો દુર્મતિ ટાળો માજી
શ્રીગોપીજનવલ્લભ અતિ વલ્લભ મુને કરો શ્રીયમુનાજી (ટેક.)

અંખડ અનપાયિની આપો મા સુદઢ પ્રેમ - ભક્તિ
પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક દ્યો મા શ્રી કૃષ્ણાસક્તિ
માનસી સેવા મુખ્ય વ્યસન દ્યો શરણાગત સાચી
શ્રીકૃષ્ણ કૃપા હેતુ દ્યો દીનતા નહિ કિંચિત કાચી,
દઢ આશ્રય શ્રી વલ્લભભવરનો અચલિત ગુણ ગાઉં
સતત રહે શ્રી કૃષ્ણ નામ મુખ દુઃખી નવ થાઉં;
આપ સમાગમથી મા સકળ સિદ્ધિદા ગંગાજી... શ્રીગોપી ૧

કામ ક્રોધ મદ લોભ મોહ મત્સર કરો દૂરા
શ્રી કૃષ્ણ મિલનમાં અંતરાય જે તે કરિયે ચૂરા,
અસુર દુષ્ટ કલિકાલ કર્મ પ્રતિબંધક જાય ટાળો,
કુતર્ક કુભાવ કુવાસના કુકૃતિ ઝટ બાળો.
દુઃસંગ દોષ મને જળ પંકજ પ્રમાણ નવ લાગે,
બલિ વિભીષણ પ્રહલાદની પેરે ભય પામી ભાગે;
કરો કૃપા એવી થૈ મુજપર બિરદ બળે રાજી... શ્રીગોપી ૨

મારી ચૂર્ણ કરો સહુ ચિંતા જન્મ મરણ ભય કાપી
માયા મોહ થકી મુકાવો નિજાનંદ આપી;
સાધન ધર્મ ન કિંચિત્ છે અનુચિત કૃતિ તનમનની
સેવાને સ્મરણ તમારું કરવા અશકત છું જનની;
જેવો તેવો દાસ ક્ષમા અપરાધ કરો મા એ,
કુપુત્ર તો કદિ હોય કુમાતા કદાપિ નવ થાએ;
શરણ પડ્યો સંતાપ હરો મા વિનંતિ કરું ઝાઝી... શ્રીગોપી ૩

તુર્ય પ્રિયા શ્રી કૃષ્ણ વલ્લભા યમુને જગ માતા;
નરક નિવારણી યમ ભય હરણી ભવ તારણી ખ્યાતા
સ્વભાવ દુર્જય વિજય કરણી નિજદાસ દુઃખ હરણી,
સકળ પાપ સંતાપ નિવારણી અતિ અદ્ભુત કરણી;

શ્રી વલ્લભ શરણાગત લહિ મારી પૂર્ણ કરો તૃષ્ણા,
યુગલ સ્વરૂપ મુજહૃદે વસાવો કૃપા કરી કૃષ્ણા;
દાસ દયો મારો સુત શ્રી મુખ સકૃત કહો ગાજી... શ્રીગોપી ૪

શ્રી યમુના–વ્રજસુખ–યાચના

ધન્ય ધન્ય શ્રીયમુના કૃપા કરી શ્રીગોકુળ વ્રજ સુખ આપજો
વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો ૧

તમે મોટાં છો શ્રીમહારાણી, તમે જીવ તણી કરૂણા જાણી,
અમને શરણે લીધાં તાણી - ધન્ય... ૨

(શ્રી) વૃંદાવનની વાટમાં, ન્હાયાં શ્રીયમુના ઘાટમાં,
વ્હાલે રાસ રમાડ્યા રાતમાં - ધન્ય... ૩

ચાલો તો થઈએ વ્રજવાસી, પરિક્રમા કરીએ ચોરાશી,
વ્હાલે જનમ મરણની ટાળી ફાંસી - ધન્ય... ૪

પધરાવો સાત સ્વરૂપ સેવા, આરોગાવો મીઠા મેવા,
વૈષ્ણવને લાભ ઘણો લેવા - ધન્ય... ૫

વ્હાલો શ્રીગોકુળની ગલીઓમાં, મહારાજ તો મુજને ત્યાં મળિયા,
મારા સકળ મનોરથ સફળ થયા - ધન્ય... ૬

નંદજીનો વ્હાલો વનમાળી, કાલિંદી કાંઠે ધેનુ ચારી,
વ્હાલો હસિ હસિ અમશું લે તાળી - ધન્ય... ૭

ચાલો તો શ્રીયમુના ન્હઈયે, ત્યાં અખંડ વ્રજવાસી થઈએ,
એવી નૌતમ લીલા નિત ગઈએ - ધન્ય... ૮

સખી સમરો શ્રી સારંગપાણી, વૈષ્ણવને વ્હાલી એ વાણી,
એ શોભા 'હરિદાસે' જાણી. - ધન્ય... ૯

જીવને ભગવાન સમીપે રમણ કરાવે, ભગવાનની નિકટ લઇ જાય અને ભગવાનની અનેકવિધ લીલાઓનો અનુભવ કરાવે એવું ચતુર્થપ્રિયા શ્રીયમુના મહારાણીજીનું માહાત્મ્ય છે.

શ્રી યમુના-કૃપા-યાચના

ધન્ય શ્રીજમુના મા, કૃપા કરીને ગોકુળ વ્રજસુખ દીજીએ
ઓ રવિતનયા, અઘઆવરણ દુખ દૂર કૃપા કરી કીજીએ ૧

તમે અધમ ઉદ્ધારણ મહારાણી, તમે ભવબંધન છોડ્યાં પ્રાણી,
તમે કૃપા કરો પોતાની જાણી ૨

ઘનસ્યામ સ્વરૂપ અતિ સુખકારી, તટ ખેલે નિતપ્રતિ ગિરિધારી,
સંગ વિલસે સુંદર વ્રજનારી ૩

તમો લીલા રસ રંગમાં ભરિયાં, જળરૂપ દીઠે કારજ સરિયાં,
થયાં પરસ અલૌકિક અંગ કરિયાં ૪

ગુણ અનંત તમારા અઘહરણી, વ્રજલીલા સબ સુખ વિસ્તરણી,
ગિરિરાજ ધરણનું ચિત્ત હરણી ૫

તમો તુર્ય પ્રિયા પ્રભુજીને ગમતાં, સદા રાસમંડળમાં રંગે રમતાં,
થયાં મનવાંછિત ફલ મન ઠરતાં ૬

હું અપંગ અધમ અબળા બાળો, મતિ મંદ શું જાણું કૃતિ કાળો,
તમે આપનું પુરણ બિરદ પાળો. ૭

* * *

શ્રી યમુનાજીની આરતી

જય જય શ્રી યમુના મા (૨)
જોતાં જનમ સુધાર્યો (૨)
ધન્ય ધન્ય તમો ધન્ય..... ૧

શામલડી સુરત મા, મૂરત માધુરી મા (૨)
પ્રેમ સહિત પટરાણી (૨)
પરાક્રમે પૂરાં..... ૨

ગેહવરવન ચાલ્યાં મા, ગંભીરે ઘેર્યાં મા (૨)
ચૂંદડીએ ચટકાળાં (૨)
પહેર્યાં ને લહેર્યાં..... ૩

ભુજ કંકણ રુડાં મા, ગુજરીઆ ચૂડી મા (૨)
બાજુબંધ ને બેરખા (૨)
પહોંચી રત્ન જડી..... ૪

ઝાંઝરને ઝમકે મા, બિછિયા ને ઠમકે મા (૨)
નૂપુરને નાદે મા (૨)
ઘુઘરીને ઘમકે..... ૫

સોળ શૃંગાર સજ્યા મા, નકવેસર મોતી મા (૨)
આભરણમાં ઓપો છો (૨)
દરપણ મુખ જોતાં..... ૬

તટ અંતર રૂડાં મા શોભિત જળ ભરિયાં (૨)
મન વાંછિત મુરલીધર (૨)
સુંદર વર વરિયાં..... ૭

લાલ કમલ લપટ્યાં મા, જોવાને ગ્યાંતાં મા (૨)
કહે માધવ પરિક્રમા (૨)
બ્રજની કરવાને ગ્યાંતાં..... ૮

શ્રી યમુના-મહાત્મ્ય

જય જય મહારાણી યમુના, જય જય પટરાણી યમુના;
સુંદર સતવાદી નાર, તપ કરી પ્રભુને આરાધિયા;
પ્રીતે પરણ્યા મોરાર... જય જય...

સૂરજ દેવતાની દીકરી, વેદ પૂરાણે વખાણ;
ભાઇને વ્હાલી રે બ્હેનડી,પસલી આપી છે સાર. જય જય...

રૂપે રૂડાં જળ શામળાં, વેગે ચાલે ગંભીર;
તીરે તરંગ ઓપતાં, વ્રજમાં વાધ્યો વિસ્તાર. જય જય...

ચરણાં ચોળીને ચૂંદડી, ઉર પર લટકતાં હાર;
કંકણ કુંડળને ટીલડી, સજ્યા માએ સોળે શણગાર. જય જય...

વૃંદાવન વીટાંઇ રહ્યું, મથુરાં જળ સ્થળ આધાર;
ગોકુળ મહાવન પાસે વસ્યા, વહાલો મારો નંદકુમાર. જય જય...

જળ જમુનાનાં ઝીલતાં, તૂટ્યો નવસર હાર;
મોતી સર્વે વેરાઇ ગયાં, હીરલો લાગ્યો છે હાથ. જય જય...

રામઘાટ શ્યામઘાટ ઠકુરાણી ઘાટ, બીજા ઘાટ અપાર;
અજાણે અધર્મી નાહી ગયો,તેનો માએ કર્યો રે ઉદ્ધાર. જય જય...

અઠ્ઠાવીશ કુંડ ઉજ્જવલ થયા, ભાઇનો ભાગ્યો ભણકાર;
પરાક્રમે ગેલ ચલાવીયાં, વ્રજમાં કીધો વિસ્તાર. જય જય...

નાહાય ગાય પયપાન જે કરે, તેને જમનો નહિ ભણકાર;
કર જોડી કહે હરિદાસ, જમુના જલ કરજો પાન. જય જય...

* * *

શ્રી યમુના-વ્રત

ઉત્તમ વ્રત એકાદશી, સાહેલીરે,
આજ મ્હારે અપવાસ, જમુનાજી જઈએ ઝીલવા સાહેલી રે ૧
રંગીલી ગલી રળીયામણી,સાહેલી રે, વૈષ્ણવની ભીડાભીડ જમુના૦ ૨
સરખી સહિયર ટોળે મળી સાહેલી રે, હૈયે હરખ ન માય -જ૦ ૩
વહુ બેટી હિંડે મલપતાં, સાહેલી રે, સૌ કોને દર્શન થાય -જ૦ ૪
સાકર કેરા કરા પડયા, સાહેલી રે, દૂધડે વરસ્યા મેહ -જ૦ ૫
ગોકુળ ગામ રળિયામણું સાહેલી રે, સુંદર જમુનાનાં તીર -જ૦ ૬
શ્રીજમનાજીમાં ઝીલતા, સાહેલી રે, છૂટા મ્હેલી કેશ -જ૦ ૭
વ્રજવાસી સામા મળ્યા સાહેલી રે, હરખે સાહિશું કેશ -જ૦ ૮
પ્રસાદ મેહેલો મોકળા સાહેલી રે, ઠોર તણો નહિં પાર, -જ૦ ૯
'માધવદાસ'ની વિનતી, સાહેલી રે, આપો વ્રજમાં વાસ -જ૦ ૧૦

* * *

શ્રી યમુના-સ્વરૂપ

મેં તો જુગલ સ્વરૂપે જોયાં શ્રીજમુનાજીરે
મારાં ભવનાં દુખડાં ખોયાં શ્રીજમુનાજી રે ૧
પહેરી ચોળી કસુંબલ સાડી. - શ્રી૦
એવા સ્વરૂપ નિરખવાંદા'ડી. શ્રી૦ ૨

નૂપુર ઘુંઘરુ વાગે ચરણે. - શ્રી૦
મારૂં મન તમારે શરણે. શ્રી૦ ૩

માજી તમ પાસે મારૂં મન. - શ્રી૦
ઘેર બેઠાં તપે મારૂં તન. શ્રી૦ ૪

શોભો નંદકુંવરની સંગે. - શ્રી૦
સુંદર રૂપે શ્યામ સ્વરૂપ. શ્રી૦ ૫
તમને મોહ્યા (શ્રી) વ્રજના ભૂપ. શ્રી૦ ૬

સદા બિરાજો બ્રજની મ્હાંય. - શ્રી૦
પુષ્ટિભક્તિની કરવા સ્હાય. શ્રી૦ ૭

શોભા જોઈ કહે હરિદાસ. - શ્રી૦
અમને આપો વ્રજમાં વાસ. શ્રી૦ ૮

માજી હું તો તમારો દાસ. - શ્રી૦
રાખો ચરણકમલની પાસ. શ્રી૦ ૯

શ્રી યમુના વિનંતિ

જમુનાજી મારા આવજો રે હૃદયમાં
ભવનાતે બંધન કાપજો રે આ જીવના
તમને અધમ ઓધારણ જાણી
દરશન યમરાજાનો ભય ભાગી - જુમનાજી

કાંઠે લલીત ત્રિભંગી ગૌવા ચારે
શ્યામા શ્યામની જોડી સોહાયે - જુમનાજી

તમને સૂર્યમંડળે તેજ દીધું
ગોપીજનોને બહુ સુખ દીધું. - જુમનાજી

દાસ વિનંતી કરે કર જોડી
મારે શ્રીજી ચરણની છે સેવા - જુમનાજી

* * *

શ્રી યમુનાજીના પદ

શ્રી યમુનાજી અધમ ઉદ્ધારની મેં જાની,
ગોધનસંગ શ્યામ ધન સુંદર, તીર ત્રિભંગી દાની. ૧
ગંગા ચરન પરસતેં પાવન, હર શીર ચીકુર સમાની;
સાત સમુદ્ર ભેદ યમ ભગિની, હરિ નખ શીખ લપટાની. ૨
રાસરગણમેં નિત્ય પરાયણ, પ્રેમપુંજ ઠકરાની;
આલિંગન ચુંબન રસ બિલસત,કૃષ્ણ પુલિન રાજધાની. ૩
ગ્રીષ્મ ઋતુ સુખ દેત નાથકોં, સંગ રાધિકા રાની;
ગોવિંદ પ્રભુ રવિતનયા પ્યારી, ભક્તિ મુક્તિકી ખાની. ૪

* * *

યહ પ્રસાદ હૌ પાઊં, શ્રીજમુનાજી, યહ પ્રસાદ હૌં પાઊં
તિહારે હિ નિકટ રહોં નિશવાસર, રામ-કૃષ્ણ ગુન ગાઊં ૧
મજજન કરોં, વિમલ જલ પાવન ચિન્તા કલેશ બહાઊં
તિહારી કૃપાતેં ભાનુકી તનયા, હરિપદપ્રીતિ બઢાઊં ૨
વિનતી કરોં યેહી વર માંગો, અધમ-સંગ બિસરાઊં
પરમાનંદ પ્રભુ સબ સુખદાતા, મદનગોપાલ લડાઊં ૩

* * *

જગતમેં શ્રી યમુના પરમ કૃપાલ
વિનતિ કરત તુરત સુની લીની મોપેં ભઇ દયાલ, ૧
જો કોઉ મજજન કરત નિરંતર, તાતેં ડરપત હૈ યમકાલ
વ્રજપતિકી અતિ પ્યારી કાલિંદી, સમરત હોત નિહાલ. ૨

* * *

જમુના નામ સંભારે, જે કોઇ શ્રી જમુના નામ સંભારે,
તાકો દરશ પરશ કોઇ ક રહી, વાહીકો વે તારે જે કોઇ. ૧
ભક્તિકો મહિમા વરણી શકે કોઉ, યમ હા હા કહી હારે
ચતુર્ભુજ પ્રભુ ગિરિધનલાલકો, નિતપ્રતિ વદન નિહારે. જે કોઇ. ૨

શ્રી યમુનાજીનો ધ્વનિ

મથુરામાં મહારાણીજી, ગોકુલમાં મહારાણીજી;
સકલ સિદ્ધિનો સાજ સજેલાં, શ્રીયમુને મહારાણીજી. ૧

શ્રમ સરિતા મહારાણીજી, રસભરિતા મહારાણીજી;
નંદનંદનનો નેહ ભરેલાં, શ્રીયમુને મહારાણીજી. ૨

કુંજ કુંજ મહારાણીજી, પ્રેમપુંજ મહારાણીજી;
રાસ રસીલાં, છેલ છબીલા. શ્રીયમુને મહારાણીજી. ૩

રસભર શ્રી મહારાણીજી, મદભર શ્રીમહારાણીજી;
કમલ-છડી કરકમલ લીધેલાં, શ્રીયમુને મહારાણીજી. ૪

દુઃખ હર્તા મહારાણીજી, સુખ કર્તા મહારાણીજી;
પ્રાણ-પ્રીતમનું દાન દેનારાં, શ્રીયમુને મહારાણીજી. ૫

અતિ દુર્લભ મહારાણીજી, સ્નેહ સુલભ મહારાણીજી;
મદન-મોહન મન મોહનનાં પ્યારાં,શ્રીયમુને મહારાણીજી. ૬

રાસ-રસિક મહારાણીજી, કૃપા અધિક મહારાણીજી;
વ્રજજનના વ્હાલાનાં અતિશે-વ્હાલાં, શ્રીયમુને મહારાણીજી. ૭

મનહરણી મહારાણીજી, સુખ કરણી મહારાણીજી;
વૃંદાવનની કુંજે કુંજે રમતાં, શ્રીયમુને મહારાણીજી. ૮

ચપલ-નયન મહારાણીજી, મધુર વચન મહારાણીજી;
કુમારિકાના કામ પુરન્તાં, શ્રીયમુને મહારાણીજી. ૯

તુર્ય પ્રિયા મહારાણીજી, તરૂણ ત્રિયા મહારાણીજી;
મુકુટ કાછની સાજ સજેલાં, શ્રીયમુને મહારાણીજી. ૧૦

વ્રજેશ-પ્રિય મહારાણીજી, રસેશ-હિય મહારાણીજી;
નિજ વ્રજરત્ન પ્રતિ કરુણાળુ, શ્રીયમુને મહારાણીજી. ૧૧

* * *

આધિદૈવિક સ્વરૂપાત્મક શ્રીયમુનાજી વ્રજવનિતા ચતુર્થ પ્રિયા છે. એમનું આધિદૈવિક સ્વામિનીરૂપ ભગવાન શ્રીકૃષ્ણના અવતાર સમયે પ્રકટ થાય છે.

(૮) શ્રીનાથજી-સ્મરણ

શ્રીજી મેરા એસા રસીયા

શ્રીજી મેરા એસા રસીયા, મુજને બુલાવે વ્હાલો ઘડી ઘડી... ટેક..
મોર મુગુટ પિતાંબર સોહે, બંસી બજાવે તાન ભરી... શ્રીજી
સબ સખિયનમેં રાસ રચ્યો હે, દરસન દેવે ઘડી ઘડી... શ્રીજી
દોડ દોડ દર્શન કો જાવે, ઝાપટ વાગે તડાતડી... શ્રીજી
ચાર ચૌકકો મંદિર બનાયો, આપ બિરાજે છપર તરી... શ્રીજી
'નંદદાસ' પ્રભુ કી છબી નિરખન, શ્રીજી કે ચરનોમેં જાય પડી... શ્રીજી

* * *

ચાલો તો શ્રીજી જઇએ રે

ચાલો તો શ્રીજી જઈએ રે, શ્રીમુખ સુંદિર જોવાને;
આવો તો તત્પર થઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને ॥ટેક॥
મને ઘરમાં લાગે ઘેલું રે; હું તો કાંઈ ન સમજું પ્હેલું રે ૧
હું તો ઘરનો ધંધો ભૂલી રે; હું તો અંગો અંગે ફૂલી રે ૨
મને ભૂખે ભોજન નવ ભાવે રે; સેજડીએ નિદ્રા ન આવે રે ૩
મારા મનમાં મનમથ વસિયા રે; મારૂં કામ સકામે ધસિયા રે ૪
મુરલીમાં કામણ કીધું રે; મારૂં મન હરીને લીધું રે ૫
કોઈ નંદજીનો લાલ મિલાવો રે;જસોદાજીનો પ્રાણ આધારો રે ૬
એવા રસિકરાય ગિરિધારી રે;જાય દાસનો દાસ બલિહારી રે ૭

* * *

ગિરિકંદરામાંથી પ્રગટ થયા

ગિરિકંદરામાંથી પ્રગટ થયા પ્રભુ આપ ગોવરધનનાથ રે
નંદ જસોમતિ કેરા લાલન વ્રજ સૌ કીધું સનાથ, ગોવર્ધન રસિયા રે
મ્હારે મન વસિયા વ્રજનાથ, મધુરૂં હસિયા રે ટેક...

શ્રાવણ સુદ પાંચમને દહાડે થયાં ભુજા દર્શન રે
ગિરિ કંદરામાં બિરાજે વહાલો, શું કહું પ્રસન્ન વદંન. ગો૦ ૧

ઘણા દિવસ ભુજાનું પૂજન ચાલ્યું તે વ્રજમાંય રે
દૂધ લઈને સ્નાન કરાવે, મહિમા કહ્યો ન જાય. ગો૦ ૨

છિદ્ર સહિત શીલા ગિરિવરની, તેમાં શ્યામ સ્વરૂપ રે
એક ગાય ત્યાં નિત્ય જાય છે, દૂધ સ્રવે તદરૂપ ગો૦ ૩

એક બ્રાહ્મણની ગાય હતી તેણે, પુછી ગોવાળીયાને પેર રે
દૂધ ઘટે છે નિત્ય કેમ માહારૂં, દોહી લેઈ જાય તું ઘેર ગો૦ ૪

ત્યારે ગોવાળિઆએ એમ કહ્યું ભાઈ, ખબર કાઢું નિરધાર રે
કોણ પ્રકાર થાય છે ગૌમાં, સમજાવી કહું સાર. ગો૦ ૫

સાંજ સવાર ગૌ ટોળામાંથી, ગિરિવર ઉપર જાય રે
ઊભી રહીને દૂધ સ્રવે નિત્ય, પ્રાણજીવનને પાય. ગો૦ ૬

ગૌ પ્રકાર ગોવાળીયો જોઈ બ્રાહ્મણને લાવ્યો સંગે રે
અચરજ જોઈ વિસ્મય થયું મન, કહાવ્યું સૌને ઉમંગ. ગો૦ ૭

સૌ વ્રજવાસી ગિરિપર આવ્યા, બોલ્યા મુખથી બોલ રે
કોઈ દેવ કે દ્રવ્ય હો એમ, કીધો મુખથી તોલ. ગો૦ ૮

ગિરિશીલા ઉચકીને જોયું તો દીઠા સુંદર શ્યામ રે
પૂછ્યું દેવતા પર્વત કેરા, શું છે તમારૂં નામ. ગો૦ ૯

પ્રાણજીવન ત્યારે એમ બોલ્યા, દેવદમન મુજ નામ રે
મહિમા ચાલ્યો વ્રજમાં ઝાઝો, પૂર્ણ કરે મન કામ. ગો૦ ૧૦

દહીં દૂધ વ્રજવાસી કેરાં, આરોગે નંદલાલ રે
ઝારખંડમાં જઈ મહાપ્રભુજીને, આજ્ઞા કરી તત્કાલ. ગો૦ ૧૧

ઈંદ્ર નાગ-ને દેવદમન તે પ્રગટ થયા વ્રજ માંહ્ય રે
ગિરિવર ઉપર આપ પધારી, સેવા ચલાવો ત્યાંહ. ગો૦ ૧૨

શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા, સદુપાંડે ને ઘેર રે
વચન સુણ્યાં તે ગિરિવર પ્રભુનાં, વાત પૂછી કરી પરે. ગો૦ ૧૩

સદુપાંડે શ્રીમહાપ્રભુજીને કહે છે પ્રાગટયનો પરકાર રે
દેવદમન નામે પ્રગટયા છે, મહિમા અપરં પાર. ગો૦ ૧૪

ગિરિવર ઉપર આપ પધાર્યા, સામા મળ્યા નિજ નાથ રે
અંગોઅંગ ભેટી સુખ ઉપજ્યું, જોડ્યા પછી બેઉ હાથ ગો૦ ૧૫

ગોવરધન ઉદ્ધરણ ધીરનું, નામ ધર્યું શ્રીનાથ રે
મોરપીચ્છ નો મુગટ બનાવ્યો, બંસી દીધી હાથ. ગો૦ ૧૬

પાટે બેસાડીને ભોગ ધરાવ્યો, ત્યાંથી પધાર્યા આપ રે
'નિજજન' મન આનંદ વધાર્યો, દૂર કીધા તન તાપ. ગો૦ ૧૭

શ્રીનાથજીનો ડંકો

શ્રીનાથજી કી જોડ વાગે, નગારા ઘમઘોર
ત્યાંતો ભયો અતિભોર, તેનો રાગ કરે શોર
પરચારક આવે, જળ ગાગર લાવે
દોડી મંદિર ધોવરાવે, દોડી શંખ વગાડે
ગુસાંઈજી ઘર સું આવે, ઠાકોરજી કું સ્નાન કરાવે
સુથન તો શ્યામ ધરાવે, મોતીયન કી માલા ધરાવે
ગુંજાકો તો હાર ધરાવે, બાવો બન્યો છે બલીહારી
શિર મુકુટ છે ભારી, બંસી લાગે છે પ્યારી
દૂધ મીશ્રી તો ભાવે, ડબરા ભર ભર લાવે
ભીતરીયા ભોગ સરાવે, બહાર કીર્તન ગાવે
દુનીયા દર્શન આવે, ઝાપટીઆ ઝાપટ લગાવે
પાપ સંકટ જાવે
ધ્વજા બાંધી હતીસાર, હાથી ઝુલે છે બહાર
કમળ ફૂલ ફૂલ ચોક, ત્યાંતો જાળીવાળા ગોખ
ત્યાંતો પરસાદી ભંડાર, લાડવા ઠોર છે અપાર
માળણ ઘરસું આવે, છાબડા ભરસું લાવે
કબુતર ચુગે સુરજ પોળ, વૈષ્ણવ ગાય છે ધોળ
દાઉજી કો ડંકો વાગ્યો
નવનિતપ્રિયાકી જે
શ્રીજીબાવા દર્શન દે

મેવાડમાં સિંહાડમાં પહાડમાં

મેવાડમાં, સિંહાડમાં પહાડમાંરે મારો શ્રીજી બિરાજે મેવાડમાં ૧
વ્રજ છોડીને વહાલો મેવાડે પધાર્યા,દર્શન આપે છે સિંહાડમાંરે. ૧
અજબ કુંવરીને કાજે પ્હાડમાં પધાર્યા,સદાયે બિરાજે સુખ ચૈનમાં રે. ૨
દેશદેશથી જ્યાં જાત્રાળુ આવે,દર્શન આપે છે લાડમાં રે. ૩
'પુરૂષોતમ' પ્રભુકી છબિ નિરખત,સદાયે બિરાજો મેવાડમાં રે. ૪

* * *

સાચા સગા છો શ્રીનાથજી

સાચા સગા છો શ્રીનાથજી સોહાગી મ્હારે, સાચા સગા છો શ્રીનાથજી ટેક
બીજું સગું તે સૌ મુખથી કહેવાનું, દુઃખમાં નહીં આવે કોઈ સાથજી ૧
અખિલ બ્રહ્માંડના ઈશ છે એ મહાપ્રભુ, જગતની દોરી છે જેને હાથજી ૨
એ પ્રભુને છોડી બીજે જ્યાં જ્યાં ભટકવું, ત્યાં ત્યાં ધુમાડાના બાથજી ૩
'ગોપાલલાલ' એમના ચરણમાં જવાને, શરણ પડ્યો છું અનાથજી ૪

* * *

મ્હારે મંદિરે પધારો શ્રીનાથજી

મ્હારે મંદિરે પધારો શ્રીનાથજી, હું તો જોઉ રે તમારી વાટ. ૧.
હું તો શેરી વળાવી સજ કરૂં, હું તો ફુલડાં વેરાવું સારી વાટ. ૨.
હું તો સીરના ચંદરવા બંધાવતી, હું તો પથરાવું લીલા પીળા પાલ, ૩.
હું તો કંકુ કેસરના ગારા ધાલું, હું તો મોટી કસ્તુરી પડાવું ભાત. ૪.
હું તો ગોખે ગોખેરે દીવા કરૂં, હરખે બંધાવું હીંચોળા ખાટ. ૫.
હું તો શણગાર સજુરે શોભિતા, ચરણા ચોળી ગરચોળાંને ઘાટ. ૬.
હું તો આડ કરૂં રે કેસર તણી, હું તો ચોખલિઆ ચોડું લલાટ. ૭.
શૃંગાર ધરાવું હરિને ભાવતા, હું તો દર્પણ દેખાડું મારા નાથ. ૮.
હું તો સુંદર મંગાવું રે સુખડી; જીવણ જમવા તમારે કાજ. ૯.
હું તો મીઠડા મેવા મંગાવતી, આરોગો શ્રીવૈકુંઠનાથ. ૧૦.
હું તો શીરો કરાવું સ્નેહ તણો, જીવણ આરોગો પ્રભુ હાથ. ૧૧.

હું તો જમુનાજળ ઝારી ભરાવતી, આચમન કરો વૈકુંઠનાથ. ૧૨.
બાસઠ પાનનાં બીડલાં બંધાવતી, મુખવાસ કરો શ્રીવૈકુંઠનાથ. ૧૩.
હું તો સોનાનાં સોગટડાં મંગાવતી, રમત રમજો સારી રાત. ૧૪.
હું તો સજ્યા પથરાવું સ્નેહતણી, પોઢણ કરો શ્રીગોકુલનાથ. ૧૫.
હું તો ફૂલના પંખા ભરાવતી, વીંજણ કરૂં રે સારી રાત. ૧૬.
હું તો ફૂલની જાળી ભરાવતી, માંહે બિરાજો શ્રીગોકુલનાથ. ૧૭.
હું તો થાળ ભરૂં સગમોતીએ, વધાવું શ્રીવલ્લભકુલ પરિવાર. ૧૮.
હું તો કર જોડી કરૂં વિનતી, બલિહારી જાય 'માધવદાસ'. ૧૯.

શ્રીનાથજી તે છેલ બિરાજતા

શ્રીનાથજી તે છેલ બિરાજતા જો..... (ટેક)
સખી ચાલો તો જઈએ રે શ્રીજી શહેરમાં જો;
ગોવર્ધનનાથજી બિરાજે લીલા લહેરમાં જો. -શ્રીનાથજી ૧

પહેલાં દર્શન મંગળાનાં મન હરખિયાં જો;
મારા નાથનાં સ્વરુપ નેણે નિરખિયાં જો. -શ્રીનાથજી ૨

બીજાં દર્શન શૃંગાર વ્હાલે બહુ ધર્યાં જો,
મારા નાથને શ્રીલક્ષ્મીજી વર્યાં જો. -શ્રીનાથજી ૩

ત્રીજાં દર્શન તો ગ્વાલબાલ ભોગનાંજો;
મુખે મુરલી ને છડી લીધી છેલમાં જો. -શ્રીનાથજી ૪

ચોથા દર્શન તો રૂડા રાજભોગનાં જો;
વિવિધ ભાંતની સામગ્રી સંજોગમા જો. -શ્રીનાથજી ૫

પાંચમાં દર્શન તે ઉત્થાપનનાં સાંભળ્યાં જો;
શંખ વાગ્યો ને વૈષ્ણવ થયા ઉતાવળા જો -શ્રીનાથજી ૬

છઠ્ઠાં દર્શન તો ભોગ સંજોગનાં જો;
વિવિધ અમૃત મેવા ધર્યા ઉમંગમાં જો -શ્રીનાથજી ૭

સાતમાં દર્શન તે આરતીનાં મન કર્યાં જો;
ભીડ ભારી ને વૈષ્ણવ બહુ મળ્યા જો -શ્રીનાથજી ૮

આઠમા દર્શન તે શયન શ્રીહરિ કર્યાં જો;
દર્શન કરીને વૈષ્ણવ આનંદ ભર્યા જો -શ્રીનાથજી ૯

ચટુલાલ મદુલાલજીની જોડ છે જો;
એમને આઠે દર્શનનો ઘણો ભાવ છે જો -શ્રીનાથજી ૧૦

જે કોઈ ગાયે શિખે ને સાંભળે જો;
ત્હેનો ચરણકમલમાં વાસ છે જો -શ્રીનાથજી ૧૧

એમના દર્શન થકી સુખ થાય છેજો;
‘હરિદાસ’ શ્રીવલ્લભ ગુણ ગાયછે જો -શ્રીનાથજી ૧૨

શ્રીનાથજીનું વદન કમળ જોયું

શ્રીનાથજીનું વદનકમળ જોયું જેણે એકવાર શ્રીનાથજીનું વદનકમળ જોયું
કોટિ કલપનું મેલું થએલું મન, એક પલકમાં ધોયું. જેણે૦ ૧
મનુષ્ય દેહ ધર્યો તેનો સફળ છે; જન્મમરણ દુઃખ ખોયું ૨
મેવાડ દેશમાં બિરાજે મારો વાલમો; શેષ મહેશ ચિત્ત પ્રોયું ૩
કમળચોક રત્નચોક જગમોહન જોયું; રળ્યો એક બાકી સર્વે ખોયું ૪
‘દયા’ના પ્રીતમજી શું પ્રીત નથી જેહને; માતપિતા નામને વગોવ્યું ૫

વાંકે અંબોડે શ્રીનાથજી

વાંકે અંબોડલે શ્રીનાથજી, ને સુંદર સ્યામ સ્વરુપ
શ્રીવલ્લભ સુત સેવા કરે, એ શ્રીગોકુળના ભૂપ ૧
પાગ બાંધી વ્હાલે જરકસી, ને સુંદર વાગા સાર
પટકા છે પચરંગના, સજ્યા સજ્યિા સોળ શણગાર ૨
કેસરિ તિલક સોહામણાં, ને નાસિકા વિશ્વાધાર
ચિબુકની અતિ કાંતિ છે ને, કંઠે મોતીના હાર ૩
હડપચીએ હીરલો ઝગમગે, એના તેજ તણો નહિં પાર
અધર બિંબ એ રસિક છે, તે કે જોત પ્રકાશ ૪

બાંહે બાજુબંધ બેરખા, હરિના ઘુઘરીયાળા કેશ
નિરખ્યા ને વળી નિરખશું, એનો પાર ન પામે શેષ ૫

ડાબી બાજુએ ગિરિવર ધાર્યો, જમણે કટિ મધ્યભાગ
કૃપા કરો શ્રીનાથજી, બલિહારી 'માધવદાસ' ૬

ઉભા રહો કહું એક વાતલડી

ઉભા રહો કહું એક વાતલડી, -શ્રીનાથજી૦
તમ માટે ગાળી છે મેં જાતડી -શ્રીનાથજી૦ ૧

જે દહાડે મળ્યા હતા વૃંદા તે વનમાં;
તે દહાડાની તાલાવેલી તનમાં -શ્રીનાથજી૦ ૨

શ્રીનાથજી જોયાના મુજનો કોડ રે;
પૂરો મારા મન કેરી હોડ રે. -શ્રીનાથજી૦ ૩

હસો છો મધુરૂં વાંકલડું જોઈને;
નયનના કટાક્ષે મન મોહીને. -શ્રીનાથજી૦ ૪

ક્ષણુ ક્ષણુ ભણકારા વાગે રે કાનમાં;
ઘરમાં જાઉં ને ગાઉં તાનમાં, -શ્રીનાથજી૦ ૫

ચિતડું તો ચોંટતું નથી કોઈ કામમાં,
ઘેલી ઘેલી કહે ગોકુળ ગામમાં. -શ્રીનાથજી૦ ૬

કહેનારાં કહે ભલે પણ માથે છો ધણી;
'વલ્લભ'ના સ્વામી દાસી તમ તણી. -શ્રીનાથજી૦ ૭

એકવાર દર્શન દિજીએ

એકવાર દર્શન દીજીએ, શ્રીનાથજી,
જીવ અનાદિ અવિદ્યાનો ભરેલો, દોષ દેખી નવ ખીજીએ. ૧
કૃપાનામ કરુણાના સિંધુ, દીન જાણી દયામાં ભીજીએ. ૨
શ્રીગુરુએ તો મને તમને સોંપ્યો છે,શ્રી મહાપ્રભુની કાની થકી લીજીએ. ૩
પુષ્ટિમાર્ગમાં પડયો રે પતિત હું, બોલ્યાં વચન પાળી લીજીએ. ૪
વલ્લભનાદાસનો દાસ હું કહાવું, વ્રજભક્તની દાસી મુને કીજીએ. ૫

મેરે શ્રીનાથજી પ્યારે

મેરે શ્રીનાથજી પ્યારે, દ્રગનતેં હોજુ મત ન્યારે ટેક

દયા કરિ દરસ મોહિદીજે, કૃપા કરિ આપુનો કીજે
ગલેં જામા દદામીકા, કમર પટુકા બદામીકા ૧

સુરંગી પાગ સિર સોહે, લસત બનમાલ મન મોહે
લગી કોઈ કાનમેં દૂતી, તજી મોહિ સેજમાં સુતી ૨

મેરા દિલ લૈ ગયા આલી, લગી તનમેં તાલાવેલી
મત ભૂલિ દેખિ તન ગોરા, જગતમેં જીવના થોરા ૩

કઠિન હે મોહકી જવાલા, બહે જાતા હે સંસારા
સદા ‘વ્રજાધીશ’ જુ ગાવૈ, છબિ પર વારનેં જાવૈ ૪

* * *

વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું

વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું,
ત્યાં તો નંદકુંવર કયાંથી લાવું. વ્રજ ૧

ત્યાં લલિત ત્રિભંગી નથી ગિરિધારી,
સંગે સોહિયે શ્રીરાધાપ્યારી;
એમને નીરખતાંઆંખ ઠરી મારી. વ્રજ ૨

ત્યાં શ્રીયમુનાજી ગિરિવર છે જ નહિ,
મારું મન આસક્ત છે જ મહીં,
મારા પ્રાણ પ્રસન્નત્યાં તો રહેજ નહિ. વ્રજ ૩

ત્યાં શ્રી વૃન્દાવન રાસ નહિ,
વ્રજ વનિતાની સંગે વિલાસ નહિ;
કૃષ્ણ વેણુ વાયાનો અભ્યાસ નહિ. વ્રજ ૪

સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું,
મને ન ગમે બ્રહ્મસદન અડવું,
ધિક્ ધિક્ એ સુખ પામીને પડવું. વ્રજ ૫

* * *

મારા અંત સમય અલબેલા મુજને મુકશોમાં

મારા અંત સમય અલબેલા મુજને મૂકશો મા,
મારા મદનમોહનજી છેલા, અવસર ચૂકશો મા. ૧

હરિ હું જેવો તેવો તમારો, મુજને મૂકશો મા.
શ્રીગુરુ સોંપી ગ્રહો કર મારો, અવસર ચૂકશો મા. ૨

મારા દોષ કોષ સંભારી, મુજને મૂકશો મા,
શરણાગત વત્સલ ગિરિધારી અવસર ચૂકશો મા. ૩

હરિ મારે ધર્મ નથી કોઈ સાધન, મુજને મૂકશો મા,
નથી સતસંગ સ્મરણ આરાધન, અવસર ચૂકશો મા. ૪

શ્રી પતિ સર્વાત્મા સર્વોત્તમ, મુજને મૂકશો મા,
મારા પ્રાણજીવન પુરૂષોત્તમ, અવસર ચૂકશો મા. ૫

સમર્થ કરૂણાસિંધુ શ્રીજી, દયાને મૂકશો મા,
મારે ઓથ નથી કોઇ બીજી, અવસર ચૂકશો મા. ૬

* * *

શ્રીનાથજી કો ધ્યાન મેરો નિશદીનારી માઇ

શ્રીનાથજીકો ધ્યાન મેરે નિશદિનારી માઇ;
શ્યામરી સુરત માધુરી મુરત, ચિત્ત લીયો હે ચુરાઇ. ૧

લાલ પાઘ લટકે ભાલ, ચિબુક વેસર કંઠમાળ;
કરણફૂલ મંદહાસ, લોચન સુખદાઇ. ૨

મોરપંખ શીશ ધરે, મોતીનકી માલ ગરે;
બાજુબંધ પોહોંચી કર, મુંદ્રિકા સુહાઇ. ૩

કટી ક્ષુદ્ર ઘાંટિકા, જેહર વિછીયા સુદેશ;
અંગ અંગ શોભા, ઉર આનંદ ન સમાઇ. ૪

મુરલી અધર ધરે શ્યામ, ઠાડે વ્રજજુવતીન માંજ;
સપ્ત સુરન તાન ગાન શ્રી ગોધર્દ્ધનરાઇ. ૫

નિરખ રૂપ અતિ અનુપ, થકે સુર નર વિમાન;
શ્રી વલ્લભ પદકી દામોદર બલજાઇ. ૬

નાના સરખા શ્રીનાથજી

નાના સરખા શ્રીનાથજી નાનાનાના રે હાથ
નાની લખુટીઓ કર ગ્રહી સુંદર દીસોછો પ્રાણનાથ નાના...૧

નાના સરખા ગોવાળીયા નાની સરખી ગાય
માથે શીંગડા શોભતી, ગૌધેન ચરાવાને જાય નાના...૨

નાની બંસીરે કર ગ્રહી હર્યા ગોપીના મન
રૂડો નંદજીનો લાડીલો, રૂડું શ્રી વૃંદાવન નાના...૩

નાની સરખી રે મોજડી નાના સરખા પાય
પાયે રણઝણ ઘુઘરી, અણબટ વીછુઆ સાર નાના...૪

પ્રભુજીના મુખ પર મુરલી વાઈ વેણુ રસાળ
શબ્દે મોહીને ગોપિકા, રોતાં મેલ્યાં છે બાળ નાના...૫

કાલિંદીને કે કાંઠડે ઉભા વગાડો છો વેણ
જવાદોને કે જાદવા, કે વ્રજમાં થાશે પોકારે નાના...૬

આંગળી સાહીને હરિ તાણશો પ્રભુ મારૂં ધ્રુજે છે અંગ
સઘળી ગોપિકા આવશે, તમને ઘેરશે મહારાજ નાના...૭

કે બંસીબટના ચોકમાં ઉભા વગાડો છો વેણ
માધવદાસની વિનંતિ, આપો શ્રીવ્રજમાં વાસ નાના...૮

હાંરે વ્હાલા અરજી અમારી

હાંરે વ્હાલા અરજી અમારી, સુણો શ્રીનાથજી,
લઈ જાજે તારા ધામમાં.
હાંરે મારા અંત સમયના બેલી,
હાંરે હવે મેલો નહીં હડસેલી,
હાંરે હું તો આવી ઊભો તમ દ્વારે શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં. હાંરે વ્હાલા

હાંરે નાથ કરૂણા તણા છો સિંધુ,
હાંરે હું તો યાચું છું એક જ બિંદુ,

હાંરે એક બિંદુમાં નહીં થાય ઓછું શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં. હાંરે વ્હાલા

હાંરે મારું અંતર લેજો વાંચી,
હાંરે નથી મેંદીમાં લાલી લખાતી,
હાંરે પાને પાને એ પ્રસરી જાતી શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં. હાંરે વ્હાલા

હાંરે તાનો સમજુનો શું સમજાવું,
હાંરે કહે તો અંતર ખોલીને બતાવું,
હાંરે તારા ભક્તોને એક જ આશ શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં. હાંરે વ્હાલા

* * *

શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ મનમેં ગતિ જાનીયે
દેહ ઈન્દ્રિય પ્રાણ દારાગારદિ વિત્ત, આત્મા સકલ શ્રીકૃષ્ણ કે માનીયે...
કૃષ્ણ મમ સ્વામી હોં દાસ મન વચન કર્મ, કૃષ્ણ કરતા સકલ વિશ્વકે જાનીયે
કૃષ્ણદાસનિ નાથ લાલ ગિરિવરધરન, ચરનરજ વલ્લભાધીશ શિર સાનીયે.

ભગવદીયે મનમાં શ્રીકૃષ્ણનું જ સ્મરણ કરતા રહેવું. પ્રભુ જ સર્વના સ્વામી છે. આપણું સઘળું જ. દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, પત્ની, ઘર સંપત્તિ અને પ્રભુને પાછું સમર્પિત કરી દેવાનું છે. આ સર્વ પદાર્થો પર અહંતા-મમતાનો ભાવ, જીવ પોતાના અજ્ઞાનના કારણે કરે છે. ભગવદીયનો એજ મનોરથ રહે છે કે શ્રીકૃષ્ણ મારા સ્વામી રહે, હું મનથી વચનથી અને કર્મથી એમનો દાસ થઇને રહું.

ભગવાન શ્રીકૃષ્ણનો સર્વ વિશ્વ સર્જનહાર જાણવા, એજ સર્વ કર્તા છે બધું એ જ કરે છે. એવો દ્રઢ વિશ્વાસ રાખવો. વિશ્વાસ અને સમર્પણ વચ્ચેનો સંબંધ અનેરો છે. જ્યાં વિશ્વાસ જન્મે છે. ત્યાં જ જીવ સમર્પણ કરે છે અને સમર્પિત થઈ ગયા પછી એ દ્રઢ વિશ્વાસ સહિત જીવે છે. પ્રભુ મારો કોઇ પણ કારણે, કોઇ પણ ક્ષણે ત્યાગ નહીં કરે એ વિશ્વાસ ભક્તિનો શ્વાસ છે.

(૯) અન્ય ધોળ-પદ

ઉભા કંદબ વન વેલીમાં

ઉભા કદમવન વેલીમાં, છબીલો લાલ ઉભા કદમનવેલીમાં;
જો પ્રભુ મ્હારે મંદિરે પધારો તો રાખુ રમાડું હથેલીમાં, છ૦૧
પ્રભુના શ્રીઅંગમાં જેવી કોમળતા,તેવી મેં દીઠી ના ચમેલીમાં. છ૦૨
શ્રીમુખ નિરખવાને તનડું તલપે છે,ઘડી નથી ગોઠતું હવેલીમાં. છ૦૩
'ગોપાલલાલ' નંદસુવન જોણે, મનડું મોહ્યું છે નંદ ડે'લીમાં. છ૦૪

* * *

આવ્યા શ્રી ગોકુલ તારવા

આવ્યા શ્રીગોકુળ તારવા, છબીલો લાલ આવ્યા શ્રીગોકુળ તારવા,
વાસુદેવ દેવકીને ઘેર જન્મ ધર્યો છે, નંદજીના ગોધન ચારવા. છ૦૧.
માસી પૂતના નો વ્હાલો પ્રાણજ લેવા, મામા તે કંસ ને મારવા. છ૦૨.
ટચલી આંગળીએ વ્હાલો ગોવર્ધન તોળવા, ઈંદ્રનાં માન નિવારવા. છ૦૩.
વૃંદા તે વનની કુંજ ગલિનમાં, ગોપીઓને રાસ રમાડવા. છ૦૪.
'વલ્લભ' ના સ્વામી પ્રભુ રસિક શિરોમણી, ભૂમિનો ભાર ઉતારવા. છ૦૫.

* * *

અમે આવ્યાં તમારે આશરે

અમે આવ્યાં તમારે આશરે, અલબેલાજી,
હવે શું કરીએ જઈ સાસરે, અલબેલાજી. ૧.
ફેરા તણું ફળ એ મળ્યું, અલબેલાજી,
મન ગમતું મુજને મળ્યું, અલબેલાજી. ૨.
હીરલો લાધ્યો હાથમાં, અલબેલાજી,
તમ શોભો સૈયરના સાથમાં, અલબેલાજી. ૩.
તમારૂં શ્યામળું અંગ અડશો મા, અલબેલાજી,
ગુણવંતીને લાંછન લગાડશોમાં, અલબેલાજી. ૪.

જો જાણશો મારી માવડ, અલબેલાજી,
કાન્હા સાથે પ્રીત શી આવડી, અલબેલાજી. ૫.
અમે કાજળ આંખમાં આંજશું, અલબેલીજી,
તમો નેણાંની ચોટો નાંખો મા, અલબેલાજી. ૬.
હું તો દાન નહિ આપું દોકડો, અલબેલીજી.
અમે જવાબ આપીશું રોકડો, અલબેલાજી. ૭.
હું બીવરાવી બીહતી નથી, અલબેલીજી,
હું ઓશીયાળી કોઈની નથી, અલબેલાજી. ૮.
હું ઓશીયાળી પ્રભુ તમ તણી, અલબેલાજી,
શ્રી 'વલ્લભ'ના સ્વામી છે ધણી, અલબેલાજી. ૯.

મોહન મલપંતા ઘેર આવિયારે

મોહન મલપંતા ઘેર આવ્યા રે, મ્હારે ઘરે પુરુષોતમ પધાર્યા રે;
મેં તો લઈને મોતીડે વધાવ્યા રે. ૧.
વ્હાલો મ્હારે કરુણાની દષ્ટિએ જોયું રે,
બાઈ મારે એ વરશું મન મોહ્યું રે. ૨.
પડયું મ્હારે નંદના કુંવર સાથે પાનું રે,
હવે હું તો કયમ કરી રાખીશ છાંનુ રે. ૩.
દુરિજન નો કહેવું હોય તો કહેજો રે,
વ્હાલા મારા હૃદે કમળ વચ્ચે રહેજો રે. ૪.
ધન્ય ધન્ય ગોકુલના ગિરિ ધારી રે,
વ્હાલાને જોવા મળી વ્રજનારી રે. ૫.
હાં રે હું તો વલ્લભકુળની દાસી રે,
હાં રે વ્હાલા કૃપા કરો વ્રજવાસી રે. ૬.
વ્હાલો મ્હારે વ્રજમાં તો આપ્યો વાસ રે,
બલિહારી જાય છે 'માધવદાસ' રે. ૭.

* * *

વ્રજના જીવન કરૂં વિનંતિ

વ્રજના જીવન કરૂં વિનતી, શ્રીગોકુલનારે ચંદ;
વેગે તે આણાં મોકલો, હો શ્રીવલ્લભ નંદ. ૧.

તમારા દર્શન વિણ શ્રીનાથજીરે, કહોજી કેમ રહેવાય;
મનડાં તે કેઈ પેરે વાળીએ, નયણે નીર ભરાય. ૨.

અરજ સુણો આદર કરી રે, હો શ્રીજમુનાજી માય;
વિયોગ તણાં દુખ દોહ્યલાં, કહોજી કેમ સહેવાય. ૩.

નયણાં ભરી કયારે નીરખિશું, હો શ્રીઠકુરાણી ઘાટ;
અંતરમાં ઈચ્છા ઘણી રે, જોઉં છું વ્રજનીરે વાટ. ૪.

દૂર રહે કેમ ચાલશે રે, કહોજી કયાંની એ રીત;
આજકાલનું કોઈ નથી, એ છે પૂરવની પ્રીત. ૫.

હરિ રે હૈયાનું જાણો છો રે, એ છે પૂરવનો સ્નેહ;
દીન જાણીને દયા કરો, નહિં તો તજિશું રે દેહ. ૬.

તન સુકાઈ ત્વચા રહ્યાં રે, હરિ હળધર વીર;
પાપી નયણાં ખૂટે નહીં,ભરિ ભરિ આવે છે નીર. ૭.

વ્રજમાં તે વાસ માગું સદા રે, હો શ્રીગોકુલ ગામ;
શ્રીજમુનાજીને કાંઠડે, શ્રીઠકુરાણીજીનું ઠામ. ૮.

રાંક ઉપર શાં રૂસણાં રે, તમો દીનદયાળ;
'દાસ' પોતાનો જાણીને, કરજો રે સંભાળ. ૯.

* * *

શ્રી વલ્લભ વિઠ્ઠલ હરિ ન જાણ્યા

શ્રીવલ્લભ વિઠ્ઠલ હરિ ન જાણ્યા, તેણે સર્વસ્વ ખોયું રે (ટેક).
શું લાવ્યા શું લઈને જશો, વારંવાર વહેવાયા રે;
પુષ્ટિમારગમાં જે જન આવ્યા, વિશ્વાસે ના વળગ્યા રે. ૧.

સેવાનું ફળ સેવા થાશે, ઋતુ અનુસાર જેમ મેવા રે;
સંપત પ્રમાણે સમર્પી લેજો, તેનું નામ તો સેવા રે. ૨.

સેવા કરશે ને પાખંડ ધરશે, તે અથડાતા મરશે રે;
ભાવ વિના જે ભક્તિ કરશે તે પત્થર કેમ તરશે રે. ૩.

મીઠું બોલે ને આચરણ ખોટાં તેને તો ખર કહિએ રે;
'માધદાસ' તો એટલું માગે તેના સંગ ન કરીએ રે. ૪.

* * *

આજે આનંદ મ્હારે અતિ ઘણો

આજે આનંદ મ્હારે અતિ ઘણો, શ્રીગોકુળ જયજયકાર રે;
ધન્ય ધન્ય નંદ જસોમતી, જેણે જાયા જગદાધારરે. ૧.

નંદજી આપે વધામણાં રે, જાચક ઉભા દ્વાર રે;
કનકવસ્ત્ર સોહામણાં રે, બ્રાહ્મણ ભરિયા ભાર રે. ૨.

મંગલ ગાય મળી માનિની, જેણે કીધા સોળ શણાગર રે;
નહીં સુંદર ત્રૈલોકમાં રે, જેવા રે નંદકુમાર રે. ૩.

શુભ દિન શુભ ગ્રહ એહના રે, શુભ વેળા ને શુભ વાર રે;
લગ્ન નક્ષત્ર જન્મોત્તરી, લખી લાવ્યા ગરગાચાર્ય રે. ૪.

દધિ છાંટે ગોવાળિયા ત્યાં, નાચે નર ને નાર રે;
કુસુમવૃષ્ટિ સુરપતિ કરે, જન 'ગોવિંદ' બલબલ જાય રે. ૫.

* * *

સખી આજનો લ્હાવો લીજીએરે

સખી આજનો લ્હાવો લીજીએરે, કાલ કોણે દીઠી છે ॥ટેક॥
ફૂલની ગાદી ને ફૂલના તકિયા,
ફૂલનાં બિછોનાં બિછાવિએ રે. કાલ કોણે૦ ૧.
સોનાનાં સોગટાં ને રેશમની ચોપાટ,
હીરલાના પાસા ઢળાવીએ રે. કાલ કોણે૦ ૨.
સોનાનું પારણું ને રેશમની દોરી,
હરખે શ્રીનાથજી ઝુલાવીએ રે. કાલ કોણે૦ ૩.
'વલ્લભ'ના સ્વામી પ્રભુ રસિક શિરોમણી,
લખી લળી મુખડાં નિહાળીએ રે. કાલ કોણે૦ ૪.

મારા વ્હાલાના વન માંહ્ય

મારા વ્હાલાના વન માંહ્ય, વાગે રૂડી વાંસલડી;
હું તો ઘેલી ફરૂં ઘર માંહ્ય, કોણે દીધી સાંકલડી. ૧.

કુંભ વિના જળ ભરવા ચાલી, શિરપર મેહેલી ઊઢાણીરે;
ગરણું લઈ જળ ગળવા બેઠી, કુંભની સુધબુધ ભુલી. વાગે૦ ૨.

ગુણીયા વિના ગૌ દોહોવા બેઠી, સાડી ભીંજાઈ નવ જાણીરે;
વાછડું વાળતાં ગોપીઓએ; બાળક બાધ્યાં તાણી. વાગે૦ ૩.

ઘી તાવીને છાશમાં રેડયાં, દૂધમાં રેડયાં પાણીરે;
નેતરૂં લઈ નાવલીઓ બાંધ્યો, ઘરનો ધણી નવ જાણ્યો. વાગે૦ ૪.

પાત્ર વિના મેં ભોજન પીરસ્યા, મોદક મરચાં ભેળીરે;
સાકર વડીનાં શાક વધાર્યાં, શેવમાં સુંઠજ ભેળી. વાગે૦ ૫.

સાસુ કહે વહુને વતર વળગ્યાં, અવચળિયા ઉતરાવોરે;
દીયેર કહે ભોજાઈને બાંધો, સાન કરી સમજાવો. વાગે૦ ૬.

તનમન મારા પ્રાણ હરી મ્હારો વહાલોજી મથુરા જાયરે;
'રામકૃષ્ણ' પ્રભુએ રસ પીતાં, વારેવારે સમજાવું. વાગે. ૭.

ગરબે રમવાને ગોરી નિસર્યાં રે લોલ

ગરબો રમવાને ગોરી નીસર્યાંરે લોલ,
રાધિકા રંગીલી જેનું નામ અભિરામ વ્રજવાસણીરે લોલ,
તાળી દેતાં વાગે ઝાંઝર ઝૂમખાંરે લોલ. વ્રજ૦ ૧.

સંગે સાહેલી બીજી છે ઘણીરે લોલ,
કાંઈએક કહું તેનાં નામ વ્રજવાસણીરે લોલ,
ગિડગિડ છુમછુમછુમ વાજે ઘૂઘરા રે લોલ,
ચરણે ઝાંઝરનો ઝમકાર. વ્રજ૦ ૨.

ચાંદ્રભાગા ને ચાંદ્રાવલી રે લોલ,
ચંપકલતા છે ચારુ રૂપ વ્રજવાસણીરે લોલ,

લલિતા વિશાખા વ્રજમંગળા રે લોલ,
માધવી ને માલતી અનુપ. વ્રજ૦ ૩.

મન્મથમોદા નો મનઆતુરી રે લોલ,
હંસા હર્ષાને હીરા નામ, વ્રજવાસણીરે લોલ,
કેતકી પ્રગલ્ભા પ્રેમમંજરીરે લોલ,
એ આદે સખી સૌ સુખધામ, વ્રજ૦ ૪.

વિધવિધ વાજીંત્ર વાજે છંદમાં રે લોલ,
તાલ સ્વરે મળી કરે ગાન, વ્રજવાસણીરે લોલ,
લોલ કહેતાં અરુણ અધર ઓપતારે લોલ,
લટકે નમી મેળવે સહુ તાન. વ્રજ૦ ૫.

ખેલ મચ્યો તો વૃંદવાનમાં રે લોલ,
બંસીબટ ચોક રસરૂપ વ્રજવાસણીરે લોલ,
ગરબો જોવાને ગિરિધર આવિયારે લોલ,
મોહ્યા જોઈ શ્યામાનું સ્વરૂપ. વ્રજ૦ ૬.

તે પ્રમાણે મોહ્યાં શ્યામા શ્યામને રે લોલ,
વ્યાપ્યો બેઉ અંગમાં અનંગ. વ્રજવાસણીરે લોલ,
લલિતા લઈ મેળવ્યાં નિકુંજમાં રે લોલ,
રસભર્યાં રમાડયાં રતિરંગ. વ્રજ૦ ૭.

આનંદસાગર તહાં ઉછળયોરે લોલ,
મગન થયાં લાડલી ને લાલ, વ્રજવાસણીરે લોલ,
પરમ પવિત્ર એ ચરિત્રનોરે લોલ,
દાસ 'દયો' ગાઈ થયો ન્યાલ. વ્રજ૦ ૮.

વાલા મારા વૃંદાવનના

વાલા મારા વૃંદાવનના ચોક કે, વહેલા પધારજોરે લોલ. ૧.
મુજને રાસ રમ્યાના કોડ કે, વા'લા સંગ બેલડીરે લોલ. ૨.
એવી રૂડી ગોકુલની વ્રજનાર કે, વેગે બોલાવજોરે લોલ. ૩.
એવો રૂડો બંસીબટનો ચોક કે, કુંજ સોહામણોરે લોલ. ૪.

એવા રૂડાં જમુનાજીનાં નીર કે, તટ રળિયામણો રે લોલ. ૫.
એવી રૂડી શરદપૂનમની રાત કે, ચંદ્ર સોહામણોરે લોલ. ૬.
મધરાતે વાઈ વેણુ રસાલ કે, હું થઈ ઘેલડીરે લોલ. ૭.
લેવા મુખડાંનાં તંબોલ કે. મળી તેવ તેવડીરે લોલ. ૮.
ફરતી ગાનકરે વ્રજનારકે, વચ્ચે મારો વાલમોરે લોલ. ૯.
મળીઓ 'માધવદાસ'નો નાથકે, રસ જામ્યો ઘણોરે લોલ. ૧૦.

નાગર નંદજીના લાલ

નાગર નંદજીના લાલ, રાસ રમંતાં મારી નથણી ખોવાણી;
કાના જડી હોય તો આલ, કાના જડી હોય તો આલ. નાગર૦ ૧.

નાની નાની નથની ને માંહી ઘણેરાં મોતી,
નથનીને કારણે હું નિત્ય કરૂં છું જોતી જોતી જોતી નાગર૦ ૨.

નાની નાની નથણી ને માંહી જડેલા હીરા,
નથની આપોને મારી સુભદ્રાના વીરા વીરા વીરા. નાગર૦ ૩.

નાનેરી પહેરૂં તો મારા નાકેના સોહાય,
મોટેરી પહેરૂં તો મારા મુખપર ઝોલા ખાય ખાય ખાય. નાગર૦ ૪.

આંબે બોલે કોયલડીનો વનમાં બોલે મોર,
રાધાજીની નથની કેરો શ્યામળીઓ છે ચોર ચોર ચોર. નાગર૦ ૫.

નથનીનો કારણીએ મેં ઢુંઢયું વૃંદાવન,
નથની આપોને મારા પ્રાણજીવન વન વન નાગર૦ ૬.

નથની આપોને પ્રભુ નંદના કુમાર,
નરસૈયાના સ્વામી ઉપર જાઉં બલિહાર હાર હાર. નાગર૦ ૭.

* * *

શ્રીનાથજી એજ શ્રીકૃષ્ણ - શ્રીકૃષ્ણ સ્વરૂપ સર્વ પ્રકારના પ્રાકૃત ધર્મથી રહિત છે. પૂર્ણ નિર્દોષ તેમજ પૂર્ણ સંપન્ન છે. તે અલૌકિક છે. અદ્ભુત છે. લોકવેદ સિધ્ધ નથી. છતાં એ લોકવેદ પ્રસિધ્ધ પણ છે. તે સત-ચિત્ત-આનંદ રૂપ છે. તે રસમય, આનંદમય સર્વ પ્રિય પરમ સુખરૂપ છે.

બંસી બાજીરે કાના તારી

બાંસી બાજીરે કાના તારી મદનગોપાલ,
મદનગોપાલ નાગર નંદાજીનાલાલ. ૧.

બાંસી બાજી વૃંદાવનમેં, દૌરી બ્રજકી બાલ;
લાજકાજ મૂકી વ્રજજનકી જઈ પહોંચી તત્કાલ. ૨.

દ્વે દ્વે ગોપી બિચ બિચ માધો, નાચેં દે દે તાલ,
રાસમંડલકે બીચમેં મોહન, ગાવેં રસિક રસાલ. ૩.

મોર મુકુટકી લટક બનીહૈ, ગલે બૈજયંતી માલ,
પીળે પટકે મન મોહ્યું છે, લાગી વૈરન વિશાલ. ૪.

ગાય ચરાવે વ્રજ ભૂમિમેં, સંગ સખા લૈ ગ્વાલ;
ધૂમરિ ધોરી કાજરિ કહિ કહિ, બોલાવે ગોપાલ. ૫.

કમોદવનમાં જઈને પહોંચ્યાં, સખીયો લાવે છાક;
લાડુ પૂરી શાક ભુજૈના, દહી માખન દૂધપાક. ૬.

પીસ્તાં ને બદામ ટોપરૂં, ખારેક મીશ્રી દ્રાખ;
ખરબુજા નારંગી જામફળ, આંબાકેરી સાખ. ૭.

ઉનીઉની રોટલી ને કારેલાનું શાક;
આવરે વરસાદ તમને ઘેબરિઓ પરસાદ. ૮.

દધિ મોદકની માર મચી છે, ખેલ કરેનંદલાલ;
'શ્રીવિઠ્ઠલ' પ્રભુ એમ કહે છે એનું નામ કન્હૈયાલાલ. ૯.

મારૂં મન મોહ્યું રે

મારૂં મન મોહ્યુંરે શ્રીગિરધરલાલને લટકે, લટકે લટકે ને વળી મટકે;
મોર મુગટ મકરાકૃત કુંડલ, પીતાંબરને પટકે. ૧.

વેણુ વગાડી વ્હાલે વશ કરી લીધાં, વેંત વાંસલડીને કટકે;
'વલ્લભ'ના સ્વામી સંગ રંગ ભેર રમતાં, ઘર ખોયું છે નવ ખટકે. ૨.

ગાવડી લાવો ગોતી મારા વ્હાલા

ગાવડી લાવો ગોતી મારા વ્હાલા, ગાવડી લાવો ગોતીરે;
ગોવાળિયાએ તમને ભળાવી, કેમ કહો છો ગાય ન્હોતીરે. ૧.
કયાંરે ચરાવીને કયાંરે પીવડાવી, કયારે બપોરે ગાય નહોતીરે;
સવારે છોડીને બપોરે હેરવી, સાંજે કહો છો તે ગાય ન્હોતીરે. ૨.
સોનાની શિંગડીઓ ને રૂપની ખરીઓ, હીરાની મોરડી સોહતીરે;
આંખે છે આંજરી ને મુખે છે માંજરી, હૈડા સમાની ગાય હોતીરે. ૩.
કરમાં છે કાંકણીને હાથમાં છે દોંહણી, લાડે કોડે ગાય દોહતીરે;
નંદલાલને ઘેર નવ લખ ગાયો, હરખેસું મહિડાં વલોવતીરે. ૪.
ગોકુળ જોયું વૃંદાવન જોયું, જમુના કિનારે ગાય પોતીરે,
‘વલ્લભ’ના સ્વામી પ્રભુ રસિકશિરોમણી, ગોપીઓઆનંદ પામીરે. ૫.

ધન્ય આજની ઘડી રળીયામણી

ધન્ય આજની ઘડી રળીયામણી,
હાંરે મારો વ્હાલોજી પધાર્યાની વધામણી હોજીરે. ૧.

હારે હું તો કદલીના થંભ રોપાવતી,
હાંરે મારા વ્હાલાજીનો મંડપ રચાવતી હોજીરે. ૨.

હાંરે પૂરે પૂરે સોહાગણ સાથિયો,
હાંરે જેમ મલપતો આવે હરિ હાથિયો હોજીરે. ૩.

હાંરે હુંતો મોતીડાંનો ચોક પુરાવતી,
હાંરે મારા વ્હાલાજીની આરતી ઉતારતી હોજીરે. ૪.

હાંરે હુતો ફૂલડાંની સેજ બીછાવતી,
હાંરે મારા વ્હાલીડાને ફૂલડે વધાવતી હોજીરે. ૫.

હાંરે હુંતો જાઉ શ્રીવલ્લભજીનો વારણે,
હાંરે મહેતા ‘નરસૈયા’ના સ્વામી ઉભો બારણે હોજીરે. ૬.

શ્યામ રંગ સમીપે ન જાવું

શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજથકી શ્યામરંગ
જેમાં કાળાશ તે સહુ એક સરખું; સર્વમાં કપટ હશે આવું. મારે. ૧.
કસ્તૂરીની બિંદી તો કરૂં નહીં, કાજળ ના આંખમાં અંજાવું. ૨.
કોકિલાનો હું શબ્દ સૂણું નહીં. કાગવાણી શકુનમાં ન લાવું. ૩.
નીલાંબર કાળી કંચુકી ન પહેરૂં, જમનાના નીરમાં ન ન્હાવું. ૪.
મરકત મણિ ને મેઘ દૃષ્ટે ન જોવા. જાંબુ વંત્યાક ના ખાવું. ૫.
‘દયા’ના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
(પણ) મન કહે જે પલક ના નિભાવું. મારે ૬.

તું જો ને સખી શોભા સલુણા શ્યામની

તું જો ને સખી, શોભા સલુણા શ્યામની; (ટેક)
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું,ફીકી પડે છે કળા કામની. તું૦ ૧.

સદગુણસાગર નટવરનાગર, બલિહારી હું એના નામની;
કોટિ આભૂષણનું એ રે ભૂષણ, સીમા તું છે એ અભિરામની. ૨.

જે ઓળખેતેને સાર સરવનો, બીજી વસ્તુ (તો) નથી કામની;
અનુપમ એ અલબેલો રસિયો, જીવનમૂળી દયારામની. ૩.

પાઓ પ્રેમરસ પ્રાણ જીવન રે

પાઓ પ્રેમરસ પ્રાણ જીવન રે, દીન થઈ જાચુંરે;
મુક્તિ મારગીને આપજો જ્ઞાનરે; હું તો નવ રાચુરે. ૧.

રીઝે રાબડી થકી ગરીબ લોકરે, ભોગીને ન ભાવેરે;
અમો રાજના ખાસા ખવાસરે, મુક્તિ મન નાવેરે. ૨.

નિત્ય નિરખિયે નટવર રૂપરે, હોંશ હૈયામાંથી રે;
મન માન્યું મળે સૌ સુખરે, તે એકતામાં કયાંથી રે. ૩.

દીવ્ય રૂપ છો સદા સાકારે રે, આનંદના રાસી રે;
બોલે અનુચિત માયિક મુગ્ધરે, તે નરક નિવાસીરે. ૪.

દુષ્ટ જીવને કહે છે બ્રહ્મરે, બ્રહ્મ જીવ લેખે રે;
છતે સ્વામીએ સોહાગનું સુખરે,તે સ્વપ્ને ન દેખે રે. ૫.

આપ સ્વામી સદા હું દાસરે, એ નાતો નિભાવો રે,
રુચે આપને કરાવો તેવી ટેવરે, અન્ય રખે લાવોરે. ૬.

વિના લાલચનું લાલ મુને વ્હાલ રે, અચલિત આપોરે;
વિષય વાસના પ્રપંચની પ્રીતરે,શ્રીકૃષ્ણ મારી કાપોરે. ૭.

અનન્ય સેવા અખંડ સતસંગરે, મનોહર માગુંરે;
'દયા' પ્રીતમજી આપો મુને એહરે,પાયે લળી લાગુંરે. ૮.

જે કોઇ પ્રેમઅંશ અવતરે તેના ઉરમાં ઠરે

જે કોઇ પ્રેમઅંશ અવતરે તેના ઉરમાં ઠરે (ટેક)
સિંહણ કેરું દૂધ હોય તે સિંહણ સુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે. પ્રેમરસ. ॥૧॥
સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષાર સિંધુનું માછલડું જેમ મીઠા જળમાં મરે. પ્રેમરસ. ॥૨॥
સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે,
વગરવંશીને વમન કરાવે, વેદવાણી ઉચ્ચરે. પ્રેમરસ. ॥૩॥
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદર્પિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુના ભરે. પ્રેમરસ ॥૪॥
એમ કોટિ સાધને પ્રેમવિના પુરુષોત્તમ પૂછ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવર્ધન, પ્રેમભક્તિએ વરે. પ્રેમરસ. ॥૫॥

ચિત્તતું શીદને ચિંતા કરે

ચિત્ત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે. (ટેક)
સ્થાવર જંગમ જડ ચેતનમાં,માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રી કૃષ્ણચંદ્રનું, જન્મ મરણ ભય હરે.. કૃ.૧

નમ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું,ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે,લક્ષ ચોરાશી ફરે.. કૃ.૨

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસૂબો, હર-બ્રહ્માથી નવ ફરે.. ફૃ.૩

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે.. ફૃ.૪

થનાર વસ્તુ થયા કરે જયમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેરે જાશે, જયમ ગજ કોઠું ગળે.. ફૃ.૫

જેવું જેટલું જે જે કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઇથી, શિદ કૂટાઇ તું મરે.. ફૃ.૬

તારૂં ધાર્યું થતું હોત તો, સુખ સંચે દુઃખ હરે;
આપણું અજ્ઞાન ફૂળ એ, મૂળ વિચારે ખરે.. ફૃ.૭

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઉચ્ચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શિદને ડરે.. ફૃ.૮

* * *

આજ ગઇ'તી કાલિંદીને તીર રે

આજ ગઇતી કાલિંદીને તીર રે, ભરવાને પાણીરે,
તીરે ઊભા શ્રી હલધરવીર રે, સારંગ પાણિરેય ॥૧॥

શોભે ફુલડાનો તોરો શીર્ષ રે, કસુંબલ ફેંટો રે,
ઊભો ડોલરીઓ દિલદાર રે, રંગીલો ઓઢયો રે ॥૨॥

કર્યાં તિલક કેસરનાં ભાલ રે, ફુલડાની માલા રે;
વાલો ચાલે છે હંસ ગતિ ચાલે રે, લાગે છે રૂપાળા રે. ॥૩॥

શોભે સર્વે ગોવાલિયાની સાથે રે, ઊભા અલબેલા રે,
જેણે જોયો દયાનો નાથ રે, રસરૂપ રેલો રે. ॥૪॥

* * *

શ્રીકૃષ્ણની કૃપાથી ગમે તેવા અધમમાં અધમ પાપીનો પણ ઉધ્ધાર થાય છે.

*

ભગવત્કૃપા અને વલ્લભના અનુગ્રહ વિના શ્રીહરિનો સાક્ષાત્કાર શકય નથી.

ગોપીજનના રે પ્રાણ મારા પ્રભુજી પાસે

ગોપીજનના રે, પ્રાણ મારા પ્રભુજીની પાસે,
અહીંયાં રહ્યાં એ તો સૂનાં શરીર. ૧

કરમે અમારે ક્યાંથી અક્રૂર આવ્યા,
છળ કરી લેઇ ગયા બળભદ્ર વીર. ૨

રથરે રોકીને જ્યારે રહ્યાં રે રાધાજી,
કેટલીક દીધીતી અમને ધારણ ધીર. ૩

આવ્યાની આશે અમે રહ્યાં રે,
વિશ્વાસે આવડાં મેં નહોતાં જાણ્યાં હૈયાનાં કુડ. ૪

શ્યામ સ્વરૂપ વિના શાં કરીએ સાધન,
અબ મૂકીને કોણ સેવે કથીર. ૫

ખારા તે જળમાં પંખી ચાંચ ન બોળે,
ચઢયા ના ઊતરે એવા સતીના શણગાર. ૬

જલ વિના જીવે એ તો હોય દાદુરડાં,
મીન મરે જ્યારે ના હોય નીર. ૭

કેસરી ભૂખ્યો કદી ઘાસ ના ખાયે,
ના ફળે એ તો બીજી રે વાર. ૮

પ્રેમની વાતો એ તો પ્રેમીજન જાણે,
વંઝા શું જાણે પહેલા પ્રસવની પીડ. ૯

વચન તમારાં ઓધવ રૂદિયામાં સાલે,
તાકીને માર્યાં જાણે તનડામાં તીર. ૧૦

એક પલક ઘડી કહો કેમ ચાલે,
નયણામાં રમી રહ્યાં નંદકિશોર. ૧૧

ગિરિધરલાલ વિના ઘડીએ ના ગોઠે,
પ્રીતમના સ્વામી મારા પ્રાણ આધાર. ૧૨

નિશ્ચયના મહેલમાં

નિશ્ચયના મહેલમા વસે મારો વાલમો વસે વ્રજ લાડીલો રે
જેરે જાયે તે ઝાંખી પામે રે (૨)... નિશ્ચયના મહેલમાં
ભૂલ્યાં ભમે તે બીજા સદનમાં શોધે રે
હરિના મળે એકે ઠામે રે... નિશ્ચય...(૧)

સત્સંગ દેશમાં ભક્તિ નગર છે, પ્રેમની પોળ પૂછી જાજો હોજી રે
વિરહ તાપ પોળીયાને મળી, મહેલે પેસજો,
સેવા સીડી ચડી ભેળાં થાજો હોજી રે નિશ્ચય... (૨)

દીનતાના પાત્રમાં મન મણિ મૂકીને ભેટ ભગવતંજીને ધરજો રે
હું ભાવ પુંભાવ ન્યોછાવર કરીને
શ્રી ગિરિવરધરવર વરજો રે... નિશ્ચય...(૩)

એરે મંડાણનું મૂળ હરિ ઇચ્છા, કૃપા વિના સિધ્ધિ નવ થાયરે
શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું
દેવી જીવ પ્રત્યે દયો ગાયે રે... નિશ્ચય...(૪)

* * *

શ્રી ગોવર્ધનવાસી સાંવરેલાલ

(સાખી)

બંક, સપ્ત, રસ દ્રષ્ટ હે, દર્શન મન અભિલાષ,
વર્ણ, લોક, મન્મથ, રટન, કુંજ સદન, નિજબાસ,
શ્યામબરન ગિરિવર ધરન, ગોપીજન ચિત્ત ચોર,
વ્રજરાજ કુંવર જીયમેં બસો, સુંદર નંદકિશોર.

(રાગ-ગૌરી)

શ્રીગોવર્ધન વાસી સાંવરેલાલ,
તુમબિનુ રહ્યો ન જાય હો, બ્રજરાજ લડેંતે લાડિલે ।ધ્રુ૦।
લાલ, બંક ચિતે મુસિકાઈકેં નેંક સુંદર બદન દિખાય હો ॥
લોચન તલપે મીન જ્યોં મોહિ જુગ ભર ઘરી બિહાયહો ॥૧॥
લાલ, સપ્તકસુર બંધાનસોં, મોહન બેનુ બજાય હો ॥
સુરતિ સુહાઈ બાંધિકે નેક મધુરે સુર ગાય હો ॥૨॥

લાલ, રસિક રસીલી બોલની નેંક ગિરિ ચઢિ ગૈયાં બુલાય હો ॥
ગાંગ બુલાઇ ધૂમરી નેંક ઊંચી ટેર સુનાય હો ॥૩॥

લાલ, દ્રષ્ટિ પરી જા દિવસતેં, તબતેં રુચે ન આન હો ॥
રજની નીંદ ન આવહી મોહિ બિસરે ભોજન પાન હો ॥૪॥

લાલ, દરસનકોં નૈના તપેં અરુ બચન સુનનકોં કાન હો ॥
મિલિવેકો હિયરો તપૈ મેરે જિયકે જીવન પ્રાણ હો ॥૫॥

લાલ, મન અભિલાષા વ્હે રહી, ન લગૈ નૈન નિમેષ હો ॥
ઈક ટક દેખું આવતો, નાગર નટવર ભેષ હો ॥૬॥

લાલ, પૂરન શશી મુખ દેખિકે, ચિત ચિહુંટયો તિહિંઠૌર હો ॥
રૂપસુધારસ પાનકોં, સાદર કુમદ ચકોર હો ॥૭॥

લાલ, લોકલાજ કુલ બેદકી, અરુછાંડે સકલ વિવેક હો ॥
કમલ કલી રવિ જ્યોં બઢી, છિન છિનું પ્રીતિ વિશેષ હો ॥૮॥

લાલ, મનમથ કોટિક વારનેં, નિરખિ ડગમગી ચાલ હો ॥
જુવતીજન મન ફંદના(પ્યારે) અંબુજ નૈન વિસાલ હો ॥૯॥

લાલ, કુંજભવન ક્રીંડા કરે, સુખનિધિ મદનગોપાલ હો ॥
હમ વૃંદાવન માલતી તુમ ભોગી ભમર ભુપાલ હો ॥૧૦॥

લાલ, જુગજુગ અવિચલ રાખિયો યહ સુખેં સૈલ નિવાસ હો ॥
શ્રીગોવર્ધનકે વાસિકોં બલિ જાય 'ચત્રુભુજદાસ' હો ॥૧૧॥

* * *

વ્રજ મેરે મન ભાઇ ઐસી

વ્રજ મેરે મન ભાઈ ઐસી વ્રજ મેરે મન ભાઈ. (ટેક)
વિશ્રાન્તઘાટ શ્રીજમુનાજી ન્હાઈકે, નીકે નેંમ લિવાઈ,
કેશવરાયકે દરસન, કરિકેં, શ્રીમહાપ્રભુજી દરસાઈ. ૧.

મધુવન તાલ કમોદ બહુલાવન, સાંતન કુંડમેં ન્હાઈ;
રાધાકૃષ્ણ કુંડકી મહિમા, મોપેં બરની ન જાઈ. ૨.

શ્રી ગોવર્ધનકી દે પરિક્રમા, માનસી ગંગા ન્હાઈ;
કુસુમોખર અરુ ચંદસરોવર, ગોવિંદ કુંડમેં ન્હાઈ. ૩.

આન્યોર અપ્સરાકુંડ હોઈકેં, જતીપુરામેં આઈ;
પરમદરા ઔર આદિ બદ્રી, અલકગંગા પ્રગટાઈ. ૪.

કામા કામ સકલ પરિપૂરન, ચિત્ર બિચિત્ર મનભાઈ;
બરસાનો અરુ નંદગામ હોઈ, કોકિલાવનમેં આઈ. ૫.

જાય બઠેન ઔર અંજનવન, હોઈ કરેલા આઈ;
પીરી પોંખર પ્રેમ સરોવર, પાંડવગંગા ન્હાઈ. ૬.

બટ સંકેત ખીદ્રવન હોઈકેં, સબ તન તપત બુઝાઈ;
શેશનાગ છાયા હરિ ઊપર, પૌઢે જાદવરાઈ ૭.

ખેલન વન ઔર ચીરઘાટ હોઈ, નંદઘાટ ગૌ પાઈ;
બચ્છવન બેલ ભદ્ર ભાંડીરવન, માનસરોવર આઈ. ૮.

કરિ સ્નાન લોહવન હોઈ કેં, બલદાઊ સુખદાઈ;
ફેરિ મહાવન શ્રીગોકુલકી, સારદ નહિં પાઈ. ૯.

ધન્ય મથુરા ધન્ય શ્રીવૃંદાવન, ધન્ય ધન્ય જસોદામાઈ;
જાકી મહિમા અગમનિગમ હે,પ્રગટે કુંવર કન્હાઈ. ૧૦.

બારેં વન બારેં ઉપવનકી, લીલા ગાય સુનાઈ;
'શ્રી પુરુષોત્તમ' પ્રભુ સકલબન, આવાગમન મિટાઈ. ૧૧.

* * *

આંબો અખંડ ભુવનમાંથી ઊતર્યો

આંબો અખંડ ભુવનમાંથી ઊતર્યો, વ્રજ ભૂમિમાં આંબાનો વાસ,
સખી આંબો રોપીયો. (ટેક.)
વસુદેવજીએ તેબીજ વાવીયું, હુવો દેવકીજી ક્ષેત્ર પ્રકાશ. સખી૦ ૧.
આંબે જશોદાજીએ જળ સીંચીયાં, નંદગોપ આંબાના રખવાળ. સખી૦ ૨.
બ્રહ્માંજીએ તે ચાર પત્ર લખ્યા, મુનિ નારદે કીધાં છે જાણ, સખી૦ ૩.
વ્યાસ મુનિએ તેબાર પત્ર કર્યા, તેના નવખંડ લખિયાં છે નામ. સખી૦ ૪.
આંબો ધ્રુવ પ્રહલાદે અનુભવ્યો, તેનાં સેવનારાં વ્રજની નાર. સખી૦ ૫.
દ્વાદશ સ્કંધ આંબાનાં થડ થયાં, ત્રણસો પાંત્રીસ અધ્યાય છે ડાળ. સખી૦ ૬.
અઢાર હજાર શ્લોક આંબે તીરખી, પોણસો લક્ષ અક્ષર આંબે પાન. સખી૦ ૭.
પ્રકરણ તેતાળિસનાં આંબે ઝૂમખાં, શ્રીમદ્ ભાગવત આંબા કેરાં ફળ. સખી૦ ૮.

કલ્પવૃક્ષ થઇ આંબો દૂજીઓ, એની ચૌદ ભુવનમાં છે છાયં. સખી૦ ૯.
તે ફળ શુકદેવજી વેડી લેઇ ગયા, પરિક્ષિત બેઠા ગંગાજીનો તીર. સખી૦ ૧૦.
તે રસ રેડયો પરિક્ષિત શ્રવણમાં, ખરો અનુગ્રહનો આધાર. સખી૦ ૧૧.
સાત દિવસમાં શ્રીકૃષ્ણ પદ મળ્યું, જે શ્રી પુરૂષોત્તમ અભિરામ. સખી૦ ૧૨.
પુષ્ટિમાર્ગ તે કલિયુગમાં પરવર્યો, ધન્ય તૈલંગ કુલ અવતાર. સખી૦ ૧૩.
આંબો ગાય શીખે ને સાંભળે, તેનો ચરણ કમલ માં છે વાસ. સખી૦ ૧૪.
જાઉં શ્રી વલ્લભ કુલને વારણે, બલિહારી જાય માધવદાસ. સખી૦ ૧૫.

શ્રી વ્રજ ચોર્યાસી કોસની પરિક્રમાનું ધોળ

પ્રથમ શ્રી વલ્લભ પ્રભુજીને જાણું રે,
બીજે ગુરુ દેવના ચરણે ચિત આણું રે:
વ્રજ ભુમીનાં ચરિત્ર ચિત વખાણું,
ચાલો વન યાત્રાનાં સુખ લઇએ રે... (ટેક) ૧

ગુસાંઇજીએ કીધો વિચાર રે,
વન યાત્રા કરવી નિર્ધાર રે :
વ્રજ ભૂમિની લીલા અપાર... ચાલો. ૨

શ્રી વિઠ્ઠલ પ્રભુ પરમ દયાળ રે,
સેન આરતી કરી તત્કાળ રે :
સાથે લીધા શ્રી વલ્લભ લાલ... ચાલો. ૩

સંવત સોળસોં ની સાલરે,
ભાદરવા વદી દ્વાદશી સાર રે:
વહાલો ઉતર્યા શ્રી યમુનાજી પાર... ચાલો. ૪

પધાર્યા શ્રી વિઠ્ઠલ નાથ રે,
ચાલ્યો રસિક વૈષ્ણવનો સાથ રે:
સૌને મસ્તક ધરિયા છે હાથ... ચાલો. ૫

ત્યાથીં આવ્યા શ્રી મથુરાજી માંહે રે,
હાથ જોડ કરી છે ત્યાંહે રે :
વિશ્રામ ઘાટ શ્રી યમુનાજી ન્હાયે... ચાલો. ૬

શ્રી વલ્લભ પ્રભુજીની બેઠક છે ત્યાહે રે,
દર્શન કરીને ત્યાં ભોગ ધરાયે રે :
પછી પરિક્રમા કરવાને જાયે... ચાલો. ૭

ત્યાંથી સતધરા માંહે જઇએ રે,
બીજા અનેક ધામ સર્વે કહીએ રે :
સપ્ત સાગર કૃષ્ણ કૂપ લહીએ... ચાલો. ૮

ત્યાંથી મધુવન જઇનો રહીએ રે,
ત્યાં શ્રી મહાપ્રભુજીની બેઠક કહીયે રે.
ભોગ ધરીને તાલવન જઇએ... ચાલો. ૯

કમોદ વનમાં તે દર્શન કરીએ રે,
ગ્વાલ મંડળી કરીને છાક ધરીએ રે:
શ્રી મહાપ્રભુજીની બેઠક અનુસરીએ... ચાલો. ૧૦

સાંતન વનમાં સાંતન કુંડ નાહ્યા રે,
ત્યાં પ્રભુ સાત વરસના આવ્યા રે,
ત્યાં તો સતુવાના ભોગ ધરાવ્યા... ચાલો ૧૧

બહુલા વનમાં પધાર્યા પ્રભુ આપ રે,
ત્યાં થયો ગાય સિંઘનાં મેળાપ રે:
કૃષ્ણ કુંડ નાહીને ટાળ્યાં તાપ... ચાલો. ૧૨

ત્યાં મહાપ્રભુજીની બેઠકનું છે ધામ રે,
ત્યાં બહુલા ગાયનું છે ઠામ રે :
દર્શન કરતા પૂર્ણ કરે કામ... ચાલો. ૧૩

ત્યાં જખિન ગામમાં જઇએ રે,
શ્રી બલ દેવજીનાં દર્શન કરીએ રે:
રેણુ કુંડ બલભદ્ર કુંડ ન્હાઇએ .. ચાલો. ૧૪

શ્રી કુંડ નાહિનો પાવન થઇએ રે,
રાધા કૃષ્ણ કુંડે જઇ નાહીએ રે,
શ્રી વલ્લભ વિઠ્ઠલની બેઠક ચિત લઇએ... ચાલો. ૧૫

રાજ કદમ મુકુટ દર્શન કરીયાં રે,
ચવર કૃષ્ણ વટ જોઇ મન હરીયા રે,
ત્યાં કૃષ્ણ કૂપા જળ ભરીયાં... ચાલો. ૧૬

ત્યાં પાંચ પાંડવનાં છે ઝાડ રે,
છઠ્ઠા વૃક્ષ નારાયણ અવતાર રે,
ત્યાં વેણુનાદ કર્યો છે સાર... ચાલો. ૧૭

શ્રી મહાપ્રભુજીની બેઠકે ચિત ધરીયે રે,
ત્યાં ભોગ ધરીને અનુસરીયે રે,
ત્યાંથી શ્રીજીનાં દર્શન કરીયે... ચાલો. ૧૮

નારદ કુંડ કુસુમોખર વન રે,
ત્યાં છે રત્ન સિંહાસન ધન્ય રે:
ત્યાં ઉધ્ધવજી થયા છે પ્રસન્ન... ચાલો. ૧૯

ત્યાંથી માનસી ગંગા જઇ નાહીયે રે,
મોટુ ચક્ર તીર્થ ત્યાં કહીયે રે,
શ્રી મહાપ્રભુજીની બેઠકે જઇએ... ચાલો. ૨૦

ત્યાં બ્રહ્મ કુંડમાં સ્નાન રે,
દાન ઘાટી લીધાં પ્રભુ દાન રે,
વ્રજ જુવતીનાં રાખ્યાં છે માન... ચાલો. ૨૧

ત્યાંથી ચાર કુંડ તો કહીએ રે,
રણ મોચન પાપ મોચન નાહીયે રે,
ધર્મ રોચન ગો રોચન જઇએ... ચાલો. ૨૨

લીધી જમુનાવતાની વાટ રે,
ત્યો શ્રી યમુનાજીનો ઘાટ રે,
અડીંગમાં દાન લઇને ફોડયાં માંટ... ચાલો. ૨૩

ત્યાંથી ગામ પરાસોલી જઇએ રે,
વડ ચંદ્રકૂપ ત્યાં કહીયો રે:
ત્યાં ચંદ સરોવર નાહિયે... ચાલો. ૨૪

બ્રહ્મ રજની કરીને કીધો રાસ રે,
વ્રજ ભકતાની પૂરી છે આશ રે:
ખટ માસની કીધી છે રાત... ચાલો. ૨૫

ત્યાં બેઠક શ્રી વલ્લભ વિઠ્ઠલ વરની રે,
ત્યાં સામગ્રી ભોગ ધરવી રે,
ત્યાં સેવા કરો ફૂલ ધરની... ચાલો. ૨૬

સંકર્ષણ ગંધર્વ કુડં નાહિયે રે,
શ્રી બલ દેવજીના દર્શન જઈએ રે:
આન્યોર મહાપ્રભુની બેઠક કહિયે... ચાલો. ૨૭

ત્યાંથી ચાલી ગોંવિદ કુંડ નાહિયે રે.
મહા પ્રભુ બેઠકે દર્શન કરિયે રે,
ત્યાં તો જન્મ તણાં દુઃખ ખોઇએ... ચાલો. ૨૮

શ્રીજીનાં હસ્તાક્ષરનાં ચિહ્ન રે,
ત્યાં મુકુટ ટોપીનાં દર્શન રે:
ત્યાં ચતુરા નાગાનાં છે વન... ચાલો. રે ૨૯

અપ્સરા કુંડ થઇ શ્યામ ઢાક જઇયે રે,
ત્યાં શ્રીજી ચરાવે છે ગાય રે:
ત્યાં સુગંધી શીલા કહેવાયે... ચાલો. ૩૦

સિંહાસન ઘાટિયા મન ભાવે રે,
ત્યાં પાગના પેચ ધરાવે રે,
પ્રભુ નવ કાંકરી રમ્યા તે સુહાવે... ચાલો. ૩૧

સુરભિ ગાય તણી ખરી નિરખો રે,
ઐરાવત હાથીના પગ પરખો રે,
શ્રીજીનાં ચરણ ચિન્હ જોઇ હરખો... ચાલો. ૩૨

સિંદૂરી શિલાયે સિંદુર થાયે રે,
શ્રી પ્રિયાજીની માંગ ભરાયે રે,
ગાજની વાજની શિલા કહેવાયે... ચાલો. ૩૩

પુંછરી થઇને સુરભિ કુંડ નાહિયે રે,
ત્યાં રામ દાસજીની ગુફા કહીયે રે,
ગોવિંદ સ્વામીની કદમ ખંડી જઇએ.. ચાલો. ૩૪

શ્રી ગોવર્ધન પૂજા કરવાનું ઠામ રે,
શ્રી મહાપ્રભુજીની બેઠક સુખ ધામ રે,
ત્યાં ગોપાલપુર છે ગામ.... ચાલો. ૩૫

ત્યાં છે સાત મંદિર તો કહિયે રે,
શ્રી ગુસાંઇજીની બેઠકે જઇએ રે...
એ તો નયને નિરખી સુખ પઇએ... ચાલો. ૩૬

શ્રી ગિરીરાજજીની પુજા કરવી રે,
ત્યાં સામગ્રી ભોગ ધરવી રે,
સુંદર શિલા જોઇને અનુસરવી... ચાલો. ૩૭

દંડવતી શિલાએ દંડવત કરિયે રે,
ત્યાં રુદ્ર કુંટ જોઇ લઇએ રે,
ઢાક ચોગાનમાં ચિત દઇએ .. ચાલો. ૩૮

ત્યાંથી જાન અજાન વૃક્ષ જઇએ રે,
ત્યાં વ્રજ ભકતે પુછયું તે કહીએ રે,
ત્યાંથી પ્રભુજી પધાર્યા તે સુખ લઇએ... ચાલો. ૩૯

ગુલાલ કુંડમાં ગુલાલ બહુ વરસે રે,
તે જોઇને મનડું હરખે રે,
શ્રી મહાપ્રભુજીની બેઠકે સુખ દરસે.... ચાલો. ૪૦

બિલછુ કુંડ કહીએ શુભ નામ રે,
કદમ ખંડી ગાંઠયોલી થે ગામ રે,
એ ગોવર્ધન નાં સર્વે છે ધામ.. ચાલો. ૪૧

પર મંદરા કૃષ્ણ કુંડ ધામ રે,
ત્યાં શ્રીદામ સખાનું છે ગામ રે,
ત્યાં પ્રભુ છાક આરોગ્યા પૂરી હામ... ચાલો. ૪૨

બદ્રી કુંડ આદિ બદ્રી ધામ રે,
નારાયણ લીલાનું છે ઠામ રે,
અલક ગંગા નદીનું છે નામ... ચાલો. ૪૩

નવનીતનો પર્વતરસ ખાણ રે,
ઇન્દ્રોલી ચોરી ગાય ઇન્દ્રે જાણો રે,
ઇન્દ્ર કુંડ કૂપ ત્યાં વખાણો... ચાલો... ૪૪

કામ વનની પરિક્રમા કહીએ રે,
ત્યાં વિમલ કુંડ માં નાહીએ રે,
લુક લુક આંખ મીંચામણી જઇએ... ચાલો. ૪૫

પહાડી ચરણ પ્રભુ ધરિઆ રે,
વ્રજ ભકતને ચકિત કરીયાં રે,
છાક આરોગ્યા હરખ મન ધરીયાં... ચાલો. ૪૬

નંદ બાટમાં પ્રભુજી બેઠા રે,
સુરભિ કુંડમાં નાહવા પેઠા રે,
ત્યાં મહાપ્રભુજીની બેઠકે જઇ ભેટયાં... ચાલો. ૪૭

ત્યાંથી ખિસલની શિલા પર આવ્યાં રે,
વ્યોમાસુરની ગુફા ત્યાં જાવા રે,
દૈત્ય મારીને ગાય ગોપ લાવ્યા... ચાલો. ૪૮

ભોજન થાલીએ ભોજન કીધાં રે,
સખા મંડલીમાં બહુ સુખ દીધાં રે,
માનસી કુંડમાં આચમન લીધાં... ચાલો. ૪૯

હવે ગામ કહિએ કનવારો રે,
ત્યાં પ્રભુ આરોગ્યા કુંડવારો રે,
વ્રજ ભકતનાં કારજ સાર્યા... ચાલો. ૫૦

કદમ ખંડી સુનહરાની સારી રે,
ત્યાં રાસ રમ્યા ગિરીધારી રે,
શ્રી મહાપ્રભુજીની બેઠક સુખકારી... ચાલો. ૫૧

ચિત્ર વિચિત્ર શિલા શુભ ધામ રે,
ત્યાં બળદેવજીનૂં ઉચું ગામ રે,
ત્યાં રાસ રમ્યા બળરામ... ચાલો. ૫૨

ત્યાં દેહ કુંડનાં સ્નાન રે,
ત્યાં સુવર્ણ કેરાં દાન રે,
દ્વિજ જનનાં કર્યા સન્માન... ચાલો. ૫૩

હવે ત્યાંથી જઇએ બરસાનો રે,
ભાનોખરનાં સ્નાન રે,
ત્યાં રાજ કર વૃષભાન... ચાલો. ૫૪

ત્યાં શ્રીરાધાજી રૂપ નિધાન રે,
તેઓની અષ્ટ સખી છે સુજાણ રે,
તે તો બહુ વિધનાં કરે ગાન... ચાલો. ૫૫

ત્યાંથી નોવારી ચોવારી જઇએ રે,
ત્યાં રત્ન કુંડ દોહની કુંડ કહીએ રે,
વળી મોહની કુંડ ત્યાં લહીએ... ચાલો. ૫૬

માન ગઢમાં તે માન મનાવ્યાં રે,
દાન ગઢમાં તે દાન ચુકાવ્યાં રે,
દધિને માટે નૃત્ય કરાવ્યાં... ચાલો. ૫૭

ગહવર વન સાંકડી ખોર આવ્યાં રે,
ત્યાંથી પ્રભુજી વનમાં સિધાવ્યા રે,
ત્યાંથી પ્રભુજીની બેઠકે મન ભાવ્યાં... ચાલો. ૫૮

વિલાસ ગઢમાં વિલાસ રાસ કરિયા રે,
મોર કુટીમાં મોર રૂપ ધારિયાં રે,
નૃત્ય કરી શ્રી રાધાનાં મન હરીયાં... ચાલો. ૫૯

ત્યાંથી પીરી પોખર ચાલો રે,
જઇનો સંકેતાવનાનો નિહાળો રે,
શ્રી મહાપ્રભુજીની બેઠકમાં... ચાલો. ૬૦

ત્યાંથી સંકેત વનમાં પધાર્યા રે,
પ્રેમ સરોવરે પ્રેમ વધાર્યા રે,
વ્રજ ભકતના કારજ સાર્યા... ચાલો. ૬૧

ત્યાં શ્રી ગુસાંઈજીની બેઠક છાજે રે,
શ્રી મહા પ્રભુજીની બેઠક ત્યાં બિરાજે રે,
કૃષ્ણ કુંડ કદમ ખંડી ગાજે... ચાલો. ૬૨

ત્યાં શ્રી ચંદ્રાવલીની કુંજ રે,
ત્યાં ચંદ્રાવલી છે કુંડ રે,
ત્યાં શ્રી ગુસાંઈજીની બેઠક રસ પુંજ... ચાલો. ૬૩

લલિતા વિશાખાના કુંડ જોઈએ રે,
તેઉની કુંજ જોઈને મન મોહિયા રે,
પૂરન માસી જોઈ સુખ હોય... ચાલો. ૬૪

શ્રી જશોદાજીને મંદિરે જાવું રે,
ત્યાં શ્રી પ્રભુજીને જોઈ આવું રે,
ત્યાં શ્રી પ્રભુજીને જોયાં છે હાઉ... ચાલો. ૬૫

ચાલ્યાં મધુસૂદન કુંડની વાટે રે,
ત્યાં મહિ વલોવ્યાનું છે માટ રે:
ત્યાં ચરણ પહાડીનો ઘાટ... ચાલો. ૬૬

ત્યાંથી પાન સરોવર આવ્યાં રે,
ગાય વાછરડાંને જલ પીવરાવ્યાં રે,
શ્રી મહાપ્રભુજીની બેઠક માં સિધાવ્યા... ચાલો. ૬૭

છોકર કદમ વૃક્ષ સ્થલ લીલા રે,
ત્યાં ગાય વાછડાં બાંધવાના ખીલા રે:
જઈને મોતી કુંડમાં ઝીલ્યાં... ચાલો. ૬૮

ગાયોને મોતીની માળા પહેરાવી રે,
તો તો પ્રભુજીને મન ભાવી રે,
ત્યાંથી ટેર કદમ પર આપી... ચાલો. ૬૯

વિલાસ વટની લીલા સુખકારી રે,
વેણી ગુંથી શ્રીકુંજ-વિહારી રે,
કુંડલ વનની છબિ છે ભારી... ચાલો. ૭૦

ત્યાં શ્રીનંદ જશોદાજી નિરખો રે,
બલ રામ કૃષ્ણ જોઈ હરખો રે,
નંદ ગામની લીલા પરખો... ચાલો. ૭૧

આગળ આવ્યાં કરહલા ગામ રે,
તે તો ઉપવન કહીયે નામ રે,
ત્યાં કૃષ્ણ કુંડ છે ધામ... ચાલો. ૭૨

ત્યાંકરી રાસ લીલા નિર્ધાર રે,
ત્યાં છે કદમ ખંડી બહુ ભારી રે,
શ્રી મહાપ્રભુની બેઠક પર વારી... ચાલો. ૭૩

ત્યાંથી આંજન ગામમાં રહીએ રે,
અંજનોખરમાં જઈને નાહીએ રે,
અંજન કુંડ વિહાર સુખ લઈએ... ચાલો. ૭૪

તેની પાસે પીસાયો ગામ રે,
ત્યાં જલ આરોગ્યા પૂરણ કામ રે,
ગોપીજને કર્યો વિશ્રામ... ચાલો. ૭૫

આગળ કહીએ ખિદર વન ગામરે,
ત્યાં ગાયો ખદેડી સુંદર શ્યામ રે,
ત્યાં માર્યો બકાસુર ઠામ... ચાલો. ૭૬

ત્યાંથી પરાસોલી કુંજમાં જઈએ રે,
કોકિલા વન કૃષ્ણ કુંડ કહીએ રે,
શ્રી મહાપ્રભુજીની બેઠકમાં રહીએ... ચાલો. ૭૭

ત્યાંથી ચાલી કોટ વન જઈએ રે,
તેની પાસે જાવક વન કહીએ રે,
આગળ જાવક બટ જોઈ લહીએ... ચાલો. ૭૮

કોકીલા કુંડના જળ હુલ્યાં રે,
ત્યાં કમળ કુમુદિની ફુલ્યાં રે,
ત્યાં અનેક ભ્રમર રસ ભૂલ્યાં... ચાલો. ૭૯

ત્યાં છોટી બહેન છે સારી રે,
આગળ જઇ જાવો ચરણ પહાડી રે,
તેને ગોવર્ધન કરી પ્રભુ ધારી... ચાલો. ૮૦

ચરણ કુંડ ચરણ ગંગા જોયાં રે,
ત્યાં પ્રભુ પોતે દહીં વલાવ્યાંકે,
ત્યાં માખણ કાઢીને આરોગ્યાં... ચાલો. ૮૧

દધિ ગામ ને દધિ કુંડ કહીએ રે,
જઇને શીતળ કુંડનાં નાહીએ રે,
મહાપ્રભુ બેઠકે દર્શન પઇયે... ચાલો. ૮૨

ત્યાંથી કોટ વન માંહે આવ્યાં રે,
સુરજ કુંડ જોઇને મન ભાવ્યા રે,
જશોદાજીને રાસ દેખાડયા... ચાલો. ૮૩

શેષ શાયી ક્ષીર સાગર ભરીયા રે,
ત્યાં શેષજીની સજયા કરીયા રે,
લક્ષ્મી નારાયણનાં રૂપ ધરીયાં... ચાલો. ૮૪

પ્રભુજી બલ ભદ્ર સાથે આવ્યાં રે,
શ્રી યમુનાજી પુલિન સિધાવ્યા રે,
બત્રીસ વાર યમુનાજીમાં નાહ્યા.. ચાલો. ૮૫

ત્યાંથી લાલ બાગમાં પધાર્યા રે,
ત્યાં વ્રજ ભકતે સિંગાર કરાવ્યા રે,
લાલ વસ્ત્રા-ભૂષણ પહેરાવ્યાં... ચાલો. ૮૬

ત્યાંથી ચીર ઘાટ માંહે આવ્યાં રે,
ત્યાં વ્રજ ભકતે સેહેરા ધરાવ્યાં રે,
ખેલન વનમાં ખેલ કરાવ્યાં... ચાલો. ૮૭

ખેલ કરીને આર્તિ કરાવી રે,
ત્યાંથીરામ ઘાટ પર આવ્યાં રે,
શ્રી બલ દેવજીએ રાસ રચાવ્યા... ચાલો. ૮૮

રાસ મૂકી હળ મૂશળ લાવ્યાં રે,
શ્રી યમુનાજી વાંકાં ચલાવ્યાં રે,
ત્યાં ઉલટાં નીર વહાવ્યાં... ચાલો. ૮૯

ભુષણ વન નિવારણ વન આવ્યાં રે,
ગુંજા વનથી અક્ષય વટ આવ્યાં રે,
ત્યાં ગોપી કુંડમાં નાહ્યા... ચાલો. ૯૦

તપો વનમાં વિરહ બહુ ધરિયા રે,
આંસુ નેત્રમાં નીરજ ભરીયાં રે,
તત્કાળ નિવારણ કરીયાં... ચાલો. ૯૧

ગોપી ઘાટ સ્નાન જ કરીયાં રે,
ચીર ઘાટે પ્રભુ હરીયાં રે,
શ્રી મહાપ્રભુજીની બેઠક તે પરવારીયા.. ચાલો. ૯૨

નંદ ઘાટથી બચ્છ વન લીલા રે,
ત્યાં રાસ રમણ પ્રભુ ખેલ્યા રે,
શ્રી મહાપ્રભુજીની બેઠકે રંગ રેલ્યાં... ચાલો. ૯૩

ત્યાંથી શ્રી વૃંદા વનમાં જઇએ રે,
તહા કાલીય મર્દન કહીએ રે,
કદમ વૃક્ષ કાલીઘાટ લઇએ... ચાલો. ૯૪

સેવા કુંજ સિંગાર બટ આવ્યાં રે,
સામ વેદ મુરલીમાં પ્રભુ ગાયા રે,
વાંસ વૃક્ષ રૂચા સુખ પાયા... ચાલો. ૯૫

ત્યાંથી કેશી ઘાટ પર જઇએ રે,
શ્રી મહાપ્રભુજી બિરાજ્યા તે કહીએ રે,
ત્યાં શ્રી ભાગવતનાં સુખ લઇએ... ચાલો. ૯૬

આગળ ધીર સમીર ઘાટ નાહ્યા રે,
ત્યાંથી બાંસી બટમાં આવ્યાં રે,
જોઈ રાસ લીલા મન ભાવ્યાં... ચાલો. ૯૭

ત્યાંથી શ્રી મહા પ્રભુજીની બેઠક સુખ દાઈ રે,
શ્રી વિઠ્ઠલ વરની બેઠક મન ભાઈ રે,
ત્યાં નિત્ય વિહાર સુહાઈ... ચાલો. ૯૮

મધુ વનમાં જઈને નિરખો રે,
ત્યાં રાધા બાગ જોઈ હરખો રે,
વેણુ કૂપે વેણુ નાદ પરખો... ચાલો. ૯૯

બેલ વનમાં અનેક દ્રુમ વેલી રે,
માટ વનમાં માટ દધિ રેલી રે,
ત્યાં સિંગાર કરાવ્યા સાહેલી... ચાલો. ૧૦૦

ભાંડિર વન ને ભાંડિર બટ જઈએ રે,
પ્રલંબ દૈત્યનો વધ ત્યાં કહીએ રે,
ભાંડિર કૂપના જલે ત્યાં ન્હાઈએ.. ચાલો. ૧૦૧

ત્યાંથી બીજોલા ગામને જાણો રે,
ત્યાંથી પ્રભુની બગીચી વખાણો રે,
ત્યાં વ્રજ ભકતનાં સુખ ચિત્ત આણો... ચાલો. ૧૦૨

ભદ્ર વનમાં બહુ સુખ દીધાં રે,
ગૌ ઘાટે પ્રભુ જળ પીધાં રે,
દાવા નળનાં પાન ત્યાં કીધાં... ચાલો. ૧૦૩

માન સરોવરે માન મનાવ્યાં રે,
ત્યાં કુંજ લતા દ્રુમ છાયાં રે,
ત્યાં શ્રી મહાપ્રભુજીની બેઠકે આવ્યાં... ચાલો. ૧૦૪

ત્યાંથી પિપરોલી ગામ આવ્યાં રે,
શ્રી ગુસાંઈજીએ રાસ કરાવ્યાં રે,
માણિક શિલાએ ભોગ ધરાવ્યાં... ચાલો. ૧૦૫

ત્યાંથી લોહ વન કૃષ્ણ કુંડ આવ્યાં રે,
ત્યાં લોહનાં દાન કરાવ્યાં રે,
કૃષ્ણ કૂપના જલે ન્હવરાવ્યા... ચાલો. ૧૦૬

ત્યાંથી ગોપાલ પુરમાં જઈએ રે,
ત્યાં રાવલ ઉપવન કહીએ રે,
શ્રી લાડીલીજીનાં દર્શન કરીએ... ચાલો. ૧૦૭

નાંદી વાંદી દેવી છે સારી રે,
નંદ રાયજીની ગોબર વારી રે,
કરે ગાયોની રખવારી... ચાલો. ૧૦૮

ત્યાંથી શ્રી બલ દેવજી જઈએ રે,
બલ ભદ્ર કુંડમાં નાહીએ રે,
ત્યાં મન વાંછિત ફલ પઈયે... ચાલો. ૧૦૯

ત્યાંથી હથોરા ગામ સુખ દાઈ રે,
ત્યાંથી શ્રી નંદરાયજી ની અથાઈ રે,
ત્યાં વ્રજ વાર્તાની ચર્ચા ચલાઈ... ચાલો. ૧૧૦

ચિંતા હરણ ઘાય સુખ કારી રે,
ત્યાં વ્રજ ભક્તની ચિંતા નિવારી રે,
શ્રી યમુના નીર વહે બહુ ભારી... ચાલો. ૧૧૧

બ્રહ્માંડ ઘાટે પ્રભુ માટી ખાતા રે,
શ્રી બલ દેવજીએ કહી સર્વે વાર્તા રે,
તે જાણ્યું શ્રી યશોદાજી માતા... ચાલો. ૧૧૨

મહાવન શ્રી નંદ રાયનું ગામ રે,
ત્યાં છઠ્ઠી પલનાનાં છે ઠામ રે,
નંદ કૂપ પૂજવાનું છે ધામ... ચાલો. ૧૧૩

ત્યાં યમલા - અર્જુન ને તાર્યા રે,
ત્યાં નલ કુબેરનો ઉદ્ધાર્યા રે,
ત્યાં અનેક દૈત્ય પ્રભુએ માર્યા... ચાલો. ૧૧૪

હવે રમણ રેતીમાં જઇએ રે,
ત્યાં રમણ લીલા સુખ લઇએ રે,
ત્યાં ગોપ કૂપ જલ નાહીએ... ચાલો. ૧૧૫

વલ્લભ ઘાટ ઉતરેશ્વર ઘાટ રે,
જોયો વાજના ટીલાનો ઠાઠ રે,
વળી કહીએ જશોદા ઘાટ.. ચાલો . ૧૧૬

ચાલી નિરખો શ્રી ગોકુલ ગામ રે,
એ છે નિજ લીલાનું ધામ રે,
કરે સર્વના પુરણકામ... ચાલો. ૧૧૭

વાસ દરવાજો કરણ કૂપ આવ્યાં રે,
ત્યાં પ્રભુજીએ કાન વિંધાવ્યાં રે,
ચિંતા મણિ માધો મન ભાવ્યા... ચાલો. ૧૧૮

ત્યાં શ્રી ગુસાંઇજીની બેઠક કહીએ રે,
સાત મદિંરનાં સુખ લઇએ રે,
શ્રી મહાપ્રભુની બેઠકે જઇએ... ચાલો. ૧૧૯

શ્રી નવનીત પ્રીયાજી પાલને ઝુલે રે,
નંદ મહોત્સવ જોઇ મન ફુલે રે,
સુર નર મુનિ જન કૌતુક ભુલે... ચાલો. ૧૨૦

ત્યાં બ્રહ્મ છોકર સુખ છાજે રે,
શ્રી મહા પ્રભુજીની બેઠક બિરાજે રે,
ત્યાં શ્રી મહારાણીજી ગાજે... ચાલો. ૧૨૧

ગોવિંદ ઘાટ ઠકુરાણી ઘાટ જઇએ રે,
ત્યાંથી યમુનાજીમાં નાહીએ રે,
ગૌ ઘાય અષ્ટ ખંભા કહીયે... ચાલો. ૧૨૨

હાથ જોડ યમુનાજીમાં કરીએ રે,
બહુ આનંદ ઉરમાં ભરીએ રે,
હવે કારજ સર્વે સરીયાં... ચાલો. ૧૨૩

જે કોઇ નિશ દિન મનથી ગાય રે,
વન યાત્રાનું ફલ તોને થાય રે,
શ્રી મહાપ્રભુજીને સોહયે... ચાલો. ૧૨૪

સદા શ્રી ગોકુલ માંહે રહીએ રે,
શ્રી મહા પ્રભુજીના ગુણ ગાઇએ રે,
શ્રી વિઠ્ઠલનાં ચરણ ચિત્ત લઇએ... ચાલો. ૧૨૫

શ્રી વલ્લભ વિઠ્ઠલે પૂરી આશ રે,
રાખ્યા ચરણ કમલ ની પાસ રે,
દાસ માગે શ્રી ગોકુલ વાસ... ચાલો. ૧૨૬

વ્રજપરિક્રમાનું ધોળ

ગુરૂ પ્રતાપે પ્રેમ સહિત શ્રીયમુનાજીમાં ન્હાઇયેજી.
શ્રી મહારાણીજી કૃપા કરે તો વ્રજ પરિક્રમા કરીએ;
મા શ્રી યમુના મહારાણી કી બલીહારી..... (ટેક) ૧
વિશ્રામ ઘાટે નેમ લેઇ શ્રીમહાપ્રભુજીમાં આવ્યાજી;
બેઠકથી દંડવત કરીને ભેટ ભોગ ધરાવ્યા. ૨
બીજા ઘાટે આચમન લેઇ, શ્રી બળદેવ ઘાટે આવ્યાજી.
ધ્રુવ ઘાટે એક પલક બિરાજે, ત્યાં સંદેશો કહાવ્યો. ૩
મધુવનમાં મહાપ્રભુજીની બેઠક, કૃષ્ણ કુંડે ન્હાઇએજી;
તાલ વન કમોદવન સાંતન કુંડે ન્હાઇએ. ૪
પરિક્રમા કરતાં કરતાં રાધા કૃષ્ણ કુંડે આવ્યાજી;
જુગલ સ્વરૂપ ગઠ જોડે ન્હાઇ,ચાર બેઠક ભોગ ધરાવ્યા. ૫
ગિરિરાજની પરિક્રમા મોટી, ધામ ગણ્યાં નવ જાયજી,
શ્રી મહારાણીજી કૃપા કરીને, દર્શન દો તત્કાળ. ૬
ચંદ્ર સરોવર રમણીય સ્થળ, આદ્ય વૃંદાવન જઇએજી;
શ્રી ગુરૂદેવ કૃપા કરે તો, વ્રજ પરિક્રમા કરીએ. ૭
સંકેત વનની શી કહું શોભા, લગ્ન થયાં તે ધામજી;
સંકેત વનમાં શ્રી મહાપ્રભુજીની બેઠક, બરસાના નંદગામ. ૮

ચોરાશી કોશની પરિક્રમા મોટી, ધામ ગણ્યા નવ જાયજી;
કુંડે કુંડે ન્હાય તેનાં, પાપ સર્વે જાય. ૯

વ્રજ ભૂમિમાં અલૌકિક કુંજો, નૌતમ લીલા થાયજી;
માયા છોડી મન લગાવે, તે લીલામાં જાય. ૧૦

વ્રજ ભૂમિ મહાપ્રભુજી, ગુસાંઇજીની બેઠક ગાજેજી;
સાત લાલ સઘળો પરિવાર, લીલા સહિત બિરાજે. ૧૧

શ્રી ઠાકુરજીનું મોસાળ મહેરાણા, તે જાણીને જઇએજી.
શેષ શાયીનાં દર્શન કરી, ક્ષીર સાગરમાં ન્હાઇએ. ૧૨

રામ ઘાટ શ્યામ ઘાટ નંદ ઘાટ કહીએ, ચીર ઘાટની લીલા;
ગોપી ઘાટે પ્રેમ કરી, બાલક સરવે જીલ્યા. ૧૩

વૃંદાવનાની સેવા કુંજો, બંસીબટનો ચોકજી;
અનેકરૂપ ન્યારેં સ્વરૂપ, વાહલાજી બિરાજે ગોખ. ૧૪

દાઉજીને બરફી પેંડા, માખણ મીશ્રી ધરાવ્યાજી;
રમણ રેતીમાં રંગ રસીયાજી ખેલે, ગોપ કૂવે અનુસરીએ. ૧૫

કોયલા ઘાટે વસુદેવજી, શ્રી ઠાકુરજીને લાવ્યાજી;
અરધી રાતે જશોદામાની સેજમાં પધરાવ્યા. ૧૬

જશોદા ઘાટે આનંદ સાગર, વલ્લભ ઘાટ વખાણુંજી;
બીજા ઘાટ ઘણેરા કહીએ, લીલા સહિત મન આણું. ૧૭

ઠકુરાણી ઘાટે ગુપ્ત લીલા, શ્રી મહાપ્રભુજીનાં દર્શનજી;
છોકરજી દંડવત્ કરી, મન થયા પરશન. ૧૮

ગોવિંદ ઘાટ જગન્નાથ ઘાટ કહીયે, ઘાટ ઘણેરા કહીએજી;
જન્મ ઘાટે વહુ બેટી, સ્નાન કરે ત્યાં જઇએ. ૧૯

વલ્લભ કુલ વહુ બેટી વૈષ્ણવ, સૌ મથુરામાં આવ્યાજી;
પરિક્રમા પૂરી થઇ, વિશ્રાંતે નેમ છોડાવ્યા. ૨૦

ચોરાશી કોશની પરિક્રમા મોટી, શીખે સુણે ને ગાયજી;
જુગલ જોડીના ચરણારવિંદમાં, પ્રાપ્તિ તેની થાય. ૨૧

* * *

હોં વ્રજ માંગનો જુ

હોં વ્રજ માંગનોજુ, વ્રજ તજ અનત ન જાઉં-(ધ્રુ)
બડે-બડે ભુવપતિ રાજ, લોકપતિ દાતા સૂર સુજાન
કર ન પસારો સીસ ન નાઉં, યા વ્રજકે અભિમાન. ૧

સુરપતિ નરપતિ, નાગલોકપતિ, મેરે રંક સમાન
ભાંત ભાંત મેરી આસા પૂજયે,વ્રજજન સો જીજમાન. ૨

બાબા મેં વ્રત કરી કરી દેવ મનાયે, અપની ઘરની સંયૂત,
દિયો હે, વિધાતા સબ સુખદાતા, ગોકુલપતિકે પુત. ૩

બાબા હોં અપનો મન ભાયો લોહોં, કિત બોરાવત બાત,
ઓરનકો ધન ધન જોં બરખત,મો દેખત હસિ જાત. ૪

અષ્ટ સિદ્ધિ નવ નિધિ મેરે મંદિર, તુવ પ્રતાપ વ્રજ ઇસ
કહત કલ્યાણ મુકુંદ તાત, કરકમલ ધરો મમ શીસ. ૫

* * *

શ્રી જન્માષ્ટમીનું ધોળ

આનંદ સાગર ઉમટયો રે લોલ,
શ્રી વાસુદેવ દેવકીનો દ્વાર જો,
આઠમ ભાદરવા વદી રે લોલ,
રોહિણી નક્ષત્ર બુધવાર જો.
પ્રકટયા શ્રી કૃષ્ણ મન ભાવતો રે લોલ ટેક ૧

પીળાં પીતાંબર પહેરિયાં રે લોલ,
ઓઢ્યા ઉપરણા સાર જો,
મસ્તકે મુકુટ બિરાજતા રે લોલ,
કુંડળ ઝળકે છે કાન જો. પ્રક. ૨

ભાલે તિલક મૃગમદતણાં રે લોલ,
ખીટલિયાળા કેશ જો,
ચારે ભુજાએ આયુધ ધર્યા રે લોલ,
શંખ ચક્ર ને ગદા પદ્મ જો. પ્રક. ૩

નાક નકવેસર શોભિતા રે લોલ,
ચુની છે લાલ ગુલાલ જો.
અધર ઉપર મોતી ઢળકતાં રે લોલ,
હડપચીએ હીરલાની કાંતિ જો. પ્રક. ૪
બાંહે બાજુબંધ બેરખા રે લોલ,
પહોંચી છે રત્ન જડાવજો,
હાથે હાથફૂલ સોહે મુદ્રિકા રે લોલ,
ઉર ગજ મોતિના હાર જો. પ્રક. ૫
કટિ તટ કટિ મેખલા રે લોલ
ચરણે ઝાંઝરનો ઝમકારજો
એવા પ્રભુજીને નીરખતાં રે લોલ,
દુઃખ ગયાં સર્વે દુર જો. પ્રક. ૬
વસુદેવ દેવકીજી હરખિયા રે લોલ
નિરખ્યાં શ્રીમુખ સ્વરૂપ જોઃ
એવા પ્રભુને ક્યાં રાખશું રે લોલ,
કોપ્યો છે કંસરાય ભૂપ જો. પ્રક. ૭
ત્યારે બાલક એમ બોલિયા રે લોલ,
સાંભળો અમારી વાત જો,
નંદ તણા દરબારમાં રે લોલ,
મેલી આવો મુજને તાત જો. પ્રક. ૮
કન્યા લઇને વહેલા આવજો રે લોલ,
સરશે તમારું કાજ જો,
તે તમે કંસને દેખાડજો રે લોલ,
મોડશે એનાં માન જો. પ્રક. ૯
એમ કહીને માયા ફેરવી રે લોલ,
ધાર્યું છે બાલસ્વરૂપ જો,
વિસ્મય થયાં વસુદેવ-દેવકી રે લોલ,
સ્વપ્ન થયું કે આ સત્ય જો. પ્રક. ૧૦

ભાંગી ભોગળ ખોલ્યાં બારણાં રે લોલ,
સૂતા છે સહુ દરવાન જો,
ધારી હરિને નિસર્યા રે લોલ,
લીધી શ્રી ગોકુલની વાટ જો. પ્રક. ૧૧

ઝરમર વરસે છે મેહુલા રે લોલ,
ચહુંદિશ ચમકે છે વીજ જો,
આગળ સિંહ ડહુકતા રે લોલ,
શેષનાગે કીધી છે છાંય જો. પ્રક. ૧૨

શ્રી યમુનાજી વહે છે ભરપુરમાં રે લોલ,
ઉઠે છે લહેર તરંગ જો,
ચરણકમલ હરિના સ્પર્શશું રે લોલ,
નીચાં થયાં તે તહાં નીર જો. પ્રક. ૧૩

દીધો માર્ગ ચાલ્યા ઉતરી રે લોલ,
પહોંચ્યા શ્રીનંદદરબાર જો,
સૂતા દીઠા સહુ સાથને રે લોલ,
મનમાં કીધો છે વિચાર જો. પ્રક. ૧૪

શ્રી યશોદાજીની ગોદમાં રે લોલ,
પોઢાડયા શ્રી બાલકૃષ્ણલાલ જો,
કન્યા લઈ પાછા વળ્યા રે લોલ,
જોજો પ્રભુજીના ખ્યાલ જો. પ્રક. ૧૫

જાગ્યા જશોદાજી તે સમેરે લોલ,
નીરખ્યા શ્રી સુંદરશ્યામ જો,
શ્રીનંદજી અતિઘણું હરખિયા રે લોલ,
આપ્યાં છે રત્નકેરાં દાન જો. પ્રક. ૧૬

ઘેર ઘેર તોરણ બાંધિયા રે લોલ,
માનીની મંગલ ગાય જો,
સહુ વ્રજ ઉમંગ્યું પ્રેમશું રે લોલ,
આનંદ ઉત્સવ થાય જો. પ્રક. ૧૭

હલદર દહી ઘૃત દૂધની રે લોલ,
મચ્યો છે કીચ અપાર જો,
તાળી વાગે ને ફરે કુદડી રે લોલ,
નાચે છે સહુ નરનાર જો. પ્રક. ૧૮

બ્રહ્મા મહાદેવ મુનિ દેવતા રે લોલ,
બોલે છે જય જયકાર જો,
દેવનાં તે દુંદુભિ વાગિયાં રે લોલ,
વરખે છે કુસુમ અપાર જો. પ્રક. ૧૯

એ સુખ શોભા શી કહું રે લોલ,
કહેતાં ન આવે પાર જો,
શ્રીવલ્લભચરણ પ્રતાપશું રે લોલ,
હરિદાસ જાય બલિહાર, જો. પ્રક. ૨૦

શ્રી દ્વારકાધીશજીનું ધોળ

ધન્ય કાંકરોલી ગામ રે, વહાલો વસે વ્રજના ધણી રે. ૧.
ધન્ય કાંકરોલી ગામ રે,શ્રીદ્વારકાધીશની શોભા ઘણી રે;
ધન્ય કાંકરોલી ગામ રે, પુરૂષોતમ સેવા કરે રે. ૨.

ધન્ય કાંકરોલી ગામ રે, રાયસાગર રળિયામણો રે;
ધન્ય કાંકરોલી ગામ રે, દુનિયા દરશને જાય છે રે. ૩.

ધન્ય કાંકરોલી ગામ રે, માનિની મંગળ ગાય છે રે,
ધન્ય કાંકરોલી ગામ રે, આનંદ ઓચ્છવ થાય છે રે. ૪.

ધન્ય કાંકરોલી ગામ રે, જે જીવ શરણે જાય છે રે;
ધન્ય કાંકરોલી ગામ રે, માધવદાસ' ગુણ ગાય છે રે. ૫.

* * *

અણુગ્રહેણૈવ સિદ્ધિર્લૌકિકી યત્ર વૈદિકી । ન યત્નાદન્યથા વિઘ્નઃ પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥
પુષ્ટિમાર્ગમાં લૌકિક અને વૈદિક સિદ્ધિઓ સર્વ પ્રકારના કાર્યો કોઈપણ સાધનની સહાયતા વિના હરિકૃપાથી જ થાય છે.

શ્રી બાલકૃષ્ણજીનું ધોળ

મણિમય ભૂમિ, મહાવનમાં શ્રી જસોદાજી ઘર સોહે;
શ્રીબાલકૃષ્ણજી ખેલે છે, માખણ મીશ્રી મુખ મેલે છે;
એવી બાલલીલા રસ રેલે છે. મણિ૦ ૧

હળવે હળવે ઘુટુરૂન ચાલે, પ્રતિ બિંબજોઈને તે ઝાલે,
એવાં અદ્‌ભુત સુખ જનનીને આલે. મણિ૦ ૨

નૂપુર કટિ કિંકિણિ વાજે છે, શબ્દ સુણીને રતિપતિ લાજે છે;
એવી ઉપમા નંદ ઘેર છાજે છે. મણિ૦ ૩

ઝગુલી ટોપી અંગે ઓપી, મુખ શોભા જોઈ રહ્યાં ગોપી;
તેણે કુળ મરજાદા સહુ લોપી, મણિ૦ ૪

વહાલો રત્નજટિત ઝૂલે પલના, ઝુલાવે સૌ વ્રજની લલના;
મુખ જોયા વિના ન પડે કલના. મણિ૦ ૫

વ્હાલે શકટ પૂતનાને મારી, સ્તન પાન કરીને તે તારી;
એ છબી પર નિજ્જન બલિહારી. મણિ૦ ૬

સબ આરતિ ઉતારો મેરે લાલન કી

સબ આરતી ઉતારો મેરે લાલનકી
મેરે લાલનકી, મેરે બાલનકી. સબ...

માતા યશોમતી કરત આરતી
ગિરિધર બાલ ગોપાલનકી. સબ...

કંસ નિકંદન જય જગવંદન
કૃષ્ણ કૃપાળુ દયાલનકી. સબ...

વ્રજજન મીલી સબ મંગલ ગાવત
છબી નિરખત નંદલાલનકી. સબ...

મોર મુગટ પિતામ્બર કૃણ્ડલ
મુખ પર લાલી ગુલાબનકી. સબ...

મોતન માલતી ઔર છટા અરૂ
ઉપર તુલસી માલનકી. સબ...

કૃષ્ણદાસ બલિહારી છબીપોં
કૃષ્ણ કનૈયા લાલનકી. સબ...

* * *

સાંઝીનું ધોળ

ચાલો તો બરસાને જઈએ લાડીલીજીને સાથે લઈએ
જઈને વાલાને કહીએ રે -રસિક પ્યારી
વ્રજબાલા સર્વ મળી કીરતીજીને દ્વારે ચાલી
જઈને રૂડી વાતો કરીએ એ -રસીક પ્યારી.
સાંજી રમવાને માટે કુંવરીને લીધા સાથે,
જાઉં શ્રી જમુનાને ઘાટે રે -રસીક પ્યારી.
કીર્તીજીએ કુંવરી શણગારી રતી રંભાને વીસારી,
એવી રાધે સુકુમારી રે -રસીક પ્યારી.
વ્રજબાળા આવી ત્યાં શ્રી જમુનાજીના કુંજ માંય,
વિવિધ વૃક્ષની છાંય રે -રસીક પ્યારી.
પુષ્પ વીણે સહુબાળા ત્યાં તો આવ્યા નંદલાલા
કરત વિવિધ ખ્યાલ રે -રસીક પ્યારી.
વાલો મારો ગેંદે રમે વ્રજવનિતાને ગમે,
કોટી કામ આવી નમે રે -રસીક પ્યારી.
બાળા પુછે લાલ ફુલ વીણો છો. શું કામ,
કયાં છે. તમારું ગામ રે -રસીક પ્યારી.
સાંજીની તો રીત ન્યારી જુવો ચતુરાઈ અમારી
એમ કહે છે ગીરીધારી રે -રસીક પ્યારી.
લલીતા વિચાર કરે મન અતી મોદ ભરે.
કેમ તોડી જાઉં ઘરે રે -રસીક પ્યારી.
જુવતી એ જુવતી વિચારી પહેરાવ્યા ચોળીને સાડી

તોય તે ન જાણે માડી રે -રસીક પ્યારી.
સુંદર શણગાર સજ્યા સબળાના અબળા કર્યા
શ્યામ સખી નામ ધાર્યા રે -રસીક પ્યારી.
વ્રજબાળા ચાલી ઘરે સાથે લીધા વનમાળી
કંઠે બાહોલી કાળી રે -રસીક પ્યારી.
ચાલ્યા સહુ મદમાતા હળી મળી ગીત ગાતા
આવ્યા શ્રી કાલીંદી કાંઠે રે -રસીક પ્યારી.
નીરખી કીર્તીજી રાણી મન ઘણું હરખાણી
રમવાની રીત જાણી રે -રસીક પ્યારી.
લલીતાને પુછે માત કોણ છે. તમારી સાથ
કોણ એના માત તાત રે -રસીક પ્યારી.
વાસો વસે નંદ ગામ શ્યામ સખી એનું નામ
સાંજી રમવાની હામ રે -રસીક પ્યારી.
કીર્તીજી રળીયાત થઈ સાથે લીધા રાધે શ્યામ
જઈનો ભવનમાં બેઠા રે -રસીક પ્યારી.
રાધેશ્યામ સંગરાજ વ્રજ વનિતા સૌ સમાજે
નીરખી આનંદ લાજે રે, -રસીક પ્યારી.
ચંદને શું લીંપી ભીંત ફુલડે સાંજી ચીતીત્ર.
પુષ્પ ઘણા છે શોભીત રે -રસીક પ્યારી.
શ્યામ આહીં ઘર તમારું પોઢો અહીં કીજે વાળું
એટલું કહ્યું માનો મારું રે -રસીક પ્યારી.
લલીતા જી બીડાં આપે રાધે શ્યામ સંગ રાજે.
પુષ્પ ઘણાં છે શોભીત રે -રસીક પ્યારી.
આળસ ભર્યા છે. નેણ તમારા વ્રજ તેના શુભ સેન
જોઈનો ચકીત થયા રે -રસીક પ્યારી.
ઉઠો રાધોશ્યામ પ્યારી આવી મળી વ્રજનારી
વિવિધ સામગ્રી સાઝી રે -રસીક પ્યારી.
સર્વે મળી ભોજન કીધા મુખવાસ બીડલા લીધા,

વ્રજ જનને સુખ દીધા રે, -રસીક પ્યારી.
શ્યામ ચાલ્યા સખી સાથે શ્રી જમુનાજી ન્હાવા નેમાટે,
આવ્યા કાલીંદીને કાંઠે રે -રસીક પ્યારી.
વસ્ત્રતો ઉતારી લીધાં વનીતાએ હાથ લીધા
સહું જનને સુખ દીધાં રે -રસીક પ્યારી.
મૈયા વાટ જુવે ધામ મારે જાવું નંદગામ.
આવી બન્યું એવું કામ રે -રસીક પ્યારી.
જસોદાજી ગોતવા ચાલ્યા લાલ દીઠી મન ભાવ્યા
હેતે કરીને બોલાવ્યા રે -રસીક પ્યારી.
મુખ પર ફેરવી હાથ પુછે છે જસોદા માત
કાન કીંયા રહ્યાં રાત રે -રસીક પ્યારી.
વાલે બનાવી વાત સાંભળો જસોદા માત
ગોવર્ધનમાં રહ્યો રાત રે -રસીક પ્યારી.
પાકા ફળ મુજને આપ્યા પ્રેમે કરી માગી લીધા
એની પાસે સેન કીધા રે -રસીક પ્યારી.
વાલાજીની મુખ વાણી સુણી હસીયા સર્વે પ્રાણી
હસીયા જસોદા રાણી રે, -રસીક પ્યારી.
દાસના છો પ્રભુ પ્યારા શ્રી ગોર્વધન મોરલી વાળા
જસોદાના કુંવર કાળા રે -રસીક પ્યારી.

અષ્ટાક્ષરનું પદ

કૃષ્ણ શ્રી કૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે, ।।ટેક।।
રેન દિન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી;
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે ૧

હોત હરિ રૂપ વ્રજ ભૂપ ભાવે સદા,
અગમ ભવ સિંધુકો વિના સાધન તરે;
રહત નિશ દિવસ આનંદ ઉરમેં ભર્યો,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ભર્યો, ...૨

રમા અજ શેષ સનકાદિ શુક શારદા,
વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે;
લાલ ગિરિ ધરનકી મહિમા અતુલ જગ મગે,
શરણ કૃષ્ણ દાસ નિગમ નેતિ નેતિ કરે ૩

* * *

અષ્ટાક્ષરનો ધ્વનિ

શ્રી કૃષ્ણ શરણં મમ શ્રી કૃષ્ણઃ શરણં મમ
શ્રી કૃષ્ણ શરણં મમ જય શ્રી કૃષ્ણઃ શરણં મમ
કદમ કેરી ડાળો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
જમુના કેરી પાળો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વ્રજ ચોરાશી કોશ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
કુંડ કુંડની સીડીઓ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
કમલ કમલ પર મધુકર બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ડાળ ડાળ પર પક્ષી બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વૃંદાવનના વૃક્ષો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ગોકુલિયાની ગાયો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
કુંજ કુંજ વન ઉપવન બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વ્રજ ભૂમિના રજકણ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
રાસ રમંતી ગોપી બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ધેનુ ચરાવતા ગોપો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વાજાને તબલામાં બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
શરણાઈ ને તંબુરમાં બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
નૃત્ય કરંતી નારી બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
કેસર કેરી ક્યારી બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
આકાશે પાતાળે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ચૌદ લોક બ્રહ્માંડે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ચંદ્ર સરોવર ચોકે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
પત્ર પત્ર શાખાએ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ

આંબા લીંબુને જાંબુ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વનસ્પતિ હરિયાળી બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
જતીપુરાના લોકો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
મથુરાજીનાં ચોબા બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ગોવર્ધનને શીખરે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ગલી ગલી ગેહરવન બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વેણુ સ્વર સંગીત બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
કળા કરંતા મોર બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
પુલિન કંદરા મધુવન બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
શ્રી જમુનાજીની લહરો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
આંબા ડાળે કોયલ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
તુલસીજી ના ક્યારા બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
સર્વ જગતમાં વ્યાપક બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વિરહીજનનાં હૈયાં બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
કૃષ્ણ વિયોગે આતુર બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
વલ્લભી વૈષ્ણવ સર્વે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
મધુર વીણા વાજિંત્રો બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ચંદ્ર સૂર્ય આકાશે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
તારલિયાના મંડળ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
અષ્ટ પ્રહર આનંદે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
રોમ રોમ વ્યાકુળ થઈ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
મહામંત્ર મન મોહે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
જુગલ ચરણ અનુરાગે બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
શ્રી કૃષ્ણઃ શરણં મમ જય શ્રી કૃષ્ણઃ શરણં મમ
શિવ સનકાદી નારદ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
ધ્રુવ પ્રહલાદ બાલ બોલે શ્રી કૃષ્ણઃ શરણં મમ
શ્રી કૃષ્ણઃ શરણં મમ શ્રી કૃષ્ણઃ શરણં મમ
શ્રી કૃષ્ણઃ શરણં મમ જય શ્રી કૃષ્ણઃ શરણં મમ

શ્રીનાથજીનો ધ્વનિ

મથુરામાં શ્રીનાથજી ગોકુલમાં શ્રીનાથજી
યમુનાજીને કાંઠે રમતાં રંગીલા શ્રીનાથજી
રંગીલા શ્રીનાથજી અલબેલા શ્રીનાથજી
વલ્લભકુળના વહાલા બોલો રંગીલા શ્રીનાથજી
મધુવનમાં શ્રીનાથજી કુંજનમાં શ્રીનાથજી
વૃંદાવનમાં રાસ રમતાં રંગીલા શ્રીનાથજી
નંદગામ શ્રીનાથજી બરસાને શ્રીનાથજી
કામવનમાં ક્રીડા કરતા રંગીલા શ્રીનાથજી
દાનગઢ શ્રીનાથજી માનગઢ શ્રીનાથજી
સાંકડીખોરે ગોરસ ખાતાં રંગીલા શ્રીનાથજી
સંકેતમાં શ્રીનાથજી વનવનમાં શ્રીનાથજી
ગહરવનમાં રાસ રમતાં રંગીલા શ્રીનાથજી
ગોવર્ધનમાં શ્રીનાથજી મારગમાં શ્રીનાથજી
માનસી ગંગામાં મન હરતાં રંગીલા શ્રીનાથજી
રાધાકુંડે શ્રીનાથજી કૃષ્ણકુંડે શ્રીનાથજી
ચંદ્ર સરોવર ચોકે રમતાં રંગીલા શ્રીનાથજી
વૃક્ષ વૃક્ષ શ્રીનાથજી ડાળ ડાળ શ્રીનાથજી
પત્ર પત્ર ને પુષ્પે રમતા રંગીલા શ્રીનાથજી
આન્યોરમાં શ્રીનાથજી ગોવિન્દકુંડ શ્રીનાથજી
અપ્સરાકુંડે આનંદ કરતા રંગીલા શ્રીનાથજી
ગલી ગલી શ્રીનાથજી કુંજ કુંજ શ્રીનાથજી
સુરભી કુંડે સ્નાન કરતા રંગીલા શ્રીનાથજી
મંદિરમાં શ્રીનાથજી પર્વત પર શ્રીનાથજી
જતીપુરમાં પ્રકટ બિરાજે રંગીલા શ્રીનાથજી
બિલછૂવનમાં શ્રીનાથજી કુસુમખોર શ્રીનાથજી
શ્યામઢાંકમાં છાક આરોગે રંગીલા શ્રીનાથજી
રૂદ્રકુંડ શ્રીનાથજી હરજીકુંડ શ્રીનાથજી
કદમખંડીમાં ક્રીડા કરતા રંગીલા શ્રીનાથજી
ગામ ગામ શ્રીનાથજી ઠામ ઠામ શ્રીનાથજી
ગુલાલ કુંડે હોળી રમતાં રંગીલા શ્રીનાથજી
નવલકુંડે શ્રીનાથજી રમણકુંજ શ્રીનાથજી
વ્રજવાસીના વહાલા બોલો રંગીલા શ્રીનાથજી

(૧૦) શ્રી વલ્લભના ગુણગાન

મૂલ-પુરૂષ

(રાગ : બિલાવલ)

મૂલ પુરૂષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્તિરીય ગોત્ર ભારદ્વાજ, તૈલંગ કુલ ઉદિત દ્વિજરાજ.

છંદ

દ્વિજરાજતેં હરિ આય પ્રગટે, સોમયજ્ઞ કિયો જબે,
કુંડતેહરિ કહી બાની, જન્મ કુલ તુમ્હારે અબેં;
ચકિત તત્ ક્ષણ ભયે સબજન, ઐસી અબલોં ન ભઈ કબેં,
સુનત હી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબેં. ૧

તિન કે પુત્ર ભયે ગંગાધર, તિન કે ગણપતિ સુત વલ્લભવર;
શ્રી લક્ષ્મણ ભટ્ટ અનુભવ ટેવ, શુદ્ધ સત્ત્વ જ્યોં શ્રી વસુદેવ.

છંદ

સત્ત્વ ગુણ વિદ્યા પયોનિધિ, વિશદ કીર્તિ પ્રકટઈ,
ગામ કાંકરવારમેં રહી, જાતિ સબ હરખિત ભઈ;
પર્વ પર સકુટુંબ લેકેં, ચલે પ્રાગકૂં, સાથ લે,
સ્નાન-દાન દિવાય દ્વિજકૂં, ચલે કાશી પાથ લે. ૨

કુછુક દિન રહી કે ચલે સબ દક્ષણ, આનંદિત તનુ સગુન સુલક્ષણ.
ચંપારણ્યમેં જબ આયે, ઈલ્લમાગારુ ગર્ભ સ્ત્રવિત જતાયે.

છંદ

સ્ત્રાવજાનિ ચલે તહાંતે, નગર ચૌડામેં બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દશહૂં દિશ માનો હસે;
ચેન હૈ સુનિ ચલે કાશી, ફેર વહીં બન આવહીં,
અગ્નિ ચહુંધા મધ્ય બાલક, દેખી સન્મુખ ધાવહીં. ૩

મારગ દિયો જાનિ જિય માતા, લિયે ઉછંગ મોહે દિયો વિધાતા;
તાત સુનત દૌરી કંઠ લગાયે, તિહીં છિન મંગલ હોત બધાયે.

છંદ

મંગલ બધાયો હોત તિહિંછિન દેવ દંદુભિ બાજહીં,
જોતસીકો લગ્ન પૂછત, પ્રથમ સમયો સાધહીં;
ધન્ય સંવત પંદ્રહા, પૈંતીસ માધવ માસ હૈ,
કૃષ્ણ એકાદશી શ્રી વલ્લભ, પ્રકટ વદન વિલાસ હૈ. ૪

શ્રીવલ્ભકૂં લે આયે કાશી, સુંદર રૂપ નયન સુખ રાશિ;
સાત વરસ ઉપવિત ધરાયે, તબતેં વિદ્યા પઢન પઠાયે.

છંદ

પઢેં ચારોં વેદ અરુ, ખટશાસ્ત્ર મહિના ચારમેં,
તાતકૂં અચરજ ભયો, યહ કૌન રૂપ બિચારમેં;
નિંદ આઈ કહ્યો પ્રભુ, સંદેહ કયોં તુમ કરત હો,
પ્રથમ બાનિ ભઈ હૈ સો, પ્રકટ જાનો અબ ભયો. ૫

જાગ પરી કહ્યો પત્ની આગે, યે હેં પૂરણ બ્રહ્મ અનુરાગે;
શ્રીમુખ વચન કહે શ્રીવલ્લભ, માયામત ખંડન ભયે સુલભ.

છંદ

સુલભતેં દક્ષિણ પધારે, ગ્યારે બરસકો વપુ ધરે,
દેખ મામા હરખકે, આદર કિયો - 'આવો ઘરે';
વિદ્યાનગર 'કૃષ્ણદેવ' રાજા, બહૂત મતહી જહાં મિલે,
જીતકે 'કનકાભિષેક' સૂં, પઢે આવત ઈહાં પહિલે. ૬

રામાનુજ અરુ મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી, નિમ્બાદિત્ય, હરિભજ;
શંકરમેં અનુસરત ઔર મત, યુક્તિ બલતેં આજ સબલ અતિ.

છંદ

સબલ સુન આપુહિ પધારે, દ્વારપેં પહુંચે જબેં,
ભૃત્ય દૌરી પ્રતાપ બરન્યો, 'રાય આઓ યહાં અબે';
રાય આય પ્રણામ કીનો, 'સભામેં જુ પધારિયે,
સુનહો બિનંતી કૃપા સાગર, દુષ્ટ મતહિ વિદારિયે.' ૭

ગજગતિ ચાલ ચલે શ્રીવલ્લભ, ઈનકી કૃપા ભયે સબ સુલભ,
રવિ કે ઉદય કિરણ જયોં બાઢી, તૈસી સભા પાંત ઉઠિ ઠાડી.

છંદ

ઠાડે સબ સ્તુતિ કરે જબ, કિયો 'માયામત' ખંડન,
શબ્દ 'જે જે' હોય સબ મુખ, ભક્તિ પથ ભુવ મંડન,
સ્તુતિ કરે દ્વિજ હાથ જોરેં, રાય મસ્તક નાવહીં,
પરમ મંગલ હોત હે, 'કનકાભિષેક' કરાવહીં. ૮

પાછે જલસોં ન્હાય બિરાજે, વિનતી કરી રાય મન સાજે;
'દ્રવ્યસબે અંગીકૃત કરીયે' પ્રભુ બોલે 'યહ નાંહીન ગ્રહિયે'.

છંદ

'ગ્રહિયે નાહિન સ્નાન જલવત, બાંટ સબકોં દીજિયે'
બાંટ દીનો કરી બિનંતી, 'મોહ શરણ જુ લીજિયે';
કૃપા કરિ કેં શરણ લીનોં, થાર ભરિ મહોરેં ધર્યો,
સપ્ત લૈકેં કહ્યો, દૈવી-દ્રવ્ય અંગીકૃત કર્યો. ૯

તહાંતે પંઢરપુર જુ સિધારે, શ્રી વિઠ્ઠલનાથ મિલનકું પધારે;
ભીમરથીકે પાર મિલે જબ, દોઉ તનમેં આનંદ બઢયો તબ.

છંદ

બઢયો આનંદ કરી બિનતી, આપકો યહ શ્રમ ભયો,
કહિ શ્રી વિઠ્ઠલનાથજીનો, મિત્રતા-પથ પ્રાકટિયો;
ફેર શ્રી ગોકુલ પધારે, નિરખ યમુના હરખહી,
સંગ દમલાદિક હતે, તિનપેં કૃપારસ બરખહીં. ૧૦

એક સમે ચિંતા ચિત્ત આઈ, દૈવી કિહિં બિધ જાની જાઈ;
આસુરીસૂં સબ મિલિત સદાહી, ભિન્ન હોંય સો કૌન ઉપાઈ.

છંદ

ભિન્નકૌ જબ ચિત્ત ધર્યો, તબ પ્રભુ પધારે તિહિં સમે,
મધુર રૂપ અનંગ મોહિત, કહત સુધ કીને હમેં;
કરો અબતેં બ્રહ્મ કો, સંબંધ દૈવી સૃષ્ટિ સોં,
પાંચ દોષ ન રહે તાકે, 'નિવેદન' કરો વૃષ્ટિ સોં. ૧૧

વચન સુનિ હરખેં શ્રી વલ્લભ, યહ આજ્ઞાતેં પરમ અતિ સુલભ;
કંઠ પવિત્રા લે પહરાયે, મિસરી ભોગ ધરિ મન ભાયે.

છંદ

ભયો ભાયો ચિત્તકો, તબ પુષ્ટિ પથકૂં, અનુસરે,
શરણ જે આવત નિરંતર, કાલ-ભયતેં ના ડરે;
પ્રકટ સબ લીલા દિખાવત, નંદ-નંદન જે કરી,
અવનિ પર પદ પદ્મ રાખી, પરિક્રમા મિષ ઉર ધરી. ૧૨

ફેરી પંઢરપુર જબ આયે, શ્રી વિઠ્ઠલનાથ કહિ મન ભાયે;
કરિ વિવાહ બહુ રૂપ દિખાઓ, મેરો નામ સુવનકો ધરાઓ.

છંદ

ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો,
મૈં કહ્યો દ્વિજ આય બિનતી, કરે ચરણ સમોયગો';
આય વહાંતે વિવાહ કીનો, અધિક મંગલ તબ ભયો,
નામ ધર્યો 'શ્રીમહાલક્ષ્મી' દેખિ જોરિ દુઃખ ગયો. ૧૩

પરિક્રમા ત્રીજી ચિત્ત આઈ, નિકસ ચલે શ્રીવલ્લભરાઈ;
ઝારખંડમેં પ્રભુને જતાઈ, અબકે મોહિં મિલૌ મનભાઈ.

છંદ

મિલોંગે હરિદાસપેં, જહાં તીન દમન કહાવહીં,
ઈંદ્ર, નાગ જુ દેવદમન, સો મેરો નામ ધરાવહીં;
ફેરકેં જબ વ્રજ પધારેં, પાંચ સેવક સંગહેં,
સદ્દૂ હે આન્યોરમેં, તહાં દ્વારપેં ઠાડે રહે. ૧૪

સદ્દૂ કહિ 'સ્વામી કછુ ખેહેં?' મેઘન કહિ 'સેવક કૌ લૈ હૈ;
ઈતને પ્રભુ ગિરિ ઉપર બોલે, 'લાઈ નરો દૂધ' રહે અનબોલે.

છંદ

બોલી નરો 'યહ પાહુને આયે, તિનહીં કો બૈઠારિયેં',
પ્રભુ કહત 'મોહેં બેર લાગત, ભલી ચિત્ત બિચારિયે;'
લે ગઈ પય પ્યાય આઈ, દેખ શ્રી વલ્લભ કહ્યો,
'બચ્યો હોય કછુ હમેં દીજે, બોલ પહેલોહી ગહ્યો. ૧૫

દેખ નરો બોલી 'હૌં વારી, નામ દિજિયે ગર્વ પ્રહારી;
નામ દીનો પૂછિ 'વે કહાં હે', કહિ-પર્વત પર જાઓ તહાં હે.

છંદ

તહાં દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉ તન ફૂલહી,
વહી સમે સુખ કહી ન આરે, પંગુ ગતિ-મતિ ભૂલહી;
હસિ કહ્યો 'સકુટુંબ આવો, નિકટ રહી સેવા કરો',
માનિ બચન પ્રમાણ કીનો, સાસર દિશ પગ ધર્યો. ૧૬

કછુક દિન રહી સંગલે આયે, બસે અડેલમેં નિજ હરખાયે;
સંવત પંદ્રહા સડસઠ આયો આસો વદિ દ્વાદશી શુભ ગાયો.

છંદ

ગાયો શ્રી ગોપીનાથજી, જબ જન્મ લીનોં આયકેં,
જાનિ બલકો રૂપ હરખિત, દેત દાન બઢાયકેં;
ફેરકે ચરણાટ આયે, કછુક દિન રહે જાનકે,
ધન્ય સંવત પંદ્રહા, ધન બહોંતરા શુભ માનકે. ૧૭

પોષ કૃષ્ણ નવમી જબ આઈ, ઘર ઘર મંગલ હોત બધાઈ;
શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ ભયે સુનિકે, કહત ફિરત આનંદગુણ ગુનિકે.

છંદ

આનંદ બાઢયો ચહું દિશા, છબી નિરખી શ્રી વલ્લભ હસે,
બેઉ કછુક મુસકાય ચિતયે, દોઉ હસન મેરે મન બસે;
તિલક મૃગમદ છિપ્યો હરખિત, કહાંલો ગુણ ગાઈએ,
કૃપાતેં ઉછલિત નિજ રસ, છિપત નાહીં છિપાઈએ. ૧૮

શ્રીગોકુલેમેં વાસ સુહાયો, શ્રીરુક્મિણી, પદ્માવતી-પતિ ગાયો;
શ્રી ગિરિવરધર જિનહીં છબિલો, શ્રી નવનીત પ્રિય અરવિલો.

છંદ

પ્રિય શ્રી મથુરેશ, શ્રી વિઠ્ઠલેશ, શ્રી દ્વારકેશ જુ,
શ્રી ગોવર્ધનધર, શ્રી ગોકુલચંદ્રમા મથુરેશ જુ;
શ્રી મદનમોહન અષ્ટ, ઈહિ વિધિ રમણ શ્રી વિઠ્ઠલનાથકેં,
તાતકો ચિત્ત જાનિ સેવા, વિસ્તરી સબ સાથકેં. ૧૯

પંદ્રહસેં સત્તાણું કાર્તિક, વિમલ દ્વાદશી મંગલ નિત ઢિંગ;
પ્રથમ પુત્ર પ્રકટે શ્રી ગિરિધર ષટ્ ગુણ ધર્મી, ધર્મ ધુરંધર

છંદ

ધુરંધર ઐશ્વર્ય શ્રી ગોવિંદ, પંચદશ નિન્યાનવેં,
ઊર્જ શામલ અષ્ટમી શુભ, ગુરુ સુદિન પ્રકટે જબેં;
ઋતુ વિચત શૃંગાર આશ્વિન, અસિત તેરસ ભ્રાંજ હી,
શ્રી બાલકૃષ્ણજી મહા પરાક્રમી, વે સુખ સોલેં રાજ હી. ૨૦

કવિ સહ સુદિ સાતેં શ્રી ગોકુલપતિ,
યશ સ્વરૂપ માલા સ્થાપિત રતિ,
સોરહસેં ગ્યારહ કાર્તિક સિત, અર્ત બુધ રઘુનાથ શ્રી સહિત.

છંદ

હેતુ નિજ અભિધાન પ્રકટે, તાત આજ્ઞા માનકેં,
તિથિ કલા બુધ મધુ છઠ, વિમલ જ્ઞાન બખાનકેં;
શ્રી યદુનાથ પ્રકટે રહ્યો, વિરહ શ્રી ઘનશ્યામ સ્વરૂપકેં;
સહ કૃષ્ણ તેરસ રવિજ રિક્ષ, સત કલા શ્રીવિઠ્ઠલ ભૂપકે. ૨૧

ભામિની, રાની, કમલાબખાની, પારવતી, જાનકી, મહારાની;
કૃષ્ણાવતી મિલિ સાતોં કહાયે, યહ અલૌકિક રૂપ મહા યૈ.

છંદ

મહા અલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટ છાપ હૈ,
અલૌકિક સબ ભક્ત જન જો, શરણ લીને આપ હૈ;
યથામતિ કછુ બરનિ આઈ, જાનિયો યહ દાસ હૈ,
શ્રી 'દ્વારકેશ' નિરોધ માંગે, યહી ફલકી આશ હૈ. ૨૨

॥ ઈતિ શ્રી ગો. દ્વારકેશલાલજી મહારાજ કૃત શ્રી મૂલપુરુષ સંપૂર્ણ: ॥

શ્રી વલ્લભાખ્યાન – પહેલું

(રાગ : કેદાર)

વંદું શ્રી વિઠ્ઠલવર સુંદર, નવઘન શ્યામ તમાલ;
જગતીતલ ઉધ્ધાર કરેવા, પ્રકટ્યા પરમ દયાલ. ૧

શ્રી પુરૂષોત્તમ સ્વતંત્ર ક્રીડા, લીલા દ્વિજ-તનુ ધારી;
સાત દિવસ ગિરિવર કર ધાયો, વાસવ વૃષ્ટિ નિવારી. ૨

તે પ્રગટ્યાનું કારણ કહીએ, જો સુરતા મન આણો;
કરો કૃપા હું કરૂં વિનંતિ, પોતાનો કરી જાણો. ૩

વ્યાપક રૂપ અધ્વૈત બ્રહ્મ જે, તેજોમય કહેવાય;
આર્યપંથ અધિકારી મુનિજન, તે માંહે લય થાય. ૪

અક્ષર આદિ અખંડ અનુપમ, ઉપમા કહી ન જાય
અસ્તિ વસ્તુ સહુકોં મળી બોલે, નિગમ નેતિનેતિગાય. ૫

નિર્ગુણનો નિર્દેશ અટપટો, રસના શી પેરે કહી યે,
રૂપ વર્ણ, વપુ, દૃષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહી યે. ૬

તેહ થકી પુરૂષોત્તમ અળગા, લીલા અચલ વિહાર,
બ્રહ્માજ્ઞાનિ ને મુકિત મારગી, સ્વપ્ને નહિ વ્યવહાર. ૭

જયાં શ્રી વૃંદાવન આદિ અચલશશિ, શરદ રેણ બહુ વેશ,
વનદેવી પદ કુમ કુમ મુખ સુખ પરસે રંગ વિશેષ. ૮

જયાં સરિતા ચામીકર મણિગણ, ઉભય બધ્ધસોપાન,
કમલ, કુમુદ, નાના અતિ સુંદર, મધુર કરે ત્યાં ગાન. ૯

કનકલતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ,
શીતલ પવન ઝકોરે, લેહેરે, પરસે અતિ આનંદ. ૧૦

પદ્મરાગ, મરકતમણિ, સ્ફટિક, શ્રી ગોવર્ધન સોહે,
બ્રહ્મા, રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રી હરિનાં મન મોહે. ૧૧

નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિ પાર,
વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨

શ્યામા શતદલ નયન સુંદરી, જુથ તણો નહિ પાર,
અનેક રાસમંડલ રચના રચી, ખેલે શ્રી નંદકુમાર. ૧૩

એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્ય ઝંકાર,
અંગે-સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર. ૧૪

એ પ્રભુને મન ઈચ્છા ઉપની, યશ થાવા વિસ્તાર,
અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર. ૧૫

ભૃભંગેથી સૃષ્ટિ નીપની, અતિ સુંદર બ્રહ્માંડ,
ચૌદ લોક નાના વૈચિત્ર્યે, ભૂમંડલ નવખંડ. ૧૬

પર, પોતાની વ્યક્તિ કરેવા, સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર,
દૈવી-આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭

ભક્તિ સુંદરી ને માયા દાસી, બે મૂરત પ્રગટાવી,
તેમાં પહેલી નખશિખ સુભગા, શ્રીહરિને મન ભાવી. ૧૮

કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં, ઉપન્યા સત્વ અનંત,
ભક્તિ લીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯

બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન,
કર્મજડ આસુર અન્ય ઉપાસક, ભજન ધર્મથી હીન. ૨૦

એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ, મિશ્રિત ચાલી જાય,
ભક્તિમરગી જીવ સ્વતંત્ર કેવલ ભક્ત ન થાય. ૨૧

શ્રી પુરૂષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરીએ,
મારી સેવા અને કથારસ, નિરૂપવા તનુ ધરીએ. ૨૨

ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં, ઇચ્છા કરી હરિ સાર,
તેણે હેતે આપો પેં પ્રગટ્યા, શ્રી વલ્લભરાજ કુમાર. ૨૩

પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ-સુત, પુરૂષોત્તમ શ્રી વિઠ્ઠલનાથ,
શ્રી ગોકુલમાં પ્રગટ પધાર્યા, સ્વજન કીધાં સનાથ. ૨૪

શ્રી વલ્લભાખ્યાન – બીજું

(રાગ : રામકલી)

લક્ષ્મણસુત શ્રી વલ્લભરાયજી, સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી
કલિજન તરવા નહિ અવર ઉપાયજી,
યજ્ઞ પુરૂષ હરિના શ્રૃતિગુણ ગાયજી ૧

ગાય શ્રુતિ ગુણ-રૂપ અહર્નિશ, ધરી ધ્યાન વિચાર,
આનંદરૂપ, અનુપ, સુંદર, પામે નહિ કોઇ પાર. ૨

પ્રાણપતિ-પ્રાગટ્ય કારણ, કાંઇ એક કહું મતિમંદ.
હર, સુર, વિધાતા, નવ લહે સાક્ષાત્ બ્રહ્માનંદ. ૩

શ્રી વૃંદાવન-ચંદ મુખ રૂચિ, અગ્નિ તે અવતાર
દ્વિજતિલક ત્રિભુવન, નામ-નિરૂપમ, રૂપ અંગીકાર. ૪

દેવલોક દુંદુભિ વાગિયાં, આનંદ કરે રે નિશંક
અસુર તિમિર ઉચ્છેદવા ભુવિ, વલ્લભદેવ મયંક. ૫

પૂર્ણ પુરૂષ પ્રમાણપંથા વ્યાખ્યાતા વેદાંત
ગ્રંથ સર્વે રસરૂપ કીધા, પોતાને સિધ્ધાંત. ૬

રસિક રસના રસિક વાણી, જાણી નર નવખંડ
ઉર્ધ્વ પંથો સુયશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ. ૭

એક બ્રહ્માંડે જેના જશ ન માયા, તેના હુવા કોટિ અનંત
તોય ત્યાં થકી વાધિયો, જઇ વસ્યો મુખ ધીમંત. ૮

અતુલ અમલ ઉધોત ઉદયો, ભૂતલ દ્વિજ માર્તંડ
ભક્તિ માગર-કેસરી, ગજ-માયિક-મત શતખંડ. ૯

દિગ્વિજય દશ દિશાએ કીધો, પરિક્રમાને વ્યાજ
તીર્થ સકલ સનાથ કીધાં ચરણરેણુ-સમાજ. ૧૦

પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક-મત-માતંગ:
શ્રી કૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ. ૧૧

સ્વમારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ
નામ આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખ-મકરંદ. ૧૨

અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પ્રવેશ
કોમલ પદે જયાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૩

અંગ, બંગ, કલિંગ, કૈકટ, મગધ, મરૂ, સૂર, સિંધ;
તે તામસનાં અઘ હર્યાં, પરતાપ પદરજ-ગંધ. ૧૪

કનસ્નાન શતમણ સુવર્ણે, કરાવ્યું મહિપાળ
તે મૂકી વેગે ચાલિયા, રાય દ્રષ્ટિ ન પાછી વાળ. ૧૫

ત્યાંથી દક્ષિણ પાંઉ ધારિયા, પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ. ૧૬

વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું, કીધી શ્રી વલ્લભજી શું વાત
અમને તે ઇચ્છા એહ છે જે, હું નંદન તમે તાત. ૧૭

તે પુરૂષોત્તમ પ્રગટશે, શ્રી વિઠ્ઠલ રૂપ નિધાન,
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભક્તને સન્માન. ૧૮

ત્યાંથી શ્રીવૃંદાવન પાઉં ધારિયા, જયાં મધુપ કરે ઝંકાર
કુસુમ દ્રુપ નવ મલ્લિકા, મકરંદનો નહિ પાર. ૧૯

તરૂ તમાલ અતિ શોભતાં, હેમ જુથિકા સંઘોડ
લલના તે સુભગા લટકતાં, હીડે તે મોડા મોડ. ૨૦

તાન ધુનિ મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુપાન. ૨૧

કુંજ સદન સોહામણાં, શોભા તણો નહિ પાર
વિવિધ રાસમંડલ રચના રચી, ખેલે શ્રી નંદકુમાર. ૨૨

રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રી ગોવિંદ
તે પુત્ર ભાવે પ્રકટશે, મન ઉપન્યો આનંદ. ૨૩

બલદેવ શ્રી ગોપીનાથ કહીએ, શ્રી વિઠ્ઠલ નંદાનંદ
તે વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૪

ત્યાંથી કેશી ઘાટ પાઉં ધારિયા, કહી કથા તત્વ સમાધિ
રસપુંજ પુરૂષોત્તમ પ્રમાણ્યા, સરસ્વતિ તજી આધિ. ૨૫

ગિરિરાજને આશ્વાસન દીધો, ધરી કોમલ ચરણ
હરખે તે સામા આવિયા, શ્રી ગોવર્ધન ઉધ્ધરણ. ૨૬

હળી મળીને ચાલિયા, ચરણાટ જયાં નિજધામ
નવરંગ નાગર પ્રગટિયા, મન પૂરવા બહુ કામ. ૨૭

તત્વ સાંખ્યાયે કહ્યાં પદ, સાર માંહે સાર
હવે કાંઇ એક સ્તુતિ કરૂં, શ્રી વલ્લભરાજ કુમાર. ૨૮

શ્રી વલ્લભાખ્યાન – ત્રીજું

(રાગ : ધનાશ્રી)

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી, અક્કાજી ઉર ઊપન્યો આનંદ
આ ચંદ શ્રી વૃંદાવન તણો પ્રગટિયો. ૧

આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે સુહાયે રૂડા કંઠના નાદ;
આહલાદ ઉપન્યો તે અંગો અંગે ઘણો. ૨

આ સૂતિકાસદન સોહામણું, શોભા રૂડી લહેરડે જાય
આ વાંજિત્ર ગાજે તે સમે તણાં. ૩

આ સર્વસ્વદાન તેણે સમે, કરે રે શ્રીવલ્લભજી ઉદાર
આ સુકુમાર સુત ઉદયો શ્રવણે સુણી, ૪

આ પાતાળે શેષનાગ રીઝીયા, ઉપર ઇંદ્રાદિક દેવ
આ તત ખેવ સુણી નિશાન વજડાવિયાં. ૫

આ સિધ્ધ ગંધર્વ ગુણી અપસરા, ઊલટિયાં નૃત્યને નાદ
આહલાદ ભર્યા શ્રી વલ્લભજીએ માનિયાં. ૬

આ બ્રહ્મા, મહાદેવ, મુનિહરખિયા, વરખિયા કુસુમસમૂહ
આ મોહ ટાળ્યો જગતના જીવનો. ૭

આ નિગમ તે સામ શાખા સહસ્ત્રશું, કરે રે ભલા નિર્દોષ
આ ઘોષપતિ ભગવંત (ભગવદી) ભેટતાં. ૮

આ વેદવિહિત કૃત્ય સર્વે કીધાં, કીધાં બહુ પેરે ગૌદાન
આ માનશું સ્વજન, સંતોષિયા, ૯

આ કનક કચોળાં કુમકુમ ભર્યાં, અક્ષત દુર્વા ભર્યા રે સુથાળ
આ માળ પારિજાતની મહમહે. ૧૦

આ તોરણ પર્ણ સહકારનાં ધરણિયે ચંદન તણાં નીર
આ વીર શ્રી ગોપીનાથ, શ્રી વિઠ્ઠલ પ્રગટિયા. ૧૧

આ દધિ દૂધ ધૃત મધુ માંડવે, શેરડિયે વહે રે સુગંધ
આ સુગંધે મોહ્યા અલિકુલ આવિયા. ૧૨

આ સુત માગધ સાધુ સર્વે મળ્યા, મળિયા તે માંહો માહે
આ ઉત્સાહ ભર્યા કો કોને જાણે નહીં. ૧૩

આ શુકદેવ સબળ આનંદિયા, વંદિયા શ્રી વલ્લભનાથજીનાં ચરણ;
આ ગિરિધરણ શ્રી ભાગવત મારૂં નિરખશે. ૪

આ સકલ કલા કલિકાલમાં, કલ્પદ્રુમ પ્રગટિયો આજ
આ કાજ મન વાંછિત પૂરવા. ૧૫

આ તેલંગ તિલક ત્રિભુવન ધણી, મણિ મરકત ધનવાન
આ સમાન રૂપ નિરખતાં કોઇ નહીં. ૧૬

આ ગણક ગર્ગાદિક આવિયા, ભાવિયા દિયે રે આશિષ
આ જગદીશ શ્રી વલ્લભ ઘેર પ્રગટિયા. ૧૭

આ ધવલ ધનાશ્રી ગાન જે કરે, ઉચ્ચરે શ્રી વિઠ્ઠલજી અવતાર
આ સારસ્વત લીલા તે જન લહે. ૧૮

આ દાસનો દાસ જાય વારણે, બારણે રહ્યો રે ઉત્સવ જુવે
આ કો એક ભાગ્યવાન (ભગવદી) તે સમે. ૧૯

* * *

શ્રી વલ્લભાખ્યાન – ચોથું

(રાગ : ભૂપ કલ્યાણ)

તે પદ વંદું શ્રી વલ્લભનંદજી, ત્રિભુવનમંગલ પરમાનંદજી,
સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી,જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી ૧

ઢાળ

સુખદ વંદુ વલ્લભસુતનાં, પાદામ્બુજ સુકુમાર
નિગમ રહસ્ય વિચાર કીધો, સકલ જન નિસ્તાર. ૨

બ્રહ્મકુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિ ભાર
શ્રીનાથ વિઠ્ઠલ નામ નિરૂપમ, વૃંદાવન શૃંગાર. ૩

એક રસના કેમ કહું ગુણ, પ્રાકટ વિવિધ પ્રકાર
નિત્ય લીલા નિત્ય નૌતન, શ્રુતિ ન પામે પાર ૪

સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સાર માંહે સાર
તત્વ માંહે તત્વ ત્રિભુવન, ભક્તનો આધાર. ૫

સર્વે અંગોઅંગ રસભર્યા, રસભર્યા લોચન ચાર
ચલન-વલણે બોધવ્યા હૃદે, ભાવ અનેક પ્રકાર ૬

મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે, આવી કરે રે ગુંજાર
સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર. ૭

નામ-વ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શાગુકાર
ભુજદંડ-પરસે ભય હર્યા, એવા નાથ અમિત ઉદાર. ૮

સ્વ સ્વરૂપ-અર્થે પ્રોજ્જિઝયા, કૃત હુતા જે સંસાર
રાજ-કાજે જોડિયા જન, ઉચ્ચાવચ નરનાર. ૯

આગળ અંશો પ્રગટિયા તે, ગ્રંથ કહ્યા બહુવાર
શ્રી જશોદા-ઉત્સંગ-લલિત, પૂરણ અતિ સુકુમાર. ૧૦

અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર
ગિરિરાજધરનો તાપ ટાળ્યો, શ્રી લક્ષ્મણ સુત નિરધાર. ૧૧

પોતે તો પ્રગટ પોતા તણો, કર્યો રે ઉચ્ચાર
પોતે અંગો અંગ સુખદ શોભા, સદન અંગીકાર. ૧૨

સ્કંધ સંખ્યાએ કહ્યાં પદ, શ્રી ભાગવત્ રસરાજ
ભક્તજન-પદરજ પ્રતાપે, સકલ સરિયાં કાજ. ૧૩

શ્રી વલ્લભાખ્યાન – પાચમું

(રાગ : સામેરી)

શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય
નરનારી દુર્ગતિસકલ નિવારી,
પ્રગટયા શ્રી વ્રજપતિ રાસ વિહારી ૧

માયિક-મત જેણે ખંડ્યો, ભક્તિમારગ જેણે બહુ પેરે મંડયો
ઉત્પથ જન સર્વે દંડયો, મૂરખ હેતુ કુશબ્દ વિતંડયો ૨

વદન-સુધારક-જોતે, વચન સરસરસરાસ ઉધાતે
નવ જલ ધન-વપુ પોતે, ભક્તિ સરસ કીધાં પ્રભુ હોતે ૩

ભક્તિ પક્ષ દ્રઢ કીધો, વચન સુધારસ જન શ્રુતિ પીધો
અર્થ સકલ તેનો સીધો, તે લીલા માંહે તાણીને લીધો. ૪

ઢાળ

જે લીલામાં અંગીકાર કરિયો રે, તેનો સકલ તાપ નિસ્તરિયો રે
જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે રે તેને પ્રગટ પદારથ ચારે રે ૫

ઉપરાતં ભજન ફલ આપે રે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે રે
તેને દેવ મુનિ સર્વે ગાયે રે, તે તો સર્વ ઉપરાંત સુહાયે રે ૬

તેને કાલ કર્મ નવ બાંધે રે યમ તે શિર ધનુષ ન સાંધે રે,
એવો માર્ગ શ્રી વલ્લભવરનો રે જયાં નહિ પ્રવેશ વિધિ-હરનો રે ૭

જયાં નિત્ય રાસ બહુ પેર રે મધ્ય નાયક નિરતત ઘેરે રે
જયાં રત્ન જટિત તટ સરિતા રે નવ પલ્લવ ભૂમિ હરિતા રે ૮

જયાં રત્નધાતુ ગિરિગાજે રે વાજિંત્ર વિવિધ પેરે વાજે રે
જયાં યુવતી યુથ બહુ માંયે રે શ્રીજી શ્યામલ વર્ણ સુહાયે રે. ૯

એણી પેરે શ્રી ગુસાંઇજીને જાણો રે, જાણે અહર્નિશ ગાઇ વખાણો રે
જે જીવ જાતિ હોય કોઇ રે, તેને તત્ ક્ષણ સર્વે સુખ હોય રે. ૧૦
સેવક જન દાસ તમારો રે, તેનો રૂપ વિયોગ નિવારો રે. ૧૧

શ્રી વલ્લભાખ્યાન – છઠ્ઠું

(રાગ : પરમ)

સગુણ સ્નેહી શામળા વ્હાલા, અહિર્નશ દર્શન આપો જી,
પરમ સુખ દેવાને કાજે, વ્રજમંડળ સ્થિર કરી સ્થાપશોજી. ૧

શ્રી વલ્લભકુંવર કોડામણા, તમારૂં નામ નિરંતર લીજે જી,
રૂપ સુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજે જી. ૨

તે પદ કયારે દેખશું, જે ગોધન પૂંઠે ધાયે જી,
વ્રજ સુંદરી મુખ સુખ પામીને, વારંવાર અઘાયે જી. ૩

દિવસે સર્વ શ્યામા મળી, રસરૂપ તણો જશ ગાયેજી,
ગોપમંડળી મધ્ય દેખીને, વારંવાર સુખ થાયે જી. ૪

વાસર નિર્વાહ એમ કરે, સખી સાંયકાળે પેખે જી,
અલક મુખ ખુરરજ લાગી તે, કમલ ભ્રમર વિશેખે જી. ૫

ગોપ બાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવે જી,
મત્ત ગજગતિ મલપતા તે, શ્રી ગોકુલમાં આવે જી. ૬

લોચન-ભૃંગ પીયે ઘણું તે, પ્રગટ મુખ મકરંદ જી,
કમલપત્ર શી આંખડી તે, જોઇ જોઇ ટાળ્યો દ્વંદ્વજી. ૭

જોતાં તૃપ્તિ ન ઉપજે, પ્રભુ અધર-સુધારસ પાયે જી,
ભુજલતા ભીડી ભામિની, ત્યારે દિવસ તાપ બુઝાયે જી. ૮

પૂરણ સુખ દઇ ગોષ્ઠમાં, પ્રભુ આઘેરા પાઉં ધારે જી,
યશોદાજી લે ભામણામાં સુતને, રાઇ લૂણ ઉતારે જી. ૯

વસ્ત્રાંચલ મુખરાજ પોંછીને, રૂપ સકલ નિહાળે જી,
ઊંભી થાય રોમાવલી કર, કોમળ અંગ સંભાળે જી. ૧૦

કરી પેરે પેરે વારણાં સુતને, સદનમાં પધરાવેજી,
સુંદરી ગૃહ કારજ મિષે વળી, નિરખવાને આવે જી. ૧૧

ઉષ્ણોદક સોંઘો ભેળીને, અંગ અંઘોળ કરાવેજી,
અંગવસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પાછે તેલ લગાવેજી. ૧૨

અનેક સુંગધ વસન ને ભૂષણ, ફુલ અંબોડે ફાવે જી,
ઠણઠણતો વ્હાલો લાડકડો તે, ભોજન શાળાએ આવે જી ૧૩

રાધા અધર-સુધા વિના પિયુને, બીજું તે કાંઇ નવ ભાવે જી,
પ્રાતઃપધારેને નિશાએ આવે વ્હાલો,પ્રીતિ નવી ઉપજાવેજી. ૧૪

માતાનું મનરંજવા વ્હાલો, આરોગ્યા બહુ સ્વાદે જી,
સુગંધ બીડી કર ધરીને, ઉઠયા નૂપુરને નાદે જી. ૧૫

સકલ વ્રજમાં પોઢિયા વ્હાલો, વિવિધ રસસુખ દાન જી,
એ લીલા મારે મન વસો, જે ભક્ત માગે માન જી. ૧૬

શ્રી વિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી, લીલા એણી પેરે ઝાઝી જી,
ઓળવ્યે કેમ ચાલશે, જે પ્રીત અમશું બાઝી જી. ૧૭

* * *

શ્રી વલ્લભાખ્યાન – સાતમું

(રાગ : સામેરી)

આપ સેવા કરી શીખવે શ્રી હરિ,
ભક્તિ પંક્ષ વૈભવ સુદઢ કીધો;
આપની લીલા તે વદન પોતે કહી,
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો. ૧

વેદ દધિ મધ્ય નવનીત જે ભજન રસ,
મથિત માધુરી જીવે શ્રવણ પીધો;
તક્રસમ કર્મ-પથ સ્નેહ-રસ-હીન જે,
શ્વેત જાણી વિમુખ તાણી લીધો. ૨

એ ચરણ શરણ વિના લોક દશ ચારમાં,
કહોને કો નો કાંઇ અર્થ સીધો;
શું કહું ચતુર થઇ થઇ અને વિસ્તરે,
ભજે નહિ પશુ જેમ વિષય કીધો. ૩

બોલ વલ્લભ સુવન વિમલ વાણી,
જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી;
ગૂઢ રસ તત્વ જે વેદની વાણી તે,
પ્રગટ કીધી ભક્ત હેત જાણી. ૪

નંદનંદને રૂપે રાસ લીલા કરી,
પોતે ન ઉચ્ચારી છાની રાખી;
દિવસ એકાદની ઉત્તરાકુંવર પ્રતિ,
વ્યાસનંદન વિમલ વદન ભાખી ૫

બ્રહ્માદિ મહામુનિ અતિજ્ઞાન પારંગતા,
તો મધુસિંધુની કહિયે માખી;
ન કોઇ હુવો, ન હોય એ રૂપ સમ,
તેહના સકલ નિજ નિગમ સાખી. ૬

એ પ્રભુ પુંજ તે ભૂમિપર રૂચિ કરી,
ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી;
તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે,
મંદમતિ કહી અને નિંદા દાખી. ૭

વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે,
શ્રી વલ્લભકુંવરની ટહેલ કરવા;
ઘોષથી વેગે પાંઉ ધારિયા ગિરિ ભણી,
શ્રી ગિરિરાજ ધરણનો તાપ હરવા. ૮

ફૂલ ફેંટે ભર્યા વસન વાઘા તણાં
વિવિધ ભૂષણ તે અંગ ધરવા;
તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો,
જાણે નૌકા ચાલી સિધું તરવા. ૯

દિવસ એકાર્ધનો વિરહ તકે યુગ સમો,
નિરાંજન મિષે રૂપ હૃદય ધરવા
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું,
શ્રી વિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા. ૧૦

રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજન સાર;
વિવિધ વચનાવલી નયન સેને કરી,
સંજ્ઞા સૂચવે નિશિ વિહાર. ૧૧

રત્ન મુક્તાવલિ પાટસૂત્રે કરી,
ગલસરી શોભિતા કરે શૃંગાર;
વિવિધ કુસુમાવલિ ગ્રથિંત હાથે કરી,
એક એકને કંઠે આરોપે હાર. ૧૨

વિવિધ મેવા ભોગ મધુર મિષ્ઠાન રસ,
રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર;
વિવિધ બીડાં, સુગંધ, કપુર, એલચી,
લવીંગ-પૂંગી અને ખેરસાર ૧૩

વ્યજંન શીતલ વાયુ, મુકુર કરકમલ ધરી,
દેખાડતા મોહે સકલ સંસાર;
એ હ સેવા રસ પ્રગટ પોતે કરી,
નિજ સેવક તણી કીધી સાર. ૧૪

એ અહર્નિશ ધ્યાન શ્રી વિઠ્ઠલાધીશનું,
સકલ કલિમલ દુરિત કોટિ ક્ષાલે
એ પ્રભુ ભુવિ પ્રગટ વિપ્રવર તનુ ધરી,
દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે. ૧૫

જાલરંધ્રે સખી જાણે ચિત્રે લખી,
વાંછિતા નાથની છબિ નિહાળે;
કમલ, ખંજન મીન, મધુપ જ્યાં ત્યાં થકા,
વક્ર લોચન પાંત પાછાં વાળે. ૧૬

હાવ ભાવાદિક કોટિ કોટિ કરે,
મદન-જ્વર વ્યથા તે વેગે ટાળે;
દાસનો દાસ ભણે સકલ સજ્જન સુણે,
શ્રી વિઠ્ઠલ આપનું બિરદ પાળે. ૧૭

શ્રી વલ્લભાખ્યાન – આઠમું

(રાગ : ધનાશ્રી)

લલિત મનોહર, શ્રી વલ્લભ સુવન સુજાણ,
નખશિખ સુંદર, વ્રજ જન જીવન પ્રાણ. ૧

વદન કાંતિ જાણે, ઉદયા કોટિક ભાણ,
દ્વિજ કુલ મંડન, પ્રગટ્યા પુરૂષ પ્રમાણ. ૨

નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ,
તેના સાખી, ચારે વેદ-પુરાણ. ૩

અસુર હણવા, બ્રહ્મવાદ- કરપાણ,
ભક્તિ કરે સૌ, વાજંતે રે નિશાણ. ૪

વૈષ્ણવ જનને, આપે પદ-નિર્વાણ,
મારગ મુકતો, કોઇ ન માગે દાણ. ૫

ચરણ ચાખડી વંદે રાણો રાણ,
સરસ થયા જે, હુ તા પ્રેત પાષાણ. ૬

હતિત-પતિતનું, જુઓ તમે પ્રગટ એંધાણ,
શેષ સહસ્ત્ર મુખઃ ઉચ્ચરે જેનાં વખાણ. ૭

ચૌદ લોકમાં, વર્તે જેની આણ,
ત્રાસ તિમિરનું, જાણે સકલ વિહાણ. ૮

અધર્મ સકલનું, પેરે પેરે કીધું વિત્રાણ,
ધર્મ સકલનું, પ્રભુજીએ કીધું ત્રાણ. ૯

સન્મુખ કીધા, જે હુંતા ભ્રષ્ટ અજાણ,
નિર્ભય કીધા શિર પર ધરી નિજ પ્રાણ. ૧૦

નિગમ તત્ત્વરસ, યશ ભર્યા અમૃત સંધાન,
રૂપ સુંદરતા શું કહું ?નહિ કો એ સમાન. ૧૧

કૃપા કરી હરિ, રાખી બહુ વિધ કાન,
સેવક-જનને, રાખી લ્યો એ લ્હાણ. ૧૨

ઢાળ

એવા તે ગુણ નિધિ નાથ ગાંતા, બ્રહ્મ હત્યાદિક અઘ ટળે
લીલા તે લહરી સિંધુ ઝીલે, રાસ રસિકને જઇ મળે ૧૩

નિઃસાધન જન હિત કરેવા, શ્રીનાથ-વિઠ્ઠલ આવિયા,
વ્રજમાં તે હીડે મલપતા તે, વ્રજસખી મન ભાવિયા. ૧૪

કમલ નેણે ને અમૃત વેણે, વાકય માધુરી રેડતાં,
વેદ-ધ્વનિ મિષ હસ્ત ચલણે, શોભે સૌને તેડતાં. ૧૫

ભાંતિ ભાંતિ લીલા કરે પ્રભુ, સાતે સ્વરૂપ સોહામણાં,
એક એકથી અધિક શોભા, વ્રજસખી લે ભામણાં. ૧૬

પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં,
ઉત્સાહ આનંદ અધિક વાધ્યો, કુસુમ વરખે હરખતાં. ૧૭

રંગે તે રમતા રસભર્યા પ્રભુ ઘોષમાં લીલા કરે,
અધિક અધિક પ્રતાપ પૂરણ, યશ દશોદિશ વિસ્તરે. ૧૮

અંતઃપુર લીલા કરે પ્રભુ, સકલ જન સંતોષતા,
જાણે તે મત માતંગ છૂટયા, નપુરને નિર્દોષતા. ૧૯

હાર-કંકણ-કર્ણ ભૂષણ, નાદ નાના હીંડતાં,
ગાન ગાયને સ્વર સુહાયે, શ્રી નવનીત પ્રિયાજીને પોઢતા. ૨૦

સંધ્યા સમે શૃંગાર નૌતન, ફુલ ગૂંથે સૌ મળી,
સદન શોભા નિરખતાં તે, લક્ષ્મી મનં પામ્યાં રળી. ૨૧

વાસ વાંછે વ્રજ, વસેવા એણી પેરે સુખ પામવા,
શ્રી પુરૂષોત્તમ ઉત્તમ વરને, સમય જોઇ શિર નામવા. ૨૨

પ્રતિ સદન શોભા અતિ ઘણી, ભણી વેદ વદને ન જાય,
મકરંદ-માતા ભ્રમર ગુંજે, પક્ષી નાદ સોહાય. ૨૩

લીલાને અનુસાર કલરવ, કૂજતા દ્વિજ શોભતા,
સ્વ સ્વભાવ ત્યાગી, ધ્યાન રાગી, કોઇક ભાવે લોભતા. ૨૪

સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર,
રસિક જન સૌ સંગ મલીને, કરે તે ઉચ્ચાર. ૨૫

એણી પેરે લીલા કરે, શ્રી વલ્લભરાજ કુમાર,
ભક્તજનના કોડ પુરો, આપો ચરણ-વિહાર. ૨૬

શ્રી વલ્લભાખ્યાન – નવમું

(રાગ : વિભાસ)

નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે, શ્રી વલ્લભનો પરિવાર રે રસના
શ્રી પુરૂષોત્તમ પ્રગટિયા, જગતનો કરવા ઉધ્ધાર રે રસના ૧

કલિમાં કારણ એહ છે, બીજું સર્વે ભૂમિનો ભાર રે રસના
એ વિના બીજું સર્વે બાદલું, ચૌદ લોકનો શરણગાર રે રસના. ૨

ગોપીનાથજી શોહામણા, નવજલ ઘન તનુ ભાણ રે રસના
સુખદાતા લઘુ ભ્રાતના પુરણ પુરૂષ પ્રમાણે રે રસના. ૩

કમલ લોચન કરૂણા ભર્યા, શ્રી વિઠ્ઠસ સુખ-રાસ રે રસના
દિઠડે તાપ ત્રિવિધ ટળે, સ્મરણ માત્ર અધનાશ રે રસના. ૪

શ્રી ગિરિધર નરભૂષણ ભ્રાત સકલ ધુરિધાર રે રસના રે
વક્તા વેદ-શાસ્ત્ર તણાં શ્રી ભામિનીજી ભરથાર રે રસના. ૫

શ્રી ગોવિંદજી આનંદમય, ધર્મ સકલનું ધામ રે રસના
શ્રી રાણીજી રંજન રૂડલાં, ભક્ત સકલ વિશ્રામ રે રસના. ૬

શ્રી બાલકૃષ્ણલાલજી બાલુવા, સુંદર ભીનલે વાન રે રસના
કમલ-લોચન કમલા-પતિ છબિ નહિ કો એ સમાન રે રસના. ૭

શ્રી ગોકુલપતિ અતિ ગુણનિધિ, તાતતણો પ્રતિબિંબ રે રસના.
શ્રી પારવતી પતિ પ્રેમશું, શોભા સકલ કુટુંબ રે રસના. ૮

શ્રી રઘુપતિ અતિ ગજ ગતિ, રતિ-પતિ કરુ બલિહાર રે રસના
શ્રી જાનકી જીવન એ સદા, મધ્ય મણિ રત્નમય હાર રે રસના. ૯

શ્રી યદુપતિ જીવન જગતના, સદા મન પ્સન્ન હુલાસ રે રસના
નાહ તે શ્રી મહારાણી તણા મુખ માધુરી વિલાસ રે રસના. ૧૦

શ્રી ઘનશ્યામજી સિંચે સુધા, જીવન સકલ બ્રહ્માંડ રે રસના
નાહતે શ્રી કૃષ્ણાવતી તણા લીલા નિત્ય અખંડ રે રસના. ૧૧

શ્રી લક્ષ્મી-સત્યભામા બે હુ અગ્રજની અનુહાર રે રસના
શ્રી નવનીત પ્રિયાજીને રીઝવવા, સેવ્યા વિવિધ પ્રકાર રે રસના. ૧૨

શોભા, યમુના, કમલા, દેવકા, જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના
એ હુના ચરણ-સ્મરણ કરી શ્રી વિઠ્ઠલ પદ-રજ-રતિ માગ્ય રે રસના. ૧૩

પુત્ર-પૌત્રાદિક સુખ શું કહું, જો તું મુખમાં એક રે રસના
શ્રી વિઠ્ઠલ-કલ્પદ્રુમ ફળ્યો તેની શાખા પ્રસરી અનેક રે રસના. ૧૪

શ્રીસર્વોત્તમજીનું ધોળ

ભલે પ્રકટ્યા શ્રી વલ્લભ દેવ,શ્રીપુરુષોત્તમ ભૂતલ ફરીજી;
નહિ પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજવપુ ધરીજી. ૧

કરે નિગમ નિરૂપણ એમ, તે સાકારની સ્તુતિ કરીજી;
મહાકલિકાલાદિક દોષ, પંડિતની દ્રષ્ટિ તિમિર ભરીજી. ૨

મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરા સુર અરિજી;
વહાલે દયા કરી મુખરૂપ, નિજ લીલા પ્રકટ કરીજી. ૩

જેની વાણી અતિ દુર્બોધ, થાય સુબોધ જેણે કરીજી;
તેનાં અષ્ટોત્તરશત નામ, તે કહીએ મહા અઘ હરિજી. ૪

જેના ઋષિવર અગ્નિકુમાર, જગતિ છંદ નામે ધરીજી;
શ્રી કૃષ્ણ કમલ મુખ દેવ, બીજ દ્રષ્ટિ કરુણા ભરીજી. ૫

જેની ભક્તિમાં અંતરાય, તે નાશનું પ્રયોજન સહીજી;
આપે અધરામૃતની સિદ્ધિ, તે મધ્યે નિશ્ચય કરીજી. ૬

ઢાળ

વહાલો આનંદ પરમાનંદ કહેવાય, શ્રીકૃષ્ણકમલમુખ કૃપાનિધિ થાય. ૭
વ્હાલો દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય, જેના સ્મરણ માત્રથી આર્તિ જાય. ૮
શ્રીમદ્‌ભાગવત ગૂઢાર્થ પ્રકટાય, સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય. ૯
વેદપારંગ ચૌદ ભુવન કહેવાય, માયાવાદ નિરાકૃત સહુ મિલિ ગાય. ૧૦
સર્વવાદી નિરાશ કીધા તે લખાય, ભક્તિમાર્ગ સરસ કમલ વિકસાય. ૧૧
સ્ત્રી શુદ્રાદિકને ઉદ્ધારવા સમર્થ, જેના સાધનબલથી ન થાય અર્થ. ૧૨
અંગીકાર માત્રથી સર્વસ્વ કીયે, કીધા શ્રી ગોપીજન પતિને પ્રિયે. ૧૩
અંગીકાર કરે મર્યાદાનુસાર, મહાકરૂણાવંત સમર્થ અપાર. ૧૪
વહાલો અદેયદાન દેવાને ચતુર, મહાઉદાર ચરિત્ર કરે બહુ પુર. ૧૫
લીલા દેખાડી પ્રાકૃતની જેહ, તે મિષે મોહ્યા સુર રિપુ તેહ. ૧૬
વૈશ્વાનર શ્રીવલ્લભ છે નામ, વહાલો સુંદરરૂપ સ્વજનહિતકામ. ૧૭
કૃષ્ણભક્તિ કરે જન શિક્ષાકાજ, આપે અખિલ ઈષ્ટ શ્રીવલ્લભરાજ. ૧૮
સર્વ લક્ષણથી સંપન્ન વિવેક, શ્રીકૃષ્ણ જ્ઞાનદાતા ગુરૂ એક. ૧૯
પોતાના આનંદ થકી બહુ પુષ્ટ, એના કમલ પત્રથી નેત્ર સંતુષ્ટ. ૨૦
કૃપાદ્રષ્ટિની વૃષ્ટિથી હરખ્યાં મન, તે દાસદાસી પ્રિય પતિને અનન્ય. ૨૧
રોષદ્રષ્ટિ કરે ભક્તિ શત્રુ પ્રજાલ, ભક્ત સેવંતા સુખ સેવા રસાલ. ૨૨
જીરે ભક્તિ વિના નહિ સેવા સાધ્ય, તે કારણથી કહીએ દુરારાધ્ય. ૨૩
જેના ચરણસરોજ દુર્લભ દરશાય, તેના ઉગ્રપ્રતાપ ત્રિલોક કહેવાય. ૨૪
વચનામૃત કરી પૂર્યા સેવકના અર્થ, શ્રીભાગવત અમૃતમથન સમર્થ. ૨૫
તેનો સાંર કહીએ વ્રજસુંદરીનો ભાવ, તે પરિપૂર્ણ છે દેહ ભરાવ. ૨૬
સાન્નિધ્યમાત્રથી દાન કરે કૃષ્ણ પ્રેમ, ભક્તિ મુક્તિ દેવાનું એહને નેમ. ૨૭
એક રાસલીલામાં તેનું તાન, પ્રભુ કૃપા કરીને કરે કથાનું દાન. ૨૮
વહાલો વિરહના અનુભવને હેતે કાજ, સર્વ ત્યાગ જણાવ્યો શ્રી વલ્લભરાજ. ૨૯
ઉપદેશ કર્યો ભક્તિમાર્ગ આચાર, લોક માંહે કર્યો કર્મ માર્ગ પ્રચાર. ૩૦
વેદશાસ્ત્ર કહ્યાં યજ્ઞાદિક દાન, તેનું ફલ મર્યાદા ભક્તિ નિદાન. ૩૧
પ્રભુ પૂર્ણાનંદ છે પૂરણકામ, સરસ્વતીના પતિદેવ ઈશ અભિરામ. ૩૨

વહાલે સહસ્ત્ર કહ્યાં પુરૂષોત્તમ નામ, નિજજનને આશ્રયનું છે ધામ. ૩૩
ભક્તિમાર્ગની રીતે કરવા ઉપદેશ, બહુ ગ્રંથ કરીને ટાળ્યો સંશયનો લેશ. ૩૪
જેને પામવાને છોડ્યા પ્રાણથી પ્રિયે, એવા ભક્ત સમાજ બિરાજે શ્રીએ. ૩૫
આપ સાધન કરે નિજ દાસને કાજ, એવા સર્વ સમર્થ શ્રીવલ્લભ મહારાજ. ૩૬
કરવા ભક્તિ પ્રચાર ભૂતલ માંહી, વંશ કીધા પિતા થઇને ગ્રહી બાંહી. ૩૭
સર્વે સામર્થ્ય ધર્યું પોતાને વંશ, ગર્વ દૂર કરીને ટાળ્યો સંશયનો અંશ. ૩૮
પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત્, કરે યહ લોક પરલોક દાન વિખ્યાત. ૩૯
જેનાં અંતઃકરણ છે ગૂઢ અપાર, અંગીકૃતને જણાવ્યો મનનો વિચાર. ૪૦
ઉપાસનાદિક માર્ગ જે અન્ય, તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય. ૪૧
કર્યો નિશ્ચય જે ભક્તિ સર્વથી વિશેષ, કિધો શરણમાર્ગનો જુઓ ઉપદેશ. ૪૨
શ્રીકૃષ્ણના મનની જાણે વાત, લીલા કુંજબિહારી પરિપૂર્ણ ગાત. ૪૩
કથારસ મગ્ન સદા છે ચિત્તં, વિસર્યું સૌ તે થકી બીજું વિત્ત. ૪૪
પ્રિય છે ઘણું વ્રજને વ્રજને વાસ, કરે પુષ્ટિલીલા એકાંત વિલાસ. ૪૫
કરે ભક્તેચ્છા પરિપૂર્ણદાન, નહિ નિજ લીલાનું કોઇને જ્ઞાન. ૪૬
અતિ મોહિત જેનું શીલ ઘણું, નહિ લોક વિષે આસક્તિ અણું. ૪૭
નિજ ભક્તવિષે આસક્તિ છે એક, પ્રભુ પાવન કીધા પતિત અનેક. ૪૮
જે કરે પોતાના ગુણનું ગાન, તેના હૃદયકમલ રહેવાનું સ્થાન. ૪૯
નિજ યશરૂપી અમૃતલહરી, તેથી ભીંજવી સર્વરસ વાસના હરિ. ૫૦
પ્રભુ પોતે સર્વ થકી છે પર, ન કરે તુલ્યતા કોઇ અવર. ૫૧
લીલારસ અમૃત તરંગ બહુ, ભીંજવ્યાં છે ભક્ત શરીર સહુ. ૫૨
રૂચિ આપે ગોવર્ધન ગિરિ વાસ, તે લીલામાં છે અતિશય ઉલ્હાસ. ૫૩
કરે યજ્ઞ ભોગ ને યજ્ઞ કર્મ, આપે અર્થ, કામ ને મોક્ષ ધર્મ. ૫૪
પ્રભુ સત્ય વચન છો ત્રિગુણાતીત, નીતિ ચતુરાઇ છે અતિ અગણિત. ૫૫
કરવા પોતાની કીર્તિ પ્રકાશ, કર્યું વ્યાસ સૂત્રનું નૂતન ભાષ્ય. ૫૬
અતિ તુચ્છ તુલ જે માયાવાદ, કરી ભસ્માગ્નિ સ્થાપ્યો છે બ્રહ્મવાદ. ૫૭
અપ્રાકૃત ભૂષણની અતિ કાંતિ, હસ્તાં મુખ શોભે છે બહુ ભાંતિ. ૫૮
પ્રભુ તિન લોકના ભૂષણ સાર, પ્રકટયા ધરણીનું ભાગ્ય અપાર. ૫૯
પ્રભુ સુંદરતા છે અતિ અનૂપ, કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ. ૬૦
સૌ માગે છે પોતાના જન, ચરણારવિંદની રજ જે ધન. ૬૧
એ કહ્યા એકસો ને આઠે નામ, શ્રીવલ્લભ આનંદનું છે ધામ. ૬૨

વલણ

જે કોઇ શ્રદ્ધા કરી નિત્ય ગાય રે, તેનું મન પહેલું સ્થિર થાય રે. ૬૩
અધરામૃતની સિદ્ધિ પામે રે, તેમાં સંશયનો નહિ નામે રે. ૬૪
એ પામ્યા વિના મોક્ષ છે હીન રે, તેના ફલમાં મુક્તિ છે લીન રે. ૬૫
તેથી સર્વોત્તમ જપ કરવો રે, શ્રી કૃષ્ણ રસે મન ભરવો રે. ૬૬
શ્રી વિઠ્ઠલ ઉચ્ચરિત એ નામ રે, જે ગાયે પૂરે તેનાં કામ રે. ૬૭
તેનો જન્મ સફલ કરી લેખે રે, જેનાં વ્રજભૂષણ સુખ દેખે રે. ૬૮

શ્રી મહાપ્રભુજીની ૮૪ બેઠક

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

શ્રી મહાપ્રભુજીની ચોર્યાસી બેઠકમાં દંડવત્

પ્રથમ બેઠક શ્રી ગોકુલમાં શ્રી મહાપ્રભુજીની છે
અમારા પૂર્ણ પ્રેમે ત્યાં પ્રભુને દંડવત્ પહોંચે.
બીજી બેઠક શ્રી ગોકુલમાં બડી બેઠક બીરાજે છે, અમારા..
ત્રીજી બેઠક શ્રી ગોકુલમાં શય્યા મંદિરમાં બીરાજે છે અમારા..
ચોથી બેઠક શ્રી વૃન્દાવનમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
પાંચમી બેઠક શ્રી મથુરામાં વિશ્રામઘાટે બીરાજે છે અમારા..
છઠ્ઠી બેઠક શ્રી મધુવનમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
સાતમી બેઠક શ્રી કમોદવનમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
આઠમી બેઠક શ્રી બહુલાવનમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
નવમી બેઠક શ્રી રાધાકૃષ્ણ કુંડ ઉપર બીરાજે છે અમારા..
દશમી બેઠક શ્રી માનસી ગંગા ઉપર બીરાજે છે અમારા..
અગિયારમી બેઠક શ્રી પરસોલી ચંદ્ર સરોવર બીરાજે છે અમારા..
બારમી બેઠક શ્રી અન્યોરમાં સદુપાંડેના ઘેર બીરાજે છે અમારા..
તેરમી બેઠક શ્રી ગોવિંદકુંડ ઉપર શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
ચૌદમી બેઠક સુંદર શીલા ઉપર શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
પંદરમી બેઠક શ્રી ગિરિરાજજી ઉપર બીરાજે છે અમારા..
સોળમી બેઠક શ્રી કામવનમાં શ્રી કુંડ ઉપર બીરાજે છે અમારા..

સત્તરમી બેઠક શ્રીગહવરવનમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
અઢારમી બેઠક શ્રી સંકેતવન સમીપે કૃષ્ણકુંડ ઉપર બીરાજે છે અમારા..
ઓગણીસમી બેઠકશ્રી નંદગામમાં પાન સરોવર પર બીરાજે છે અમારા..
વીસમી બેઠક શ્રી કોકીલા વનમાં કૃષ્ણકુંડ ઉપર બીરાજે છે અમારા..
એકવીસમી બેઠક શ્રી ભાંડીરવનમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
બાવીસમી બેઠક શ્રી માનસરોવર શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
ત્રેવીસમી બેઠક શ્રી સોરમઘાટે ગંગાતીરે બીરાજે છે અમારા..
ચોવીસમી બેઠક શ્રી ચિત્રકુટે કાન્તાનાથ પર્વત પાસે બીરાજે છે અમારા..
પચ્ચીસમી બેઠક શ્રી અયોધ્યામાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
છવ્વીસમી બેઠક શ્રી નૈમિષ્યારણમાં શ્રી મહાપ્રભુજી બીરાજે છે અમારા..
સતાવીસમી બેઠક કાશીમાં શેઠ પુરૂષોત્તમદાસના ઘેર બીરાજે છે અમારા..
અઠ્ઠાવીસમી બેઠક શ્રી કાશીમાં હનુમાન ઘાટે બીરાજે છે અમારા..
ઓગણત્રીસમી બેઠક શ્રી હરિહર ક્ષેત્રમાં બીરાજે છે અમારા..
ત્રીસમી બેઠક જનકપુરમાં માણેક તળાવ ઉપર બીરાજે છે અમારા..
એકત્રીસમી બેઠક ગંગાસાગર કપિલાશ્રમ બીરાજે છે અમારા..
બત્રીસમી બેઠક શ્રી ચંપારણ્ય જયાં નિત્ય બીરાજે છે અમારા..
તેત્રીસમી બેઠક શ્રી ચાપાંરણ્યમાં બીજી બીરાજે છે અમારા..
ચોત્રીમી બેઠક શ્રી જગન્નાથપુરીમાં બીરાજે છે અમારા..
પાંત્રસમી બેઠક શ્રી પંઢરપુરમાં બીરાજે છે અમારા..
છત્રીસમી બેઠક નાસિક તપોવનમાં બીરાજે છે અમારા..
સાડત્રીસમી બેઠક શ્રી પન્ના નરસિંહ ધામે બીરાજે છે અમારા..
આડત્રીસમી બેઠક દક્ષિણમાં શ્રીલક્ષ્મણ બાલાજીમાં બીરાજે છે અમારા..
ઓગણચાલીસમી બેઠક શ્રી રંગજીમાં બીરાજે છે અમારા..
ચાલીસમી બેઠક વિષ્ણુ કાંચીમાં બીરાજે છે અમારા..
એકતાલીસમી બેઠક શ્રી સેતુબંધ રામેશ્વરમાં બીરાજે છે અમારા..
બેતાલીસમી બેઠક શ્રી મલયાચળ પર્વત ઉપર બીરાજે છે અમારા..
તેતાલીસમી બેઠક શ્રી કોંકણમાં લોહગઢમાં બીરાજે છે અમારા..
ચુમાલીસમી બેઠક શ્રી તામ્રપર્ણા નદી તીરે બીરાજે છે અમારા..
પીસ્તાલીસમી બેઠક શ્રી કૃષ્ણા નદી તીરે બીરાજે છે અમારા..

છેતાલીસમી બેઠક શ્રી પંપાસરોવર પર બીરાજે છે અમારા..
સુડતાલીસમી બેઠક શ્રી પદ્મનાભજીમાં બીરાજે છે અમારા..
અડતાલીસમી બેઠક શ્રી જનાર્દન બીરાજે છે અમારા..
ઓગણપચાસમી બેઠક શ્રી વિદ્યાનગરમાં બીરાજે છે અમારા..
પચાસમી બેઠક શ્રી ત્રિલોકભાનજીમાં બીરાજે છે અમારા..
એકાવનમી બેઠક શ્રી તોતાદ્રી પર્વત પર બીરાજે છે અમારા..
બાવનમી બેઠક શ્રી દરવસેનજીમાં બીરાજે છે અમારા..
તેપનમી બેઠક શ્રી સૂરતમાં તાપી નદી તીરે બીરાજે છે અમારા..
ચોપનમી બેઠક શ્રી ભરૂચમાં શ્રી નર્મદા તીરે બીરાજે છે અમારા..
પંચાવનમી બેઠક શ્રી મોરબી (મયુરધ્વજ) બીરાજે છે અમારા..
છપ્પનમી બેઠક જામનગરે શ્રી નાગમતી તીરે બીરાજે છે અમારા..
સત્તાવનમી બેઠક શ્રી ખંભાલીયામાં બીરાજે છે અમારા..
અઠ્ઠાવનમી બેઠક શ્રી પિણ્ડતારક શ્રી દ્વારકામાં બીરાજે છે અમારા..
ઓગણસાઇઠમી બેઠક મુળ ગોમતી તીરે બીરાજે છે અમારા..
સાઇઠમી બેઠક શ્રી દ્વારકામાં બીરાજે છે અમારા..
એકસઠમી બેઠક શ્રી ગોપીતળાવ ઉપર બીરાજે છે અમારા..
બાસઠમી બેઠક શ્રી શંખોદ્ધાર શંખ તળાવ કિનારે બીરાજે છે અમારા..
ત્રેસઠમી બેઠક શ્રી નારાયણ સરોવર પર બીરાજે છે અમારા..
ચોસઠમી બેઠક શ્રી જુનાગઢ રેવતી કુંડ ઉપર બીરાજે છે અમારા..
પાંસઠમી બેઠક શ્રી પ્રભાંસ ક્ષેત્રમાં બીરાજે છે અમારા..
છાસઠમી બેઠક શ્રી માધવપુરમાં બીરાજે છે અમારા..
સડસઠમી બેઠક શ્રી ગુપ્તપ્રયાગમાં બીરાજે છે અમારા..
અડસઠમી બેઠક શ્રી ધંધુકા પાસે તગડીમાં બીરાજે છે અમારા..
ઓગણ્યા સીતરમી બેઠક નરોડામાં બીરાજે છે અમારા..
સીત્તેરમી બેઠક શ્રી ગોધરામાં રાણા વ્યાસના ઘેર બીરાજે છે અમારા..
ઇકોતેરમી બેઠક શ્રી ગુજરાતમાં ખેરાળુમાં બીરાજે છે અમારા..
બોતેરમી બેઠક શ્રી સિધ્ધપુર ક્ષેત્રમાં બીરાજે છે અમારા..
તોતેરમી બેઠક શ્રી અવંતીકા-ઉજ્જૈનમાં બીરાજે છે અમારા..
ચુંમોતેરમી બેઠક શ્રી પુષ્કરજીમાં બીરાજે છે અમારા..

પીચોતેરમી બેઠક શ્રી કુરૂક્ષેત્રમાં બીરાજે છે અમારા..
છોતેરમી બેઠક શ્રી હરિદ્વારમાં બીરાજે છે અમારા..
સિત્યોતેરમી બેઠક શ્રી બદ્રિકાશ્રમમાં બીરાજે છે અમારા..
ઇઠ્ઠોતેરમી બેઠક શ્રી કેદારનાથમાં બીરાજે છે અમારા..
ઓગણ્યાએંસીમી બેઠક શ્રી વ્યાસ આશ્રમમાં બીરાજે છે અમારા..
એંસીમી બેઠક શ્રી હિમાચલ પર્વત ઉપર બીરાજે છે અમારા..
એક્યાસીમી બેઠક શ્રી ધ્યાન ગંગાને તીરે બીરાજે છે અમારા..
બ્યાસીમી બેઠક શ્રી મુદ્રાચલ પર્વત ઉપર બીરાજે છે અમારા..
ત્યાસીમી બેઠક શ્રી ત્રીવેણી પર શ્રી અડેલમાં બીરાજે છે અમારા..
ચોર્યાસીમી બેઠક શ્રી ચરણાટ ગામે બીરાજે છે અમારા..
ચોર્યાસી બેઠક તણું લેજો નિત્યનામ
થાય કૃપા મહાપ્રભુતણી અને પ્રભુનું ધામ

શ્રી મહાપ્રભુજીને વિનંતી

હું તો માંગુ શ્રી મહાપ્રભુજી એટલું રે,
આપના ચરણોમાં પ્રીતિ થાય... હું તો
દુઃખના તૂટી પડે ભલે ડુંગરા રે,
તો પણ સ્મરણ આપનું થાય... હું તો
સુખના સાગર કદી જો ઉછળે રે,
તો પણ સેવામાં ચિત્ત પરોવાય... હું તો
સેવા સ્મરણ વૈષ્ણવના કામ છે રે,
દીનતા ભાવ હૃદયમાં રેલાય... હું તો
શ્રી મહાપ્રભુજી આશા જીવનમાં એક છે રે,
એકવાર દર્શન આપનું થાય... હું તો
મનડું ઝુરે સદા વિયોગથી રે
આંખડી અળગી તમથી ના થાય... હું તો
જકડાયેલા જીવન સંસાર મારે,
છુટવા બતાવો કોઈ ઉપાય... હું તો

હું તો કરજોડી કરૂં વિનંતી રે, મુજને રાખો ચરણની પાસ,
મુજને આપજો વ્રજમાં વાસ... હું તો

દાસના દાસની આ છે વિનંતી રે,
જો જો સેવામાં ચુક ના થાય... હું તો

શ્રી વલ્લભના ચરણ છોડી

શ્રી વલ્લભના ચરણ છોડી શરણ કોને જાઉં ?
શ્રી વિઠ્ઠલના નામ વિના મંત્ર ક્યાંથી પાઉં ?
શ્રી યમુનાજીની કૃપાવિના દીનતા ક્યાંથી લાઉં?
શ્રીજીના ચરણ છોડી શરણ કોને જાઉં ?
શ્રી વલ્લભના.....

વલ્લભની શાન એક વિઠ્ઠલનો છે વિવેક
શ્રીજીનો નેક ટેક માની ગુણ ગાઉં
ગિરિ ગોવર્ધન ધરણ દીઠે નહી જન્મ મરણ
દેહભાવ દૂર કરવા અષ્ટાક્ષર સાહુ
શ્રી વલ્લભના.....

મન મોહન પ્યારે લાલ નંદ જશોદાના બાળ
કાળ તણા એ જ કાળ હ્રદય વિષે ધ્યાઉં
ગુરૂ ગોવિંદ એક રૂપ ચાર વેદ રહે ચુપ
વિઠ્ઠલને એ જ હુંફ ગુરૂ ગંગા ન્હાઉં
શ્રી વલ્લભના.....

અમને શ્રી વલ્લભ વહાલા

અમને શ્રી વલ્લભ વ્હાલા, આપી તુલસીની માલા
અષ્ટાક્ષરનો મંત્ર આપીને, અમને શરણે લીધા,
બ્રહ્મ સંબંધનો ઉપદેશ આપી પ્રભુને ચરણે દીધા... અમને

નિર્ગુણ બ્રહ્મ સાકાર પ્રભુનો ઉપદેશ અમને કીધો
અનુગ્રહથી એ સાધ્ય પ્રભુ છે એવો મારગ સીધો... અમને

ઠકરાણી ઘાટે મહાપ્રભુજી સુતા અડધી રાતે
દેવી જીવને શરણ લેવા ચિંતા મનમાં થાતે... અમને

શ્રાવણ માસની શુકલ પક્ષની અગિયારસની રાતે,
ગોવર્ધનધર સ્વયં પધાર્યા દૈવી જીવને માટે.... અમને

નિકુંજ નાયક ગોવર્ધનધર, આવ્યા વલ્લભ પાસે,
ગદ્ય મંત્ર દઇ શરણે લેજો, નક્કી નિર્ભય થાશે... અમને

અભય વચન આપ્યું પ્રભુએ ત્યાં ચિંતાને દૂર કીધી,
શરણે લઇને મને સોંપજો, એવી આજ્ઞા દીધી... અમને

કર જોડીને પાયે લાગ્યા, વલ્લભ બહું હરખાય,
સુંદર શ્યામ નિહાળી નયણે, ગોવિંદના ગુણ ગાવા... અમને

ત્રણસોને ત્રણ વીસ તારનું પવિત્રું સુંદર કીધું
મિશ્રી ભોગ ધરી મહાપ્રભુજીએ, પ્રભુને કંઠે કીધું... અમને

મહાપ્રભુજીના અનન્ય સેવક દામોદર હરસાની,
પ્રથમ સમર્પણ કર્યું એમણે, સુણીને ભગવદ્ વાણી... અમને

અદેય દાન દઇ કરે કૃતારથ, એવા શ્રી વલ્લભ જાણો
શરણે લઇને સેવા સોંપે, એ પુષ્ટિમારગ જાણો... અમને

પુરૂષોત્તમ પ્રીતે જે ગાશે સફળ થશે જન્મારો,
ચરણકમળ નિજ હૃદયે ધારે, કોઇથી નહી ડરનારો... અમને

* * *

શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા

શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો
શ્રી વલ્લભ રાયજી ગુરૂ મારા હૈયામાં બિરાજો
શ્રી મહાપ્રભુજી.....
શ્રી વલ્લભરાયજી.....

અંતર કેરા ઓરડામાં વ્યાપ્યું છે અંધારૂં
તમારી કૃપાથી વ્હાલા થાશે અજવાળું
પ્રેરક બનીને મને સહાયક થાજો રે
શ્રી મહાપ્રભુજી.....
શ્રી વલ્લભરાયજી.....
ભવ સાગરમાં નાવ મારી ભટકી જ રહી છે
કિનારે આવી ને પાછી સામે અથડાય છે
એવી વેળા આવે ત્યારે મારી વ્હારે ધાજો રે
શ્રી મહાપ્રભુજી.....
શ્રી વલ્લભરાયજી.....
તમારી થવાને મેં તો કેડ કસી છે
તમારી કૃપાથી ભક્તિ હૈયે વસી છે
ભક્તિ રસનો રેલો મારા હૈયામાં રેલાવો રે
શ્રી મહાપ્રભુજી.....
શ્રી વલ્લભરાયજી.....
લોકો કહે છે મને ગાંડી ને ઘેલી રે
મારે મન છે આનંદની હેલી રે
વિરહનું દુઃખ મારા હૈયામાં સાલે રે
શ્રી મહાપ્રભુજી.....
શ્રી વલ્લભરાયજી.....
વલ્લભપ્રભુજી મારી વિનંતી સ્વીકારો રે
દાસી જાણીને મને ચરણમાં રાખો રે
માયાના બંધન મારાં પળમાં તોડી નાંખો રે
શ્રી મહાપ્રભુજી.....
શ્રી વલ્લભરાયજી.....

* * *

શ્રી મહાપ્રભુજીનું ધોળ

આજ મારે આનંદ ઉર ન સમાયજી,પ્રકટ્યા શ્રીવલ્લભવર સુકુમારજી. ૧.
ભૂતલ ભાગ્ય તણો નહિં પારજી, દૈવી તે જીવનો કરવા ઉદ્ધારજી. ૨.
મંદિર માંહે તે ચોક પુરાવોજી, તોરણ બારણીએ બંધાવોજી. ૩.

હું એ કરૂં વિધવિધના શણગારજી, હરખે તેડાવું તે સૈયર સાથજી. ૪.
નાચું ગાવું તાળી તે પાડું હાથજી, કોને કહું કહ્યું તે નવ કહેવાયજી. ૫.
છબિપર જન 'રસિક' બલિ જાયજી. ૬.

શ્રી વલ્લભ વર ઘેર આવિયા

શ્રીવલ્લભવર ઘેર આવીયા, આજસખી વલ્લભવર ઘેર આવીયા,
દૈવી જીવોનાં ભાગ્ય વિસ્તરિયા, પોતે તે પ્રગટ પધારિયા. આજ૦ ૧.
કેસરી તે ધોતી ને કેસરી ઉપરણા, કુમકુમને પગલે પધારિયા. આજ૦ ૨.
'પુરૂષોત્તમ' પ્રભુકી છબિ નિરખત, ચરણ કમલ શિર નામિયા. આજ૦ ૩.

વલ્લભ રસની તરસી હું તો

વલ્લભરસની તરસી હું તો વલ્લભ રસ શોધુ રે.
ખબર હોયતો બતાવ સજની એમાં ચીતડું ચોટયું રે
વલ્લભરસ એ અમૃતરસ છે સૌ રસમાં એ મીઠો રે
ચૌદ ભુવનમાં મધુર રસ મ્હેં કયાંઇએ નવ દીઠો રે
ઉર સાગરમાં મહારસ ભર્યો પીતાં નવ ધરાય રે
રસિક ભક્તો પાસે સજનીએ રસ ઉભરાય રે
જો એવાનો સંગ કરીએ તો રીઝે મ્હારો વ્હાલો રે
ખાસ રંસાત્મક સ્વરૂપ પ્રભુનું જો ઉરમાંહી રાજે રે
કીંકરી એવા રસિકજનો તો શ્રી વલ્લભમાં રાસે રે
વલ્લભરસની તરસી હું તો વલ્લભરસ શોધું રે.

એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ

એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારૂં છે
એવું શ્રી વિઠ્ઠલપ્રભુનું નામ અમને પ્રાણ પ્યારૂં છે

પ્રાણ પ્યારૂં છે અમને અતિશય વ્હાલું છે
એવું શ્રી વલ્લભપ્રભુનું નામ અમને પ્રાણ પ્યારૂં છે.

પુષ્ટિ માર્ગ પ્રગટાવ્યો, દૈત્યોનો તાપ નશાવ્યો
એવું શ્રી વલ્લભપ્રભુનું નામ અમને પ્રાણ પ્યારૂં છે.

સેવા માર્ગ ચલાવ્યો, ભક્તિમાર્ગ પ્રસરાવ્યો
એવું શ્રી વિઠ્ઠલપ્રભુનું નામ અમને પ્રાણ પ્યારૂં છે.

મેવાડ મધ્યે બિરાજે, જેનું સ્વરૂપ સુંદર ગાજે
એવું શ્રીનાથજીનું નામ અમને પ્રાણ પ્યારૂં છે.

કાંકરોલી મધ્યે બિરાજે, રૂડો રાય સાગર ગાજે
એવું શ્રી દ્વારકાધીશનું નામ અમને પ્રાણ પ્યારૂં છે.

ગોકુળમાં ગૌધન ચારી વૃંદાવનમાં કુંજ બિહારી
એવું શ્રી કૃષ્ણચંદ્રનું નામ અમને પ્રાણ પ્યારૂં છે.

શ્રીમદ્ વલ્લભાધીશ મારા શીર પર ગાજે છે

શ્રીમદ્ ગોકુલાધિશ મારા સિર પર ગાજે છે
શ્રીમદ્ વલ્લભાધિશ મારા સિર પર ગાજે છે
બાંધી એના ચરણો મા પ્રિત મારા સિર પર ગાજે છે... શ્રીમદ્...

નવ લોક લાજ ગણકારૂ, એને ચિતડું ચોર્યું મારૂં;
એને પલપલ નહીં વિસારૂં, મારા સિર પર ગાજે છે... શ્રીમદ્...

ભલે દુરીજન દેખી દાઝે, ભલે જગ રૂઠે સંગાથે;
પણ નહીં છોડુ એનો સાથ, મારા સિર પર ગાજે છે... શ્રીમદ્...

મે જોયું સર્વ તપાસી, દીઠી જગ માયા ની ફાંસી;
ના દીઠો કશા માં સાર, મારા સિર પર ગાજે છે... શ્રીમદ્...

વલ્લભ વર અલબેલા, નિરખ્યા છે છેલછબિલા;
વૈશ્વાનર વલ્લભ રૂપ, મારા સિર પર ગાજે છે... શ્રીમદ્...

દીસતી ભાવ છટા થી, વૃંદાવન રાસબિહારી;
ઉરૂ વસો સદા ભગવંત મારા સિર પર ગાજે છે... શ્રીમદ્...

સાખી

વલ્લભ કહ્યો જીન સબન ભલો, સકલ શાસ્ત્ર કો ભેદ
જીન વલ્લભ જનયો નહી, ડુબ્યો કુટુંબ સમેત.

શ્રી વલ્લભ કહો શ્રી વલ્લભ કહો

શ્રી વલ્લભ કહો શ્રી વલ્લભ કહો
શ્રી વલ્લભ નામ વિના ઉદ્ધાર નહીં
શ્રી મહાપ્રભુજી વિના કોઇ મારૂં નહીં
શ્રી વિઠ્ઠલનાથજી વિના કોઇ દયાળુ નહીં.... શ્રી વલ્લભ...

શ્રી નાથજી વિના બીજું શરણ નહી
શ્રી મથુરેશ વિના મન માને નહી
નવનિતલાલ વિના નવધા ભક્તિ નહીં... શ્રી વલ્લભ...

શ્રી દ્વારકાધીશ વિના બીજું કોઇ નહી
શ્રી ગોકુલરાય વિના ગિરિરાજ નહી.... શ્રી વલ્લભ...
ગોકુલચંદ્ર વિના રાસવિલાસ નહીં
શ્રી બાલકૃષ્ણ વિના કોઇ પ્રકટ નહીં... શ્રી વલ્લભ...

મુકુંદરાય વિના મનો ગમતું નહી
નટવર નિરખ્યા વિના મારા નેણ નહી... શ્રી વલ્લભ...

મદન મોહન વિના મન માને નહીં
કલ્યાણરાય વિના કલ્યાણ નહીં...... શ્રી વલ્લભ...

હરિરાય વિના પુષ્ટિ માર્ગ નહીં
દામોદર દાસ વિના સિદ્ધાંત નહીં... શ્રી વલ્લભ...

સુરદાસ વિના સુર સાગર નહીં
કૃષ્ણ દાસ વિના અધિકાર નહીં..... શ્રી વલ્લભ...

ચંપારણ્ય વિના અગ્નિકુંડ નહીં
ચરણાટ વિના નિજ ધામ નહીં..... શ્રી વલ્લભ...

પુષ્ટિ માર્ગ વિના બીજો માર્ગ નહીં
બ્રહ્મ સંબંધ વિના બીજું કર્મ નહીં... શ્રી વલ્લભ...

શ્રી વલ્લભ કહો શ્રી વલ્લભ કહો
શ્રી વલ્લભ નામ વિના ઉદ્ધાર નહીં
શ્રી વિઠ્ઠલેશ વિના કોઇ દયાળું નહીં
શ્રી મહાપ્રભુજી વિના કોઇ મારૂં નહીં

મેરે તો આધાર શ્રી વલ્લભકે ચરણારવિંદ

મેરો તો આધાર હે શ્રી વલ્લભકે ચરણાર્વિંદ
શ્રી વલ્લભકે ચરણાર્વિંદ શ્રી વિઠ્ઠલકે ચરણાર્વિંદ... મેરે તો...
માથે કો શ્રીંગાર હે શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...
મેરે ગલે કો હાર હે શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...
મેરે પ્રાણ આધાર હે શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...
નિરખું વારંવાર શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...
રોમ રોમ બિરાજે રે શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...
બલિહારી મેં જાઉં શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...
સભી સારકો સાર હે શ્રી વલ્લભકે ચરણાર્વિંદ... શ્રી વલ્લભકે...

શ્રી હરિરાયજી કૃત શ્રી વલ્લભ સાખી

શ્રી વલ્લભ પદ વંદોસદા, સરસ હોત સબ જ્ઞાન ।
રસિક રટત આનન્દ સૌં, કરત સુધા રસ પાન ॥૧॥

ઔર કુછ જાન્યો નહીં, બિના શ્રી વલ્લભ એક ।
કર ગહિ કે છાંડે નહી, જિનકી એસી ટેક ॥૨॥

શ્રી વલ્લભ વલ્લભ રટત હો, જહાં દેખો તહાં યેહ ।
ઇનહિ છાંડ ઔર હિં ભજે, તો જર જાવો વહ દેહ ॥૩॥

દૈવી, દેવ, આરાધિકે, ભૂલ્યો સબ સંસાર ।
શ્રી વલ્લભનામ નૌકા વિના, કહો કો ઉતર્યો પાર ॥૪॥

એસે પ્રભુ ક્યોં બિસારિયે, જાકી કૃપા અપાર ।
પલ પલમેં રટકે રહો, શ્રી વલ્લભ નામ ઉચ્ચાર ॥૫॥

શ્રી વલ્લભ નામ અગાધ હે, જહાં તહાંતૂ મત બોલ ।
જબ હરિજન ગ્રાહક મિલે, તા આગે તૂ ખોલ ॥૬॥

શ્રી વલ્લભ વર કો છાંડિકે, ઔર દેવ કો ધ્યાય ।
તા મુખ પન્હૈયા કૂટિયે, જબ લગ ફૂટી આય ॥૭॥

શ્રી વલ્લભ વલ્લભ રટત હોં, વલ્લભ જીવન પ્રાણ ।
શ્રી વલ્લભ કબહૂ ન વિસારિ હો, મોહિ માત પિતા કી આન ॥૮॥

મૈં ઇન ચરણ ન છાંડિહોં, શ્રી વલ્લભવર વ્રજ ઇશ ।
જો લો તન મેં સ્વાંસ હૈ, તોલોં ચરણ ધરો મમ શીશ ॥૯॥

બહુત દિના ભટકત ફિર્યો, કછુ ન આયો સાથ ।
શ્રી વલ્લભ સુમર્યો તબે, પર્યો પદારથ હાથ ॥૧૦॥

વહે જાત ભવ સિંધુ, મેં દૈવી સૃષ્ટિ અપાર ।
તિનકો કરન ઉદ્ધાર, પ્રભુ પ્રકટે પરમ ઉદાર ॥૧૧॥

શ્રી વલ્લભ કરૂણા કરી, કલિમેં લિયો અવતાર ।
મહા પતિત ઉદ્ધાર કે, કીનો યશ વિસ્તાર ॥૧૨॥

શ્રી વલ્લભ વલ્લભ કહત હો, વલ્લભ ચિતવન બૈન ।
શ્રી વલ્લભ છાંડ ઔરહિં ભજે, તો ફૂટ જાવો દોઊ નૈન ॥૧૩॥

ધૂર પરો વા વદન મેં, જાકો ચિત્ત નહીં ઠોર ।
શ્રી વલ્લભ વર કોં વિસારિકૈં, નયનન નિરખે ઔર ॥૧૪॥

શરણાગતિ જબ લેત હૈ, કરત ત્રિવિધ દુઃખ દૂર ।
શોક મોહ તેં કાઢિકેં, દેત આનન્દ ભરપૂર ॥૧૫॥

યશ હી ફેલ્યો જગતમેં, અધમ ઉદ્ધારન આય ।
તિનકી વિનતી કરત હોં, ચરણ કમલ ચિત લાય ॥૧૬॥

પતિતન મેં વિખ્યાત હોં, મહાપતિત મમ નામ ।
અબ યાચક હોય જાંચ હો, શરણાગતિ સબ યામ ॥૧૭॥

શ્રી વલ્લભ વિઠ્ઠલનાથ, જૂ સુમિરો એક ઘડી ।
તાકે પાતક યોં જરે, જ્યોં અગ્નિ મેં લકડી ॥૧૮॥

ધરણી અતિ વ્યાકુલ ભઇ, વિધિ સોં કરી પુકાર ।
શ્રી વલ્લભ અવતાર લે, તાર્યો સબ સંસાર ॥૧૯॥

શ્રી વલ્લભ રાજકુમાર બિનુ, મિથ્યા સબ સંસાર ।
ચઢિ કાગદ કી નાવ પર, કહો કો ઉતર્યો પાર ॥૨૦॥

કલિયુગને સબ ધર્મ કે, દ્વારે રોકે આય ।
શ્રી વલ્લભ ખિડકી પ્રેમકી, નિકસ જાય સો જાય ॥૨૧॥

ભગવદ્ ભગવદીય એક હૈં, તિન સો રાખો નેહ ।
ભવસાગર કે તરન કી, નીકી નૌકા યેહ ॥૨૨॥

શ્રી વલ્લભ કલ્પદ્રુપ ફલ્યો, ફલ લાગ્યો વિઠ્ઠલેશ ।
શાખા સબ બાલક ભયે, તાકો પાર ન પાવત શેષ ॥૨૩॥

શ્રી વલ્લભ આવત મૈં સુને, કછુ નિયરે કછુ દૂર ।
ઇન પલકન સૌં મગ ઝાર હોં, બ્રજ ગલિયન કી ધૂર ॥૨૪॥

કૃપા સિંધુ જલ સીંચકે, રાખ્યો જીવન મૂલ ।
સ્નેહ બિના મુરઝાત હૈ, પ્રેમ બાગ કે ફૂલ ॥૨૫॥

જગમે મિલન અનૂપ હૈ, ભગવદીયન કો સંગ ।
તિનકે સંગ પ્રતાપતેં, હોત શ્યામ સોં રંગ ॥૨૬॥

હરિજન આવે વારને, હંસિ હંસિ નાવેં શીશ ।
ઉનકે મનકી વે જાને, મેરે મન જગદીશ ॥૨૭॥

હરિ બડે હરિજન બડે, બડે હૈ હરિ કે દાસ ।
હરિજન સો હરિ પાવહી, જો હૈ ઇન કે પાસ ॥૨૮॥

મન નગ તાકોં દીજિયે, જો પ્રેમ પારખી હોય ।
નાતર રહિયે મૌન વ્હૈ, કાહે જીવન ખોય ॥૨૯॥

પ્રેમ પારખી જો મિલે, તાકોં કરિ મનુહાર ।
તિનસો પ્રિયા પ્રિતમ મિલે સબ સુખ દીજે વાર ॥૩૦॥

રંચક દોષ ન દેખિયે, વે ગુણ પ્રેમ અમોલ ।
પ્રેમ સુહાગી જો મિલે, તાસોં અંતર ખોલ ॥૩૧॥

સાધન કરો દ્રઢ આસરો, ફુલ ભજવો ફલ એક ।
પલક પલક કે ઉપરેં, વારોં કલ્પ અનેક ॥૩૨॥

શ્રી વલ્લભ જીવન પ્રાણ હૈ નયનન રાખોં ઘેર ।
પલકન કે પરદા કરો, જાન ન દેહોં ફેર ॥૩૩॥
પૂરણ બ્રહ્મ પ્રકટ ભયે, શ્રી લક્ષ્મણ ભટ્ટ ગેહ ।
નિજનન પર બરખત સદા શ્રી વ્રજપતિ પદ નેહ ॥૩૪॥

જાગત સોવત સ્વપ્ન મેં, ભોર ઘોર નિસ સાંજ ।
શ્રી વલ્લભ વ્રજ ઇશ કે ચરણ ધરો હિય માંજ ॥૩૫॥

હા હા માનો કહત હો, કરિ ગિરધર સોં નેહ ।
બહુરિ ન એસી પાવહી, ઉત્તમ માનુષ દેહ ॥૩૬॥

ચતુરાઇ ચૂલ્હે પરો, જ્ઞાની કો યમ ખાઉ ।
જા તન સોં સેવા નહીં, સો જડામૂલ સો જાઉં ॥૩૭॥

દેખી દેહ સુરંગ યહ, મતિ ભૂલે મન માંહિ ।
શ્રી વલ્લભ બિનુ ઔર કોઇ, તેરો સંગી નાહિં ॥૩૮॥

તેરી સાથિન દેહ નહીં, યાકે રંગ મત ભૂલ ।
અંત તૂહી પછતાયગો, તુરત મિલેગી ધૂલ ॥૩૯॥

દેહી દેખિ સુરંગ યહ, મતિ લડાવે લાડ ।
ગણિકા કી સી મિત્રતા,અન્ત હોયગી ભાંડ ॥૪૦॥

દેહી દેખ સુરંગ યહ, મત ભલે તૂ ગંવાર ।
હાડ માંસ કી કોટડી, ભીતર ભરી ભંગાર ॥૪૧॥

મહામાન મદ ચાતુરી, ગરવાઇ ઓર નેહ ।
યહ પાંચો જબ જાયેંગે, તબ માનો સુખ દેહ ॥૪૨॥

ભવ સાગર કે તરન કી, બડી અટપટી ચાલ ।
શ્રી વિઠ્ઠલેશ પ્રતાપબલ, ઉતરત હૈ તત્કાલ ॥૪૩॥

મીન રહત જલ આસરે, નિકસત હી મરજાય ।
ત્યોં શ્રી વિઠ્ઠલેશનાથકે, ચરમ કમલ ચિત્ત લાય ॥૪૪॥

શ્રી વલ્લભ કો કલ્પદ્રુપ છાય રહ્યો જગ માંહ ।
પુરૂષોત્તમ ફલ દેત હૈ, નેક જો બૈઠો છાંહ ॥૪૫॥

ચતુરાઇ સોઇ ભલી, જો કૃષ્ણ કથા રસ લીન ।
પરધન પરમન હરન કોં, કહિયે વહી પ્રવીન ॥૪૬॥

ચતુરાઇ ચૂલ્હે પરો, જ્ઞાની કો યમ ખાઉ ।
દયા ભાવ હરિભક્તિ બિન, જ્ઞાન પરો જરિ જાઉ ॥૪૭॥

શ્રી વલ્લભ સુમર્યો નહીં, બોલ્યો અટપટો બોલ ।
તાકી જનની બોઝન મરી, વૃથા બજાવે ઢોલ ॥૪૮॥

ઘર આવે વૈષ્ણવ જબહિ, દીજે ચાર રતન ।
આસન જલ વાણી મધુર, યથાશક્તિ સોં અન્ન ॥૪૯॥

શ્રી વલ્લભ ધીરજ ધરે તેં, કુન્જર મન ભર ખાય ।
એક ટૂક કે કારને, શ્વાન બહુત ઘર જાય ॥૫૦॥

રસિકજન બહુ ના મિલે, સિંહ યૂથ નહિં હોય ।
વિરહબેલ જહાંતહાં નહીં, ઘટઘટ પ્રેમ ના હોય ॥૫૧॥

હરિજન કી હાંસી કરે, તાહિ સકલ વિધિ હાન ।
તાપર કોપન વૃજપતિ, દુઃખ કો નહીં પરમાન ॥૫૨॥

છિન ઉતરે છિન હી ચઢે, છિન છિન આતુર હોય ।
નિશ વાસર ભીજ્યો રહે, પ્રેમી કહિયે સોય ॥૫૩॥

ઉર બિચ ગોકુલ નયન જલ, મુખ શ્રી વલ્લભનામ ।
અસ તાદશી કે સંગ તે હોત સકલ સિદ્ધ કામ ॥૫૪॥

બિનુ દેખે આતુર રહે, પ્રેમ બાગ કો ફૂલ ।
ચિત્ત ન માને તાહિ બિનુ, પ્રેમ જો સબ કો મૂલ ॥૫૫॥

કૃષ્ણ પ્રેમ માતોં રહે, ઘરે ન કાહૂ શંક ।
તીન ગાંઠ કોપીન પે, ગિને ઇન્દ્ર કો રંક ॥૫૬॥

શ્રી વલ્લભ વલ્લભ જે કહે, રહત સદા મન તોષ ।
તાકે પાતક યોં જરે, જ્યોં સૂરજ તે ઓષ ॥૫૭॥

શ્રી વલ્લભ વલ્લભ ભજે, સદા સોહિલો હોય ।
દુઃખ ભાજે દારિદ્ર ટરે, બેરી ન ગાજે કોય ॥૫૮॥

શ્રી વલ્લભ વર કો છાંડિકે, ભજે જો ભૈરવભૂત ।
અંત ફજીતી હોગયી, જ્યો ગણિકા કો પૂત ॥૫૯॥

વૈષ્ણવ જન કી ઝોંપડી ભલી, ઔર દેવ કો ગામ ।
આગ લગો વા મેંડ મેં, જહાં ન વલ્લભ નામ ॥૬૦॥

શ્રી વલ્લભ પર રૂચિ નહીં ન વૈષ્ણવ પર સ્નેહ ।
તાકો જન્મ વૃથા ત્યોં, જ્યોં ફાગુન કો મેહ ॥૬૧॥

મોંમેં તિલ ભર ગુન નહીં તુમ હો ગુણન કે જહાજ ।
રીઝ બૂઝ ચિત્ત રાખિયોં બાંહ ગહે કી લાજ ॥૬૨॥

તીન દેવ કે ભજન તે, સિદ્ધ હોત નહીં કામ ।
ત્રિમાયા કો પ્રલય કર, હરિ મિલવે હરિનામ ॥૬૩॥

સુમરત જાય કલેશ મિટ, શ્રી વલ્લભ નિજનામ ।
લીલા લહર સમુદ્ર મેં, ભીજો આઠોયામ ॥૬૪॥

તિનકે પદ યુગ કમલ કી ચરણ રેણુ સુખદાય ।
હિય મેં ધારણ કિયે તે, સબ ચિન્તા મિટજાય ॥૬૫॥

શ્રી વલ્લભકુલ બાલક સબે, સબહિ એક સ્વરૂપ ।
છોટો બડોના જાનિયો, સબહી અગ્નિ સ્વરૂપ ॥૬૬॥

મન નંગ તાકો દીજિયે જો પ્રેમ પારખી હોય ।
નાતર રહિયે મોન ગહિ, વૃથા ન જીવન ખોય ॥૬૭॥

મન પંછી તબ લગિ ઉડે, વિષય વાસનામાંહિ ।
પ્રેમ બાજ કી ઝપટ મેં, જબ લગ આયો નાંહિ ॥૬૮॥

શ્રી વલ્લભ મન કો ભામતો, મોમન રહ્યો સમાય ।
જ્યોં મેહદી કે પાંતમેં, લાલી લખી ના જાય ॥૬૯॥

શ્રી વલ્લભ વિઠ્ઠલ રૂપ કો, કો કરિ સકે વિચાર ।
ગૂઢ ભાવ યહ સ્વામિની, પ્રકટ કૃષ્ણ અવતાર ॥૭૦॥

શ્રી વૃંદાવન કે દરસ તે, ભયે જીવ અનુકુલ ।
ભવસાગર અથાહ જલ, ઉતરન કો યહ તૂલ ॥૭૧॥

શ્રી વૃંદાવન બાનિક બન્યો, કુંજ કુંજ અલિ કેલિ ।
અરૂઝિ શ્યામ તમાલ સોં, માનો કંચન વેલિ ॥૭૨॥

શ્રી વૃંદાવન કે વૃક્ષ કો, મરમ ન જાને કોય ।
એક પાત કો સુમરિ કે, આપ ચતુર્ભુજ હોય ॥૭૩॥

કોટિ પાપ છિન મેં ટરે, લેહિ વૃંદાવન નામ ।
તીન લોક પર ગાજિએ, સુખનિધિ ગોકુલનામ ॥૭૪॥

નન્દ નન્દન શિર રાજહીં, બરસાનો વૃષભાન ।
દોઉ મિલ ક્રીડા કરત હૈ, ઈત ગોપી ઉત કાન્હ ॥૭૫॥

શ્રી યમુનાજી સોં નેહ કરિ, યહ નેમિ તૂ લેહ ।
શ્રી વલ્લભ કે દાસ બિનુ, ઓરન સોં તજિ સ્નેહ ॥૭૬॥

મન પંછી તન પાંખ કર, ઉડ જાવો વહ દેશ ।
શ્રી ગોકુલ ગામ સુહાવનો, જહાં ગોકુલ ચંદ્ર નરેશ ॥૭૭॥

મણિન ખચિત દોઉ કૂલ હૈં, સીઢી સુભગ નગ હીર ।
શ્રી યમુનાજી હરિ ભામતી, ધરે સુભગ વપુ નીર ॥૭૮॥

ઉભય કૂલ નિજ ખંભ હે, તરંગ જૂ સીઢી માન ।
શ્રી યમુના જગત વૈકુંઠકી પ્રકટ નસૈની જાન ॥૭૯॥

રતન ખચિત કંચન મહા, શ્રી વૃંદાવન કી ભૂમિ ।
કલ્પવૃક્ષ સે દ્રુમ રહે, ફલ ફૂલન કરિ ઝૂમિ ॥૮૦॥

ધન્ય ધન્ય શ્રી ગિરિરાજ જૂ, હરિદાસન મેં રાય ।
સાન્નિધ્ય સેવા કરત હૈં, બલ મોહન જિય ભાય ॥૮૧॥

કોટિ ટરત અઘ રટત તેં, મિટત સકલ જંજાલ ।
પ્રકટ ભયે કલિકાલ મેં, દેવ દમન નંદલાલ ॥૮૨॥

પ્રૌઢ ભાવ ગિરવર ધરણ, શ્રી નવનીત દયાલ ।
શ્રી મથુરાનાથ નિકુંજ પતિ, શ્રી વિઠ્ઠલેશ સુખ લાલ ॥૮૩॥

શ્રી દ્વારકેશ તદ્ભાવ મેં, ગોકુલેશ બ્રજ ભૂપ ।
અદ્ભુત ગોકુલ ચન્દ્રમાં, મન્મથ મોહન રૂપ ॥૮૪॥

માટ્ લિયે માખન લિયે, નૂપુર બાજે પાય ।
નૃત્ય નટવરલાલ જૂ, મુદિત યશોદા માય ॥૮૫॥

ઝુલત પલના ગોદમેં, શ્રી બાલકૃષ્ણ રસ રાસ ।
તોરે શકટ રસ બસ કિયે, બ્રજ યુવતિન કરિ હાસ ॥૮૬॥

શ્રી ગિરિધર ગોવિન્દ જૂ, બાલકૃષ્ણ ગોકુલેશ ।
રઘુપતિ યદુપતિ ઘનશ્યામ જૂ, પ્રકટે બ્રહ્મ વિશેષ ॥૮૭॥

પરમ સુખદ અભિરામ હે, શ્રી ગોકુલ સુખ ધામ ।
ઘુટુરુવન ખેલત ફિરત, શ્રી કમલ નયન ઘનશ્યામ ॥૮૮॥

ગોવિન્દ ઘાટ સુહાવનોં, છોંકર પરમ અનૂપ ।
બેઠક વલ્લભ દેવ કી, નિજ્જન કો ફલ રૂપ ॥૮૯॥

બેલી લતા બહુ ભાંતિ કી, દ્રુમન રહી લપટાય ।
માનો નાયક નાયિકા, મિલી માન તજિઆય ॥૯૦॥

કેકી શુક પિક દ્રુમ ચઢેં, ગુંજત હે બહુભાય ।
રાસ કેલિ કે આગમન, પ્રમુદિત મંગલ ગાય ॥૯૧॥

ગોપી ઓપી જગતમેં, ચલિકે ઉલ્ટી રીત ।
તિન કે પદ વંદન કિયે, બઢત કૃષ્ણ સોં પ્રીત ॥૯૨॥

ઠકુરાની ઘાટ સુહાવનો, છોકર પરમ અનુપ ।
દામોદરદાસ સેવા કરે, જો લલિતા રસ રૂપ ॥૯૩॥

કૃષ્ણદાસ નંદદાસ જૂ, સૂર સુ પરમાનંદ ।
કુંભન ચતુર્ભુજદાસ જૂ, છીતસ્વામી ગોવિન્દ ॥૯૪॥

શ્રી રાધા માધો પરમધન, શુક અરુવ્યાસ લિયો ઘૂંટ ।
યહ ધન ખરચે ઘટત નહીં, ચોર લેત ના લૂંટ ॥૯૫॥

શ્રી વલ્લભ રતન અમોલ હે, ચૂપ કર દીજે તાલ ।
ગ્રાહક મિલે તબ ખોલિએ, કૂંચી શબ્દ રસાલ ॥૯૬॥

સબકો પ્રિય સબકો સુખદ, હરિ આદિક સબ ધામ ।
વ્રજ લીલા સબ સ્ફુરત હે, શ્રી વલ્લભ સુમરત નામ ॥૯૭॥

ચાર વેદ કે પઢે તેં, જીત્યો જાય ન કોય ।
પુષ્ટિ માર્ગ સિદ્ધાંત તે, વિજય જગત મેં હોય ॥૯૮॥

વૃંદાવન કી માધુરી, નિત્ય નિત્ય નૌતન રંગ ।
કૃષ્ણદાસ ક્યો પાઇયે, બિનુ રસિકન કે સંગ ॥૯૯॥

જો ગાવે, સીખે સુને, મન વચ કર્મ સમેત ।
રસિકરાય સુમિરો સદા, મન વાન્છિત ફલ દેત ॥૧૦૦॥

॥ શ્રી હરિરાય મહાપ્રભુ રચિત શ્રીવલ્લભ સાખી સમાપ્ત ॥

*

મુલરૂપ કૃષ્ણના સેવનથી સર્વ તૃપ્તિ

યથા તર્રોમૂલ નિષેચનેન, તૃષ્યન્તિ તત્સ્કનધભુજોપ શાખાઃ ।
પ્રાણોપહારાચ્ચ યથેન્દ્રિયાણાં, તથૈવ સર્વાર્હણમચ્યુતેજ્યા ॥

શ્રી ભાગવત ૪-૩૧-૧૪

જેમ વૃક્ષના મુળમાં સિંચન કરવાથી તેના થડ ડાળીયો તૃપ્ત થઇ જાય છે. જેમ પ્રાણના પોષણથી ઇન્દ્રિયો પુષ્ટ થઇ જાય છે. તેમજ અચ્યુત ભગવાન શ્રીકૃષ્ણનું પુજન સર્વ દેવાદિના પૂજન રૂપ છે.

*

(૧૧) ભક્તિ કુંજ

શ્રી હરિરાયજીકૃત નિત્યલીલા

શ્રીકૃષ્ણાય નમઃ ॥

પ્રાતસમે ઉઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા,
કરી સિંગાર મથનિયાં ધોવે, અપનો અપનો દહયો બિલોવે.
મથન કરે મોહન જસ ગાવે, સુમીર સુમીર હરિગુણ સચુ પાવે,
માખન મિશ્રી દહીં મલાઈ, ઓટચો દૂધ કપુર મિલાઈ.
કછુક મનોરથ કે પકવાન, થાર સજોવતી સુંદર બાન,
નયે વસન ભૂષણ હરી લાયક, લે ચલી સુંદરી સુખદાયક.
અતિહી સુરંગ ખીલોના લીને, વિવિધ મનોરથ મનમેં કીને,
ઉઠે ગ્વાલ ખીરકકો ચલીં, અતિ આતુર ગાયનસો મિલે.
ટેર કરત સુરભી સમુદાઈ, કારી પિવરી ધોરી આઈ,
કાજર ધૂમર ઓર મજીઠી, સબ ગુનપૂરન સબે અનૂઠી.
ઘંટાનાદ કરત સબ ડોલે, અપને અપને બચ્છરન બોલે,
શંખનાદ ખિરકન મેં સોહે, શ્રવન સુનત સબકો મનમોહે.
મંગલ શબ્દ કાન જબ પર્યો, સકલ સાજ કરમેં લે ધર્યો,
યહ વિધિ સબ ઘર ઘરતેં ચલી નંદનંદન દેખનકો અલી.
સુખ સજ્જા પોઢેં હરિરાય, વારંવાર જસોદા માય,
ફિર ઝાંખે ફિર ફિરકે આવે, કમલનયનકો નાહીં જગાવે.
તાહી સમે આઈ વ્રજબાલા, માનો મત્તાગજેંદ્રકી ચાલા,
નૂપૂરકી ધુની સુનિ નંદરાઈ, ચૌકી ઉઠે તબ કુંવર કન્હાઈ.
નિકટ ગઇ જસોદા માઇ, વદન દેખિકે લેત બલાઈ,
બિથુરી અલક લટપટી પાઘ, પીક કપોલ મુખ અંજન લાગ.
ચંદન ઉરપર બિનગુન માલ, ભૂસન ઈતઉત પરમ રસાલ,
યહ શોભા નિરખત વ્રજબાલા, રસમસે નેન દેખે નંદ લાલા.
જસુમતિ ધાય ઉછંગે લીનો, ચૂમી વદન ઉર શીતલ કીને,
મંગલભોગઆનકે રાખ્યો, ગિરિધરલાલ સ્વાદસુ ચાખ્યો.
માખણ મિશ્રી માત ખવાવે, ધોરીકો પય અતિહી ભાવે,

દધિકી છીંટ લગી તન શોભિત, માનો ઉડુગન અંબર લોપિત.
લપટાનો મુખ જસુમતિ દેખે, અપનો જન્મ સફલ કરિ લેખે,
રંચક જમુના જલસો ધોવે, પોંછિ વદન અંચલસોં જોવે.
પુનિ અચવાય ખવાવે બીરી, સકલ સાજ સજિ લીયે અહીરી,
મંગલાકી આરતી ઉતારી, શોભા દેખ રહી વ્રજનારી.

સ્નાન સમય

કનકપાટ બેઠે મનમોહન લાગી રહી જસુમતિ અતિ ગોહન,
કોઉ હરિકો તેલ લગાવે, કોઉ મર્દન અંગ કરાવે.
પરસત અંગ ઉબટનો કરે, વિવિધ મનોરથ મનમેં ધરે,
કોઉ બેની કરમેં લે રહે, તા ઉપર પુનિ કંગઇ કરે.
કોઉ કનકઘટ જલ લે રહે, કોઉ પદ અંબુજ કર ગહે,
કોઇ જલસો સ્નાન કરાવે, શ્રૃંગાર વસ્ત્ર કરી અતિ સચુ પાવે.
કોઉ તનિયા અંગ પહેરાવે, કોઉ સૂથન સરસ બનાવે,
કોઉ વાગા પટુકા કરે, કોઉ વિધિસો ભૂષન ધરે.
કોઉ સુરંગ કુલહ ધરે સીસ, પાઘ બંધાવે ગોકુલ ઇશ,
તુમ તો હો વ્રજરાત લડેંતે, સબ લરિકન મેં ગુણન બડે તેં.
મોર ચંદ્રિકા ગુંજાહાર, વ્રજ ભક્તનકે પ્રાણ આધાર,
કોઉ નેના અંજન અંજાવે, કોઉ મૃગમદ તિલક બનાવે.
પોહોપ માલ લે કંઠ ધરાવે, સંકેત સદનકી ઠોર બતાવે,
રતનજડિત મુરલી કર દઇ, મોહન પરમ પ્રીતસોં લઇ.
તબ આઇ વૃષભાન દુલારી, છબિ પર વારો કોટિક માર,
હઠ કરિ હરિ સિંગાર કરાવે, બહુ વિધિ ભૂષન વસન બનાવે.
અંજન દ્રગ કેસંરકી આડ, સબ જુવતિનમેં લાડિલી લાલ,
નખશિખ લો સિંગાર કરાવે, દેખિ ગોપાલ પરમ સુખ પાવે.
મધુ મેવા પકવાન મિઠાઇ, મુદિત જસોમતિ ગોદ ભરાઇ,
સન્મુખ આય રહી વ્રજનારી, દર્પન દેખ હું કુંજ બિહારી.
વે તો હરિ મુખ કમલ નિહારી, હરિ રાધા વિદુવદન નિહારી,
માનહુ મધુપ કમલ રસ ચાખ્યો, કે જાનું પ્રીતી અમૃત બાંટ્યો.
નિરખ નિરખ ફૂલી વ્રજનારી, દર્શન દેત હેં કુંજ બિહારી,
શોભા નિરખ રહી વ્રજનારી, હસી હસી દેત પરસ્પર તારી.

ગોપી વલ્લભ ભોગ

ગોપીવલ્લભ ભોગ તહાં ધર્યો, સોતો ભુવન ભુવન પ્રતિ કર્યો,
પુરી દહી સંધાનો શાક, માખન બુરો બહુ વિધિ પાક.
સબહિકે મનરંજન કારણ, પ્રેમસહિત લીનો મન ભાવન,
ભોગ સરાય બીરાજબ દીને, વિવિધ મનોરથ મનમેંકીને.
મનસા પૂરન નંદકુમાર, ઠાડે હેં જસુમતિ કે દ્વાર,
મૈયા મથિ મથિ ઘૈયા પ્યાવે, વારવાર ઉર અંતર લાવે.
બેની બઢેલાલ પય પીજે, ઇતનો કહ્યો હમારો કીજે,
ધોરિકો પય પરમ રસાલ, સાત ઘુંટ જો પીવો લાલ.
બદન ધોય બીરા જબ લીનો, તબ મૈયા જુ ખીલોના દીનો,
ઠાડી રહી રોહિની રાની, મીઠી બાત કહત મનમાની.
ખીર સિરાત સ્વાદ નહિ આવે, ગ્રાસ એક મુખ મેલો જો ભાવે,
અતિ હિતસોં હરી ભોજન કીનો, માત જસોદાકું સુખ દીનો.
ખેલત ફિરત સખા સંગ લીને, ખરિક ખોર ગિરિગહવર ભીને,
અતિ પ્રવીણ જસુમતિકો પૂત, સબહિનકો મન લીનો ધૂત.
ચોરી કરી સબહિન કો સુખ દેત, ગોપીનકો સર્વસ્વ હરિલેત,
કરી સંકેત બુલાઇ ગોપી, ઇનતેં સબ મરજાદા લોપી.
સબહિનકો કીયો મન ભાયો, તા કારણ યહ વ્રજમેં આયો,
જસુમતિ સખીયનસો જુ બુલાવે, કમલનેનકું કહું ન પાવે.

રાજભોગ

દેખોરી ગોપાલ કહાંધો ખેલત, જાય કહો જસુમતિ તોહી બોલત,
તબ માતકી જાની પ્રીત, આય ગયે ગિરિધર સહમીત.
ભોજનકું બેઠે નંદરાય, તુમ સંગ ભોજન કરહું આપ,
બેઠે આપ કનક આસન પર, નંદરાય પકરે કર સોંકર.
કનક વરન ઝારી જમના જલ, ભરિ દીની જસુમતિ મન ઉજવલ,
પનવારો જોર્યો વિસ્તાર, તાપર ધર્યો કનકકો થાર.
બેલા છોટે મોટે ધરે, ચમચા રત્ન જટિત તહાં ધરે,
અગર ધૂપ કીનો તા ઠોર, હિતસો પ્રભુજી લીનો કોર.
અતિ સુગંધ ચાવરકો ભાત, આનિ ધર્યો રે જસુમતિ માત,

ઠાડે મૂગ મરૂ દારિ બનાઇ, તાકે પાસ કઢી લે આઇ.
મિરચનકે કીને બહુ શાક, હિતસો જસુમતિ કીને પાક,
સીખરન ભાત અરૂપીરો ભાત, ખાટો મીઠો વડીકો ભાત.
તીન ભાંતકી તુરઇ કરી, પાપર ભૂંજે અરૂ તિલવરી તરી,
ભરતા બેંગન ચકતા કરે, અરવી સુરન સેવ લૈ ધરે.
કરેલા મુરેલા કંકોડા કરે, ખંડવા ખંડવી ગલકા ધરે,
બહુ ભાંતિકી ભાજી કરી, બહુત ભાંતિકી કચરીયા તરી.
સકરકંદકો કીનો શાક, પેંઠામેં મિશ્રીકો પાક,
રાઇતા કીને ઇકઇસ ભાતિ, સંધાનેકી કેતિક પાંતિ.
બિલસારૂ કીનો જુ બનાઇ, જેવત હરિકો મન ન અધાઇ,
બિંજન બહુ વિધિ ગિને ન જાઇ, વારંવાર જસોદા લાઇ.
પૂરી રોટી લીટી કરી, મીસીરોટી ઘીસો ભરી,
માખન બૂરા પાસ ધરાયો, લુચઇ લે સિખરનસો ખાયો.
સેવ બહુત બૂરાસોં કરી, સો તો લાય નિકટ લે ધરી,
બરા મઠાકે સુંદર કીને, તિન કુડા અતિ રસસોં ભીને.
મૈયા મોકું સિખરન ભાવે, બેલા ભરિ ભરિ રોહિની લાવે,
સુરભી ધૃતસોં બેલા ભરે, સો લે ભાત શિખર પર ધરે.
ઓટયો દૂધ દહીં કો બેલા, મીઠે આંબ અરૂ સુંદર કેલા,
આંબનકો સીરો જો કીનો, સો તો પ્રભુજી રૂચિસોં લીનો.
ખરબુજા અરૂઆલો મેવા, ઇહ વિધિ જસુમતિ કીની સેવા,
છોંકયો મઠા પરમ સુખદાયક, સો તો કેવલ હરિજુ કે લાયક.
ઇહ વિધિ લાલન ભોજન કીનો, માત જસુમતિકો સુખ દીનો,
કરિ અચવન ઠાડે આંગન મેં, અતિ સુગંધ બીરા આનન મેં.
શ્રી કરમેં બીરા જબ લીનો, સો તો વાટિ સખનકો દિનો,
થાક વિચિત્ર કુંદકી માલા, લેઆઇ પહેરો નંદલાલા.
કર મુરલી અરૂ વેત ગહાઇ, વ્રજવનિતા દેખે સુખ પાઇ,
નિરાંજન બહુ વિધિસો કીનો, શોભા નિરખી વારનો લીનો.
જબલગી હરિ ભોજન કરી આવે, તબલગી સહચરી કુંજ બનાવે,
ઓલી ભરિ ભરિ પહોંપ લે આવે, પરમ પ્રીતસોં સેજ બિછાવે.
ફૂલન કે મહેલે ખંભ ચોબારે, ફૂલન કે કલશા અતિ ભારે,

ફૂલનકી સજ્યા લે રચે, તકિયા ગેંદુવા ફૂલન સચે.
સોજબંદ ફૂલનકે કરે, રંગ રંગના ફૂલ સો ભરે,
ફૂલનકી ચોકી લે કરી, તાપર કરવા કુંજા ધરી.
અંગ રાગ કે બેલા ભરે, અતિ સુગંધ બીરા તહાં ધરે,
પુષ્પ માલ અતિ સુંદર કરી, સો તો પ્યારી ઉરપર ધરી.
ફૂલનકે પંખા લે આવે, સો તો કમલનેન કું ભાવે,
સકલ પદારથ આગે ધરે, વિવિધ મનોરથ મનમેં કરે.
પોઢે પિય પ્યારી કે સંગ, વિવિધ ભાંતિ વરખત રસ રંગ,
વિવિધ ભાંતિ પિયકે સંગખેલી, રસ મર્યાદા સબલે પેલી.
શ્રમકન સુભગ અંગપર આઇ, રસભરે પોઢે કુંવર કન્હાઇ,
જાલરંધ્ર વ્હે સહચરી દેખે, અપનો જન્મ સુફલ કરિ લેખે.

ઉત્થાપન ભોગ

ઘંટા નાદ ભયે સબ ઠોર, શંખનકી ધુનિ ભઇ ચહું ઓર,
ધુનિ સુની શ્રીગોવર્ધન ધર જાગે, માન હું પ્રેમ સિંધુ મેં પાગે.
કાકરી બીજ ખોવા અરૂ પના, કેલાં આંબ ખરબુજા ઘના,
કંદ મૂલકે ભોજન ધરે, સો તો કુંજ ભવનમેં ધરે.
ગ્વાલ અઘને સુરભી દેખી, ફિરિ કછુ મનમેં મનસા લેખી,
વેણુ વેત લે ચલે કન્હાઇ, દેખિ સહચરી અતિ સુખ પાઇ.
આગે ગોધન પીછે ગ્વાલ, મધ્ય બિરાજત ગિરિધરલાલ,
ગોરજ મંડિત મુખ પર કેશ, શોભિત હેં અતિ સુંદર વેશ.
મણિમાલા ગુંજાફલ ગરે, ગોરી રાગ વેણુમેં કરે,
સંધ્યા ભોગ યાહીકો નાઊં, સો તો લીનો તાહી ઠાઊં.
વ્રજ વનિતા આઇ ચહું કોદ, શ્રીમુખ નિરખતભયો પ્રમોદ,
અતિ વિરહિની જે વ્રજકી બાલા, ઘેરિ લિયે તવ મદન ગુપાલા.
કછુક મનોરથ ઉનકો કીનો, ગોવિંદ ગોપિનકો સુખ દીનો,
કરિ સત્કાર ચલે આગે તે, કરિ સંકેત રહે પાછે તે.

સંધ્યા

સંધ્યા ભોગ હે જાકો નામ, સોતો લીનો વાહી ઠામ,
નંદ ભવનમેં ઠાડે આય, પ્રમુદિત ભઇ જસોમતિ માય.

અતિ હિસતોં આરતી ઉતારી, કરમેં લીયે કનકકી થારી,
ભીતર ભવન પધારે લાલ, જુરિ આઇ સબ વ્રજકી બાલ.
કોઉ બડે સિંગાર કરાવે, કોઉ તેલ ફૂલેલ લે આવે,
કોઉ મર્દન મંજન કરે, અંગ વસન લે આગે ધરે.
સહજ સિંગાર કીયે અતિ શોભિત, નિરખત તનમન અતિસે લોભિત,
વેણુ વેત્ર એલી કર લયે, હરિજુ તબહિ ખિરક મેં ગયે,
ધોરી ધુમરિ ગાંય બુલાઇ, કાજર પિયરી દોરી આઇ.
વે તો વ્રજ વનિતન સંકેત, વે સબહિનકો બોંલે લેત,
ભાંતિ ભાંતિ હરિ દોહન કરે, ભાજન લે સબ રસસો ભરે.

શયન

વ્રજ વનિતાકી જાની પ્રીત, ગ્વાલ ભોગ લીનો રસરીત,
સબહિનકો કીયો મન ભાયો, તા કારન યહ વ્રજમેં આયો.
જસોમતિ ભોજન કીનો સાજ, વેગિ આઇયે મોહન આજ,
જમના જલસોં ઝારી ભરી, લે ઉઠાય હરિ પાસે ધરિ
દોઉ ભૈયા ભોજનકું આવે, જસુમતિ કનકથાર ભરી લાવે.
દાલ ભાત મિરચનકો શાક, હિતસોં રોહિની કીનો પાક,
દૂધ ઓદન અતિ મોકું ભાવે, બેલા ભરિ ભરિ જસોમતિ લાવે.
ઇહ વિધિ લાલન ભોજન કીનો, માત જસુમતિકો સુખ દીનો,
વ્યારૂ કર ઉઠે મન મોહન, લાગિ રહી જસુમતિ અતિ ગોહન.
ઓટયો દુધ કપૂર મિલાઇ, ડબરા ભર કે રોહિણી લાઇ,
ઇચ્છા ભોજન કરિ સુખ પાયો, તબ રાની આચમન કરવાયો.
અતિ સુગંધ બીરી મુખ ધરી, પુષ્પમાલ શ્રીકંઠે ધરી,
કરિ આરતિ શ્રીમુખ જબ દેખ્યો, અપનો જન્મ સુફલ કર લેખ્યો.
રૂનઝુન કરત અંગુરીયાં ગહે, માત જસુમતિ સબ સુખ લહે,
સુખ સજ્યા પોઢે હરિરાય, ચાંપત ચરણ જસોદામાય.
ભાંતિ ભાંતિકી કહાની કહે, હરિ હુંકારી ફિરફિર લહે,
નિશ લીલા કહો કેસે કહે, સો તો વ્રજજન મનમેં લહે.
નંદભવનકી લીલા કહી માનુષ દેહ, ધરિ સબ સુખ લહે,
શ્રી ગિરિધરકી લીલા ગાવે, રસિક ચરણ કમલ રજ પાવે.

॥ ઇતિ શ્રી હરિરાયજી કૃત શ્રી નિત્યલીલા સંપૂર્ણ ॥

દયારામભાઇ કૃત પુષ્ટિ-પથ-રહસ્ય

શ્રી ગુરૂ શ્રી વલ્લભ પ્રભુ, શ્રી વિઠ્ઠલ શ્રી કૃષ્ણ,
પદ પંકજ વંદન કરૂં પૂર્ણ કરો મન તૃષ્ણ. ૧

ગ્રંથ પુષ્ટિ-પથ રહસ્ય હું રચું લઘુ વિસ્તાર;
ભ્રમણા ભાગે મન તણી, જડે સારનો સાર. ૨

મારગ બીજા પણ ઘણા, ત્યાં સાધનનું કામ;
અંગીજીવ કેવળ કૃપા, તે પથ પુષ્ટિ નામ. ૩

શ્રીજીના શ્રી અંગથી; પ્રકટી, પુષ્ટિ-સૃષ્ટ;
પ્રભુ પ્રાપ્તિ ગુરૂ-કૃપાથી, ન મળે સાધન કષ્ટ ૪

જે સાધન છે તેજ ફળ, સેવા શ્રી વ્રજભૂપ;
પુરૂષોત્તમ પ્રભુ આ પથે, તે જ થયા ગુરૂરૂપ. ૫

શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ, શ્રી કૃષ્ણ વસ્તુતઃ એકઃ
પણ શ્રીજી સેહેજે મળે, તે શીખવું વિવેક. ૬

એક રૂપ ગોવિંદ ગુરૂ, પણ ગુરૂ અધિક પ્રતાપ;
પુનિત દર્શ ગોવિંદનું શ્રી ગુરૂ દર્શ સમાપ. ૭

અતિ પ્રયત્ન પણ પ્રાપ્તિ ન પુરૂષોત્તમની થાય.
તે શ્રી વલ્લભશરણથી, સેહેજે સદા પમાય. ૮

રાજાનો રાજી કરે, એ બળ કદી ન દીન;
સ્વલ્પ સીફ઼ારશ રાણીની, સહજ અતિ આધીન. ૯

આત્મા શ્રીજીનો સદા, મુખ્ય સ્વામિની જેહ;
તે સ્વયં શ્રી વલ્લભ થયાં, ધર્યો પુરૂષનો દેહ. ૧૦

અતી વલ્લભ શ્રી કૃષ્ણને, તેથી વલ્લભ નામ;
કૃપા ઇહાંની વણ, કદા નવ રીઝે ઘનશ્યામ. ૧૧

શ્રી વલ્લભ આશ્રય વિના, સાધન ધર્મ અશેષ;
સાધ્યે હરિ કેવળ ભજે, લીલામાં ન પ્રવેશ. ૧૨

જે ઉપર અતિ અનુગ્રહ, અંતરમાં વ્રજરાય;
શ્રી વલ્લભ શરણાગતિ તેને દ્રઢ થઇ જાય. ૧૩

શ્રી મહાપ્રભુ સંબંધ, વણ કશું નહીં ફલદાય;
પુષ્ટિ સૃષ્ટિની રીત એ, જગનો જુદો ન્યાય. ૧૪

શ્રી કૃષ્ણઃ શરણં મમ મંત્ર, શાસ્ત્રમાં સ્પષ્ટ;
મહાપ્રભુ-મુખ-સંબંધ વણ, નહિ ફલદાતા પુષ્ટ. ૧૫

શ્રી ગોસ્વામીજી લખ્યું, નથી વદનની વાત;
તેજ પ્રમાણે ગ્રંથ, પણ ફલદ મહાપ્રભુ-જાત. ૧૬

શ્રીજી શ્રી સ્વામિની સહ લલીતાદિક સહુ રૂપઃ
શ્રી મહાપ્રભુજીમાં સમજવું, શ્રી મહાપ્રભુ તદ્રુપ. ૧૭

શ્રી મદાચાર્ય મહાપ્રભુ, શ્રી પુરૂષોત્તમ આપ;
કુળ સઘળું તદ્રુપ છે, સંમાન્ય સમઝાય પ્રતાપ. ૧૮

તારતમ્ય ભાસે તદા, પ્રભાવ રહે કયમ કોઈ;
સમજાવું દ્રષ્ટાંત થી, સંશે નાખો ખોઇ ૧૯

પિતા સરીખો પુત્ર કોં રંક કો ભુપ;
શ્રી વલ્લભના વંશમાં સહુ વલ્લભ-રૂપ. ૨૦

પ્રતિમા પુરૂષોત્તમ કરે, કરે જીવનો સંત;
શ્રી વલ્લભ-કુળ સર્વ છે, ભર્યા ભક્તિ ભગવંત. ૨૧

શ્રીજી મુખ, દગ સ્વામિની નાસા શ્રી ગોસ્વામી;
મુખ મંડળ શ્રી મહાપ્રભુ, યુગ પદ પદ્મ નમામિ. ૨૨

શ્રી વલ્લભ શ્રીજી જ છે, અધિકા પણ કહેવાય;
શ્રીજી મોટા સર્વથી, જેના આપ્યા જાય. ૨૩

દામોદર દાસે કહ્યુ, શ્રી ગુસાંઈજી પ્રત્યે;
દાન વડું કે દાની વડા, શ્રી વલ્લભવર સત્ય. ૨૪

શ્રી વલ્લભકુળનું કર્યું, સઘળું ભાવે કૃષ્ણ;
સોંપ્યા થી સાધન વિના, સઘળી પુરે તૃષ્ણ. ૨૫

કૃપાપાત્ર મહાપ્રભુ તણો, કરે કૃષ્ણ તહાંરક્ષા;
અમિત દોષ અક્ષમ ક્ષમા, કરે નિજાધેક પક્ષ. ૨૬

જો છે મહાપ્રભુ દ્રઢ આશ્રય, શુભ કૃતિ કશિ ન અન્ય;
તેને સહુ ફળ વણશ્રમે, શ્રી હરિ માને ધન્ય. ૨૭

જેને શ્રી મહાપ્રભુ તણો, સૌ વાતે વિશ્વાસ;
તેને કદી ન સોચવું, સહેજે સૌ ફળ પાસ. ૨૮

અષ્ટાક્ષર પંચાક્ષર ભાગવત ગ્રંથ સહિત;
શ્રી વલ્લભના નામમાં છે, જો પૂર્ણ પ્રતીત. ૨૯

વ્રજ સંબંધી સહુ વસ્તુ સહુ કૃષ્ણ રાધિકા રાણી;
શ્રી વલ્લભના નામમાં સહુ આવ્યું વખાણી. ૩૦

હૃદય-ધ્યાન શ્રી કૃષ્ણ - છબિ ઘરે, વદે મુખનામ;
શીઘ્ર ફળે કેવળ રટણ, થાય અખંડે કામ. ૩૧

શ્રી વલ્લભ શ્રી વલ્લભ જ વિના ધ્યાન મુખ ગાય;
સ્વેચ્છાએ તેને હૃદે શીઘ્ર આવે વ્રજરાય. ૩૨

શ્રી કૃષ્ણ નામથી અધિક શ્રી વલ્લભ ભાસે નામ;
ત્યાં ચિંતન છબિ ચિત વસે, યહાં ન ચિંતન કામ. ૩૩

કાયિક વાચિક માનસિક સાંસિક અકયિત પાપ;
ભસ્મીભૂત તત્કાળ એક શ્રી વલ્લભ-નામ-પ્રતાપ. ૩૪

શ્રી વલ્લભ લે નામ, તોજ સેવા હરિ માને;
કૃષ્ણ અધરામૃત સ્વાદ, પ્રાપ્ત શ્રમ ઘણે નાને. ૩૫

વશ તેને વ્રજરાય સ્ફુરે ભક્તિ મારગ સહુ;
સેવા રસનો સ્વાદ, અનાયસે પામે બહુ. ૩૬

લીલા સહુ વ્રજનાથ વસે હૃદયમાં આવી;
ઈચ્છિત પુરણ કામ, ગમે હરિલીલા ગાવી. ૩૭

શ્રી વલ્લભ-નામમાં, શુભ કૃતિ સર્વે આવી;
જાવક જન પદરેણું, વિશ્વ પાવન બતાવી. ૩૮

શ્રી ગુરૂભક્ત ભગવંતાદિક, મહાપ્રભુ સહુ સંભવ;
શ્રી વલ્લભ-નામમાં સર્વ છે, સંશય નહિ લવ. ૩૯

સબકો સુખદ સબકો પ્રિય, હરિ આદિક સબધામ;
વ્રજ લીલા સબ સ્ફુરત હે, શ્રી વલ્લભ સુમરત નામ. ૪૦

નામ પુષ્ટિ મર્યાદ, કૃષ્ણ યુગ સૃષ્ટિ કામ;
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ, પુષ્ટ-પુષ્ટ કુળ નામ. ૪૧

પુષ્પાત્મક હરિનામ, સુંગધે સહુ કોઇ જાણે;
મહાપ્રભુ નામ ફલાત્મક, પરિમલ પાસ ના માણે. ૪૨

જગત જપે તૃપ નામ રહ્યો, જસ સઘળે ફેલી;
પટરાણીનું નામ લહે, લે જે રંગ મહેલી. ૪૩

કૃષ્ણ નામ-માહાત્મ્ય શ્રુતિ સ્મૃતિ સર્વે વખાણે;
શ્રી વલ્લભનો નામ-પ્રભાવ અનુભવી જાણે. ૪૪

હીરા રત્ન-પરીક્ષા જયમ સહુ ઝવેરી માહયર;
અદ્રશ્ય અમૂલ્ય ચિંતામણિ શું લહે મતિ બાહર ૪૫

વિરલ નામ પણ લહે, દ્રષ્ટિ ગોચર નથી કેની;
તે માટે શું ચિંતામણિ કયહું પણ છેની. ૪૬

જગત પ્રિયે શ્રી કૃષ્ણચંદ્ર સહું કોઇનું જીવન;
તે શ્રીજીનું શ્રી વલ્લભમાં, નિત્ય લુબ્ધ મન. ૪૭

જે જન ઉપર વ્હાલ ઘણું, વ્રજ પતિ ને આવે;
તેને શ્રી મુખ થી શ્રી વલ્લભનામ જપ - બતાવે. ૪૮

શ્રીમદ્ વિઠ્ઠલ વંશ, પુષ્ટ ભગવદીય સૌ ભાખ્યું;
શ્રી વલ્લભ સર્વોપરી નામ દૈવી ને દાખ્યું. ૪૯

નિગમ અગમ મહાપ્રભુ, નિગત પ્રતિ પાદિત કહિયે;
કૃષ્ણ - વદન શ્રી વલ્લભ કાન્તિ, અનલ પણ લહીયે. ૫૦

આવ્યાં જીવને નામ બહુ વચન ગોપાળ નું ગાયું;
અષ્ટાક્ષર સંગે વલ્લભાદિ નામ અપાયું. ૫૧

પૂર્વ વચન પણ પ્રમાણ ઉત્તર વચન ન જ્યાં લગી;
પછી ઉત્તર જ પ્રમાણ ન ઉત્તર તે થકી ત્યાં લગી. ૫૨

રામાનુજે જગન્નાથથી શ્રુતિ હઠ ઝાલી;
સત્ય ઉત્તર વચ પૂર્વે, વેદ વચ જશે શું ખાલી ? ૫૩

ત્યમ ગુરૂ અષ્ટાક્ષર દઇ પ્રમાણ રીત રાખી;
પછી ગુરૂ શ્રી વલ્લભ જ કહે કરૂણા ગોભાખી. ૫૪

ગુરૂના ઉત્તર વચન તણી, પુષ્ટિ કરી શ્રીજી;
તદપિ પૂર્વ હઠ કરે જાય ગુરૂ ગોવિંદ ખીજી. ૫૫

કુલ નિકદંન અધ ધર્મ ન અડયું, હરિ આજ્ઞા પાળી;
હરિ કહ્યું કર્યું ન, નરકુંજર કહી અંગુલિ ગાળી. ૫૬

જેનો ાયસ થાય, રીત એ તોની ભાખી;
બીજાં સહુને પ્રમાણ રીતિ રહેવી રાખી. ૫૭

શ્રી ગુરૂ વહાલી ઘણા તેથી રાધાવર રાજી;
પ્રિય પ્રભુ અતિ ગુરૂ ગૌણ તેથી જીતાય ન બાજી. ૫૮

હરિ રૂઠે ગુરૂ રાખો ગુરૂ રૂઠતા ન કોઈ;
તે માટે તેમ કરવું જેમ ગુરૂ રૂચિ હોય. ૫૯

જેનો વશ હરિ તેની સિફારશ નું બળ મોટું;
તે વિના કોટી પ્રયત્ન કરો, તે બળ અતિ છોટું. ૬૦

કશું ન કરવું પડે, હોય ગુરૂનો સુદ્રઢ ભરાંસો;
તેમાં સહુ સાધન, રજે રાખવો ન સાંશો. ૬૧

ગુરૂમાં શ્રી ભગવંત સંત આદ્યે સહુ સેવા;
બ્રહ્મા વિષ્ણુ મહેશ શેષ શકાદિસુ દેવા. ૬૨

ગુરૂ અપરાધો કૃષ્ણદાસ પ્રોતયોનિ પામી;
શ્રીજી દર્શન પણ શ્રી વિઠ્ઠલ તે નવ વામી. ૬૩

શ્રી વલ્લભ પૂર્ણ પુરૂષોત્તમ હો કહે કયમ કહિયે?
તેની વાત સ્વલ્યમાં કહું સુણી સંશય દહિયે. ૬૪

શ્રી વલ્લભ શ્રી કૃષ્ણ વસ્તુત, શ્રી વિઠ્ઠલ ભાખ્યું;
શ્રી રામરૂપ શ્રી વલ્લભ કપિ પતિ દાખ્યું. ૬૫

શ્રી નાથજી સ્વરૂપ પર પરમાનંદ દીસે જોયું;
વળતી નામ-નિવેદન લીધું વિરહનું દુઃખ ખોયું. ૬૬

રૂપ દ્વારકાધિશ પદમારાવળ દર્શાવ્યું;
શ્રી વલ્લભ કરૂણા નિધાન, કીધું જન ભાવ્યું. ૬૭

શ્રી ગોપિજન વલ્લભ શ્રી હરિ સરસ્વતી નાયક;
અમો જ છું શ્રી મહાચાર્ય શ્રી મુખના વાયક. ૬૮

પ્રમાણ ઈત્યાદિક અનેક છે, ક્યાં હાં લગી કહિયે ?
શ્રી વલ્લભ નહિ કૃષ્ણ કહે, તે આસુર લહિયે. ૬૯

મહાપ્રભુ પ્રકટ પ્રતાપ, સહજ સહુ શ્રી હરિ દેખે;
ત્યાં પ્રમાણની ઇચ્છા રાખે, તે જડ મુજ લેખે. ૭૦

પ્રમાણ બળ પુરૂષોત્તમ, શ્રી મહાપ્રભુ ને જાણે;
દીપક વડે દિવાકર દેખે, તેજ પ્રમાણ. ૭૧

શુદ્ધ દૈવી જો હોય સહજ મહાપ્રભુ રૂચિ આવે;
આસુરી દેખે પ્રતાપ, તદપિ તે શરણે નાવે. ૭૨

નિગમ આગમ પુરાણ સુણી, શ્રી હરિ વ્હાલા લાગે;
ત્યમ શ્રી વલ્લભ વિઠ્ઠલ પર પ્રિત ન જાગે. ૭૩

શ્રી ગોકુલેશ નિજ સેવક, પ્રત્યે એમ ભાખ્યું;
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ રૂપ, ગૂઢ ઘણું દાખ્યું. ૭૪

કેવળ નિજ કરૂણા થી, નિજ પ્રીતિ કો પામે.
કે શ્રીજી અતિ કૃપા, ઉપાય અવર નહિ નમે. ૭૫

અષ્ટ સિધ્ધિ નવનિધિ, ચો મુક્તિ તેની દાસી;
સહજ સદા શ્રી હરિનો, જે કોઇ દ્રઢ વિશ્વાસી. ૭૬

પણ તે દ્રઢ વિશ્વાસ આવવો ન મળે સહેલો;
તે પામે જેણે સત્સંગ કર્યો હોય બહુ પહેલો. ૭૭

દ્રઢ વિશ્વાસ પ્રભુ શું તેને ચિંતામણી મળિયો;
જે ચિંતવે તે સિધ્ધ અવર તે થકી કો બળિયો ? ૭૮

મહાપરાક્રમી મૃગપતિ તદપિ ભૂખે મરે છે;
હરિ - વિશ્વાસે અજગર વણ શ્રમ ઉદર ભરે છે. ૭૯

વ્યર્થ પડયું બ્રહ્માસ્ત્ર, ઈન્દ્રજિત અ પ્રતીત આણી;
દ્રઢ વિશ્વાસે ચાતક પિએ, સ્વાતિ નું પાણી. ૮૦

પ્રકટ ખાંભથી નરહરિ, તો પ્રહલાદ પ્રતીતે;
દૃઢ પ્રતીતિ ઉત્પન્ન પ્રથમ પ્રપુ અનન્ય પ્રીતે. ૮૧

વિશ્વાસે હરિને વણ - શ્રમ બહુ આહાર મળે છે;
નિશદિન ભટકે શ્વાન, ક્ષુધાનલ તદપિ બળે છે. ૮૨

મૃદા મૂર્તિ રચી દ્રોં ની, વિદ્યા કિરાત ભણિયો;
દૃઢ વિશ્વાસે નરહરિ ભય પ્રહલાદ ન ગણિયો. ૮૩

કેવળ હરિ વિશ્વાસ, અવર આધાર ન ભાળો;
અતિ હાનિ અણુલાભ, તદપિ ઘણી વિમાવાળો. ૮૪

ગિરિ શિખર દ્રુમ સદા હર્યા, હરિને વિશ્વાસે;
વૃક્ષ-વાટિકા વણ સિંચે, સૂકે નર - આશે. ૮૫

સકર ખોરનું સાકર જીવન, સાગર મધ્યે આપે;
મલંગ ઉદર ભરાય ના, તનુ કાંપે સંતાપે. ૮૬

શ્રી મહાપ્રભુ વચન વિષે, અણુ વિશ્વાસ ઘટ્યો;
દામોદરદાસની ત્રિયા સૂત પવંન પ્રકટયો. ૮૭

વિશ્વાસે અંતરાય કોટી જન્મના છુટે;
અવિશ્વાસે અઘમૂળ કાળ કર્માદિક કૂટે. ૮૮

અવિશ્વાસથી સાચે, ઔષધ રોગ ન જાયે;
વિશ્વાસે જુઠી વસ્તુ, પણ સાચી થાયે. ૮૯

સાધન બન્યાં અનેક તદપિ, વિશ્વાસ ન ધરમ ફલ,
રાખ વિશ્વાસ પ્રાપ્તિ મહાપ્રભુ કૃપાર્ણવ કેવળ. ૯૦

હુમા પક્ષી પરછાંય થકી નૃપ હોય સહજ નર;
ત્યાં શું ચિત્ર પ્રાપ્તિ પ્રભુ કેવળ છાંય ગુરૂ કર. ૯૧

શ્રીજી મળે જો મહાપ્રભુજી ને હૃદયે પધરાવે;
જયમ માદા મોતી તટે નર વણ તેડ્યું આવે. ૯૨

એક વસ્તુ ત્રય નામ, શ્રી વલ્લભ - વિઠ્ઠલ - શ્રીજી;
જયમ ગંગાધાર ત્રિનામ વસ્તુ નહિ બીજી. ૯૩

શ્રીજી લીલા સામગ્રી, લ્યો એ વિધિ નિરખી;
ખેલવણાં બહુ ભાંતિ સર્કરા સઘળે સરખી. ૯૪

શ્રી ભગવદ્ ઈચ્છાના વચન કહું જન સાંભળ,
નિશ્ચય પર્વત પ્રીય કરી મન સંશય થી ટળ. ૯૫

શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ નામરત્ન જે ગાશે,
તે થકરી શ્રી હરિ હૃદય તણું હાર્દ સમજાશે. ૯૬

શ્રી રાધાવર દર્શન પ્રાકટ થાયે વળી તોથી;
પુષ્ટિ પથનું એજ મૂળ, કો અધિક નહિ એથી. ૯૭

શ્રીજી સહ સહુ વલ્લભ જપ એ નામ કરે છે;
એ રસ એમના કૃપા પાત્ર ને હ્રદે ઠરે છે. ૯૮

શ્રીજી સેવા સ્મરણ સહસ્ત્ર દિન કરતાં જે ફળ;
તે ફળ શ્રી વલ્લભનું એક દિન કર્યે સમજ બળ. ૯૯

સ્તોત્રરાજ શ્રી સર્વોત્તમજી, જે જન સદા જાપે;
તેને શ્રીજી થોડામાં પ્રકટ દર્શન આપે. ૧૦૦

કેવલ શ્રી મહાપ્રભુજી ભજતા શ્રીજી નવ રિસાવે;
વણ - વલ્લભ સમર્યે શ્રીજી મન અરૂચી આવે. ૧૦૧

જેનું ઊઘાડે ભાગ્ય તેને નિશ્ચય આવે;
ઉરમાં આસુર ભાવ હોય તો ભ્રાંતિ ઉપજાવે. ૧૦૨

શ્રી મહાપ્રભુ નો ભગ્ન ભરોસો તેજ અન્યાશ્રય;
સકલ શુભ કૃતિ વ્યર્થ ઠર્યો તે મહાદેમય. ૧૦૩

દ્રઢ આશ્રય શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલનો રાખે;
સેવે સ્મરે શ્રીજી તે અનુપમ રસ ચાખે. ૧૦૪

કળિમાં ભક્તિ આદિક માર્ગ સહુ છે, અતિ દુર્લભ;
હરિ શરણા ગતિ સુદૃઢ હોય તો સર્વે સુર્લભ. ૧૦૫

શરણાગતિ પણ શુધ્ધ મળવી જીવ કઠીન ગણી છે;
સઘળી સાંગો પાંગ વસ્તુ શ્રી ગુરૂથી બની છે. ૧૦૬

તેના સંબંધથી સર્વ તે તુજમાં ગણાવી
તેથી પ્રાપ્તિ વિશ્વાસ રાખ, તુંથી નથી બાણવી. ૧૦૭

ગ્રહણ કર્યો નવ તજે મહદ, જદપિ અયોગ્યજન;
દોષ જીવનાં જોતાં અડે બિરદને લાંછન. ૧૦૮

અજ્ઞપણે તું જાણે સાધન કશું ન મુજમાં;
શ્રી વલ્લભ સંબંધે પૂરણ સઘળું તુંજમાં. ૧૦૯

કુઠિત કરીશ પ્રતીતિ અધમ પણું મન માની;
અજ્ઞપણે થાય ચિંતા, પણ ફળમાં નહિ હાનિ. ૧૧૦

મારૂં સહું બળશ્રી ગુરૂ છે, દ્દઢ પડયો ભરોસે;
શ્રીજી તેના થઇ ચૂક્યા કિંચિત નહિ સાંસો. ૧૧૧

સાધન ધર્મ કશાં પાંડવાનાં જુઓ વિચારી;
કેવળ કુંતા સંબંધે વશ શ્રી ગિરિધારી. ૧૧૨

વેદ વિરૂધ્ધ ઘણાં કારજ પારથ થી બણિયાં;
તે ઊલટાં અંતર પ્રિતે પ્રભુ સાધન ગણિયાં. ૧૧૩

ઉત્તમ અધમ, અધમ ઉત્તમતા, સંબાંધ પામ્યે;
શાણા જુઓ વિચારી, વસ્તુ સઘળે કામે. ૧૧૪

ક્ષીર નિર ગોધૂમ કંકર મળી, હરિ-ગુણ કાગળ;
સમાન હોય સન્માન જુઓ સંબંધ તણું બળ. ૧૧૫

વણ સંબંધ વર વસ્તુ પ્રાપ્તિ નવ હોય કોઈને;
સંબંધ - બળ - તજી નિજ બળ દોડે મરે રોઈને. ૧૧૬

એજ પુષ્ટિ પછ રહસ્ય શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ;
એમનું બળ આશ્રય અનન્ય ધર્ય, ઈચ્છે નિજભેલ. ૧૧૭

કેવળ સ્વ આચાર્ય અભિમાન શ્રુતિયોગ કહ્યો છે,
પુરૂષોત્તમ પ્રાપ્તિ ઉપાય, એજ સરળ લહ્યો છે. ૧૧૮

કેવળ કૃષ્ણ જપે ઉર આવી જાય અવિનાશી;
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ સહ રટતાં અચલ નિવાસી. ૧૧૯

શ્રીજી શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ બાળક સારા;
માટ ઠોર મઠડી ને જેમ, કાંઈ સક્કર પારા. ૧૨૦

થયો બ્રહ્મ સંબાંધ જેહ, વલ્લભ સુત દ્વારા;
મુખ્ય સ્વામિની તે તેને બીજા વ્રજ દ્વારા. ૧૨૧

પુષ્ટિ જીવ સહુ એ વિધ વિવેક મનમાં ધરશે;
તો સહેજે શ્રીજી મળશે, સહુ કારજ સરશે. ૧૨૨

જેવું હરિ - ગુરૂ રૂપ તેમજ વૈષ્ણવનું જાણો;
વણશ્રમ મહાફળ મળે ઉભયથી અધિક પ્રમાણો. ૧૨૩

શ્રી વલ્લભ-વિઠ્ઠલ બે વકાર આદ્યંત રહ્યાં છે;
મધ્યે ષણ કૃષ્ણનો મેળ, વૈષ્ણવ જ લહ્યા છે. ૧૨૪

કશું ન સમજ્યો હોય - હોય અતિ પ્રિય જો હરિજન;
તેને કશું કરવું નહિ રહ્યું, હરિ પ્રિય સમલોચન. ૧૨૫

મૂળ પુરૂષ સર્વેશ્વર શ્રીજી શ્રુતિ કહ્યા છે;
પણ તે શ્રી વલ્લભ વશરતી સદા રહ્યા છે. ૧૨૬

શ્રી મહાપ્રભુજી વણકૃપા, ન તે કોને પણા લાધે;
સાધન ધર્મ અનેક પ્રકાર યદ્યપિ આરાધે. ૧૨૭

ચિંતામણિ મોટી પણ જેનો આપ્યો મળિયો;
ત્યારે તે ચિંતા મણિથી દાતા અતિ બળિયો. ૧૨૮

શ્રી મહાપ્રભુ સ્વતંત્ર પુરૂષ, શ્રી મુખ સાંભળિયું;
તેમની કૃપા જ્યાં તેનું, ભાગ્ય અતિ બળિયું. ૧૨૯

પુષ્ટ - પુષ્ટ ફળ શ્રી વલ્લભ - ચરણારવિંદ છે;
તેથી આગળ કહે ફળ તે અતિ ભાગ્યમંદ છે. ૧૩૦

શ્રી વલ્લભ - શ્રી વિઠ્ઠલનામ વસ્તુ અતિભારી;
અંતરંગ શ્રીજીનો પરમ ભજન અધિકારી. ૧૩૧

વચન વડાનાં લઈ સંમતિ સઘળે આપી;
કહ્યા એક અનુભવગિરા થવા મનસુખ આલાપી. ૧૩૨

મેં મુજ મન પ્રબોધ થવા, આ ગ્રંથ રચ્યો છે;
અવર તેને કાજ જેહને રુચ્યો પચ્યો છે. ૧૩૩

ગમ્ય ન પડે અવરનો પુષ્ટિ-સૃષ્ટિનું જીવન;
ભાવ ઊપજાશે તેને, જે હરિ-કૃપાપાત્રજન. ૧૩૪

મહાસાગર ગ્રંથ સુરચ્યો રસાવલિ છંદે;
સજ્જન નું મન સુણી ભરાશે પરમાનંદે. ૧૩૫

શ્રી વલ્લભ-દાસાનુદાસ જન દયારામ છે;
તેણે આ રચના કીધી મન પૂરણ-કામ છે. ૧૩૬

આ પુષ્ટિપથ રહસ્ય ગ્રંથ શ્રવણે વા ગાશે;
સકલ પાપ સંતાપ જશે, મનવાંછિત ફળ થાશે. ૧૩૭

॥ ભક્ત કવિ "દયારામ"ભાઈ કૃત "પુષ્ટિ પથ રહસ્ય" સંપૂર્ણ ॥

* * *

અનુગ્રહ માર્ગમાં ભગવદ્ અનુગ્રહ જ નિયામક છે.

ભક્તિ-પોષણ

શ્રીગુરુ વલ્લભદેવનો, હું પ્રથમ કરું પ્રણામ;
શ્રીવિઠ્ઠલ, શ્રીકૃષ્ણ, શ્રીયમુને મહા પૂરણ કામ.
પૂર્ણકામ દામોદરદાસ,
અષ્ટ સખા પૂરો ઉર વાસ;
શુભ મતિ દ્યો અતિ પરમ પવિત્ર,
'ભક્તિ-સુપોષણ' ગાઉં ચરિત્ર...
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ... ૧

ચાર વેદ, ખટ્ શાસ્ત્રનો, વારે વારે કર્યો રે વિચાર;
ઉપનિષદ્‌ના અર્થનો, શોધતાં નીકળ્યો સાર.
નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ,
સત્સંગમાં કરવી આસક્તિ;
શ્રી-પૂર્ણ-પુરુષોત્તમને યુગ-ચરણે,
સર્વ સમર્પીને રહેવું શરણે... સેવો. ૨

નહિ કોઈ જેની સમોવડી, કોઈ ઈશ ન જેને શીશ;
સર્વ વસ્તુ તે થકી થઈ, જે કોઈ કહાવે સર્વના અધીશ.
સર્વાધીશ વંદે સહુ જેને,
નિગમ 'નેતિ નેતિ' કહે છે તેને;
શેષ-મહેશ-વિધિ શ્રી-અગમ્ય,
તેને કહીએ પૂર્ણ પુરુષોત્તમ... સેવો. ૩

શ્રી પુરુષોત્તમને પરહરી, જેનું અન્ય અમરે મન મોહે;
તો કામદુધા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે.
દોહે ગાય મૂકી મૂઢ પાડો,
તરસ્યો ગંગા-તીરે ખોદે ખાડો;
તેમ પૂર્ણ તજી અવર આરાધે,
મહેનત માથે પડે કાંઈ ન લાધે... સેવો. ૪

રાખી ભરોંસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ;
ઈચ્છે અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ.

આશ કરે તરવા દધિ-પૂર,
શ્વાનનું હાથ ગ્રહી લંગૂર;
તે જેવો પામશે સાગર પાર,
તરશે તેવો હરિ-વિમુખ સંસાર... સેવો. ૫

કોડી ઉપાસન મલિનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો;
રૂપૈયો સુર-સેવના, વ્યૂહ કંચન મહોર પ્રમાણો.
કંચન મહોર વ્યૂહ, હરિ હીરો,
એમ અંશ અંશી સમઝી રહો;
સર્વ એ દ્રવ્ય હીરાથી થાય
હીરો કોઈએ એ કર્યો નવ કહેવાય... સેવો. ૬

જગત વૃક્ષ, તેહનું મૂળ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિ-શાખા જળ સિંચિએ,તેથી તરુવર તૃપ્તિ ન થાય.
તૃપ્તિ ન થાય, વૃથા શ્રમ પહોંચે,
સમજણ આવે ત્યારે પછી શોચે;
મુખ દ્વારા સહુ ઇંદ્રિય સંતોષે,
ભોજન અંગે લેપ્યું કોઈને ન પોષે... સેવો. ૭

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનના અવગુણ પણ ગુણજાણે;
અવળું પડે અન્ય દેવને, સામું દુઃખ દે શત્રુ પ્રમાણે.
પ્રમાણ નહિ, ફળ દે તોહે જાય,
હરિનું આપ્યું કદી નાશ ન થાય;
અમર અલ્પ વર, અધિક પ્રયત્ન,
પ્રભુ કોડી સાટે દે રત્ન... સેવો. ૮

વેલુ પીલતાં જો તેલ નીકળે, જળ મથ્યે જો નવનીત હોય;
મૃગજળથી જો તૃષાટળે તોય, હરિ ભક્તિ વિના ભદ્ર ન હોય.
ન હોય ભદ્ર હરિ વિના કદાપિ,
અભય ન હરિ વિના કો શકે આપી;
હું નથી કહેતો પોકારે છે વેદ,
સ્મરો શ્રીકૃષ્ણ, ટળે સહુ ખેદ... સેવો. ૯

મંત્રાધીન સહુ દેવતા, યોગે વિરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઈ મળે, પણ પુરુષોત્તમ પ્રેમે પમાય.
પ્રેમ ભક્તિ-વશ પૂર્ણાનંદ,
એ ન પડે, અન્ય સાધન ફંદ;
શ્રીમુખે ભાખ્યું ગીતા માંહ્ય,
ન માનો તો જો જો ત્યાંય... સેવો. ૧૦

શ્રવણ, કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ, સેવન અર્ચન;
વંદન, દાસત્વ, સખ્યતા, વળી આત્મ-નિવેદન.
આત્મ-નિવેદન નવધા કહિયે,
પ્રેમ-લક્ષણા દશમી લહિયે;
એ ભક્તિ સહુ સાધન-તાજ,
જે પામે વશ થાય વ્રજરાજ... સેવો. ૧૧

શ્રવણ પરિક્ષિત, શુક કરી કીર્તન, સ્મરણ કરી પ્રહ્લાદ;
શ્રીસેવન, પૂજન પૃથુ, વંદન અક્રૂર આહ્લાદ.
આહ્લાદ-માન્યો, કપીશ કિંકરતા,
સખ્યતા-ભક્તિ સુભદ્રા-ભર્તા;
આત્મ-નિવેદન બલિએ કીધી,
ગોપીજને પ્રેમ લક્ષણા લીધી... સેવો. ૧૨

નામ કેશવનું કર્ણમાં, પડતાં સહુ થાય પવિત્ર;
શરદ ઋતુના સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર.
વિચિત્ર જળ તેમ જાતિ રે જાણો,
સર્વ શુચિ સદ્ય નામે પ્રમાણો;
શુદ્ધ સુવર્ણ જેવું અગ્નિથી થાય,
માંજે ઓપે તેવો મેલ ન જાય... સેવો. ૧૩

નામ કીર્તન શ્રીકૃષ્ણનું, કળિમાં સહુ સાધન તાજ;
ભવસાગર તરવા તણી, સહુને એ સુખ પથ પાજ.
પાજ પ્રગટ, શ્રમ નહિ, ઘણું સહેલું,
દામ વિના ફળ થાય સહુ પહેલું;
સર્વ અવસ્થામાં ને સૌ ઠોર,
અધમ ઉત્તમ સૌને અધિકાર... સેવો. ૧૪

સતયુગે જે ફળ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ;
દ્વાપરે પૂજને પામતાં, સહુ કળિ હરિ-કીર્તને તેહ.
તે થકી (પણ) અધિક ફળ હરિગુણ ગાતાં,
તો શું થયું તપ તીર્થમાં નાહાતાં?
મણિ મળ્યો તે શોધે શીદ કોડી?
વિના વિશ્વાસે મૂઢ મરે દોડી... સેવો. ૧૫

કળિરૂપી આશૌચમાં, કોઈ કર્મનો નહિ અધિકાર;
અડે ન સૂતક નામને, નિર્ભય નિત્ય કરિયે ઉચ્ચાર.
ઉચ્ચાર માત્રે અભયપદ આપે,
સકળ પાપ સંતાપને કાપે;
વેદશાસ્ત્ર સહુ પુરાણ પોકારે,
તો હરિ હરિ, તું શેં ના ઉચ્ચારે?... સેવો. ૧૬

નામે અજામિલ ઉદ્ધર્યો, નામે તાર્યા શિવે બહુ પાપી;
અવળે નામે વાલ્મીક તર્યો, અર્ધે ગુણિકા ગતિ આપી.
આપી ગતિ ઈત્યાદિક બહુને,
જેણે જેણે આશ્રય કર્યો તે સહુને;
બે અક્ષરમાં બધો ય સાર,
જેણે લહ્યો તે પામ્યો પાર... સેવો. ૧૭

સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું, કથા કીર્તન જ્યાં નિત્ય થાય;
કોટિ તીર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય.
ન્હાય તેમાં તે પવિત્ર પ્રમાણો,
તે વિના સર્વને સૂતકી જાણો;
જીવતાં શબ સરખા સહુ તેહ,
ભૂતલે ભાર કર્યો ધરી દેહ... સેવો. ૧૮

નટવર છબિનદલાલની, એવું ચિંતન કરે ચિત્ત માંહ્ય;
મોર મુકુટ શિર તિલક કુંડળ, નકવેસર ચિબુક સોહાય.
સોહે કૌસ્તુભ મુક્તા વનમાળ,
કિંકણી કર ગ્રહી મુરલી રસાળ;
પીતાંબર કટિમેખલા સોહે,
નેપુર નખ શિખશું છબિ મન મોહે.. સેવો. ૧૯

સોળ ચિહ્ન પદ-પંકજે, દક્ષિણે નવ, વામે સાત;
સ્વસ્તિક, અષ્ટકોણ, જંબુફળ, યવ, પવિ, ધ્વજ, ઊર્ધ્વરેખા વિખ્યાત.
ખ્યાતે અંકુશ, અંબુજ, મચ્છ, વ્યોમ,
કળશ, ઈન્દ્રધનુ ને અર્ધ સોમ;
ત્રિકોણ, ગોપદ, ખટ્દશ ધ્યાન,
નિત્ય કરે નિર્ભય-પદ-દાન... સેવો. ૨૦

જેમ નટ-દંગ દોરમાં, પનિહારીની બેડા માંહે;
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંનું ત્યાંહે.
ત્યાંહાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું,
સંસારમાં સાક્ષીવત્ રહેવું;
જગત જાણે જે એ છે જંજાળી,
રાખે હૃદે ત્રિકમશું તાળી... સેવો. ૨૧

કંસ, શિશુપાળ, કુબ્જાદિકે વૈરે-કામે સમર્યા શ્યામ;
એ વિના નાના ભાવથી, સ્મર્યે સર્યાં સર્વનાં કામ.
કામ થયાં તુચ્છ ભાવે જ્યારે,
શું કહેવું સ્નેહે સ્મરે પછી ત્યારે?
ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું
તો ભવ સંકટ સૌ તેનું ભાગ્યું... સેવો. ૨૨

અન્ય સાધને શ્રેય આપણું, પણ શ્રી હરિને શું સુખ?
સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદજ મુખ્ય.
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા,
લોક વેદના ભય નવ ધરવા;
પૂજા તે ચાલે શ્રુતિ પ્રમાણ,
સેવા તે જેમાં સ્નેહ બંધાણ... સેવો. ૨૩

એક વાર આખા જન્મમાં, જો શ્રીકૃષ્ણ-ચરણ સ્મરાય;
તો દર્શન યમદૂતનું, કદી સ્વપ્ને પણ નવ થાય.
થાય જો ભાવ સહિત નિત્ય ધ્યાન,
તો પછી શું કહું ભાગ્યુનું માન?
હરિ ઉર નહિ તો તપે શું થાય?
જો છે તો કરે કષ્ટ બલાય... સેવો. ૨૪

આપ્યું ઉરસ્થળ મૂકીને, રમા ચરણ-સેવા નવ ચૂકે;
હૃદય રહિત કદા હરિ કરે, પણ પદાશ્રિત નહિ મૂકે.
મૂકે ના, અંઘ્રિ છે ભક્તિ-નિવાસ,
માટે અવલંબે સહુ દાસ;
એ ભક્તિ છે અતિશે દુર્લભ,
પ્રાપ્તિ થયે સર્વે પદ સુલભ... સેવો. ૨૫

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઈનો દોષ;
મન-કર્મ-વચને જેમ બને તેમ, કરવો સર્વનો સંતોષ.
સંતોષે પ્રાણી, પ્રભુ પ્રસન્ન,
તેથી સુખી પોખે હરિજન;
સઘળે દયા, એ પૂજા પ્રભુ કેરી.
દેહીને દૂભવે તે કૃષ્ણનો વેરી... સેવો. ૨૬

એકવાર પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો;
અશ્વમેધ દશ અવભૃથના, ફળ પર પગ તેણે દીધો.
પગ દીધો શા માટે કહેવાય?
યજ્ઞ કરે તોએ જન્મ તો થાય;
કૃષ્ણ પ્રણામીનો નહિ દેહ,
મખથી અધિકતા એમાં એહ... સેવો. ૨૭

નમન કર્યું નંદલાલને, સ્નેહે મન-કર્મ-વચને જેણે;
ધર્મ-સાધન પૂર્ણ સહુ કર્યાં, નિશ્ચે જાણજો તેણે.
તેણે કર્યું હરિપદ અનુકૂળ,
દુઃખ પાપનું ટાળ્યું મૂળ;
દીન ભાવે કર્યું વંદન હરિને.
તે જનની ગર્ભ ન આવે ફરીને... સેવા. ૨૮

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરુષોત્તમ જેને માથે;
ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાની માન્યું મન સાથે.
મન સાથે માને જે હું જ ભૂપ,
જગત પૂજે જાણી રાણીનું રૂપ;
પણ પતિ-સુખ સ્વપ્ને નહિ એને,
એળે એ અથડાય છે શેને?... સેવો. ૨૯

દાસપણે જે આનંદ છે, તે નથી ભળ્યે જગદીશ;
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાઘ-આશે છેદાવે શીશ.
શીશ છેદ્યા પછી મુકુટ ક્યાં ધારે?
સહુ મૂર્ખ કોઈ મનમાં ન વિચારે;
જળને તે શો જળપાનનો સ્વાદ?
જન જુદો રહી પામે આહ્લાદ... સેવો. ૩૦

જીવ બ્રહ્મ થાયે નહિ, થાતે તો બ્રહ્માનંદ કો'ને?
ભોક્તાપણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને?
શાને કહો 'ન્યારો નથી બ્રહ્મ નામી.'
ક્યમ બોલ્યો જનક સાયુજ્યતા પામી?
બોલે તો બીજો કહેવાય,
ઈશ્વર જીવ કદી નવ થાય... સેવો. ૩૧

અહોભાગ્ય-મહોભાગ્ય, ધન્ય વ્રજ-જન પરમ પવિત્ર;
પૂર્ણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મિત્ર,
મિત્ર થઈ સર્વે સુખ દીધું,
સર્વ ભાવે કારજ બહુ કીધું;
શેષ-મહેશ-વિધિ-શ્રી-અલભ્ય,
તે ફળ શ્રીગોપીજન-લભ્ય... સેવો. ૩૨

દેહ, પ્રાણ, ઈન્દ્રિય, અંતઃકરણ, ધર્મ, દારા, ગૃહ, ધન;
પુત્ર, આપ્ત, આત્મા સહ, સર્વે સમર્પ્યું જગજીવન.
જગજીવનને, સર્વાત્મભાવે,
સેવા કરે સદા સહજ સ્વભાવે;
તે જ ગમે પ્રભુ જ્યમ સુખી થાય,
આત્મનિવેદન એ કહેવાય... સેવો. ૩૩

સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે?
આત્મા સહિત અર્પણકરી, હરિદાસ થાની શીદ ડરપે?
ડરપે છે કાળથી, રહે છે ઊચાટે,
તેં પરનું માન્યું પોતાનું તે માટે;
જેથી બંધાયો તે વસ્તુ દે મૂકી,
તારી ન જાણીશ-રાઢ એ ચૂકી... સેવો. ૩૪

રૂપ, ગુણ, દ્રવ્ય, ત્રણ એ કારણ પ્રીત થવાનાં કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ 'સ્નેહ' તે કૃષ્ણને ભાવે.
ભાવે, એ પ્રેમે વહાલો વશ થાય,
તેને મૂકી ક્ષણું દૂર ન જાય;
તે જને સુખ માન્યું મન એહ,
જયમ ત્યમ થાય સુખી પ્રભુ તેહ... સેવો. ૩૫

પ્રેમ, આસક્તિ, વ્યસન, એ ત્રણે રૂપ સ્નેહના લહિયે;
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઈ ન કહિયે.
કહિયે 'પ્રેમ'નું લક્ષણ એક,
જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિયોગ થાય ત્યારે તપે તન,
ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન... સેવો. ૩૬

એકવાર આખા દિવસમાં પણ, મળ્યા વિના ન રહેવાય;
જો ન મળે તો વિકળ થાય, 'આસક્તિ' એ કહેવાય.
કહેવાયે વ્યસન, આવું જ્યારે થાય,
સામાસામી હૃદય વીંધાય;
'તન્મયતા' તે મૃત્યુ સમાન,
આ ચારે આવે, આપે હરિ દાન... સેવો. ૩૭

પ્રેમ-લક્ષણો વળી, દગુરુચિ સ્મૃતિ અભિલાષ ઉદ્વેગ ચાર
વ્યાધિ, પ્રલાપ, ઉન્માદ, ત્રણે 'આસક્તિ'ના પ્રકાર.
પ્રકાર 'વ્યસન' તણા બે કહિયે,
જડતા ને વળી મૂર્છા તે લહિયે;
'તન્મયતા'નું લક્ષણ એક,
મૃત્યુ -સાદશ્ય, પણ મરણ ન છેક... સેવો. ૩૮

જાતિ જૂવો તો આહીરની, તેમાં અબળા અધમ અવતાર;
એ વેદાદિ નહોતી ભણી, નહોતો ઉત્તમ કર્મ અધિકાર.
અધિકાર વિણ એક પ્રેમ-પ્રતાપ,
કર્યા આધીન શ્રી કૃષ્ણજી આપ;
તે ગોપી-પદરજ વંદે ઈશ,
'પ્રેમલક્ષણા' તે સહુને શીષ... સેવો. ૩૯

સેવા-સંગત હરિ ભક્તની કરે 'પ્રેમ-ભક્તિ' ઉત્પન્ન;
તો કરે કૃતારથ એકલી, નવ જોઈએ કોઈ સાધન.
જોઈએ ન વય, વિદ્યા, વિત્ત, વર્ણ,
રૂપ, પરાક્રમ, પવિત્ર આચરણ;
કહેશો, જોયા નથી, કહો કિયે ઠામ?
તો સુણો પ્રગટ બતાવું નામ... સેવો. ૪૦

ધ્રુવજીને ક્યાં વય હતું? ક્યાં હતું સુદામાને ધન;
કુબ્જાને રૂપ ક્યાં હતું? ઉગ્રસેનમાં શું પુરુષાતન !
પુરુષાતન નોહોતું ઉગ્રરાય,
ગજને ક્યાં હતી બ્રહ્મવિદ્યાય?
પારધીમાં ક્યાંથી શુભ આચરણ?
કેવળ ભક્તિ પામ્યાં ગિરિધરણ... સેવો. ૪૧

દ્વાદશ ગુણ-સંયુક્ત છે, દ્વિજ પંડિત સરખો કોય;
પદ્મનાભ-પદ વિમુખ છે, તો તેથી શ્વપચ ભલેરો હોય.
શ્વપચ ભલો જેહને કૃષ્ણાસક્તિ,
મન-કર્મ-વચને કરે કૃષ્ણભક્તિ;
કુળ સહિત શ્રેય પામે તેહ,
વિપ્ર શકે ન કરી શુચિ દેહ... સેવો. ૪૨

શ્રીકૃષ્ણની ભક્તિ અંક છે, બીજા સાધન સર્વે શુન્ય;
અંક વિના સહુ અફળ છે, સહ શુન્ય દશ ગુન્ય.
દશગણાં બિંદુ, આદ્ય અંક એક,
અંક વિના સુની શુન્ય અનેક;
ભક્તિ કરી તેણે સર્વ કાંઈ કીધું,
ભક્તિ વિના સર્વ કાંઈ ન સીધું... સેવો. ૪૩

નૃગ ભૂપે ગોદાન કર્યાં કેટલાં? કાંઈ ગણતાં ન આવે પાર;
એક દિવસ અણુ દોષ પડ્યો, કૃકલાશ થયો અવતાર.
અવતાર અધમ, થઈ જગ હાંસી,
ગોદાન-પુણ્ય ગયું ક્યાં નાસી?
દાન કર્યાં તોયે પામ્યો દુઃખ,
શા માટે? જે હતો ભક્તિ-વિમુખ... સેવો. ૪૪

પ્રાચીન-બર્હિષ ભૂપતે, જુઓ કીધા યજ્ઞ અપાર;
ઉર્વી મખાંકિત સૌ કરી, તોહે કાંઈ ન દીઠો સાર.
સાર ભાળ્યો, જે જે પશુ પાડ્યાં,
તે તે રહ્યાં હણવા, નારદે દેખાડયાં;
ભય દેખી લીધું સુર - ઋષિ શરણ,
ભક્તિ કરીને પામ્યો હરિ-ચરણ... સેવો. ૪૫

ભંક્તિ તારે ચાંડાળને, જેમાં એકો ન શુભ આચરણ;
તો શું કહેવું પછી તેહનું ઉદ્ધારે અધમ અન્ય વર્ણ?
વર્ણ સર્વે ઉદ્ધારે જક્ત,
નીચ ઊંચ જે નિજ - આસક્ત;
એક અંગ ભક્તિ ભદ્રદાય,
આશ્ચર્ય શું પૂર્ણ શ્રેય થાય?... સેવો. ૪૬

ભક્તિ નૌકા તારે સર્વને, જેકો શરણે આવે શુચિ-પાપી
અન્ય સાધન દારુ-તુંબિકા, ગ્રહે સભય તરે કો કદાપિ.
તરે કદાપિ, બચે કામાદિ ગ્રાહથી,
સામર્થ્ય નહિ અણુ તારવા સાથી;
વિબુધ વિચારી જુઓ નિજ મન,
ભક્તિ ભલી કે સાધન અન્ય?... સેવો. ૪૭

ભક્તિ મણિ, જ્ઞાન દીપ છે, ટાળે ઉભય ખરા અંધકાર;
મણિ અભય, ધુતિ અચળ છે, દીપકને તો ભય છે અપાર.
અપાર ભય વાયુથી વામે,
તૈલ-પાત્ર બત્તી વણ લય પામે;
જ્ઞાન સભય તો અન્ય કોણ માત્ર?
નિર્ભય ભક્તિ સકળ સુખ-પાત્ર... સેવો. ૪૮

ભક્ત તો ભક્તિ સ્વરૂપ છે, તેને માયા ન પીડે લેશ;
સ્ત્રી થકી સ્ત્રી મ્હોવાય નહિ, મોહ પામે પુરુષને વેશ.
પુરુષ જ્ઞાન વૈરાગ્ય ને યોગ,
તેને પીડે અજા-રૂપી રોગ;
તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ,
ભક્તને અચળ હરિશું સ્નેહ... સેવો. ૪૯

નિરખે નેત્ર નંદલાલને શ્રુતિ કથા, રટે મુખ નામ;
નાસિકા સૂંઘે પ્રેમશું, પ્રસાદી તુળસી પુષ્પ-દામ.
દામ ઘ્રાણ કરે, કર હરિ-સેવા,
દોડે ચરણ પ્રભુ-દર્શન લેવા;
મને ધ્યાન નટવર-છબિ શ્યામ,
સર્વાંગે કરે પ્રભુને દંડ-પ્રણામ... સેવો. ૫૦

ભક્તિ વિના કેવળ કૃતિ કરે, તેને ફળ પરલોકે ન થાય;
મણિધર પવન ભક્ષી રહે, જુઓ મચ્છતીર્થ જળ ન્હાય.
મીન તીર્થ, ભીલ-મૃગ વનવાસી,
અંધ ગ્રહે દંડ, કાસદ જાય કાશી;
સર્પ દંડવત્, નટ સિદ્ધ-વેશ,
દરશ તપોધન, ભાવ ના લેશ... સેવો. ૫૧

શ્રીકૃષ્ણ, શ્રીગુરુ, ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ;
ત્રણ ધારા જયમ સુરસરી, તેમાં ભેદ નહિ તદ્રૂપ.
ભેદ નહિ, ત્રણ નામ જ માત્ર,
જોતાં વિચારી દીસે એક જ ગાત્ર,
સ્નેહ વિવેકે સેવો, સરે અર્થ,
અવસર અમૂલ્ય ખુઓ શિદ વ્યર્થ?... સેવો. ૫૨

સત્સંગ સર્વનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ;
અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વણ શ્રમ.
શ્રમ વિના શ્રીનાથ મિલાવે,
કલ્પનું કામ તે પલકે સરાવે;
જ્યમ નીચ નીર મળતાં ગંગે ગંગ,
એમ સમોવડ દે સત્સંગ... સેવો. ૫૩

લવ હરિ સંગીના સંગના, સુખની સમતા નહિ કોય;
સ્વર્ગ તથા અપવર્ગનું, સુખ પણ સમોવડ નવ હોય.
નવ હોય સમતા મોક્ષાનંદ,
તો ક્યાં જન ઈચ્છિત સુખ મંદ?
અણ-અનુભવીને આશ્ચર્ય થાય,
પણ આણુ સંદેહ છે નહિ, રાય !... સેવો. ૫૪

ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શરણ;
દારિદ્રય ટાળે સુરતરુ, મળી ત્રણ કરે ત્રણ હરણ.
હરણ કરે ત્રણ તે તત્કાળ,
મળતામાં હરિજંન દયાળ;
જ્ઞાને તાપ હણે, દર્શને દોષ,
દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ... સેવો. ૫૫

યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રતો, બહુ કીધો કષ્ટ કર્મ;
જ્ઞાન, ધ્યાન, અતિ દાનથી, તીર્થ, આચરતાં ધર્મ.
ધર્માધ્યાન, વેદ, શાસ્ત્ર પુરાણ,
કોટિ સાધનથી ન પરમ કલ્યાણ;
શ્રેય નવ થાય ઉપાય અનેક,
વિના મહત્પદ-રજ-અભિષેક... સેવો. ૫૬

હરિજન તે હરિ-રૂપ છે, તેને મૂરખ નિજ સમ જાણે;
જયમ શશી સાગરમાં હતો, માન્યો મીને તે મીન પ્રમાણે.
મીન પ્રમાણે થયો નહિ સોમ,
મકર રહ્યું ભોમ ને તે વસ્યો વ્યોમ;
ત્યમ વૈષ્ણવ તે વૈકુંઠે જાશે,
અધમ અહીંના અહીં અથડાશે... સેવો. ૫૭

ચાર વર્ણમાં શ્રેષ્ઠ સર્વથી, બ્રાહ્મણ વર્ણ વિખ્યાત;
તે સહુના પણ કહાવે શિરોમણિ, મોટા મુનિવર સાત.
તે સાતે કરે ધ્રુવની પરિક્રમ્મા,
ધ્રુવ સુત-ક્ષત્રી ને તે સુત બ્રહ્મા;
વિબુધ, વિચાર કરો તમે એહ,
ભક્ત મોટા કે બ્રાહ્મણ-દેહ?... સેવો. ૫૮

બાહ્માદિક વ્રજ-ભાકતાની, પદ-રજ વંદે ગુણાધામ;
દુર્વાસા ઋષિએ દીન થઈ, કર્યો અંબરીષને પ્રણામ.
કર્યો પ્રણામ જ્યારે અથડાયા,
વળી શબરી પદ-જળે દ્વિજ નાહ્યા;
હરિજન થી મોટું નથી કોઇ
દૂભવે તે દુઃખ પામે, પત ખોય... સેવો. ૫૯

સંત સેવે નારદ થયા, જુઓ દાસીસુત હરિમંન;
તે સુરઋષિના સંગથી, ટળી વ્યાસના ઉરની અગંન.
અગન મટી, સમજાવ્યો મર્મ,
શ્રી ભગવત રચ્યું છાંડીને કર્મ;
કલેશ ટળે, કરે પ્રભુજન-પ્રિતી,
દૃભવ્યેથી સાંતે સુકીત... સેવો. ૬૦

યોગી તરે કદા એકલો, હરિજન તારે સહુ સંગી;
સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસરંગી.
રંગે રસિક સેવે ગુણ ગાય,
પોતે પિયે સુધા, સામાને પાય;
ભક્ત સ્નેહી સૌનું સારે કામ,
ધ્યાની સાથે કોઈનો નહિ કામ... સેવો. ૬૧

સર્વ પ્રાણી ઉપર દયા, આણવો નહિ કોઈનો દોષ;
વશ કરવી ઈંદ્રિય સહુ, યથા લાભ સંતોષ.
સંતોષ ધરી વદવી સત્યવાણી,
દઢ આશ્રય-પ્રભુ દીનતા આણી;
દુષ્ટ સંગાથી રહેવું દૂર,
વસવું સદા હરિજનની હજૂર... સેવો. ૬૨

દુષ્ટ સંગત તોને જાણિયે, જે ભુલાવે ભગવંત;
સ્નેહ કરાવે કૃષ્ણાશું, તે તો કહિયે સાચા સંત.
સંત સાચા તેની સંગત કરિયે,
અસમર્પિત અન્યાશ્રયથી ડરિયે;
'હું હરિનો' 'હરિ મારા નાથ',
એ નિશ્ચે કરવું મન સાથ... સેવો. ૬૩

અન્યાશ્રય અસમર્પિત, એ બે મોટા દુસ્તર રોગ;
સર્વ વસ્તુ શ્રીનાથને અર્પી, ઉચ્છિષ્ટ કરવો ભોગ.
ભોગ કરવો હરિ-ભક્તની સંગે,
એક જ શ્રીકૃષ્ણ સેવવા રંગે;
દઢ આશ્રય ગુરુદેવનો ધરવો,
(તો) ગોવત્સ-પદવત્ ભવદધિ તરવો... સેવો. ૬૪

ગુણની ઉપર ગુણ કરે, એતો રીત જગતમાં પ્રકાશ;
અવગુણ સામો ગુણ કરે, તે મોટા હરિના દાસ,
દાસ દોષ સહુના સંતાડે,
ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે;
સાગર-લાંછન વિષ શિવે પીધું,
શશી-યશ પ્રગટ લલાટે દીધું... સેવો. ૬૫

વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ;
હિત ઈચ્છે સહુ જગતનું, નવ ધરે કોઈની આશ.
આશ કરે એક શ્રીગોપાળ,
વ્યતીત કરે હરિ-સેવામાં કાળ;
સેવે ગુરુનો લઈ ઉપદેશ,
ધરિયે સાચો વૈષ્ણવનો વેશ... સેવો. ૬૬

ધ્યાન મૂળ રૂપ શ્રીગુરુ, પૂજનનું મૂળ ગુરુ-પાય;
મંત્ર મૂળ ગુરુ-વાકય છે, મૂળ મોક્ષનું ગુરુ-કૃપાય.
ગુરુ કૃપા વાંછિત ફળ થાય,
હરિ રૂઠે તો ગુરુ કરે સહાય;
ગુરુ કોપે ક્યહૂં નહિ ઠેકાણું,
અધિક આચાર્યથી કો નવ જાણું... સેવો. ૬૭

ક્રોધી ગુરુ તો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણ કહિયે;
લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એ લહિયે.
લહિયે એ પાખે દાખે જો કુકૃત્ય,
તો પણ માનિયે એ થકી ગત્ય;
જેણે સોંપી આપ્યા જગદીશ,
તેનો ઋણી સદા તે શિષ્ય... સેવો. ૬૮

ભોજન-વસનની ચિંતા કરી, વૈષ્ણવને ન થાવું ઉદાસ;
વિશ્વંભર પૂરે વિશ્વને તે, ક્યમ ભૂલે નિજ દાસ?
દાસ-આશ પૂરે સહુ વણ-માગ્યે,
વણ કહ્યે સહાય કરે અનુરાગે;
હરિ ભજતાં કાંઈ નવ રહે ખામી,
નથી અજાણ્યા એ અંતર્યામી... સેવો. ૬૯

અજબ ગુલમેહેરી જળ વસે, પક્ષિણી મુખ રટે હરિનામ;
ખાન-પાન મોઢે નવ કરે, છૂટે મુખ થકી સુંદર શ્યામ.
શ્યામે વિચારી કર્યું તેહને સુખ,
ચરણ ચરવા કર્યાં મયૂરના મુખ;
પૂંછે વદન કર્યું, ઊંટની ગ્રીવા,
શ્રીહરિ યુક્તિ કરી જળ પીવા... સેવો. ૭૦

અજગરને અનાયાસ હરિ, આપે આહાર વનમાં લાવી;
સક્કરખોરને સાકર, સાગર-બેટમાં દે છે મિલાવી.
મિલાવે ચાતકને જળ-સ્વાતિ,
ગિરિ-શૃંગે વૃક્ષ પોષે કોઈ ભાતી;
સ્ત્રી-સ્તને પય કર્યું પોષવા બાળ,
તે તુંને નહિ ભૂલે, ભજ ગોપાળ... સેવો. ૭૧

ભક્ત-મનોરથ સૌ પૂરે પ્રભુ, કઠિન સરળ ગુરુ નાના;
જેહના પૂર્યા તેનાં નામ કહું, તું પુછેશ કોહના કોહના.
કાહાન ગયા કુબજા-પતિ થાવા,
પારથ-પત્ની થયા જળ પાવા;
પુરી પુત્ર થઈ અદિતિની આશ,
પાંડવ-કાર્ય કર્યાં થઈ દાસ... સેવો. ૭૨

છડીદાર ઉગ્રસેનના, થયા દ્વારપાળ બલિ-ભૂપ;
નરસૈયાના બાપનું શ્રાદ્ધ કર્યું, સેના માટે નાપિક-રૂપ.
રૂપ-મહાર દામાજી સારુ,
નામાનું છાપરું છાયું ચારુ;
વારિ વહ્યું ત્રિલોચન ઘેર,
મીરાંબાઈનું પીધું ઝેર... સેવો. ૭૩

ઈચ્છે રૂડું પ્રભુ જગતનું, તે ક્યમ કૂડું કરે નિજ દાસ?
જે કરશે હરિ તે ભલું તાહરું, તું ધર દૃઢ વિશ્વાસ.
વિશ્વાસ રાખ, કલ્પના મૂક,
સેવા-સ્મરણમાં નવ ચૂક;
નહિ મળે ફરી અવસર આવો,
હરિ ભજીલો મનુષ્યા દેહ લ્હાવો... સેવો. ૭૪

જો દુઃખ થાયે હરિ સેવતાં, તો તે સુધા સમું પ્રમાણે;
વિષય ભોગવતાં સુખ છે, તે વિષ સરખું સર્વ જાણો.
જાણો જેમ ખસ ખણતાં મીઠી,
ક્ષણ પછી આગ ઊઠે અંગીઠી;
ઓસડ પીતા કટુ તર્ત લાગે,
રોગ ગયા પછી આનંદ જાગે... સેવો. ૭૫

શ્રીગિરિવરધર સેવતાં, ભય રાખવો ભૂપતિ સમાન;
બાળક સમ વાત્સલ્ય ને, ધરવો સ્નેહ તો જાર સમાન.
જાર સમાન પ્રિય પ્રભુ લાગે,
તો દુઃખ જન્મ-જન્મનાં ભાગે;
પ્રેમ-પીયૂષ પીધું તે જાણે,
નથી સ્વાદ કોઈ એહ પ્રમાણે... સેવો. ૭૬

જે પ્રતિકૂળ પ્રભુ સેવતાં, તેને તજિયે, ના વળગિયે વ્યર્થ;
જનની, જનક, પતિ, પુત્ર, ભ્રાત ગુરુ છાંડવા જદપિ સમર્થ.
સમર્થ તાત ત્યજ્યો પ્રહ્લાદે,
ભરતે માત મૂકી હરિ સ્વાદે;
પતિ ઋષિપત્ની, વિભીષણ ભ્રાત,
ગુરુ ના ગણ્યા બલિએ સાક્ષાત્... સેવો. ૭૭

દેવ પિતૃ ને મનુષ્ય-ઋણ, ત્યાં લગી માણસને કહેવાય;
જ્યાં લગી સર્વાત્મ-ભાવે શ્રી કૃષ્ણને શરણે ન જાય.
શરણે ગયે સર્વે ઋણ છૂટે,
ચિત્રગુપ્તનું લેખું ત્રુટે;
કાલ કર્મનો ભય નહિ તેને,
શીશ ધણી સમર્થ હરિ જેને... સેવો. ૭૮

કર્તું અકર્તું અન્યથાકર્તું, સમર્થ શ્રીહરિરાય;
ના થાવાનો કરે પદારથ, થાવાનું મટી જાય.
મટી ગયું જો વસિષ્ઠે વિચાર્યું,
તે ક્ષણે વન, જે સમે રાજ્ય ધાર્યું;
બ્રહ્માના સુત એ ત્રિકાળના જ્ઞાની,
ઈચ્છાએ વચન, તેની પણ હાનિ... સેવો. ૭૯

સહસ્ર ભુજાપતિ રાખશે, તેને હણશે શું બે ભુજાવાળો?
તે જ પુરુષ જ્યારે મારશે, ત્યારે કોઈ નથી રખવાળો.
રખવાળો-રિપુ છે નહિ કોય,
સઘળી વસ્તુ શ્રી કૃષ્ણથી હોય;
કર્તા-હર્તા એક શ્રી વ્રજરાય,
એના કર્યા વિના કાંઈ નવ થાય... સેવો. ૮૦

કર્યું થાય શ્રી કૃષ્ણનું, કોથી ઘટે વધે નહિ લેશ;
તે જ પ્રમાણે સુખ-દુઃખ લાભાલાભ, ન સંશય રેશ.
રેશ રહે નહિ તે સમે શુદ્ધિ,
જેવું હોનાર તેવી થાયે બુદ્ધિ;
થનાર તે સહેજે પણ થાય,
તું કર્તા નથી, શીદ પસ્તાય?... સેવો. ૮૧

હરિ જંત્રી, તું જંત્ર છે, તેમ વાજે વજાડે જ્યાંમ;
કાષ્ઠ પૂતળી નૃત્ય કરે, સૂત્રધાર નચાવે ત્યાંમ.
ત્યમ વિધિ-નિષેધ સૌ હરિ-હાથે,
તું મિથ્યા તાણી લે શીદ માથે?
વિચાર, જો જીવનું કર્યું હોય,
તો દુઃખી જગતમાં થાય ન કોય... સેવો. ૮૨

જેની રચના જોઈને, ઘણો મોહ ઉપજે છે મંન;
તે કર્તામાં શી કમી હશે? તું જોની વિચારી જંન.
જન, પૂર્ણ મનોરથ થાશે તાહારો,
ઘાટે શું મોહ્યો?તું જો ઘડનારો;
તેને મળ્યે પૂર્ણાનંદ થાશે,
ભવ વૈભવ તૃષ્ણા ટળી જાશે... સેવો. ૮૩

કરવા પ્રસન્ન ચાહે પ્રભુને તો, અભિમાન અળગું નાખ;
શીઘ્ર દયા કેશવ તણી ઈચ્છે, તોતું દીનતા રાખ.
રાખ દીનતા એક જ કરીને,
કરવા કૃપા મન થાશે હરિને;
બોત્તેર કોટિએ સર્યું ન કામ,
દીનતા એક બંધાયા દામ... સેવો. ૮૪

શિલા બુધ્ધિ શાલીગ્રામમાં, હરિ-સ્વરૂપને ધાતુ પ્રમાણે;
મનુષ્ય લહે ગુરૂદેવને, જાતિ-ભાવ વૈષ્ણવમાં આણે.
આણે મહાપ્રસાદ મતિ-અન્ન,
હિર ચરણોદક પ્રીછે વંન;
અન્ય વરણ સમ લહે હરિનામ,
ઇત્યિાદીકના નરકમાં થામ   સેવા ૮૫.

નિગમ ચાર, ખટશાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ, ચૌદ વિદ્યાય;
વ્યાકરણ નવ, બત્રીશે (વળી) લક્ષણ, જાણે ચોસઠ કળાય.
કળા, રાગ છત્રીશે ગાય,
વિશદ કીર્તિ ચક્રવર્તી રાય;
પણ નથી ભક્તિ જો નંદકુમાર,
તો સહુ ધૂળ મળ્યું ધિક્કાર...   સેવો. ૮૬

શ્રમ કરી સહુ વિદ્યા ભણ્યો, મહાપંડિત કહાવ્યો જક્ત;
પણ તેનો સાર સમજ્યો નહિ, (જો)ન થયો ભગવદ્ ભક્ત.
ભક્તિ વિના શ્રમ અફળ સૌ સાર,
જ્યમ રાસભ વહે ચંદન-ભાર;
જ્યમ અહિ મણિ-દ્યુતિ મેળવે આહાર,
ત્યમ તેં ઉદર ભર્યું, ધિક્કાર...   સેવો. ૮૭

સ્પર્શ મણિના પુર વિશે, રચ્યું ચિંતામણિ મય ધામ;
કલ્પવૃક્ષની વાડ, ગાય ઘેર કામદુધા જેહનું નામ.
કામદુધા, અક્ષય પાત્ર અતૂલ,
નવ નિધિ, અષ્ટ મહા સિદ્ધિ અનુકૂલ;
પણ નથી વલ્લભ જો વ્રજનાથ,
તો એટલું મળ્યે ઘસવા હાથ...   સેવો. ૮૮

કૃષ્ણ કીર્તન નહિ કર્ણમાં, તે તો શ્રવણ રાફડા કહિયે;
નિરખ્યા નહિ જેણે નેત્રે હરિ, કેકિ પિચ્છ ચાંદલા લહિયે.
લહિયે દાદુર-જિહ્વા હરિ નવ બોલે,
કર-પદ સેવા રહિત શબ-તોલે;
વૃક્ષ-જીવ્ન શ્વાસ ધમણ સમાન,
ગ્રામ-શુકર સમ છે ખાન-પાન...   સેવો. ૮૯

જગ દર્પણ જોનાર તું, સાહામું દીસે જેહેવું તુજ પાસે;
દુષ્ઠને દુષ્ઠ, સાધુને સાધુ, ભવ-આદર્શમાં ભાસે.
ભાસે તે સૌ નિજમાં છે જાણો,
દોષ રહિત દુનિયા પરમાણો;
એહ વિવેકે જો રહેવાય,
તો રાગ-દ્વેષ નવ કો થકી થાય... સેવો. ૯૦

જીવ સર્વ હરિ-અંશ છે, તેનાં વિચિત્ર ભાંતિ સ્વભાવ;
સર્વથી હળી મળી ચાલિએ, આ તો છે સંજોગ નદીનાવ.
નાવ-તરંગ-નદી એમ જાણો,
કોથીન બગાડ, બે દિનનો પ્રાહાણો;
સહુને સદા એક સ્થળ નથી રહેવું,
કટુક વચન માટે કોઈ ને ન કહેવું... સેવો. ૯૧

પ્રભુ પાસે કંઈ ના માગિયે, માગ્યે પસ્તાવો થાય;
ઉદાસી આવે નાથને, વેપાર સરીખું જણાય.
જણાય એહેવું માટે રખે જાચો !
સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો;
વણ માગ્યે સહુ આપે એ સ્વામી,
નથી અજાણ્યા અંતર્યામી... સેવો. ૯૨

દાસીના સુતના સૌ પિતા, રાણી-સુતનો એક જ રાય;
ભક્તિ અંશ શ્રીકૃષ્ણજ સેવે, ને માયિક સર્વને ધાય.
ધાયે તો યે કરે સહાય ન કોય,
કામ પડે ત્યારે અંતે રોય;
આવાગમનમાં સદા અથડાય,
કોકાળે હરિ વિના ગત્ય ન થાય... સેવો. ૯૩

નાહાનો પદાર્થ મોટો દેખાડે, ને પાક્યાને દાખે કાચો;
ઉગ્ર હોય તેને અણુ બતાવે, ને જુઠો મનાવે સાચો.
સાચો ભાસે એજ માયાનું રૂપ,
એણે કીધા વશ રંક ને ભૂપ;
એને જીત્યાનો છે એક ઉપાય,
સાચું શરણ લહો શ્રી વ્રજરાય... સેવો. ૯૪

માયા છે ઘંટી, ખીલડો હરિ, તેમાં જીવ ચરાચર અન્ન;
જે પડયું તે પીસાય છે, તું જોની પ્રકટ લોચંન.
લોચને જો, એક બચે છે તેહ,
ખીલ સમીપે, રહે છે જેહ;
જે અણુ ત્યાંથી ખસ્યો કણ આઘો,
તે તત્કાળ દળાવા લાગ્યો... સેવો. ૯૫

પરવારી સૌ કામથી, કોઈ મૃત્યુ ન પામ્યો જંત;
આ કીધું છે, આ કરવું છે, એમ કરતાં આવશે અંત.
અંત આવ્યો હરિ કયારે ગાશે?
ચેત ચેત નહિ તો પસ્તાશે;
એ મરણ નહિ આવે કાને કહીને,
થશે અંધારું ઓચિંતુ થઈને... સેવો. ૯૬

ઉત્તાર વચાન તો માનવું, પૂર્વનું નહિ પ્રમાણ;
છેલ્લું રચ્યું શ્રીભાગવત, સૌ પહેલાં રચ્યાં અન્ય પુરાણ.
પુરાણ પૃથક્ પૃથક્ કર્યાં વ્યાસે,
તો યે રહેતું ઉર ભરિયું ઉદાસે;
મર્મ બતાવ્યો નારદ મિત્ર,
'સુખ થાશે, રચો ભક્તિ-ચરિત્ર'... સેવો. ૯૭

પુષ્ટિ પથ-પ્રભુ શ્રીવલ્લભકુળ, જઈએ ત્હેને શરણ;
નામ નિવેદન-મર્યાદા ધરી, સેવિયે શ્રીગિરિધરન.
શ્રી ગિરિધરણ-ગુરુ-વૈષ્ણવ-પ્યાર,
ઉદ્ધારે, ગતિ કરે માર્ગ અનુસાર;
મનુષ્ય જન્મનો એ છે સાર,
જે માને તે પામે પાર... સેવો. ૯૮

મહામંદ-મતિ જીવ કલિના તે, સર્વ શાસ્ત્ર ક્યાં ખોળે?
માટે સફળ સિદ્ધાંત-સાર, શોધી કીધો છે ટોળે.
ટોળે કરાવ્યો પ્રભુ મતિ દીધી,
નિજજન જાણીને કરુણા કીધી;
'ભક્તિ-પોષણ' ધર્યું ગ્રંથનું નામ,
કથે, સુણે, સરે સર્વનાં કામ... સેવો. ૯૯

એકસો ને એક ચંદ્રાવલાં, આ ગ્રંથ તણા છે સાર;
પ્રતિ પદશુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર.
વિચારતાં વલ્લભ હરિ થાશે,
સર્વ કલેશ સમૂળા જાશે;
આચરણ કરતાં આનંદની હેલી,
ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વ્હેલી... સેવો. ૧૦૦

મહા નદી શ્રીનર્મદા-તટે, ચંડી-પુરી મહાધામ;
જ્ઞાતિ નાગર સાઠોદરા દ્વિજ, ભટ 'દયાશંકર' નામ.
નામ, વલ્લભી વૈષ્ણવ દાસ,
ગુરુ-પ્રતાપે કર્યા ગ્રંથ પ્રકાશ;
શીખે સાંભળે જે જન ગાય,
તેને મન-વાંછિત ફળ થાય... સેવો. ૧૦૧

ચિંતનનું ધોળ

નંદનંદન સખી ! સુંદર વહાલો, ચિંતન તેનું કરિયેજી;
ત્રિવિધ તાપ વામે સંસારી, લોક-લાજ નવ ધરિયે. ચિંતન. ૧

શ્રીગોવર્દ્ધન વૃંદાવન યમુના, પુલિન કુસુમ દ્રુમ ફુલ્યાંજી;
સુંદર કુંજ બહુત વનવેલી, ફલ ભાર સહુ ઝુલ્યાં. ચિંતન. ૨

કોયલડી કુહુ કુહુ રસમાતી, હંસમોર સહુ ટોળાંજી;
કુસુમ કુસુમ પ્રતિમધુકર ગુંજે, ગાનમધુર સ્વરબોલ્યાં. ચિંતન. ૩

જલતરંગે શ્રીયમુનામાતાં, ફુલ્યાં કમલ અનંતા જી;
સીતલ પવન સૌરભ સુખકારી, ત્રિવિધવાયુ વહંતાં. ચિંતન. ૪

ચહું દિશ અંબ કંદબ જુ શાખા, બહુવિધ વેલી લાંબીજી;
નૂતન પાન કુસુમ પરવાલી, લટકી રહી બહુ આંબી. ચિંતન. ૫

કેતકી ચંપક ગુલાબ માધવી, વેલી સકલ વન છાઇ જી.
મણિમાણિક મયભૂમિ બિરાજે, અદભુતકુંજબનાઇ. ચિંતન. ૬

તકિયા ગાદી સેજ દુલીચા, ફૂલ તણા તહાં સોહે જી,
ફૂલ તિબારી ચોક ચંદ્રવા, મધુપ ગંધ રસ મોહે. ચિંતન. ૭

રૂપ અનુપમ વ્રજની નારી, સોળે શૃંગારે સારી જી;
નાના કેસિ કરે રસમાતી, સંગે લાલ બિહારી. ચિંતન. ૮

બહુવિધ નારી રંગ રંગ સારી, અંગ વીજલી ચમકે જી;
ચરણા ચોલી ભૂષણ ભારી, લટકે ઝાંઝરે ઝમકે. ચિંતન. ૯

કુંજ તિબારી નવલ વિહારી; રાધા મોહન સોહે જી;
લલિતાજી ત્યાં પાન ખવાવે, નિરખી મનમોહે. ચિંતન. ૧૦

એક મુઠા એક વિજણા ઢોરે, એક તો કુસુમ બનાવે જી;
એક કુસુમ લે હાર બનાવે, અપને હસ્ત પહેરાવે. ચિંતન. ૧૧

ત્યાં એક સુંદરી ચરણ તલાસે, ખોળા માંહે લીધા જી;
નખમણિને અજવાળે દીઠાં, સોલે ચિન્હ પ્રસિદ્ધ. ચિંતન. ૧૨

પ્રથમ દક્ષિણ ચરણ વિચારી, ધ્વજ અંકુશ નિહાળે જી;
પ્રફુલ્લિત કમલ રસભર્યાં દીસે, વ્રજ દુઃખ સર્વે ટાળે. ચિંતન. ૧૩

સાથીડો મંગલ સુખકારી, અષ્ટકોણ ઐશ્વર્યદાતા જી.
જવઊર્ધ્વરેખાકલશ ભર્યા, રસ નિરખનિરખ સહુમાતા. ચિંતન. ૧૪

ત્યાર પછી સખી વામ ચરણનાં, ચિન્હ નિરખવા લાગી જી;
પ્રથમ ગોપદ જાંબુ દેખીને, મચ્છ તણી લેહ લાગી. ચિંતન. ૧૫

દીઠું ધનુષ જગત જયકારી, પાછળથી ત્રિકોણ જી;
અર્ધચંદ્ર શીતલ સુખકારી, મોક્ષદાયી વ્યોમ. ચિંતન. ૧૬

નવસત ચિન્હ ચરણતલે શોભા, રક્તવરણ રસ ભારી જી;
દશ નખચંદ્ર મણિની શોભા, કોટિ ચંદ્રધુતિ હારી. ચિંતન. ૧૭

નખમણિ જોત હૃદયમાં આવે, કોટિ તિમિર અઘ કાટેજી;
પુષ્ટિ પ્રકારે અનુભવ પાછે, અધરામૃત હરિ આપે. ચિંતન. ૧૮

ઉપર ભાગે કુંકુમ શોભા, તુલસી સૌરભ ખાણી જી;
ઊંચેથી વનમાલા સુંદર, ચરણ કમલ પરસાણી. ચિંતન. ૧૯

દિવ્ય કનકમણિ માણિક હીરા, રત્ન જટિત છબિ રાજેં જી;
જેમ જેમ પ્રભુજી ચરણ ચલાવે, નુપુર કિંકણી વાજે. ચિંતન. ૨૦

જંઘા ઘુટુરૂણ ઉરૂ દે શોભા, કદલીખંભ સમાને દી;
પૃષ્ઠ ભાગતે ભારી દીસે, નિતંબ અતિરસ દાને. ચિંતન. ૨૧

કટિતટ પીતાંબરની શોભા, દિવ્ય કનક છબી રાજેં જી;
ચંચલ થાયે વાયુવશથી, ચમક દામિની લાજે. ચિંતન. ૨૨

રસનાવલિ રસિક મન મોહે, રૂપ અનુપમ દીસેજી;
કટિતટ ઉપર શોભા નવલી, ભૂષણ સકલ વિશેષે. ચિંતન. ૨૩

નૃત્યસમેં ત્યાં રૂણઝુણ વાજે, શોભા તે શી કહેવાયજી;
ઘુઘરડી એ કામણગારી, નિરખ ચક્તિ મન થાયે. ચિંતન. ૨૪

નાભી ગંભીર ને કટિ પાતલડી, સિંધ બાપડો લાજે જી;
અંગ અંગ શ્યામ સુભગતાસીમા, ચંદનલિપ્ત બિરાજે. ચિંતન. ૨૫

નાભી હૃદય રોમાવલિ રાજે, નાના અલિગણ પંક્તિજી;
પીન વિશાલ ઉરસ્થલ શોભા, કૂચ કુકુંમની સંગતી. ચિંતન. ૨૬

તે ઉપર વૈજયંતી માલા, કંઠથી કટિ લગી આવીજી;
દિવ્ય કનક નવરત્ન જડિત, સુજશ સકલ સુછાઇ. ચિંતન. ૨૭

તારાગણ મોતીની માલા, મધ્યતે દુગદુગી પ્રોઈજી;
સોનાની નિર્મિત મણિમાલા, ગુંજામાલા સોઇ. ચિંતન. ૨૮

ઉપર શ્રી વત્સલાંછન સોહે. તેતો લક્ષ્મી ધામજી;
સોના સૂત્રે મણિ પરોયો, કૌસ્તુભ તેનો નામ. ચિંતન. ૨૯

કંઠે પહેરી ઉર પર સોહે, રાતા રંગે વાંનેજી;
જોતિ અનુપમ મધુર રસાલી, રવિશશિ કોટિ સમાનેં. ચિંતન. ૩૦

ત્રિવલિ કંઠ કનકની દુલરી, શોભા રસિક બિરાજેજી;
કુંદ કુસુમની માલા પહેરેં, રાજિત ભક્ત સમાજે ચિંતન. ૩૧

બાંહે બાજુબંધ દિવ્ય કનકના, ફુમકડા ત્યાં લટકેજી;
કર કંકણ મોતીના બેરખા, પોહંચી હીરા ઝલકે; ચિંતન. ૩૨

બીજી દશનખ જોત, રસાલી, હસ્તતલી તે લાલજી;
મુરલી સુંદર સપ્તરંધ્ર સ્વર, બાજે પરમ રસાલ. ચિંતન. ૩૩

બાહુ આજાનું સ્કંધ અતિ સુંદર, પીતપિછોડી ઓઢીજી;
સુંદર નારી શ્યામ નિહારે, ભવદુઃખ લજ્જા છોડી. ચિંતન. ૩૪

ચિબુક વજ ભૂષણ અતિ ઝલકે, અધરબિંદ રસ રાતાંજી;
દંતપંક્તિ તે કુંદકલીસી, મંદહાસ્ય રસરાતા. ચિંતન. ૩૫

નાસા સુંદર ચાંચ સુડાની, નકવેસર નંગ ઝલકેજી;
ગજમોતી તે અદ્‌ભુત દીસે, અધરબિંબ પર લટકે. ચિંતન. ૩૬

ગંડ તે સરસ વિશાલ મનોહર, ચંદન ચિત્ર લખાવ્યાંજી;
શ્રમજલકણિકા અલક મધુપસમ, કાછલ સરસ શોભાવ્યાં ચિંતન. ૩૭

મકર મનોહર કુંડલ કાને, જોતી ઝલક રવિ લાજેજી;
સાંખ્યયોગ તે બેઉ જાણો, મણિક રત્ન બિરાજે. ચિંતન. ૩૮

મોર મુકુટ શિર દિવ્ય કનકના, નંગ અમોલિક ઝળકેજી;
અર્ધચંદ્ર આકારે દીસે, મોતી બાજુ લટકે. ચિંતન. ૩૯

ચિત્ર કપોલ તિલક છબી રાજે, અલકાવલી અતિ ભારીજી;
ભ્રકુટી ઇંદ્રધનુષસી દીસે, કંદર્પમાન નિવારી. ચિંતન. ૪૦

નયનકમલ તે અતી રસભીના, દીર્ઘ કમલ સમાનજી;
અતિ ઘુણિત અતિ લોહિત લોને, કીકી કરે સનમાન. ચિંતન. ૪૧

પ્રેમસમુદ્ર કૃપારસ ભીની, રસબસ ચંચલતાઇજી;
સુંદર મુરલી સુધારસ પૂરે, મધુરે મધુર બજાઇ. ચિંતન. ૪૨

તેવી સુંદરી સંગે, રાધા, રૂપ માધુરી સોહેજી;
સુંદર દાસી ચરણ તલાંસે, નીરખી નીરખી મન મોહે. ચિંતન. ૪૩

અંગ સૌરભ તુલસીની માલા, લીલા કમલ ફિરાવેજી;
સૌરભ રસથી મોહ્યા અલિગમ, ગુંજત અંગ લપટાવે. ચિંતન. ૪૪

ચરણકમલ તે લોહિત વરણે. અંગતે કનક સમાનેજી;
નવ ષટ ચિન્હ નિહાલે, ત્યાર પછી નખ બાંને. ચિંતન. ૪૫

અણવટ વિછિયા નુપૂર સોહે, કુસુંબી કોરે સાડીજી;
નીલાંબર તન રાતા ચણિયા, શ્યામ કંચુબી ગાઢી. ચિંતન. ૪૬

જંઘા ઊરૂહ કદલી જેવી, પુષ્ટિ નિતંબ છબિ ભારીજી
નાભિ ગંભીરને કટી કેસરીની, કિંકિણીની છબીન્યારી. ચિંતન. ૪૭

મુક્તાલાલ દુગદુગી ચોકી, રત્ન ખચિત બહુ હારજી;
ઉર વિશાલ પયોધર ભારી, દુલરી તેજ અપાર. ચિંતન. ૪૮

કાલીગાંઠી તિનમની શોભા, કંઠ કુસુમની માલજી;
કૂચ કુંકુમ અતિ સુંદર લીપ્યા, મૃગમદ પત્ર રસાલા. ચિંતન. ૪૯

બાજુબંધ રત્ન સુખકારી ચુડી કંકણ સોહેજી;
પોંહોંચી વીંટીને હાથ સાંકળાં, અગુંઠડી મન મોહે. ચિંતન. ૫૦

બંધુક વરણે અધર રસાલ, દંત તે દાડિમ બીજજી;
નકવેસરનું મોતી ઝલકે, મંદહાસ તે બીજ. ચિંતન. ૫૧

કરણ ફૂલ તે કાને સોહે, ચિત્રિત ગંડ વિશાલજી;
ચંચલ નયન કમલે રંગીલી, મોહ્યા ગિરિધરલાલ ચિંતન. ૫૨

મૃગમદ આડ લલાટ બિરાજે, ભ્રકુટી ધનુષ સમાનજી;
કાજળ નયન ચિકુરલર લટકે, ટીલડી તેજ નિધાન ચિંતન. ૫૩

શીશફૂલ સેંથો રાખલડી, માથે કુસુમ ભરાવ્યાંજી;
બેહુંદિશદામિની રત્નજડિત, સુપીઠગોફણાવ્યા. ચિંતન. ૫૪

કંઠ હાથ મોહનજી મહેલી, ચાલી ચરણને ચાલેજી;
સુંદર શ્યામ અધરરસ ભોગી, રસવશ ચક્તિ નિહાલે. ચિંતન. ૫૫

દાસી સુંદરી ચરણે લાગી, એ સુખ નિરખું ને ગાઉંજી;
વારંવાર જોઇને રીઝું, વળી વળી વારણે જાઉં ચિંતન. ૫૬

કુંજભુવનની કોમલ ભુમિ, છાયા સરસ રસાલજી;
જલતરંગે યમુના ઘેહેરી, રાધા મોહનલાલ. ચિંતન. ૫૭

ક્રીડારસ વશ શ્યામ પધાર્યા, સંગે સર્વ વ્રજનારીજી;
નાચે ધાવે ભાવ ધેખાડે, વિલસે લાલબિહારી. ચિંતન. ૫૮

હાથ નચાવે ચરણ ચલાવે, કટિની મોડન મીઠીજી;
નયન ચલાવે તાલ મિલાવે, અદ્ભુત ગતિ મેં દીઠી. ચિંતન. ૫૯

રાધા નાચે મોહન નાચે, નાચે સઘળી નારીજી;
થેઇ થેઇ બોલે તાલ વજાડે, ક્રીડારસ વશ ભારી. ચિંતન. ૬૦

કંકણ વાજે કિંકણી વાજે, નૂપુર સકલ સમાજેજી;
તાલ મૃદંગ વિવિધ રસ વાજે, સંગીતે સૂર સાંજે. ચિંતન. ૬૧

ક્ષણ એક આલિંગન દે ભાજે, ક્ષણ એક વદન નિહાળેજી;
ક્ષણ એક અધર સુધારસ પાયે,ક્ષણ એક અંતર ટાળે. ચિંતન. ૬૨

એકની ચોલી ચરણા તાણે, એકને આંખ મિચાવેજી;
તતક્ષાણ છમકલડો કરી નાસે, તતક્ષાણ આવી મનાવે. ચિંતન. ૬૩

એક સખીના પાણિ ગ્રહીને, ફૂદડી ભ્રમર ભમાવેજી;
પીન પયોધર ઉરસું ભીડી, તનના તાપ સમાવે. ચિંતન. ૬૪

ફૂલ્યાં ફૂલ્યાં કમળ ઉછાળે, કંદુક માર ચલાવેજી;
પીતાંબર લઇ માથે મૂકે, નાના નચ નચાવે. ચિંતન. ૬૫

ક્ષણ એક કુંજ મુનિ થઇ બેસે, સાથ સકલને ખિલાવેજી;
પાછળથી ઉર અંતર ભીડી ચુંબન કરી રીઝાવે. ચિંતન. ૬૬

ક્ષણ એક અંબ કંદબ ચઢીને, શાખા ડાળ ઝુલાવેજી;
ક્ષણ એક બીજી ડાળ ગ્રહીને, વનચર સકલખિજાવે. ચિંતન. ૬૭

ક્ષણ એક ધાઇ પાછળથી આવે, ક્ષણ એક આંખ મિચાવેજી;
ક્ષણ એક મધ્ય સભામાં આવી, શ્રીહસ્ત કંઠ ધરાવે. ચિંતન. ૬૮

સપ્તસુરન ધુની મુરલી વજાડે, અધર સુધારસ પાયેજી;
મધુર રાગકેદારો આલાપે, નિજ્જન સર્વ વશ થાયે. ચિંતન. ૬૯

તાન બંધાન વિવિધ રસ સીંચે, સુખના તરંગ ચલાવેજી;
મોહ્યા નિજ્જન પ્રીતમ ઉપર, રસના ઓધ ઠલાવે. ચિંતન. ૭૦

મોહ્યા પંખી મૌન થઇ બેઠાં, તરુ મધુધાર વરખેજી;
ઝરે પાષાણ જલ સ્થિર થાયે, મૃગગણ એકટક નિરખે. ચિંતન. ૭૧

રાસ રચ્યો રસકેલિ મનોહર, તાનમાન બંધાન જી;
તાંડવ તાન ઉર પર લેઇ નાચે, બિચબિચ મધુરેગાન. ચિંતન. ૭૨

નવ નવ રાગ રંગ રસ જામે, નૂપુર કિંકણી વાજે જી;
તા તા થેઇ થેઇ થેઇઆ નાચે, રસ સંગીતે સાજે. ચિંતન. ૭૩

કુંડલ લોલ નયનનાં ચાળા, બંધ કંચુકી ટુટેજી;
સિથિલિત હાર ચીરમણિમાલા, કુસુમહાર કચ છૂટે. ચિંતન. ૭૪

આલિંગન ચુંબન રસક્રીડા, રાસ વિલાસે થાયેજી;
કુચ કઠોર શ્રીહસ્તે ભીડીને, અધર સુધારસ પાયે. ચિંતન. ૭૫

કુંજ નિકુંજ સેજ સમારી, કુસુમ પ્રવાલ સુધારે જી;
સ્થલ સુંદર સંજોગ કરીને, રાધા સંગ પધારે. ચિંતન. ૭૬

રતિરસદાન કારણ મનમોબન, કુસુમ સેજ પર રાજે જી;
ષટઋતુ સુખદ સમીપે સેવે, પવન ત્રિવિધ સુખ સાજે. ચિંતન. ૭૭

છોડે બંધ વસન વહુ ટાલે, રતિસર આતુર થાયે જી;
ગાઢાલિંગને અંગોઅંગ ભીડીને, અધરસુધારસ પાયે. ચિંતન. ૭૮

તરલિત અંગ રંગરસ વસથી, નુપુર કિંકણી વાજે જી;
ઉરજ થાય નખપાત રદનકર, રતિરસ કેલિ બિરાજે. ચિંતન. ૭૯

વિપરીત ભાંતિ વિવિધરસ ક્રીડા, કુંજરંધ્ર સખિ પેખેજી;
નિરખિનિરખિ મુખ અતિરસ પામે,જન્મ સફલ કરી લેખે. ચિંતન. ૮૦

પદરજ વંદે સુંદર દાસી, ચરણ હૃદયમાં ધારેજી;
કૂચ કઠોરશું ભીડે નારી, હૃદય તાપ નિવારે. ચિંતન. ૮૧

મર્દન ચરણ કરે નિજ દાસી, સુંદર પાન ખવાવે જી;
અરસપરસ ખાયે ખવરાવે, ચરવિત સખિમુખધારે. ચિંતન. ૮૨

અરસપરસ શૃંગાર કરાવે, ભૂષણ વસન સમારે જી;
રતીશ્રમ જાણૂ સુંદરવહાલો, યમુનાજલ પાઉં ધારે ચિંતન. ૮૩

નવલકિશોર નવલ વ્રજ નારી, જલક્રીડારસ રીઝે જી;
માંહોમાંહે પ્રેમ મગનસું, છાંટે રંગરસ ભીજે. ચિંતન. ૮૪

એક સીંચે એક સેન બતાવે, એક તે પ્રેમ નિહાળે જી;
ટૂટે બંધ વછૂટે સાડી, લીલા અંબુ ઉછાળે. ચિંતન. ૮૫

છૂટે કેસ વસન જલધારા, ધાઈ ધાઈ અંગ લપટાવેજી;
રસવશ થઈ અંગોઅંગ ભીડી, અધર સુધારસપાવે. ચિંતન. ૮૬

ટૂટે હાર ચીર બંધ છૂટે, ચોલી બંધ નીવારે જી;
અંગોઅંગ અમિત રસ ભીનેં, શ્યામાશ્યામબિહારી. ચિંતન. ૮૭

ફૂલી નિકુંજ-સતીપેં પધાર્યા, ફરી શૃંગાર કરાવે જી;
વસન આભૂષણ કુંકુમ ઉરસૂં, માથે કુસુમ ભરાવે. ચિંતન. ૮૮

શ્યામા શ્યામ શૃંગાર કરીને, ચંદન ચિત્ર બનાવ્યાં જી;
મુખ તાંબૂલ મધુર રસ ભીના,યુવતી યુથ સંગભાવ્યાં. ચિંતન. ૮૯

એક તો નયન માધુરી નિરખે એકતો વદન નિહાલેજી;
એક તો અધરસુધારસ ચાખે, ચાખી ઉર છબી સાલે. ચિંતન. ૯૦

નવતરુણી જોબન મદમાતી, ચંચલ નયન વિશાલે જી;
વલ્લભ વલ્લભૂસું પ્રેમ જણાવે, કંઠ બાંહેલડી ઘાલે. ચિંતન. ૯૧

મંદ મરાલચાલ ચાલે મોહન, ગજ ગતિ ચાલે ગોપીજી;
કરિણીયુથ મહામત હાથી, નંદકુંવર સંગ ગોપી. ચિંતન. ૯૨

લલિત ત્રિભંગી નવ નવરંગી, રસિક શિરોમણિ રાધાજી;
સંગ નિકુંજ સમીપેં પધાર્યા, વધ્યો રંગ અગાધા. ચિંતન. ૯૩

સખી એક છાક લઇ આવી, બહુવિધ મેવા લાવીજી;
નાનાવિધ પકવાન મીઠાઇ, શ્રીહરિને મન ભાવી. ચિંતન. ૯૪

આરોગે પ્રભુ અતિશે પ્રીતે વ્રજનારીનેં સંગેજી;
એક એકને ખાય ખવરાવે, ક્રીડા ઉદિત અનંગે. ચિંતન. ૯૫

લીલા લલિત મન ગાય વિચારે, અંતર અનુભવ કરીએજી;
પ્રથમ શ્રી વલ્લભ ચરણ રેણુની, આશા મનમાં ધરી. ચિંતન. ૯૬

કામ, ક્રોધ, મોહ મદ મત્સર, લોભ લાલસા તજીએ જી;
સમાધિ ભાષા નિત્ય વિચારી, શ્રી વલ્લભ પદ ભજિયે. ચિંતન. ૯૭

સેવા સ્મરણ કથા વાર્તા, વૈષ્મવજનસુ પ્રીતેજી;
નિત્ય ગોષ્ઠિ વૈષ્મવસું વહાલી, પ્રેમરંગની રીત. ચિંતન. ૯૮

સ્તુતિ નિંદા બે ત્યાગ કરીને, અસત્ય સંગ નિવારોજી;
હરખ શોક ટાળોમનમાંથી, ચરણ કમલ ચિત્તધારો. ચિંતન. ૯૯

વિષયવાસના મૂલ ન કરિયે, સંગ અનોખો ટાળોજી;
રાગ દ્વેષ મનમાં નવ ધરિયે, શ્રીહરિ નિત્ય નિહાળો. ચિંતન. ૧૦૦

જૂઠું કટુક વચન નહિ બોલો, સુખ દુઃખ સમ કરીએ જી;
કપટ કલેશમુખરતાવાણી, માન અપમાન સૌ સાંખો. ચિંતન. ૧૦૧

શ્રી વલ્લભપદ કમલ વિચારો, આજ્ઞા રંચક ન ટાળોજી;
મારગ રીતે તત્પર રહીન વચન પ્રભુજીનાં પાળો. ચિંતન. ૧૦૨

સત્ય વચન મુખ માધુરી વાણી, પ્રેમ નિરંતર રાખોજી;
શીતલ ભાવ સંતોષે રહેવું, કઠિણ વચન નવ ભાખો. ચિંતન. ૧૦૩

વિવેક વિચારો દિનતા રાખો, ધીરજ ધરી દુઃખ સહેવું જી;
વ્યાપક સર્વે કૃષ્ણ વિચારો, સાક્ષીવત્ થઇ રહેવું. ચિંતન. ૧૦૪

પુષ્ટિ પ્રકારે સેવા કરિયે, ભજન ભાવસું કીજે જી;
વૈષ્ણવજનસું પ્રીત ઘણેરી, કૃષ્ણકથા રસ પીજે. ચિંતન. ૧૦૫

નખ શિશ રૂપ વિચારે ગાવે, અનુદિન ચિંતન કરિયેજી;
વિતરાગ સંસાર ભલાવે, લીલામાં ચિત્ત ધરિયે. ચિંતન. ૧૦૬

અષ્ટોત્તરશત પદ તે મણિકા, નિશદિન મુખશું ફેરો જી;
રાધા મોહન ગોપી સંગે, ક્રીડા અનુદિન હેરો. ચિંતન. ૧૦૭

દાસી સુંદરી જાય બલિહારી, પ્રેમ હરખ મુખ ગાયે જી;
શ્રી વલ્લભપદકમલ કૃપાથી, આનંદ પુલકિત થાયે. ચિંતન. ૧૦૮

શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ

શ્રીગુરુ યુગ પદ કમલરજ, હું વંદુ નિત્ય ધરી નેમ;
દુઃખ હરણ સુખ શ્રેય નિધિ ફલદાયક ભક્તિ પ્રેમ. ૧

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુ શ્રીકૃષ્ણ પૂરણ કામ;
ચોરાશી મહા ભક્ત તેહનાં કરુ વર્ણન નામ. ૨

જેનું સ્મરણ કર્યા થકી, અઘ દુઃખ કલેશ પળાય;
પુષ્ઠિ પંથ પ્રભુ પ્રસન્ન હોય, મહાપતિત પાવન થાય. ૩

મન વાંછિત ફળ શીઘ્ર પામે, ગાતાં એ અભિધાન;
શ્રી મહાપ્રભુજી નિજાનંદનું, કરે તેહને દાન. ૪

શ્રીદામોદરદાસ હરસાનીરે, કૃષ્ણદાસ મેઘન વદે વાણીરે. ૧
સંભરવાળા દામોદરદાસ રે, જેનો કનોજ મધ્યે નિવાસ રે. ૨
પદ્મનાભદાસ હરિભક્ત રે, તુલસાં પ્રભુપદ આશકત રે. ૩
વધૂ તેની કહી પારવતી, સુત રઘુનાથદાસ સુમતિ રે. ૪
રજોબાઈ વૈષ્ણવ ક્ષત્રાણી રે, સેવ્યા શ્રી વલ્લભ રતિ આણી રે. ૫
વૈષ્ણવ શેઠ પુરુષોત્તમદાસ રે, જેનો કાશીપુરીમાં નિવાસ રે. ૬
બાઈ રુકમણી પુત્રી તેની રે, સેવા અતુલિત કહીએ જેહનીરે. ૭
શેઠના સુત ગોપાળદાસ રે, સેવા સ્મરણમાં હુલ્લાસ રે. ૮
રામદાસ હરિરંગ રાતા રે, ગદાધરદાસ જગ વિખ્યાતા રે. ૯
વેણીદાસ માધવદાસ બે ભાઈરે, હરિવંશ પાઠક સુખદાઈરે. ૧૦
વૈષ્ણવ કહીએ અંબા ક્ષત્રાણી રે,ગોવિંદદાસ ભલ્લા લ્યો વખાણી રે. ૧૧

ગજનધાવને સેવ્યા મુરારિ રે, દાસ નારાયણ બ્રહ્મચારી રે. ૧૨
મહાવનના વૈષ્ણવ ક્ષત્રાણી રે, જીયાદાસ સુરી લ્યો જાણીરે. ૧૩
ક્ષાત્રી વૈષ્ણવ દેવા કપૂર રે, શેઠ દિનકર પ્રેમી ઉર રે. ૧૪
મુકુન્દદાસ મહા વૈષ્ણવ મોટા રે, ક્ષત્રી પ્રભુદાસ જલોટા રે. ૧૫
પ્રભુદાસ ભાટ હરિજન રે, દાસ પુરુષોત્તમ ધન્ય ધન્ય રે. ૧૬
ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થ રે, પૂરણમલ્લ રસિક રસમત્ત રે. ૧૭
યાદવેન્દ્રદાસ પ્રજાપત્યરે, ગુંસાઈદાસે સેવ્યા હરિ અનન્ય રે. ૧૮
માધવ ભટ્ટ કાશ્મીરમાં વાસ રે, વાંસવાડાના ગોપાળદાસ રે. ૧૯
પદ્મારાવળની અતિ સેવા રે, પુરુષોત્તમ જોષી તેવા રે. ૨૦
જગન્નાથ જોષી તેના ભ્રાતા રે, વળી વૈષ્ણવ તેમની માતારે. ૨૧
જોષી નરહરિ હરિના દાસ રે, ગામ ગોધરે રાણા વ્યાસ રે. ૨૨
વૈષ્ણવ રજપુતાની હરિની દાસી રે, રામદાસ ગુજરાતના વાસી રે. ૨૩
દવે ગોવિંદહરિરસ માતા રે, રાજા માધવ દુબે બેઉ ભ્રાતા રે. ૨૪
ઉત્તમ શ્લોકદાસની સેવા ભારી રે સેવક શ્રીજીના કહેતા મહેતારી રે ૨૫
ઈશ્વરદાસ, દવે રસમગ્ન રે, હરિ હરિજનસું ચિત લગ્ન રે. ૨૬
વૈષ્ણવ છકડા વાસુદેવદાસ રે, સેવા અર્થે રહેતા પ્રભુ પાસ રે. ૨૭
કૃષ્ણદાસ ઘઘરી સુખકંદરે, બાબા વેણુ રહિત દુઃખ દ્વંદ્વરે. ૨૮
એ બેઉનો એક ખવાસ રે, તેનુ નામ છે જાદવદાસ રે. ૨૯
થાનેશ્વરના વિપ્ર જગતાનંદરે, સેવ્યા શ્રીહરિ અતિ આનંદરે. ૩૦
બ્રાહ્મણી અડેલની વૈષ્ણવ બાઈ રે, આનંદદાસ વિશ્વંભરદાસ બે ભાઈ રે. ૩૧
વૈષ્ણવ ક્ષત્રાણી પ્રભુપદ પ્રીત રે, રામદાસ મીરાંના પ્રોહિત રે. ૩૨
કૃષ્ણદાસી ખવાસણી જાણી રે, જેની વાણી શ્રી વલ્લભે માની રે. ૩૩
બુલામીશ્ર શ્રી વલ્લભવરનારે, રામાનંદ પંડિત થાનેશ્વરનારે. ૩૪
વિષ્ણુદાસ છીપા રસપુર રે, જીવણદાસ ક્ષત્રિય કપૂર રે. ૩૫
સારસ્વત દ્વિજ ભગવાનદાસ રે, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ રે. ૩૬
વૈષ્ણવ ભગવાનદાસ ભીતરિયા રે, શ્રીજીની સેવામાં ઠરિયારે. ૩૭
અચ્યુતદાસ સનોડીયા કહીએ રે, ગૌડ વિપ્ર અચ્યુતદાસ લહીએ રે. ૩૮
સારસ્વત દ્વિજ અચ્યુતદાસ રે, નારાયણદાસ અંબાલે વાસ રે. ૩૯
નારાયણદાસ ભાટ મથુરાંનારે, નારાયણદાસ લુહાણા ઠઠ્ઠાના રે. ૪૦
ક્ષત્રાણી ગોરજા ને સમરાઈ રે, સાસુ વહુ બે વૈષ્ણવ બાઈરે. ૪૧

સિંહનંદના ક્ષત્રિય સાર રે, વૈષ્ણવ અડેલના એક સુતાર રે. ૪૨
એક વૈષ્ણવ હરીગુણ ગાતા રે, દામોદરદાસની માતા રે. ૪૩
સિંહનંદ ક્ષત્રાણીનો વાસ રે, કવિ લઘુ પુરુષોત્તમદાસ રે. ૪૪
કવિરાજ ભાટ ગુણ ગાવે રે, ગોપાળદાસ ઈટોલાના કહાવે રે. ૪૫
જનાર્દનદાસ વૈષ્ણવ ક્ષત્રિય રે, ગરુડસ્વામી બ્રાહ્મણ હરિની મૈત્રી રે. ૪૬
કન્હેયાલાલ ક્ષત્રિ પ્રકાશ રે, વિપ્ર ગોડીઆ નરહરિદાસ રે. ૪૭
બાલકૃષ્ણ બાદરાયણદાસ રે, સેવા સ્મરણનો અભ્યાસ રે. ૪૮
વૈષ્ણવ રામદાસ ચૌહાણ રે, સેવા સ્મરણ માંહે સુજાણ રે. ૪૯
માણેકચંદ સદુપાંડે ભવાની રે, નરોબાઈ હરિ મન માની રે. ૫૦
નરહર સંન્યાસી હરિના ભક્ત રે, જેની હરિપદ નિર્મળ મત્ય રે. ૫૧
ગોપાળદાસ કહીએ જટાધારી રે, વસી વ્રજમાં સેવ્યા ગિરધારી રે. ૫૨
સંત પોષ્યાસત ન ચૂકી નારી રે, કૃષ્ણદાસે સોંપી પરને પ્યારી રે. ૫૩
આગ્રે ચોપડા સંતદાસ રે, સુંદરદાસે સેવ્યા અવિનાશ રે. ૫૪
પટેલ માવજી વિરજો સહિત રે, પતિપત્ની પ્રભુપદ ચિત્ત રે. ૫૫
ગોપાળદાસ નરોડાના કહાવે રે, સેવે શ્યામને હરખે હુલરાવે રે. ૫૬
સુરદાસ શિરોમણિ ભક્ત રે, ગાયા શ્રી ગિરિધર જાણે જગત રે. ૫૭
સર્વોપરિદાસ પરમાનંદ રે, ગાયા ગુણનિધિ બાલમુકુન્દ રે. ૫૮
કુંભનદાસ મહારસ કંદ રે, સખાભાવે સેવ્યા શ્રીગોવિંદ રે. ૫૯
સુત કૃષ્ણદાસ દ્રઢ એવા રે, છોડ્યા પ્રાણ ન ગૌ સેવા રે. ૬૦
કૃષ્ણદાસ કહીએ અધિકારી રે, ગાયા સેવ્યા શ્રીરાસબિહારીંર. ૬૧
ગાયા વૈષ્ણવ એહ ચોરાશી રે, શ્રીવલ્લભ પદ નિકટના વાસી રે. ૬૨
સકળ તત્ત્વનું તત્વ છે એ સાર માંહે સાર;
પાઠ કરતાં માત્રમ વશ થાય શ્રી નંદકુમાર. ૬૩
શ્રી વલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુને જે પ્રસન્ન કરવા ચહાય,
નથી અવર ઉપાય બીજો, હરિભક્તના ગુણ ગાય. ૬૪
શ્રી આચાર્યજી શ્રી મહાપ્રભુજીના અંતરંગ એ ભક્ત,
મુજ ઉપર કરુણા કરો શ્રી વલ્લભપદ આંસક્ત. ૬૫
એ વૈષ્ણવ પદ રજરતિની છે ઘણી મુજનો આશ;
ગાય ગુણ હરિદાસના દયારામનો દાસ. ૬૬

॥ ઇતિશ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ સંપૂર્ણ ॥

શ્રી બસોબાવન વૈષ્ણવનું ધોળ

શ્રીમદ્ વલ્લભપ્રભુને નમું શ્રી વિઠ્ઠલેશ,
સાત સ્વરૂપ સહિત સઘળો વંશાત્મક વિશેષ. ૧
સેવક શ્રી વિઠ્ઠલેશજીના બસો ને બાવન,
જેનું નામ ઉચ્ચાર માત્રથી સૌ પાવન, ૨
ગુણ ગોવિંદદાસના ગાઈયે રે, છીતસ્વામી પરમ ચિત્ત લઈયે રે. ૩
નંદદાસ શ્રી કૃષ્ણ આસક્ત રે, ચતુર્ભુજદાસ સદા અનુરક્ત રે. ૪
નિત્ય નાગજીભાઇ ઉચ્ચરીએ રે, કૃષ્ણભટ્ટજીને મન ધરીએ રે. ૫
ચાચાજી નારાયણદાસ રે, વિઠ્ઠલદાસ ભક્ત ઉલ્લાસ રે. ૬
કૃષ્ણદાસ મુરારિદાસ રે, બાપ બેટા મન ઉલ્લાસ રે. ૭
હરિદાસ જનાર્દનદાસ રે, રૂપમુરારી રસરાસ રે. ૮
અલીખાન વળી ખાનજાદી રે, જેમલ રજપુત હરિ વાદી રે. ૯
માધવદાસને નાહાલચંદ રે, માધવદાસ કાયસ્થ ગુણવંત રે. ૧૦
કાયસ્થ ધણી ને ધણીઆણી રે, રૂપચંદનંદ શુભ વાણી રે. ૧૧
એક બ્રાહ્મણ રાઘવદાસ રે, ગોપાલદાસ ગુજરાતના વાસી રે. ૧૨
રાજાલાખા ને એક બાઈ રે, હરિ દાસ ખવાસ સુખદાઇ રે. ૧૩
શેઠ જ્ઞાનચંદ જદુનાથ રે, ભાઈલા કોઠારી હરિ હાથ રે. ૧૪
માણેકચંદ ને એઉની નારી રે, હરજી કોઠારી ગુણ ભારી રે. ૧૫
ગોપાલદાસ બ્રાહ્મણ બંગાળી રે, વ્યાસ ગણેશ બહુ ભાગ્યશાળી રે. ૧૬
મધુસૂદનદાસ છે હરિ વાલા રે, એક કણબી માળાવાળા રે. ૧૭
એક વૈષ્ણવની છે કન્યા રે, રામાનંદને પરણાવી કન્યા રે. ૧૮
એક વૈષ્ણવની બેટી ટેકી રે, તે તો પરણી ધર્મ વિવેકી રે. ૧૯
વૈષ્ણવ એક તરુના સંગી રે, પાથો ગુજરી હરિરસ સંગી રે. ૨૦
એક વ્રજવાસી સુત નારી રે, ગોપીનાથદાસ ગૌચારી રે. ૨૧
કણબી ગુજરાતી બે ભાઇ રે, દ્વિજપત્ની આગરાઈ રે. ૨૨
એક ગોડીઓ પંડિત શોભે રે, એક રઘુપતિ દર્શન લોભે રે. ૨૩
એક પંડિત ને કહાન બાઇ રે, વૈષ્ણવ ક્ષત્રિય છે આગરાઈ રે. ૨૪
મેહા ઢીમરને દ્વિજ રેડા રે, નારાયણદાસે હરીને તેડ્યા રે. ૨૫
એક વૈષ્ણવ સુતરવાળા રે, રાજા આશકરણ પ્રભુ વહાલા રે. ૨૬

બે હતીત પતિત ને કણબી રે, વહુ અજબ કુંવરી બહુ ધર્મી રે. ૨૭
એક પુરોહિત વેશ્યા કન્યા રે, ગંગાબાઇ છે પૂર્ણ ધન્યા રે. ૨૮
એક રાજાને એક ધોબી રે, બે સાચોરા રસ લોભી રે. ૨૯
એક વૈષ્ણવ મદનગોપાળ રે, બે કણબી પટેલ રસાળ રે. ૩૦
સેવક એક વિરકત રે, દયા ભવૈયા આસકત રે. ૩૧
એક વાણીઆ ને એક નારી રે, એઉ પરમ વૈષ્ણવતા ધારી રે. ૩૨
એક ક્ષત્રાણી વિરક્ત કે, વાઘજી રજપૂત આસક્ત રે. ૩૩
એક ગોપાળદાસ ભીતરિયા રે, બીજા આઠ સેવક અનુસરિયા રે. ૩૪
ગોપાળદાસ સિંઘલ ભોળાભાઇ રે, શેઠ પુત્રી દીવાનની જાઇ રે. ૩૫
એક કુંજડી રૂપાભાઇ રે, હરિદાસ-સુતા સુખદાઇ રે. ૩૬
એક ક્ષત્રિય વૈષ્ણવ બાઇ રે, રાજા રાણી પુત્ર ને દાઈ રે. ૩૭
શાહુકારનો બેટો વિલાસી રે, એક વૈષ્ણવ કૃષ્ણ પ્રકાશી રે. ૩૮
એક વેશ્યા ભુવનની વાસી રે, તે હરિગુણ માંહી નિવાસી રે. ૩૯
પુત્રજી વડો વિરકત રે, વેણીદાસ છીપા છે ભકત રે. ૪૦
એક શામળદાસ એક નાઇ રે, પુત્ર પઠાણનો સુખદાઇ રે. ૪૧
ઓઝા દામોદરદાસ છે ભક્ત રે, બેટી શાહુકારની આસક્ત રે. ૪૨
વૈષ્ણવ એક ખડબુચાવાળો રે, શેઠ આગરાઇને મન ભોળો રે. ૪૩
એક કાપડવાળો શોભે રે, કણબી આંજણો વૈષ્ણવ લોભે રે. ૪૪
એક શાસ્ત્રી મુરારિદાસ રે, લાદબાઇ ભાટ ગુણ રાશ રે. ૪૫
રાજારાણી હરિ મન ભાવે રે, એક વૈષ્ણવ ડોલ ઝુલાવે રે. ૪૬
દ્વિજ શેઠ સોની પરમાનંદ રે, મેહેરા પુરૂષોત્તમ ગુણવંત રે. ૪૭
એક બે ભાઇ ચંદન લાવ્યા રે, ચોપડા ભંડારીને મન ભાવ્યા રે. ૪૮
ઠગ એક દસ સંગી રે, માતા બેટી હરિ રસ રંગી રે. ૪૯
એક ગૃહસ્થી ને વિરક્ત રે, બીજા બે ભાઇ આસક્ત રે. ૫૦
જીવા પારેખને સેજપાલ રે, દોશી માધવદાસ દલાલ રે. ૫૧
બેટો પટેલનો નિત્ય આવે રે, બેટી પટવારીને મન ભાવે રે. ૫૨
હરિદાસ જમાઇ માણેકચંદ રે, પ્રભુએ ત્યાગ કર્યો મન રે. ૫૩
એક ગિરીની પરિક્રમા કરતા રે, એક નિત્ય ઉઠી વ્રજમાં ફરતા રે. ૫૪
એક કણબીએ કરી એવી રે, લઇ કુવામાં નાંખી દેવી રે. ૫૫
કણબણ ગુજરાતની વાસી રે, બેટી બીરબલની સુખ રાશિ રે. ૫૬

રાજા જોધસિંગ દક્ષિણા રે, વળી પુરોહિત તેના ઘરના રે. ૫૭
સાસુ વહુ સુરતના વાસી રે, રાજા પૂર્વેનો સુખરાશિ રે. ૫૮
શેઠ સુત રહેનારો ગુજરાતી રે, એક બ્રાહ્મણી નાગર જાતિ રે. ૫૯
શ્રી વિઠ્ઠલેશ શ્રીજીને રૂપે રે, દીધું દર્શન બેને અનૂપે રે. ૬૦
એક દુ:સંગ દીઠો વિરકત રે, બીજો ભાઈ આસક્ત રે. ૬૧
વેણીદાસ છીપા છે ભક્ત રે, એક રજપૂત કાંઠાના આસક્ત રે. ૬૨
દ્વિજની પત્ની વૈષ્ણવ સંગથી રે, ખોયો કોઢ પોતાના અંગથી રે. ૬૩
એક ન્યૂન અધિક બે આવે રે, એક દ્રવ્ય સામગ્રી લાવે રે. ૬૪
એક કણબી ગાય ચરાવે રે, એક રાસની રીત ચિત્ત લાવે રે. ૬૫
જોડ ઠગ ને એક ગુજરાતી રે, સીતાબાઈ છે દક્ષીણી જાતી રે. ૬૬
એક વૈષ્ણવ ને એક બાઈ રે, દામોદરદાસ સુખદાઈ રે. ૬૭
વડનગરમાં માધવદાસ રે, એક વૈષ્ણવ મહાવન વાસ રે. ૬૮
ગુજરાતના દાસ મુરારી રે, ભક્ત ભીમ અતિ હિતકારી રે. ૬૯
એક દાસ ગોર્દ્ધનધારી રે, રામદાસ પરમ આચારી રે. ૭૦
જીયાદાસને નરહરિદાસ રે, રાજા ટોડરમલ સુખ રાશ રે. ૭૧
નરસિંહદાસને પીતાંબરદાસ રે, ધર્મદાસ ગોવાળ પ્રકાશ રે. ૭૨
એક બ્રાહ્મણ માધવદાસ રે. એક વહેપારી સુખ રાશ રે. ૭૩
એક બ્રાહ્મણ એક નારી રે, એક સ્ત્રી છે સુખકારી રે. ૭૪
એક જન-ભગવાન બે ભાઈ રે. એક ઢીમર સુખદાઈ રે. ૭૫
દ્વિજપત્ની પટેલ રે, એક સોદાગર રસ રેલ રે. ૭૬
મીસરીદાસ ચતુર્ભુજ ભાવે રે, ગોપાલદાસ ગોરવા કહાવે રે. ૭૭
એક ક્ષત્રિય રઘુનાથ રે, ઓઘો ત્રવાડી હરિ હાથ રે. ૭૮
દવે ઈશ્વરદાસ સાચોરા રે, સંતદાસ ક્ષત્રિય ગુણ ગોરા રે. ૭૯
ક્ષત્રિય સુતને સુત બ્રાહ્મણનો રે, એક વૈષ્ણવ રાજનગરનો રે. ૮૦
વૈષ્ણવ ભગવાનદાસ વિલાસી રે, એક દક્ષિણ વૈષ્ણવ આવે રે. ૮૧
સ્વામી કૃષ્ણદાસ સોહાવે રે, એક ક્ષત્રિય મથુરાવાસી રે. ૮૨
દ્વિજ જોશી રાજા ભીમા રે, શાહુકાર સુત સુખ સીમા રે. ૮૩
એક ક્ષત્રિય જાદવદાસ રે, હરિજન મથુરાવાસી રે. ૮૪
શાહુકાર વળી ક્ષત્રાણી રે, એક વ્રજવાસી શુભ વાણી રે. ૮૫
દાસ પુરૂષોત્તમ પોકરણા રે, વળી દુર્ગાદાસ ગુણ ગણાણા રે. ૮૬

ક્ષત્રિય ચોપડા ધ્યાનદાસ રે, લક્ષ્મીદાસ ગુજરાતમાં વાસ રે. ૮૭
તારાચંદને ચતુરબિહારી રે, વૈષ્ણવ ગુજરાતી અતિભારી રે. ૮૮
હરિદાસને મોહનદાસ રે, માધો સાર સુત ગુણ રાશ રે. ૮૯
દ્વિજ બેટી ક્ષત્રિય કન્યા રે, એક ચોર સેવક થયો ધન્યા રે. ૯૦
એક ઉત્તમશ્લોક દાસ રે, ખેડાવળ ભગત રસ રાસ રે. ૯૧
સાસુને સસરો જ્ઞાની રે, રજપૂતની બેટી પરમાણી રે. ૯૨
સાચોરા દ્વિજ આનંદદાસ રે, એક ભીલડી છે સુખરાસ રે. ૯૩
સઘનદાસ દેવાદાસ કણબી રે, રાજપુત્ર મોહનદાસ ધર્મી રે. ૯૪
નરનારી વસે છે પ્રયાગ રે, માધવદાસ સુરત અનુરાગ રે. ૯૫
ભટ્ટ કલ્યાણજી વીરાબાઇ રે, મહારાજ પુરૂષોત્તમ સુખદાઇ રે. ૯૬
રૂડા રતનજી અધિકારી રે, રૂપાબાઇ પરમ ગુણ ભારી રે. ૯૭
વૈષ્ણવ ક્ષત્રિય છે આગરાઇ રે, એક મહીધર ને ફુલબાઇ રે. ૯૮
દેવ ભીમ ભંડારી રે, રાજા માનસિંહ અધિકારી રે. ૯૯
દવે પુરોહિત સુત વિખ્યાત રે, કૃષ્ણદાસ ગોરવા જાત રે. ૧૦૦
વડનગર માધવદાસ રે, દ્વિજ ઉજ્જનના સુખ રાસ રે. ૧૦૧
નારણદાસ સનોડિયા જ્ઞાની રે, લક્ષ્મીદાસ રજો ક્ષત્રાણી રે. ૧૦૨
રાજા બીરબલ ને તાનસેન રે, આનંદના પરી સુંદર બેન રે. ૧૦૩
વેણીદાસ દામોદરદાસ રે, વિજયનગરીમાં વાસ રે. ૧૦૪
એક એક ફળ લખી લીધું રે, લખી હૈયામાં લીધું રે. ૧૦૫

વલણ :

યથામતિ એ કહ્યાં છે, વળી બીજાં છે અપાર;
પરમ તત્ત્વનું તત્ત્વ છે, એ ભક્તના આધાર... ૧૦૬
ભક્તરાજ શિરોમણિ, ને એકનો આધાર;
કર્યા છે વળી કરે છે, વળી કરશે નિર્ધાર ૧૦૭
તે માટે સર્વ પ્રાત ઉઠીને નામો કરો ઉચ્ચાર;
કંઠમાં ધારણ કરો તો, હરિ મળે સુખ સાર. ૧૦૮
સર્વે ભગવદીયને નમન કરીને, એ જ માગું નેમ;
શ્રી વિઠ્ઠલવરની સૃષ્ટિ ઉપર, રહો દુર્લભ પ્રેમ. ૧૦૯

* * *

અષ્ટસખાની ભાવનાનું ધોળ

ચાલો સખી આપણો શ્રીજી જઈએ રે,
નિત્ય ઉઠી શ્રી યમુનાજીમાં ન્હાઈએ રે;
ત્યાં જઈ દર્શનનાં સુખ લઈએ... ચાલો૦ (ટેક)

પ્રથમ દર્શન મંગળા તણા, સ્વરૂપ શ્રીનવનીતલાલ;
પરમાનંદદાસ કીર્તન કરે, તોક સખા વ્રજબાલ.
શ્રીનવનીતલાલમાં આસક્તિ અનૂપ રે,
એ છે ચંદ્રસખીનું સ્વરૂપ રે;
ગ્વાલપગા શૃંગાર અનૂપ... ચાલો૦ ૧

બાળલીલા અનુભવ કરો, શ્રવણ પ્રાગટયનું સ્થાન,
પ્રથમ દ્વાર ગિરિરાજનું સુરભિ શ્યામ તમાલ.
બીજાં દર્શન શૃંગારનાં કરીએ રે,
શ્રી ગોકુલચંદ્રમાજીમાં ચિત્ત ધારીએ;
નંદદાસનાં કીર્તન અનુસરીએ... ચાલો૦ ૨

ભોજ સખા સારસ્વત કલ્પમાં, સખી ઈન્દુલેખા પ્રમાણ;
આસક્તિ શ્રીગોકુલચંદ્રમાં, ફેંટા શૃંગાર વખાણ.
રાસલીલાનો અનુભવ કરીએ રે,
ધ્યાન ઉદર સ્થાનનું ધારીએ રે;
માનસીગંગા પીપર પેંડ જઈએ... ચાલો૦ ૩

ત્રીજાં દર્શન ગ્વાલનાં, આપે શ્રી દ્વારકાનાથ;
ગોવિંદસ્વામી કીર્તન કરે, શંખ ચક્ર ધર્યા હાથ.
સારસ્વત કલ્પમાં સખા શ્રીદામા રે,
નિત્ય લીલામાં સખી છે ભામા રે,
ગુપ્ત શ્રીદ્વારકાનાથની શ્યામા... ચાલો૦ ૪

ટિપારાનો શૃંગર છે, હિંડોરા લીલા જાણ;
પ્રાગટય પ્રભુ નેત્ર સ્થાનથી, દર્શન ગ્વાલ વખાણ.
ગોવિંદસ્વામીની કદમ ખાંડી જઈએ રે,

ઐરાવત કુંડ પર રહિએ રે;
ત્રીજું દ્વાર ગિરિરાજજીનું કહિએ... ચાલો૦ ૫

ચોથા દર્શન રાજભોગનાં, જઇ નિરખો શ્રીનાથ;
કુંભનદાસ કીર્તન કરે, ઉભા નિકુંજે વ્રજનાથ.
સારસ્વત કલ્પમાં અર્જુન જાણો રે,
નિત્ય લીલામાં વિશાખા પ્રમાણો રે;
આસક્તિ શ્રી નાથજીમાં જાણો... ચાલો૦ ૬

શૃંગાર ધર્યા કુલ્હે તણાં, નિકુંજ લીલાને દુવાર;
પ્રાગટય પ્રભુ હૃદય સ્થાનથી, દર્શન દીન દયાલ.
ઠોર આન્યોરમાં સદુપાંડે રે,
સદા શ્રીજી સ્વરૂપે બિરાજે રે;
ચોથું દ્વાર ગિરિરાજજીનું ગાજે... ચાલો૦ ૭

પાંચમાં દર્શન ઉત્થાપન તણાં, આપે શ્રીમથુરેશ;
સૂરદાસ કીર્તન કરે, નટવર ગોદ સુરેશ.
સારસ્વત કલ્પમાં કૃષ્ણસખા કહિએ રે,
નિત્ય લીલામાં ચંપકલતા લહિએ રે;
આસક્તિ શ્રી મથુરેશજીમાં કહિએ... ચાલો૦ ૮

પાગ શૃંગાર બનાય કેં, માનલીલા સુખકંદ;
પ્રાગટય પ્રભુ મુખારવિંદથી, ગોચારન આનંદ,
ચંદ્ર સરોવરની કંદરા માંહે રે,
સદા રસ રૂપે બિરાજે રે;
પાંચમું દ્વાર ગિરિરાજજીનું ગાજે... ચાલો૦ ૯

છઠ્ઠાં દર્શન ભોગ શૃંગારનાં, આપે શ્રીગોકુલનાથ;
ચત્રભુજદાસ કીર્તન કરે, યુગલ સ્વામીની સાથ.
સારસ્વત કલ્પમાં સખા સુબાહુ રે,
નિત્ય લીલામાં સુશીલા સખી ત્યાંહિ રે;
ગોકુલનાથજીમાં આસક્તિ આહિં... ચાલો૦ ૧૦

સહેરાનો શૃંગાર છે, અન્નકુટ લીલા જાણ;
પ્રાગટય પ્રભુ હસ્ત કમલથી, ભોગદર્શન ઉર આણ.
રૂદ્ર કુંડ ઉપર નિવાસ રે,
આમલીના પોંડ નીચો વાસ રે;
એવી અન્નકુટ લીલાની હદે આસ... ચાલો૦ ૧૧

સાતમા દર્શન સંધ્યા આરતી, આપે શ્રી વિઠ્ઠલનાથ;
છીતસ્વામી કીર્તન કરે, કટિ પર ધર્યા દોઉ હાથ.
સારસ્વત કલ્પમાં સખા સુબલ રે,
નિત્ય લીલામાં પદ્મા સહચરી નિર્મલ રે;
શ્રીવિઠ્ઠલનાથજીમાં આસક્તિ અતૂલ... ચાલો૦ ૧૨

શૃંગાર સજ્યો દુમાલા તણો, સદા શ્રી વિઠ્ઠલનાથ;
પ્રાગટય પ્રભુ કટિ સ્થાનથી, નિજ્જન કીધા સનાથ.
સુંદર દર્શન સંધ્યા આરતિ રે,
અપ્સરા કુંડ રે, રમણ રસ પાંતિ રે;
શ્યામ તમાલનું દ્વાર સાત... ચાલો૦ ૧૩

આઠમા દર્શન સેંનના, આપે શ્રી મદનમોહન;
કૃષ્ણદાસ કીર્તન કરે, છબિ બનિ અતિ સોહન.
સારસ્વત કલ્પમાં ઋષભ જાણો રે,
નિત્ય લીલામાં લલિતા પ્રમાણો રે;
આસક્તિ શ્રીમદનમોહનજીમાં જાણો... ચાલો૦ ૧૪

શૃંગાર ધર્યો છે મુકુટનો, શ્રી મન્મથ મોહનલાલ;
સખા પ્રાગટય શ્રી ચરણથી, વેણુ વગાડી રસાલ.
બિલછુ કુંડે રાજે કૃષ્ણદાસ રે,
શ્યામ તમાલ નીચો છે વાસ રે;
વૃક્ષ નીચે ગિરિરાજનું દ્વાર આઠ... ચાલો૦ ૧૫

* * *

કૃષ્ણાશ્રયનું ધોળ

શ્રી...ની સુન્મુખ ગાવું

સર્વ માર્ગનો નાશ થયેથી, કલિ ખલ ધર્મનો ધારી છે;
પાખંડથી ભરપુર લોકમાં, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૧

મ્લેચ્છાક્રાન્ત આ દેશ થયેથી, પાપ પુંજ અતિ ભારી છે;
સાધુ-પીડાથી વ્યગ્ર લોકમાં, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૨

ગંગાદિક અતિ શ્રેષ્ઠ તીર્થમાં, મૂર્ખજનો અધિકારી છે;
આધિદૈવિક અંતર્ધ્યાનમાં, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૩

પાપ પંથ પરવર્યા સાધુ પણ, મૂઢ અને અહંકારી છે;
યત્ન શીલ સહુ લાભ પૂજામાં, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૪

યોગી થયા વ્રત ટેક વિનાના, મંત્રશક્તિ પણ હારી છે;
નાશ અર્થનો ભાગ્ય તણો ત્યાં, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૫

અનેક વાદથી ભ્રમિત કર્મમાં, વૃત્તિ જનોની ભારી છે;
યત્ન એક પાખંડ તણો ત્યાં, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૬

અજામિલાદિકની મલિનતા, જેણે કૃપાથી સંહારી છે;
માહાત્મ્ય સઘળું પ્રકટ કરંતા, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૭

પ્રાકૃત સર્વે દેવ મંડળી, ગણ્યો આનંદ દેનારી છે;
પૂર્ણાનંદના દાતા પ્રભુ તેથી, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૮

વિવેક ધૈર્યનો ધ્વંસ થયો છે, ભક્તિ પણ નહીં ધારી છે;
પાપ વિષે આસકત દીન જન, કૃષ્ણ તે જ ગતિ મારી છે. ૯

સર્વ સામર્થ્ય સહિત દયાળુ, સર્વ અર્થ કરનારાને;
શરણાગત ઉદ્ધાર કરતા, જણાવું છું પ્રભુ મારાને. ૧૦

કૃષ્ણાશ્રય આ સ્તોત્ર તણો જે, પાઠ કરે પ્રભુ પાસે જાય;
શ્રીમદ્ વલ્લભ એમ કહે છે, કૃષ્ણ તણો તેને આશ્રય થાય. ૧૧

* * *

ચતુઃશ્લોકીનું ધોળ

ભજનીય નિત્ય વ્રજરાય, સર્વ ભાવે ભજનીય નિત્ય વ્રજરાય
ખરેખર એ ધર્મ પોતાનો, અન્ય નહીં જ કદિય. ૧

યોગ ક્ષેમ પ્રભુ પોતે કરશે, સેવો સદા વ્રજરાય;
પ્રભુ સર્વ સમર્થ છે, તેથી નિશ્ચિંત રહેવું સદાય. ૨

જો કદી નિજ હૃદય વિષે, શ્રીગોકુલાધીશ ધરાય;
તો પછી લૌકિક વૈદિક કેરી, ચિંતા કરે છે બલાય. ૩

સ્મરણ-ભજન શ્રીકૃષ્ણચંદ્રનું, ત્યજવું નહીં જ જરાય;
ભક્ત-વત્સલ પ્રભુ વલ્લભ કેરી, શિખધરો ઉરમાંય. ૪

શ્રી નવરત્નનું ધોળ

શ્રીમદ્વલ્લભ શ્રી મહાપ્રભુજીને નમુંજી
શ્રી વિઠ્ઠલેશ પ્રભુ લાગું પાય,
શ્રી બાલકૃષ્ણજીને પ્રણમુંજી
શ્રીવ્રજભૂષણજી પરમ કૃપાળ. શ્રીમદ્ ૧

શ્રીવલ્લભદેવો મહા કરુણા કરીજી
જેથી જીવનું કારજ થાય,
સર્વે વૈષ્ણવની કૃતિ એહ છેજી
સઘળી ચિંતા નિવૃત થાય. શ્રીમદ્ ૨

દ્રઢ આશ્રય શ્રીમહાપ્રભુજી નો રાખીએજી,
ચિંતા નવધારીએ લગાર
સર્વે આત્મા શ્રીજીને સમર્પીએજી,
એ છે ભકત તણા આધાર. શ્રીમદ્ ૩

પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સદાજી
જીવ કીધા છે અંગીકાર,
લૌકિકની ગતિ ન આપે કદાજી,
પ્રભુ નથી જોતા અધિકાર. શ્રીમદ્ ૪

નામનિવેદન કીધા થકીજી
પ્રભુ રાખો પોતાની પાસ,
વશ નથાય એ પ્રભુ કો' થકીજી,
વશ થઈ રહ્યા વલ્લભી પાસ. શ્રીમદ્ ૫

નિવેદન મંત્રનું સ્મરણ નિત્ય કરવુંજી
સર્વદા ભગવદી સાથ,
અવૈષ્ણવની સંગે ન ફરવુંજી
કૃપા થાય તાદ્રશીય હાથ. શ્રીમદ્ ૬

ફલની ચિંતા નવ રાખીએજી,
પ્રભુ સર્વેશ્વર કહેવાય,
સર્વના આત્મા શ્રીજી સાક્ષી છેજી
દૂર ભક્તથી કેમ રહેવાય? શ્રીમદ્ ૭

પ્રભુને ગમે તે ખરું એમ જાણવું જી
હરિનું બિરદ છે દિનદયાલ,
સ્ત્રીપુત્રાદિક પુષ્ટિમાં આણવા જી,
યોગ્યતા ન વિચારે દયાળ. શ્રીમદ્ ૮

નિવેદન કરવું સર્વ સંગાથશું જી
અન્ય વિનિયોગની ચિંતા ન આણ,
અજ્ઞાની હોય કિંવા જ્ઞાનીશુંજી
સમજુ છું અધિક એવું ન જાણ. શ્રીમદ્ ૯

જેણે આત્મનિવેદન કીધું છેજી,
તેના ઉદ્ધારમાં સંદેહ ન આણ,
પ્રાણ સંગાથે શ્રીમહાપ્રભુને દીધું છેજી
તેથી સંશય મનમાં ન આણ. શ્રીમદ્ ૧૦

'સમર્પણ મંત્ર' મહા સમર્થ છેજી
ના જાણસો ઓછી એ વાત,
એ કોઈ અંશ કલા નથી પૂર્ણ છેજી
શ્રીજી શ્રીપુરુષોત્તમ સાક્ષાત્. શ્રીમદ્ ૧૧

પ્રભુ પોતે સર્વથી પર છેજી
વળી મહાસમર્થ છે એ નાથ,
ભક્તના દુઃખહર્તા સુખકારી છેજી.
ચિંતા નવ કીજીએ માથે નાથ. શ્રીમદ્ ૧૨

લૌકિક વૈદિક જે કર્મ છેજી
તો હરિ સિદ્ધ થવા દે નહિ,
એ સેવા સ્મરણ ધર્મ છેજી
તેથી મન દૂર કીજે નહિ. શ્રીમદ્ ૧૩

પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સદાજી
વળી જીવનું કીધું શું હોય,
પ્રભુ કરે તે સુખ માની રહીએજી
સાક્ષી થઈ રહે એ સુખ હોય. શ્રીમદ્ ૧૪

દીનતાભાવ મનમાં રાખીએજી
બીજા સાધનનું નથી કામ,
સર્વદા સેવા કરી શ્રીજી સાધવાજી
ગુરુની આજ્ઞા થકી એ કામ. શ્રીમદ્ ૧૫

ગુરુની આજ્ઞા ઉલ્લંઘન નવ કીજીએજી.
શ્રીજીની ઈચ્છા એ ધારે તે થાય,
આપણું મન ગુરુને દીજીએજી
પ્રભુથી અધિક રાખીએ ભાવ. શ્રીમદ્ ૧૬

સેવા કરો નિત્ય ચિત્ત પ્રીતશુંજી,
તો સુખી થાશો આ જુગ માંહે,
પરીક્ષા અર્થે શ્રીજી કદા નવ સુણેજી
ના ઉદ્ધેગ ધરો મન માંહે. શ્રીદમ્ ૧૭

તોયે ધીરજ રાખી સેવા કરવીજી
પ્રભુ સુખકર્તા છે તો સત્ય,
એમની લીલા જોઈ ચિંતા દૂર કરવીજી
વૈષ્ણવને એ રે જુગત્ય. શ્રીમદ્ ૧૮

એકાદશ ઈંદ્રિય પ્રભુને સન્મુખજી
સેવામાં દિવસ ને રાત,
એકે ઈંદ્રિય વિમુખ નવ કીજીએજી
સર્વાત્મા ભક્તિ કરો અહોરાત. શ્રીમદ્ ૧૯

'શ્રીકૃષ્ણઃ શરણં મમ' સદા જપોજી
ન વિસારશો પલ એક માત્ર,
એ જુગતેથી ચિંતા દૂર કરોજી
થાશો શ્રીજીના કૃપાપાત્ર. શ્રીમદ્ ૨૦

શ્રીમહાપ્રભુજી કહે અમારી એ મતિજી
વળી એજ છે નિરધાર
સર્વ વૈષ્ણવ રાખજો ચિત્ત ધરીજી
શ્રીવલ્લભજી પ્રાણ આધાર. શ્રીમદ્ ૨૧

એ અમૂલ્ય 'રત્ન' જે કોઈ ચિત્ત ધરેજી
તોને પુષ્ટિભક્તિ દ્રઢ ફલ હોય,
જે આ ધોળ ગાયેને ચિત્ત ધરેજી,
તેને પરમ આનંદ સુખ હોય. શ્રીમદ્ ૨૨

સિધ્ધાંત રહસ્યનું ધોળ

પુષ્ટિમાર્ગ સિદ્ધાંતની, સાંભળ કહું એક વાત,
શ્રાવણ સુદ એકાદશી, વચન કહ્યાં જે રાત. ૧

શ્રીમદ્ વલ્લભને મન ઈચ્છા ઉપનીં એહ,
આજ્ઞા બ્રહ્મસંબંધની પ્રભુજીએ કીધી તેહ. ૨

પોતાના જન જાણીને ચિંતા ધરી મન માંહ્ય,
આતુરતા દીઠી ઘણી, શ્રીજી પધાર્યા ત્યાંહ. ૩

શ્રીપૂર્ણ પુરૂષોત્તમ તમે છો, જીવ છે દોષ સહિત,
તે ઉદ્ધારણ કારણે, પ્રભુજી ધરજો ચિત્ત. ૪

ત્યારે શ્રીજી એમ બોલિયા, સાંભળો વલ્લભરાય
નામ સમર્પણ જે કરે, તેનાં પ્રાયશ્ચિત જાય. ૫

જીવજાત હોય જે કોઇ આવે તમારે શરણ,
તે ઉપર કરૂણા કરી રાખીશ મારે ચરણ. ૬

પવિત્રું કરી સૂત્રનું પહેરાવ્યું જગદીશ,
કેસરી રંગે રગિંયું, તાર ત્રણસે ને ત્રણવીસ. ૭

મીશ્રી ભોગ ધરાવીને વસ્ત્ર પહેરાવ્યાં તેણીવાર,
કોર છેડા કર્યા કેસરી, ધોતી ઉપરણા સાર. ૮

સેવક જન સુખ કારણે શ્રીજીએ કીધો શ્રમ,
નામ સમર્પણ આપીને રાખ્યો વૈષ્ણવ ધર્મ. ૯

શ્રીગિરિધારીજી મંદિરે પધાર્યા, એ સુખ કહ્યાં નવ જાય,
હરિદાસ શોભા જોઇને આનંદ મંગલ ગાય. ૧૦

* * *

વ્રજજીવન વ્રજમાં બોલાવો મને

વ્રજજીવન વ્રજમાં બોલાવો મને
તારા ચરણોની દાસી બનાવો મને
વ્હાલા ચરણોની દાસી બનાવો મને
વર્ષો થકી વિખુટી પડી વ્રજજીવન

બહુ તાપ કલેશો થકી રડી
શોધ્યો શરણાપંથ ના જડયો
બની બહાવરી બહુ બહુબડી
હવે પ્રિતમ ના તલસાવો મને... વ્રજજીવન

હોંશ છે હૈયા તણી
જમુના તણા જળપાનની
ઝાંખી થવા ગિરિરાજ ની
પ્રભુ નીરખવા છબી આપની
દામોદર દયા વરસાવો હવે... વ્રજજીવન

લીલા સ્થળો વ્રજના સહુ
વ્રજવાસી સર્વે સોહામણા

પશુ પક્ષી તર તુલ્યા જહાં
વાત્સલ્ય મયી છે વસુંધરા
નંદનંદન ત્યાંજ વસાવો મને... વ્રજજીવન

ઇચ્છા નથી આ લોક ની
પરલોક માં પ્રિતિ નથી
ભગવદીયો માં મુજ ગતિ મતિ
પ્રભુ આપ વિના બીજુ કોઇ નથી
માથ દીન છુ દાસી બનાવો મને... વ્રજજીવન



દ્વાદશ કુંજો

આનંદ-સાગર શ્રી ગોવર્ધનનાથજી
પુષ્પકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
પરમાનંદ-સાગર શ્રી સ્વામીનીજી
ફલકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
સુખ-સાગર શ્રી યમુનાજી
રસકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
દીનતા-સાગર શ્રીલલીતાજી,
મધુકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
ગુણ-સાગર-(પ્રેમસાગર) શ્રીગોપીજન
ગૌકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
કૃપા-સાગર શ્રી મહાપ્રભુજી
દ્વારકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
સેવા-સાગર શ્રી ગુસાંઇજી
નવકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
રસ-સાગર શ્રી ગોકુળનાથજી
શશીકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે

શિક્ષા-સાગર શ્રી હરિરાયજી
સિંધુ-કુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
ભક્તિ-સાગર શ્રી દામોદરદાસજી
લક્ષ્મીકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
કિર્તન-સાગર શ્રી સુર-દાસજી
તુલસીકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે
જ્ઞાન-સાગર શ્રી ભાગવતજી
પ્રેમકુંજમાં પ્રિયા-પ્રીતમજીને હમારા દંડવત્ પહોંચે

બાંરે સાગર, બારેકુંજ, બારેવન, બારે ઉપવનમાં, શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી સહિત અમારા દંડવત્ પહોંચે રે..

શ્રી હરિરાયજીનાં વચનામૃત

વૈષ્ણવોએ શ્રીહરિરાયજીનાં વચનામૃતને હૃદયમાં ધારણ કરવાં અને તે પ્રમાણે અનુકરણ કરવું.

૧ ભગવદીય વૈષ્ણવોએ હંમેશાં મનમાં પ્રસન્ન રહેવું; અમંગળ ઉદાસીનતામાં ન રહેવું.

૨ શ્રીઠાકોરજીના મંદિરમાં નિત્યનૌતમ ઉત્સવ જાણવો.

૩ શ્રીઠાકોરજીની સેવા કોઈને ભરોંસે ન મૂકવી. આપણે માથે જે સેવાનું સ્વરૂપ બિરાજતું હોય, તેની સેવા આપણે જ કરવી.

૪ કોઈનો વિરોધ ન કરવો. સર્વેની સાથે મીઠાં વચન બોલવાં.

૫ વિષય અને તૃષ્ણાનો ત્યાગ કરવો.

૬ પ્રભુની સેવા ભય અને સ્નેહ રાખી કરવી.

૭ આપણો દેહ અનિત્ય કરી જાણવો.

૮ વૈષ્ણવના સત્સંગમાં રહેવું.

૯ ભગવદ્ સ્વરૂપ અને ભગવદીય વૈષ્ણવને મિત્ર કરીને સમજવા.

૧૦ આપણી બુદ્ધિ સ્થિર કરી રાખવી, બુદ્ધિને ચલાયમાન ન કરવી.

૧૧ ભગવદ્ દર્શનમાં આળસ ન કરવી.

૧૨ ભગવદ્ દર્શનમાં આળસ કરે તો આસુરી ભાવ ઉત્પન્ન થાય.

૧૩ પ્રસાદ થોડો લેવો.

૧૪ નિદ્રા થોડી કરવી.

૧૫ ભગવદીય પાસે આપણે ચાલીને જવું.

૧૬ કોઈના ઉપર ક્રોધ કરવો નહિ. ક્રોધ વડે હૃદયમાંથી ભગવદાવેશ જતો રહે છે.

૧૭ જ્યાં સ્વધર્મ વિરૂદ્ધ ચર્ચા ચાલતી હોય ત્યાં મૌન સેવવું.

૧૮ અવૈષ્ણવોનો સંગ ન કરવો.

૧૯ સેવામાં અવૈષ્ણવને લાવવા નહિ ને ભગવદીયની સેવા કરવી.

૨૦ ધૈર્ય ધારણ કરવું.

૨૧ મન શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં રાખી સંસારનું કામ કરતાં રહેવું.

૨૨ ભગવદીય સાથે નૌતમ ભાવ રાખી રહેવું.

૨૩ સેવામાં બકવાદ ન કરવો. (બોલવું નહિ.)

૨૪ પ્રસન્નતાથી સેવા કરવી.

૨૫ સેવા કરી શ્રીઠાકોરજીની પાસે કાંઇ પણ વસ્તુ ન માંગવી.

૨૬ શ્રી ઠાકોરજીનું નામ લઈને કાંઇ પણ વસ્તુ લાવીએ તે શ્રીઠાકોરજીને પ્રથમ ધર્યા બાદ પોતે ખાન પાન કરવું.

૨૭ મનમાં ભગવદીય સાથે દાસભાવ રાખવો.

૨૮ ભગવદીયથી દ્વેષ ન રાખવો.

૨૯ શ્રીઠાકોરજીના ઉત્સવનો લોપ ન કરવો.

૩૦ ભગવદીયનું સ્મરણ હંમેશાં તાજું રાખવું.

૩૧ માર્ગની રીતિ પ્રમાણે સેવા કરવી.

૩૨ ભગવદીયનાં છલછિદ્ર ન જોવાં.

૩૩ નવીન વસ્તુ સામગ્રી શ્રીઠાકોરજીને અવશ્ય ધરવી.

૩૪ પ્રિય વસ્તુ મળે તો હર્ષ ન કરવો.

૩૫ કાંઇ પણ નુકસાની થાય ત્યારે દિલમાં શોક કરવો નહિ.

૩૬ સુખ-દુઃખ સરખાં કરી માનવાં.

૩૭ ભગવદ્વાર્તા નિત્ય નિયમથી કરવી.

૩૮ શ્રી સર્વોત્તમજીનો પાઠ નિત્ય નિયમથી કરીએ એ જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવની ગાયત્રી છે.

૩૯ શ્રી યમુનાષ્ટક આદિગ્રંથોનો પાઠ નિત્ય નિયમથી કરવો.

૪૦ જયંતીવ્રત અને એકાદશીવ્રત અવશ્ય કરવાં.

૪૧ પાક સામગ્રી પવિત્રતાથી કરવી.

૪૨ અસમર્પિત વસ્તુ કાંઇ પણ ન લેવી.

૪૩ મન ઉદાર રાખવું.

૪૪ સર્વેથી મિત્રતા કરવી.

૪૫ સ્વધર્માર્થે તન, મન અને ધનથી મદદ કરવી.

૪૬ અહંતા-મમતા છોડી દેવી.

૪૭ ક્ષમાવંત થઇને રહેવું.

૪૮ જે કાંઇ પ્રાપ્ત થાય તેમાં સંતોષ માનવો.

૪૯ બહાર-ભીતર શુદ્ધતાથી રહેવું.

૫૦ આળસ-રહિત રહેવું.

૫૧ કોઇનો પક્ષપાત ન કરવો (ન્યાયી થવું.)

૫૨ સર્વ ભોગાદિકનો ત્યાગ કરવો.

૫૩ મનમાં કોઇ વાતની ઇચ્છા ન કરવી.

૫૪ સહજમાં જે કાંઇ પ્રાપ્ત થાય તેમાં આપણું કાર્ય કરવું.

૫૫ કોઇ વસ્તુમાં આસક્ત ન થવું.

૫૬ શત્રુ-મિત્ર વિષે સમાન બુદ્ધિ રાખવી.

૫૭ અસત્ય બોલવું નહિ.

૫૮ કોઇનું અપમાન ન કરવું.

૫૯ નિંદા-સ્તુતિ સમાન કરી માનવી.

૬૦ સ્થિરતા રાખવી, ચિત્ત ને આપણે વશ રાખવું.

૬૧ ઇંદ્રિયોને વિષે પ્રીતિ ન રાખવી.

૬૨ સ્ત્રી-પુત્ર-ગૃહના ઉપર પ્રીતિ ન રાખવી.

૬૩ સ્ત્રી-પુત્રાદિકનું સુખ દુઃખ આપણે વિષે માની લેવું નહિ.

૬૪ મનમાં કોઇ વાતનો ગર્વ કરવો નહિ.

૬૫ કુટિલતા રહિત રહેવું.

૬૬ મિથ્યા ભાષણ ન કરવું.

૬૭ સત્ય બોલવું.

૬૮ શાંત ચિત્ત રાખવું.

૬૯ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી.

૭૦ એકાગ્ર ચિત્તથી સેવા કરવી.

૭૧ અંતઃકરણ કોમળ રાખવું.

૭૨ નિંદિત કાર્ય કોઇ દિવસ ન કરવું.

૭૩ ક્ષમાવંત થઇને રહેવું.

૭૪ મહાપુરૂષોનાં ચરિત્રો વાંચવાં.

૭૫ પોતાના મનમાં અભિમાન ન કરવું.

૭૬ કોઇ પણ વચનથી બીજાના મનને દુઃખ થાય એવું બોલવું નહિ.

૭૭ સત્ય હોય ને સાંભળનારને પ્રિય લાગે તેવું વચન કહેવું.

૭૮ શ્રીપુરૂષોત્તમ સહસ્ત્ર નામ તથા શ્રીવલ્લભાચાર્યજી કૃત ગ્રંથોનો પાઠ અવશ્ય કરવો.

૭૯ જે કાંઇ કરવું તેનું ફલ મનમાં ન ઇચ્છવું.

૮૦ શ્રીઠાકોરજીની સેવા, કીર્તનને જ પરમફલ રૂપ માનવું.

૮૧ વૈષ્ણવ મંડળીમાં નિત્ય નિયમથી જવું, કથાવાર્તા નિઃશંક થઇને કહીએ તથા સાંભળીએ.

૮૨ અન્યાશ્રય કદી ન કરવો, અન્યાશ્રય બહુ જ બાધક છે; તેથી અન્યાશ્રયથી બીતા રહેવું.

૮૩ શ્રીઠાકોરજીને શરણાગત થઇ રહેવું, બીજા દેવતાથી કોઇ પણ જાતનું ફળ ઇચ્છવું નહિ.

૮૪ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજી તથા તેમના વંશજોની સમાન અન્ય કોઇને ન જાણવા; એમના સમાન બીજાને જાણે તો આસુરાવેશ થાય અને જીવનો ઉદ્ધાર થાય નહિ એમાં સંદેહ નહિ.

ઉપર પ્રમાણે શ્રીહરિરાયજીનાં વચનામૃતનું અનુકરણ કરવાથી પ્રાણીમાત્ર ભક્તિમાન થઇ શ્રી પ્રભુ-ચરણારવિંદને પામે છે.

* * *

પરમ કૃપાળુ શ્રી વલ્લભનંદન

પરમ કૃપાલ શ્રી વલ્લભ નંદન, કરત કૃપા નિજ હાથ દે માથે,
જે જન શરણ આયે અનુસરહી, ગ્રહી સોંપત શ્રી ગોવર્ધનનાથે.
પરમ ઉદાર ચતુર ચિંતામણી, રાખત ભવધારા વ્હેસાથે,
ભજ કૃષ્ણદાસ કાજ સબ સરહી જો જાને શ્રીવિઠ્ઠલનાથે.

* * *

મન તુ વ્રક્ષન કો મતલે ।
કાટે તાપર ક્રોધ ન કરહી સિંચે નાહિ સનેહ..
જો કોઇ વાપે પથ્થર ચલાવે તાહી કો ફલ દે
ધૂપ સહત હે અપને સિર પર, ઔરન કો છાયા દે..
ધન્ય એ જડ પરમ પરમારથ વૃથામનુષ્ય કી દેહ
સુરદાસ મન-કર્મ-વચન કરી, સંતન કો મત એહ..

(૧૨) સેવાકુંજ

સેવા શિક્ષા કિર્તન

પ્રભુ સેવાકો ખરચ ન લાગે,
અપનો જન્મ સુફલ કર મુરખ, કયોં ડરપે જો અભાગે. ૧

ઉદર ભરનકો કરી રસોઇ, સોઇ ભોગ ધરે;
મહાપ્રસાદ હોય ઘટે ન કનિકો, અપનો ઉદર ભરે. ૨

મીઠો જલ પીવનકો લાવે, તામેં ઝારી ભરે,
અંગ ઢાંકનકું ચહીયે કપડાં, તામેં સાજ કરે. ૩

જો મન ઉદાર હોય તુમારો, વૈભવ કછુ બઢાવો;
નહિ તો મોરચંદ્રિકા ગુંજા, યહ સિંગાર ધરાવો. ૪

અત્તર ફૂલ ફલજો કછુ ઉત્તમ, પ્રભુ પહેલેહિ ધરાવો;
જો મન ચલે વસ્તુ ઉત્તમપેં, પ્રભુકું ધર સબે ખાવો. ૫

કરસંબંધ સ્વામી સેવકકોં, ચલ મારગકી રીતિ;
પૂરન પ્રભુ ભાવકે ભૂખે, હોય અંતરકી પ્રીતિ. ૬

યામે કહા ઘટ જાય તિહારો, ઘરકી ઘરમેં રહી હે;
વલ્લભદાસ હોય ગતિ અપની, ભલોભલો જગ કહી હે. ૭

સેવાનો સુક્ષ્મ પ્રકાર

શ્રી મહાપ્રભુજીની આજ્ઞા છે કે *'સર્વદા સર્વ ભાવેન, ભજનીયો વ્રજાધિપ:'* સેવાનો વિશેષ ક્રમ ન બની શકે તો શ્રી ગુરૂદેવની આજ્ઞા લઇ, આપણા ઘરની અનુકુળતા પ્રમાણે સેવાનો ઓછામાં ઓછો ક્રમ પણ અવશ્ય ગોઠવવો જોઇએ, જેમાં યથા સંભવ ઘરનાં સૌ સભ્યો જોડાઇ શકે. જીવનની વિવિધ પ્રવૃત્તિઓ માટેનો સમય જો આપણે મેળવી શકીએ, તો જે વૈષ્ણવકુળમાં જન્મીને, બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુના દાસ બનવાની પ્રતિજ્ઞા લીધી છે, તે નિભાવવા માટે થોડાક સમય અવશ્ય મેળવી લેવો જોઇએ.

શક્ય તેટલી શુદ્ધ રીતે સ્નાન કરી, શક્ય તેટલાં શુદ્ધ ધોયેલાં વસ્ત્રો પહેરી, માથું ઓળી, ચરણામૃત લઇ, તિલક કરવું. ત્યાર પછી હાથ ધોઇ, સેવા માટે તૈયાર થવું.

શ્રીઠાકોરજીના ચિત્રજીનું આપણને વિશેષ ગમે તે સ્વરૂપ શ્રીવલ્લભકુળ આચાર્ય/શ્રીગુરૂદેવ પાસે સેવ્ય કરાવી, મિસરીભોગ ધરવાની આજ્ઞા લઇ સેવા કરવી.

ઘરમાં અનુકૂળ સ્થાને, હવા આવી શકે તેવા નાના કબાટમાં કે ગોખલામાં વસ્ત્ર પાથરી, નાના ગાદીતકિયા પર શ્રીઠાકોરજીને પધરાવવા. દરરોજ સવારે સ્નાન કરી, કુટુંબનું જે સભ્ય વહેલું તૈયાર થાય તે ત્રણ તાળી પાડી, જગાવવાની ભાવના કરી, શ્રીઠાકોરજીનું મુખારવિંદ પોંછી, ફરી ગાદી ઉપર પધરાવે અને જે મિસરી ભોગ ધરવા માટે અલગ રાખી હોય, તેમાંથી સ્વચ્છ કરેલી એક કટોરીમાં ભોગ ધરે. મિસરીનો ભોગ ધરતાં, મંગળભોગની સર્વ સામગ્રી ધરીએ છીએ તેવી ભાવના અવશ્ય કરી, ભોગ આરોગવાની વિનંતી કરી, દંડવત્ કરવાં. જે સેવા પ્રત્યક્ષ ન બની આવે તે સેવાની ભાવના અચૂક કરવી. ઝારીજી ભરવાની ભાવના તો અવશ્ય કરવી. જે સભ્ય તે પછી તૈયાર થાય તે ભોગ સરાવે અને વાઘાવસ્ત્ર બદલી, ગુંજાની માળા ધરી, શૃંગારની ભાવના કરે અને શૃંગાર-ભોગની એક કટોરી ભોગ ધરે.

તે પછી તૈયાર થતા સભ્ય રાજભોગની એક કટોરી ભોગ ધરી, રાજભોગની ભાવના કરે અને ભોગ સરાવી, અનોસર કરવાની ભાવના કરે. થોડીક વાર અનોસરની ભાવના કરી, ફરી ઉત્થાપન કરાવી, એક કટોરી ઉત્થાપન-ભોગની ધરે. પછી ગુંજા-માળા વડાં કરી, એક કટોરી શયન ભોગની ધરે. છેલ્લે પ્રભુને પોઢાડવાની ભાવના કરી, ચાદર ઓઢાડી દે.

આટલી સેવા કરવાથી અષ્ટપ્રહરની સેવાની ભાવના થઇ શકે છે અને તેમાં એક વ્યક્તિ પણ બધી સેવા કરી શકે છે. ઘરનાં બધાં સેવામાં જોડાય તે ખૂબજ ઇચ્છનીય છે. સૌ એક કટોરી ભોગ ધરી, ચરણસ્પર્શ કરી, દંડવત્ કરી, નીચેના પાઠ મોઢે આવડતા હોય તો તે

રીતે અથવા પુસ્તક લઇને શ્રીઠાકોરજીની સન્મુખ જરૂર કરે. (૧) મંગલાચરણ (૨) શ્રી યમુનાષ્ટક (૩) શ્રીસર્વોત્તમ સ્તોત્ર (૪) ચતુઃશ્લોકી (૫) કૃષ્ણાશ્રય (૬) નવરત્ન (૭) સિધ્ધાંત રહસ્ય. પ્રથમ ત્રણતો અવશ્ય કરે.

આ સાત પાઠ કરી, ઓછામાં ઓછી એક 'શ્રીકૃષ્ણઃશરણં મમ' ની માળા કરવી અને બ્રહ્મસંબંધ મંત્રનો ગુજરાતી અર્થ બોલી જવો. એટલો ક્રમ કર્યા પછી જ બીજાં બધાં લૌકિક કાર્યો કરવાનો આગ્રહ રાખવો જોઇએ.

આવો ક્રમ માત્ર શરૂઆત કરવા પુરતોજ છે. ધીમે ધીમે યથા અનુકુળતા મુજબ સેવાના સંપુર્ણક્રમનો આગ્રહ રાખી તે પ્રમાણે ક્રમ વધારતાં જવું. જીવનભર માટે આ સુક્ષ્મક્રમ પર્યાપ્ત ન જ ગણાય.

નિત્ય સેવાનો સંક્ષિપ્ત પ્રકાર

(મંગલાથી શયન પર્યંત)

સેવા કરનારે શુધ્ધતાપૂર્વક અપરસમાં સ્નાન કરી, શરીર કોરૂં કરી એક પહેરેલું વસ્ત્ર તથા બીજું ઉપવસ્ત્ર સાથે રાખી હમેશાં બે વસ્ત્રયુક્ત સેવા કરવી. પ્રથમ મૃત્તિકા લઇ ખાસા (ભગવદ્-ઉપયોગી-જલ)થી હાથ ધોઇને અંગૂછાથી કોરા કરવા, ત્યાર પછી મંદિર પાસે આવી પોતાના પગનો સ્પર્શ થવા માટે વિનંતિ કરી મંદિરને દંડવત્ કરી, જયવિજયની ભાવના કરી ધીરેથી મંદિર ખોલવું. ત્યારબાદ મંદિરમાં જઇ બુહારી કરી હાથ ધોઇ જલ છીરકી મંદિર વસ્ત્ર કરવું. બુહારી કરવાથી મનને વિક્ષેપ કરાવનાર રજ નાશ પામે છે, અને મંદિર વસ્ત્રથી અજ્ઞાનરૂપી પાપ નાશ પામે છે. ત્યારબાદ સિંહાસન ઝાટકીને ફરીથી બિછાવવું. ઋતુ અનુસાર સાજ બદલવા. તે પછીથી શય્યા પાસેથી ઝારી-બંટા અન્ય પાત્રમાં ખાલી કરવાં. તે પછી મૃત્તિકા લઇને ઝારી, બંટો, તસ્ટી વગેરે પાત્રો માંજવાં. ઝારીનું વસ્ત્ર ધોવું. પછી ઝારી ભરી નેવરો ચઢાવી એક તસ્ટીમાં સિંહાસનની બાજુમાં ધરાવવી. મંગલભોગ માટે મગજના લાડુ, દૂધની, દંહીની, સંધાણાની અને માખણ મિશ્રીની કટોરી વગેરે

એ પ્રકારે સાજીને પડઘા ઉપર ધરવું, પછી હાથ ધોવા. શૈયા પાસે જઇ વિજ્ઞપ્તિ કરવી, પ્રથમ ત્રણ વખત ઘંટાનાદ કરવા. પછી શ્રીમહાપ્રભુજી, શ્રી વિઠ્ઠલનાથજી, વ્રજભક્તોની ભાવના કરી વિનંતિપૂર્વક શ્રી ઠાકોરજીને જગાડવા, તેમાં પ્રથમ મુખ તરફથી ચાદર ઉઠાવવી. શીતકાલ હોય તો હાથ શેકીને દુલાઇ-રજાઇ જે હો તે ઉઠાવી શ્રીમુખનાં દર્શન કરી દંડવત્ કરવા. ત્યારબાદ શ્રીઠાકોરજીને સિંહાસન ઉપર પધરાવી, શીતકાળ હોય તો અંગીઠી પાસે રાખવી. ઋતુ અનુસાર વસ્ત્ર ધરવાં, બંસી શૈયાથી લઇ ગાદી ઉપર ધરવાં, મુખ વસ્ત્ર પીઠના તકિયા ઉપર વામ ભાગે ધરવું. શૈયા પણ શ્રીઠાકુરજીની વામ બાજુએ રહે. પછી મંગલભોગ સમર્પી હાથ જોડી દીનતાપૂર્વક **શ્રી** ને વિનંતી કરવી કેઃ- હે પ્રભો ! શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીની કાનીથી, શ્રીગુરૂદેવની કાનીથી, અને વ્રજભક્તોની ભાવનાથી કૃપા કરી આરોગો.

પછી રસોઇગૃહમાં જઇ ખાસાના જલઘરાની સેવા જેવી કે જલ ગાળવું, પાત્ર માંજવાં, વગેરે પ્રથમ કરી રસોઇ કરનાર બીજી વ્યક્તિ ન હોય તો પ્રથમ થોડી રસોઇ કરી લઇ તે પછી શ્રી ઠાકુરજીને જગાડવા. મંગલ ભોગનો સમય એક ઘડીનો રાખવો. સમય થાય એટલે ભોગ સરાવવો, આચમન મુખવસ્ત્ર કરાવવું. બીડી બે ધરવી, મંગલભોગ ધરેલો ઉઠાવી પ્રસાદી વસ્તુઓમાં ઠલવવો, વાસણ માંજવાં, પડઘો ધોઇ તેની નીચે પોતનું કરી હાથ ધોઇ ઝારી ઠલવવી, પછી ઝારી ખંગાળી ફેર ભરવી, ઝારીનો નેવરો ધોવાની જરૂર નથી, બની શકે તો અવશ્ય આરતી કરવી નહીં તો ભાવના કરવી, હાથ ધોવા.

અભ્યંગ સ્નાન તથા શૃંગાર

સ્વરૂપ સેવા બિરાજતી હોય તો સ્નાન માટે એક પાત્રમાં જલ ઉષ્ણ (તાતું) કરવું, ઉત્સવ હોય તો અભ્યંગનો સાજ તૈયાર રાખવો, એક કટોરીમાં સૂકો અથવા લીલો મેવો, દુધઘર વગેરે સામગ્રી પણ પાસે ધરવી. પછી એક થાળીમાં એક ચોકી ધરી તેના ઉપર સફેદ વસ્ત્ર બિછાવી તે ઉપર શ્રીઠાકુરજીને પધરાવવા. શીતકાલ હોય તો અંગીઠી પાસે રાખવી, અને શ્રી ઠાકુરજીના રાત્રીના શ્રૃંગાર વસ્ત્ર હોય તે વડા કરવા, તે પછી ફુલેલ લગાવવું અને શીતોષ્ણ સોહતા જળથી સ્નાન

કરાવી અંગવસ્ત્ર કરવું ત્યાર બાદ અત્તર લગાવી ઋતુ અનુસાર વસ્ત્રો ધરવાં.

વસ્ત્ર ધરવાની રીતિ

કાર્તિક શુકલ એકાદશીથી ઉત્તરાયણ (મકરસંક્રાંતિ)ના આગલા દિવસ સુધી રેશ્મી, ઉત્તરાયણથી પોષ કૃષ્ણ ૧૪ સુધી છીંટના, પોષ કૃષ્ણ અમાવાસ્યથી માઘ શુકલ ૪ સુધી રેશમી, માઘ શુકલ પૂર્ણિમાથી ફાલ્ગુન શુકલ પૂર્ણિમા સુધી સુતરાઉ રંગબેરંગી તથા સફેદ, ફાગણ વદ બીજથી ફાલ્ગુન કૃષ્ણ અમાવસ્યા સુધી જરી તથા રેશ્મી વગેરે, ચૈત્ર શુકલ પ્રતિપદાથી ચૈત્ર શુકલ અષ્ટમી સુધી છાપાનાં, ચૈત્ર શુકલ દશમીથી વૈશાખ શુકલ દ્વિતીયા સુધી રંગબેરંગી મલમલનાં, વૈશાખ શુકલ ૪ થી અષાઢ શુકલ ૫ સુધી ફીકા રંગની મલમલનાં તથા સફેદ વિના કિનારીનાં, અષાઢ શુકલ છઠથી ભાદ્રપદ અમાવસ્યા સુધી રંગબેરંગી કિનારીવાળાં મલમલનાં, અશ્વિન શુકલ એકાદશીથી કાર્તિક શુકલ દશમી સુધી તાસ તથા જરી વગેરેનાં. કાર્તિક શુકલ ૧૨થી ફાલ્ગુન શુકલ ૧૫ સુધી આત્મસુખ વાગો રહે, શ્યામ મલમલનો, તથા રાજભોગ સમયે તેહ બીછે, પેંડો નહિ, શૈયાની નીચે તેહ બિછાવીએ તો સદા બિછાવી રાખવી નહિ, પણ શૈયાની સેવા કરતી વખતે બુહારી કરવા માટે ઉઠાવવી. વસંત પંચમી સુધી સિંહાસન નીચે રાજભોગ સમયે તેહ બીછે તે ઉથાપન પર્યંત રહે. (નિજ મંદિરમાં તથા શય્યામંદિરમાં સિંઘાસન તથા શૈયા નીચે રૂની ગાદી બિછાવે છે તેને તેહ કહે છે.) શય્યામાં આત્મસુખની ચાદર રૂ ભરેલી રાતી મલમલની કાર્તિક શુકલ ૧૧થી ગાદી ઉપર બીછે, તેના ઉપર સફેદ ચાદર આવે, શય્યાના કશના પ્રબોધિનીથી વસંતપંચમી સુધી છૂટી જાય. સવારે તથા સાંજે શ્રીઠાકુરજી પાસે અંગીઠી રહે. અનોસરમાં અંગીઠી બહાર કાઢવી. શ્રીઅંગે આત્મસુખ વાગો કાર્તિક એકાદશીથી ડોલોત્સવ પર્યંત રહે, ફક્ત સ્નાન સમયે વડો કરવો. આત્મસુખ વાગામાં ઉપરના ભાગમાં શ્યામ મલમલ અને અસ્તર ગુલાબી મલમલનું રહે તથા ઉત્સવના આત્મસુખ વાગામાં ઉપર કેશરી મલમલ સુતરાઉ રહે.

શૃંગાર કરવાની રીતિ

ચરણારવિંદમાં-નેપૂર, કડાં, સાંકળાં, કેડમાં-કટિ-મેખલા, શ્રીહસ્તમાં-કડાં, સાંકળાં, પોંચી, બાજુબંધ કુંદના સહિત ધરવાં. હૃદયમાં-રત્નની જડેલી વૈજયન્તી, તારાગણની માલા, સોનાના મણકાની માલા, સાંકળી, કંઠાભરણ, સર્વે ઉપર ગુંજા માલા, શ્રીમુખારવિંદ ઉપર-ચિબુક, નકવેસર, તિલક, કર્ણમાં-કુંડલ, મત્સ્યાકૃતિ (મકરાકૃતિ) અથવા મયૂરાકૃતિ તથા કર્ણફૂલ. શ્રીમસ્તક ઉપર શિર-પેચ, શીશફૂલ, તિલકની લડો, પાઘની લડો, તોરા, વેણી. ઉષ્ણકાલમાં ઉપર પ્રમાણે મોતીના શૃંગાર શિરપેચ સહિત કર્ણફૂલ, ચન્દ્રિકા, શ્રી મસ્તકે ધરવાં હોય તો ધરવાં, અને મુકુટ અગર ટીપારો અથવા શેહેરાના શૃંગાર હોય, તેમજ ઉત્સવના દિવસે કુંડલ ધરવાં. ઉત્સવમાં શ્રીકંઠે હાંસ ધરાય, ઉત્સવ વિના કંઠાભરણ ધરાય. ફાલ્ગુન સુદિ બીજથી વૈષાખ સુદ બીજ સુધીમાં સુદ તથા વદ બંને પક્ષની બીજ, પાંચમ, અષ્ટમી, એકાદશી તથા સુદ પૂનમે મુકુટ ધરાય. કાર્તિક વદ ૧૧ થી મહા વદ ૭ સુધી મુકુટ ન ધરાય. ઉત્સવનો શૃંગાર હોય ત્યારે મુકુટનો આગ્રહ નહિ. રાત્રિના અનોસરમાં કર્ણફૂલ તથા પાઘ, પોંચી, તિલક, નકવેશર, ચિબુક, કંઠાભરણ અને ઉષ્ણકાલમાં તથા ચોમાસામાં મોતીનું ધરાય, તેમજ શૃંગાર પણ ઘણે ભાગે મોતીના ધરવા.

રાજભોગની રીત

જ્યારે રાજભોગ આવે ત્યારે શૃંગારમાં ધરેલી ભોગની કટોરી તથા ઝારી ઠલાવવી.

રાજભોગ સાજવાની વિધિ : હંમેશાં જે જગ્યા રાજભોગ ધરવા માટે મુકરર કરી રાખી હોય અથવા ચોકી હોયતો તેના ઉપર પ્રથમ નીચે પાતળો બિછાવવી. તેને પનવારો કહે છે. તે ઉપર સઘળી સામગ્રીના થાળ તથા કટોરા ધરવા. શ્રી ઠાકોરજીની આગળ સખડીનો થાળ તેમાં દાળ તથા ઘી મેળવી ગ્રાસ (કોળ) કરવો. થાળની એક તરફ દાળનો ડબરો, શાકનો કટોરો, થાળમાં જગ્યા હોય તો રોટી ધરવી. અગર જાુદી ધરવી. દૂધભાત ધરવો. ઠાકોરજીના જમણા હસ્ત તરફ સંધાણું (અથાણું) તથા લૂણ ધરવું, દૂધ દહીં ધરવું. બે ઝારી ભરીને ધરવી,

પછીથી અગર ભોગની જગ્યા અલગ હોય તો શ્રીને રાજભોગમાં પધરાવવા. ગદ્ય એટલે બ્રહ્મસંબંધના નિવેદન મંત્રથી શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં તુલસી સમર્પવાં. ધૂપ-દીપ કરવો. ઘંટાનાદ સહ તુલસી શંખોદક કરવાં, પછી દંડવત્ પ્રણામ કરી હાથે જોડી દીનતાપૂર્વક પ્રાર્થના કરવી કે હે પ્રભો ! શ્રીમદાચાર્યચરણ શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઇજી તથા શ્રી ગુરૂવરની કાનીથી તથા વ્રજભક્તોની ભાવનાથી કૃપા કરી આરોગો. એ પ્રમાણે કાની દઇ વિજ્ઞપ્તિ કરી ટેરો લેવો.

તે પછી રસોઇનાં વાસણ માંજવાં, તથા રસોઇ ઘરમાં પોતનું કરવું. બાદ મંદિરમાં સિંહાસન ઉપર ખંડપાટ બિછાવવા, ખિલૌનાં ધરવાં, ચોપાટ, માંડવી, ગેંદ, ગેડી, ચકલીઓ, ઘૂઘરા, ચૂસણી, વગેરે ધરવાં. સિંહાસન ઉપરજ ભોગ આવ્યં હોયતો આ પછી કરી શકાય. રાજભોગનો સમય થયો જાણી ભોગ સરાવવો. આચમન-મુખવસ્ત્ર કરાવવું. બીડાં ચાર ધરવાં, ચરણારવિંદમાંથી તુલસી વડાં કરવાં, અને સિંહાસન ઉપર **શ્રી**ને પધરાવવા. બગલ-તકિયા ઉપર મુખ વસ્ત્ર ગડીવાળી ધરવું. કુટુંબીજનો વૈષ્ણવોને દર્શન કરાવવાં. દર્પણ દેખાડવું. રાજભોગ આરતી કરી હાથ ધોવા. દર્પણ દેખાડવું નિકટથી તથા દૂરથી. પછી વેણુ વેત્ર વડુ કરવું. ફૂલની માળા વડી કરવી. શય્યાની સેવા પહેલાં કરી હોય તો ઠીક, ન કરી હોય તો કરવી. શય્યા પાસે ઝારી તસ્ટીમાં ધરવી. બંટામાં ભોગ, તબકડીમાં બે બીડાં ધરવાં. ત્યાર પછી જો અષ્ટાયામની સેવા (શયન પર્યંતનો સેવાક્રમ) ન હોય તો રાજભોગનું એકાદ લીલા તથા ઋતુ અનુસાર પદ બોલી માળા-શ્રૃંગાર વડા કરી શ્રીઠાકોરજીને પોઢાડી દેવા. અનોસર કરી દંડવત કરવા.

ઉત્થાપનની વિધિ

શુદ્ધ જલથી સ્નાન કરી શુદ્ધ (અસ્પૃશ્ય-અપરસનું) વસ્ત્ર ધારણ કરી શ્રીજીનું ચરણામૃત લઇ. તિલક કરી હાથ ધોવા. ઉત્થાપન ભોગ માટે લીલો મેવો પ્રથમથી સિદ્ધ કરી રાખવો. તે પછી ત્રણ વખત ઘંટાનાદ કરવા, બાદ પાંચ મિનિટ ઠેરી મંદિરને દંડવત્ કરી ધીરેથી મંદિરનાં કમાડ ખોલી દરશન કરાવવાં, પેંડો ઉઠાવવો. ચોગાન (ગેંદ ગેડી) ઉઠાવવાં. શય્યા પાસેના ઝારી બંટા પ્રસાદી વસ્તુમાં ઠલવવા.

ઝારી ખંગારી ફેર ભરવી. લીલો મેવો ખાસા કરી ઉત્થાપન ભોગમાં ધરવો. અડધી ઘડીનો સમય રાખવો. સમય થયો જાણી ભોગ સરાવવો. આચમન મુખવસ્ત્ર કરાવવું. પછીથી ભોગનાં દર્શન કરાવવાં. સંધ્યા આરતી ને ગ્વાલ વૈષ્ણવને ઘેર થતા નથી.

શયનની વિધિ

જો સખડી ભોગ ધરવાની અનુકુળતા અને આજ્ઞા ન હોય તો રાજભોગમાં નાગરી, અનસખડી, ખીરની ભાવનાથી દૂધ, ખાસાપૂરી સંધાણું વગેરે ધરી શકાય. અને ઉપર પ્રમાણેની સેવા પહોચી શ્રી પોઢાડી સેવામાંથી નિવૃત્ત થવું. જો શયન પર્યંત સેવાનો ક્રમે હોય તો આગળ નીચે મજબ સેવા કરવી.

પછી શ્રીઠાકુરજીના શૃંગાર વડા કરવા. (અનોસરમાં કયા કયા શૃંગાર રહે તે અગાઉ લખ્યું છે.પ્રબોધિનીથી તે ડોલ સુધી આત્મસુખ વાગો શયન તથા અનોસરમાં રહે. દ્વિતીયા પાટથી રામનવમી સુધી શીત માલૂમ પડે તો વૈશાખ સુદ બીજ સુધી શયનમાં વાગો રહે. પોઢતી વખતે વડો કરવો.) પછી ઝારી બદલીને શયનભોગ ધરવો. શયનભોગમાં અનસખડીમાં પૂરી તથા શાક ધરવું અને અડધો સમય થાય એટલે દૂધની કટોરી ધરવી. એકંદરે ઘડી એકનો સમય રાખવો. સમય થયો જાણી ભોગ સરાવી આચમન મુખવસ્ત્ર કરાવવું, બીડાં બે ધરવાં. ઝારી બદલવી, શય્યા પાસે ઝારી બંટા ધરવા. ભોગમાં બે નંગ ધરવાં, બીડાનો બંટો ધરવો. પછી શયનમાં દરશન ખૂલે. બની શકે તો શયન આરતી કરવી અથવા ભાવના કરવી. પછી સિંહાસન ઉપર ઝારી હોય તે શય્યા આગળ પધરાવવી.

અનોસરમાં ઝારી બે ધરવાં. શય્યાની સેવા પ્રથમથી કરી રાખવી પછી શ્રી ઠાકોરજીને પોઢાવવા. વેણુ તથા મુખવસ્ત્ર શય્યામાં ધરવાં. ચાદર ઓઢાવવી. શીતકાલ હોય તો દુલાઇ રજાઇ ઓઢાવવી. શયનની માલા હોય તે શય્યા પાસે તસ્ટીમાં પડઘા ઉપર ધરવી. પછી શયનભોગનાં બીડાં અને રાજભોગની માલા હોય તે લઇ બહાર આવવું, મંદિર તાલામંગલ કરી મંદિરને દંડવત્ કરવા.

આ પ્રમાણે અનુકુળતા મુજબ સેવાનો ક્રમ ગોઠવવો અને ક્રમે ક્રમે પ્રભુને જેટલા વધુમાં વધુ લાડ લડાવી શકાય તેમ સંપ્રદાયની રીતી અને ગુરુદેવની આજ્ઞા મુજબ સેવા કરવી.

* * *

સામાન્ય પ્રણાલીગત વસ્ત્ર-શ્રૃંગાર ક્રમ

વસ્ત્ર

(૧) કાર્તક સુદ અગીયારસ થી ઉત્તરાયણ (મકરસંક્રાંતિ)ના આગલા દિવસ સુધી રેશમી સાટીન - ઝરી વગેરે.

(૨) ઉત્તરાયણ થી પોષવદ ચૌદશ સુધી - છીંટના

(૩) પોષ વદ અમાસ થી મહાસુદ પાંચમ સુધી - ઝરીના

(૪) મહાસુદ છઠ થી મહા સુદ ચૌદશ સુધી - રેશમી, પુરાણાં

(૫) મહા સુદ પુનમથી ફાગણ સુદ પુનમ સુધી - સુતરાઉ રંગ-બેરંગી તથા સફેદ

(૬) ફાગણ વદ બીજ થી ફાગણ વદ અમાસ સુધી - ઝરી તથા રેશમી

(૭) ચૈત્ર સુદ એકમથી ચૈત્ર સુદ આઠમ સુધી - છાપાનાં

(૮) ચૈત્ર સુદ દશમથી વૈશાખ સુદ બીજ સુધી - રંગ-બેરંગી મલમલનાં

(૯) વૈશાખ સુદ ચોથથી અષાઢ સુદ પાંચમ સુધી - આછા રંગના મલમલના કિનારી વગરનાં

(૧૦) અષાઠ સુદ છઠથી ભાદરવા અમાસ સુધી - રંગ-બેરંગી કિનારીવાળા, લહેરીયા, ચુંદડી વગેરે મલમલના

(૧૧) આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી - છાપાનાં

(૧૨) આસો સુદ અગીયારસથી કારતક સુદ દશમ સુધી - તાસ-ઝરી વગેરેનાં

શ્રૃંગાર

શ્રૃંગાર શિત-કાળમાં જડાવનાં-સોનાનાં આવે, ઉષ્ણકાલમાં મોતી કે છીપના આવે, વર્ષાઋતુમાં જડાવ કે મોતીના આવે, વસંત પંચમી થી ડોલોત્સવ સુધી સોનાના-મીનાનાં શ્રૃંગાર ધરાય. બધા શ્રૃંગારમાં ગુંજા માળા અવશ્ય આવે. અક્ષય તૃતિયા અને શરદોત્સવને દિવસે સફેદ ગુંજામાળા આવે.

શ્રૃંગારના વિવિધ પ્રકાર

(૧) **ચરણાર્વિંદનો શ્રૃંગાર :** નૂપૂર, જેહર, પેંજની, સાંકળાં, પગપાન ઇત્યાદી.

(૨) **કટિમાં :** કટિ મેખળા, ક્ષુદ્રઘંટિકા ધરાય.

(૩) **શ્રી હસ્તના શ્રૃંગાર :** કડાં, સાંકળા, પહોંચી, બાજુબંધ, હસ્તપાન, હસ્તફુલ ઇત્યાદી

(૪) **શ્રીકંઠના શ્રૃંગાર :** એકલરી, દુલરી, કંઠસરી, કૌસ્તુભ, પદક, હાંસ, ત્રવળ, હમેલ વિવિધ માળાઓ ઇત્યાદી

(૫) **ચિબુક :** જડિત હીરો ધરાય તથા નાકે નકવેસર ધરાય

(૬) **કર્ણના શ્રૃંગાર :** કર્ણફુલ, સોના, હિરા, મોતી, માણેક વગેરેના કુંડળ, મત્સ્યાકૃતિ, મકરાકૃતિ, મયુરાકૃતિ ઇત્યાદી, લોલકબંદી, છેલકડી વગેરે ધરાય

(૭) **નેત્રના શ્રૃંગાર :** અલંકાર (કટાક્ષી નેત્ર) અથવા અંજન

(૮) **ભાલનો શ્રૃંગાર :** તિલક, લર, અલકાવલી વગેરે-ઉત્સવમાં ભાલ-કપોલ પર કેસર થી કમલ પત્ર કરાય

(૯) **શ્રીઅંગના શ્રૃંગાર :** બધી જાતની માળાઓ, મોટી ત્રવળ, હમેલ, કળી, વલ્લભી, જાુઇ, કમળ માળા, ચંદ્રહાર, કસ્તુરીની માળા ઇત્યાદી

(૧૦) **શ્રી મસ્તકના શ્રૃંગાર :**

પાઘ : ખીડકીની પાઘ, ફેટાં, ગ્વાલપગા, ચીરા, દુમાલા, ગોળ પાઘ, કુલ્હે, ટોપી, ટોપા ઇત્યાદી

મુકુટ : વિવિધ પ્રકારના, કિરીટ મુકુટ, ટીપારો, કતરા, શહેરા, કલગી, મોરશીખા ઈત્યાદી

મોરપીછ, ચંદ્રિકા, રેશમી, બાદલાની, ચળકની ચંદ્રિકા, કતરા, ચંદ્રિકાના જોડ, કામનો જોડ, ઘેરો ઈત્યાદી

શિરપેચ, શીશફુલ, પાઘની લર, લુમ, તોરા, ત્રવલ, તાઈત ગોટીનો ઈત્યાદી

વિવિધ પ્રકારની ચોટી.

સેવા-સંહિતા

સેવામાં તત્પર થતાં-સેવા દરમ્યાન વિવિધ શ્લોકોચ્ચારણ અને ભાવના નીચે મુજબ કરવી.

(૧) સેવા માટે સ્નાન કરતાં બોલવું.

શ્રીકૃષ્ણ વલ્લભે દેવી યમુને તાપ હારિણિ ।
સેવા યૈ સ્નાતુમિચ્છામિ જલેસ્મિન્ સંન્નિધં કુરૂ ॥

ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રિયતમાં, સર્વ પ્રકારના તાપને હરનારાં, શ્રીયમુને મહારાણીજી, હું સેવામાં પહોંચવા સ્નાન કરવા ઈચ્છું છું, તો આપ આ જલમાં કૃપા કરીને બિરાજો.

(૨) ચરણામૃત લેતાં બોલવું.

ગૃહણામિ ગોકુલાધીશ, ચરણામૃતમાદરાત્ ।
અતસ્તેત્સેવના સિધ્ધયૈ મયિ દીને કૃપાં કુરૂ ॥

હે શ્રી ગોકુલાધીશ પ્રભુ ! આદરપુર્વક આપના શ્રીચરણામૃતને ગ્રહણ કરૂં છું હવે આપની સેવાની સિધ્ધિ માટે મારા જેવા દીન પર કૃપા કરો.

(૩) શ્રી ના મંદિરને દંડવત કરતાં બોલવું.

ભગવદ્ધામ ભગવન્ નમસ્તેલંકરોમિતત્ ।
અંગીકુરૂ હરેરર્થે, ક્ષાન્ત્વા પાદોપ મર્દનમ્ ॥

(૪) મંદિરમાં પ્રવેશ કરતાં બોલવું.

નમો નમસ્તે સ્ત્વૃષભાય સાત્વતાં વિદુર કાષ્ઠાયમુહુઃ કુયોગિનાં ।
નિરસ્ત સામ્યાતિ શયેન રાધસા સ્વધામનિ બ્રહ્મણિરંસ્યતે નમઃ ॥

(૫) મંદિરમાં બુહારિ કરતાં બોલવું.

માર્જનાત્ કૃષ્ણ ગેહસ્ય મનોવિક્ષેપકં રજઃ ।
નાશમેતિ તદર્થં તુ માર્જયામિ તથાસ્તુ મે ॥

શ્રી ઠાકોરજીના સેવાગ્રહમાં બુહારી કરવાથી મનનો વિક્ષેપ કરનાર રજોગુણ નાશ પામે છે.

(૬) મંદિર-વસત્ર કરતાં બોલવું.

આત્મનોજ્ઞાન રૂપસ્ય દુરિતસ્ય ક્ષયાયહિ ।
કરોમિ સેકોપલેપૌ ત્વદ્ ગૃહે ગોકુલેશ્વર ॥

જલ દ્વારા મંદિર વસ્ત્રથી અંતઃકરણના અજ્ઞાનરૂપ પાપ નો નાશ થાય છે.

(૭) સિંહાસન, ગાદી-તકીયા સારૂ કરતાં બોલવું.

સિંહાસનં સુહત્પદ્મરૂપં સજ્જં કરોમ્યહમ્ ।
શ્રી ગોપીશોપ વેશાર્થં તથા તદ્યોગ્યતાં ભજ ॥

હૃદય કમલ રૂપ સિંહાસનને શ્રીગોપીજન વલ્લભને બિરાજવા સજ્જ કરૂં છું.

(૮) પ્રભુને જગાડવા ઘંટાનાદ કરતાં બોલવું.

હરિ વલ્લભના દે ત્વ ઘંટા ભગવત પ્રિયે ।
પ્રબોધાવ સરં બ્રુહિ હરિ વ્રજ વધુ વ્રતં ॥

(૯) શૈયાજી પાસે હાથ-જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવી.

જય જય મહારાજાધિરાજ મહાપ્રભુ મહામંગલરૂપ કોટિ કંદર્પ લાવણ્ય, શ્રી મદ્ આચાર્યજીના અંતઃકરણ ભુષણ, શ્રીગુસાંઇજીના લાડિલા યશોદોત્સંગ લાલિત, વ્રજજનના સર્વસ્વ, રાજીવ લોચન, અશરણ શરણ શરણાગત વત્સલ જય જય જય.

(૧૦) જલના ઝારીજી ભરતાં બોલવું.

પ્રિયા રતિશ્રમ હરં સુગન્ધિ પરિશીતલમ્ ।
યામુનં વારિ પાત્રેસ્મિન્ ભવ શ્રીકૃષ્ણતાપ હત્ ॥

પ્રિયાજી સાથેના રતિશ્રમને હરનારૂં, સુગંધવાળુ, શીતલ હે યમુના જલ ! આ પાત્રમાં શ્રીકૃષ્ણના તાપને હરનારૂં થાવ.

(૧૧) મંગલ ભોગ સાજતાં બોલવું.

સ્વામિની કર રૂપાણિ ભાવ સ્વર્ણ મયાનિવૈ ।
શ્રીકૃષ્ણ ભોજ્ય પાત્રાણિ સંતુ ન મત્કૃતા નિહિ ॥

(૧૨) શ્રીઠાકોરજીને ગાદીજી ઉપર પધરાવતાં બોલવું.

ભાવાત્મકતયા કલૃપ્તે સ્વોત્તરીયત્મકાસને ।
સિંહાસને ગોકુલેશ કૃપયો પ વિશ પ્રભો ॥

ભાવાત્મકપણે સજ્જ કરેલા સ્વકિય ઉત્તરીય રૂપ આસન પર હે શ્રી ગોકુલેશ પ્રભુ સિંહાસન પર કૃપા કરી બિરાજો.

(૧૩) મંગળભોગ ધરતાં નીચેનો શ્લોક બોલી કાની દેવી.

ભુંક્ષ્વભાવૈક સંશુદ્ધ દધિ દુગ્ધાદિ મોદકાન્ ।
પ્રિયંતો નવનીતાંચ રાધયા સહિતો હરે ॥
યશોદા રોહિણી ભાવાત્ બલેન સહ બાલકૈ: ।
ભુક્તં યથા બાલ્ય ભાવ પ્રકટયાત્ ભુંક્ષ્વ મે તથા ॥

હે પ્રભુ ! શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગુરૂદેવ તથા ચોર્યાસી, બસોબાવન ભગવદીયોની કાનીથી અને વ્રજભક્તોની ભાવના થી મંગલભોગ આરોગવા કૃપા કરો.

(૧૪) મંગલભોગનો સમય થતાં ટેરા ખોલી આચમન કરાવતાં બોલવું.

કુરૂષ્વાચનં કૃષ્ણ પ્રિયયામન વારિણા ।
સ્નેહાત્મ ભાવ સેકાન્ય ભાવાપાકરણાત્મકમ્ ॥

હે કૃષ્ણ ! પ્રિય યમુના જલથી સ્નેહાત્મભાવ સિંચન થી અન્ય ભાવ નિવારણ રૂપ આચમન કરો.

(૧૫) મુખ વસ્ત્ર કરતાં બોલવું.

સ્નેહાદ્રતિ શ્રમ જલ પ્રોંચ્છાદ્રાધા કરાંચલમ્ ।
સ્મૃત્વા નંદ ભરાન્નાથ કુરૂ શ્રી મુખ માર્જનમ્ ॥

હે નાથ ! શ્રીરાધાજી ના કર-આંચલ (પાલવ)ને સ્મરિને આનંદ પૂર્વક મુખ ને પોંછો.

(૧૬) શ્રીને બીડા ધરતાં બોલવું.

તામ્બુલં સ્વપ્રિયા વક્ત્ર સૌરભ્યરસ સંયુતમ્ ।
ગૃહાણ ગોકુલાધીશ તત્કથોલાભ પાંડુરમ્ ॥

હે ગોકુલાધીશ ! પોતાના પ્રિયાજીના મુખના સુગંધ અને રસયુક્ત તેમના કપોલ જેવી આભાથી શોભતા પકવ પાન સ્વીકારો.

(૧૭) મંગલાર્તિ સમયે આ શ્લોકબોલી મંગલાર્તિના પદ સાથે મંગલા આરતિ કરવી.

અ મંગલ-નિવૃત્યર્થં મંગલા વાપ્તયે તથા ।
કૃતમારાર્તિં કં તોન પ્રસીદ પુરુષોત્તમ ॥

હે પ્રભુ ! અ મંગલની નિવૃત્તિ માટે તથા મંગલની પ્રાપ્તિ માટે આરતિ કરી છે માટે પ્રસન્ન થાવ.

(૧૮) શ્રી ને સ્નાન કરાવતાં પહેલા આ પ્રમાણે વિનંતિ કરવી.

પ્રિયાંગ સંગ સંબધિ ગંધ સંબધતો ભવેત્ ।
કદાચિત્ કસ્યચિદ્ભાવો હ્યતઃ સ્નાનં સમાચર ॥

પ્રિયાજીનાં અંગ સંબધવાળા ગંધના સંબંધથી ક્યારેક કોઇને ભાવ થાય માટે આપ સ્નાન કરવા પધારો.

(૧૯) આંબળા-ચંદનથી લેપ કરતાં, ફુલેલ લગાડતાં તથા અત્તર સમર્પતા નીચેના શ્લોકો ક્રમશઃ બોલવા.

સ્નેહાત્મ ગંધ તેલેન પ્રિયા ગંધેન ચારૂણાં ।
અભ્યક્તો મંગલ સ્નાનં કુરૂ ગોકુલ નાયક ॥

હે ગોકુલ નાયક ! સ્નેહ રૂપ પ્રિયાજીના સુંગધવાળા તેલથી લેપાયેલા આપ મંગળ સ્નાન કરો.

સ્નેહાત્મ ગન્ધ તૈલસ્ય લેપનાદ્ ગોકુલાધિપ ।
વિતરાત્યંકીં ભક્તિં મયિ સ્નેહાત્મિકાં પ્રભો ॥

હે ગોકુલેશ પ્રભુ ! સ્નેહ રૂપ સુગંધી ફુલેલના લેપનથી મારામાં સર્વોકૃષ્ટ પ્રેમલક્ષણા-ભક્તિનું દાન કરો.

શ્રી સુગંધોદ્ વર્તનને નિશાશ્રમ નિવારિણા ।
ઉદ્વર્તિતઃ કૃષ્ણ ભક્તિદાનેન કુરૂ મે કૃપામ ॥

રાત્રિ શ્રમ-નિવારક શ્રી સંબંધી-સુંગધી અત્તરથી સુંગધિત કરાયેલ હે કૃષ્ણ ! મારા ઉપર ભક્તિદાનથી કૃપા કરો.

ચારૂ ચંદન-સંયુક્તં કાશ્મીરં સુમનોહરમ્ ।
મંગલ સ્નાન સિધ્ધાર્થં લેપયામિ વ્રજાધિપ ॥

હે વ્રજાધિપ ! સુમનોહર કેશર યુકત સુંદર ચંદનથી મંગલસ્નાન સિધ્ધ માટે હું (આપને) લેપ કરૂં છું.

(૨૦) છેલ્લે જલથી સ્નાન કરાવતાં બોલવું.

દિવા ત્વદ્વન ગમન - સ્મરણાત્તાપ ભાવનાત્ ।
ગોપિકાસ્પર્શનોષ્ણેન વારિણા સ્નાપયામ્યહમ્ ॥

દિવસે આપના વનગમનના સ્મરણના તાપભાવથી ગોપિકાના સ્પર્શથી થયેલ ઉષ્ણજળ વડે સ્નાન કરાવું છું.

(૨૧) છેલ્લે લોટીમાં થોડું જલ રહે તે શ્રીમસ્તકે ત્રણવાર ધુમાવી નીચેનો શ્લોક બોલતાં બહાર કરી દેવું.

કોટિ કન્દર્પલાવણ્ય યશોદોત્સંગલાલિતે ।
દૃષ્ટિ દોષોપઘાતાય તત્મેયં વારમ્યામહમ્ ॥

(૨૨) શ્રી અંગ પોંછતાં બોલવું.

સ્નાનાર્દ્રતા-નિવૃત્ત્યર્થં પ્રોંછિતાંગ વિભો મમ્ ।
દૂરી કુરૂષ્વ ગોપીશ કૃપયા લૌકિકાર્દ્રતામ્ ॥

સ્નાનની ભીનાશને દુર કરવા માટે લુછેલા અંગવાળા હે પ્રભુ, હે ગોપીશ, કૃપા કરી મારી લૌકિક આસક્તિને દુર કરો.

(૨૩) શ્રી ને વસ્ત્ર ધરતાં બોલવું.

પ્રિયાંગ તુલ્ય વર્ણાનિ વસ્ત્રાણિ વ્રજનાયક ।
સમર્પયામિ કૃપયા પરિધેહિ દયાનિધે ॥

પ્રિયાજીના અંગ સમાન વર્ણવાળા વસ્ત્ર હું આપને સમર્પણ કરૂં છું જે હે વ્રજનાયક, હે દયા નિધિ, આપ કૃપા કરી ધારણ કરો.

(૨૪) શ્રી ના શ્રૃંગાર ધરતાં વિનંતિ કરવી.

વ્રજેશ રસ રૂપાત્મન્ શ્રૃંગારં રચયામ્યહમ્ ।
સ્વીકુરૂષ્વ ત્વદીયત્ વાત્ સ્વપ્રિયા વત્ કૃંત નિશિ ॥
ભૂષણાન્યવતારાત્મ કાન્યેતા ન્યર્પયામિ તે ।
પ્રિયાંગ - તુલ્યકાંતીનિ પ્રસીદ વ્રજસુંદર ॥

હે વ્રજેશ, હે રસ રૂપ - સ્વરૂપ ! હું શ્રૃંગાર ધરૂં છું.

(૨૫) શ્રી ને પુષ્પમાલા ધરતાં બોલવું.

મુખાબ્જમકરંદાપ્તિ લોભેન રસ ભાવતઃ ।
મધુપાયિત ચિત્તાનિ વ્રજરત્નાનિ તાનિતે ॥
કુસુમાન્યર્પિતાનીશ પ્રસીદ મયિ સંતતમ્ ।
કૃપા સંહષ્ટદગ્વૃષ્ટયા તદંગીકૃત - શોભિતઃ ॥

(૨૬) શ્રી ને વેણુજી ધરતાં વિનંતિ કરવી.

પ્રિયા કારણ દૌત્યેક ભાવેનાતિ પ્રિયં સદા ।
વેણું ધૃત્વાધરે કૃષ્ણ પુરય સ્વામૃતસ્વરૈઃ ॥

પ્રિયાજીને બોલાવવામાં દુતકાર્યના મુખ્ય ભાવની સદા આપને અતિપ્રિય વેણુને અધરે ધરીને હે કૃષ્ણ ! પોતાના અમૃત સ્વરોથી પુરો.

(૨૭) શ્રી ને દર્પણ દેખાડતાં બોલવું.

પ્રિયાસ્વાત્મતાદર્શે વિલોક્ય વદનાંબુજમ્ ।
વ્રજાધીશ પ્રમુદિતઃ કૃપયા માં વિલોકય ॥

પ્રિયાજીના નિજ-આત્મતાના દર્પણમાં પોતાનું વદનકમળ નિરખીને પ્રસન્ન થયેલા હે વ્રજાધીશ ! મને કૃપાપુર્વક નિહાળો.

(૨૮) શ્રી ને પલનામાં પધરાવતાં વિનંતિ કરવી.

નવનિત પ્રિય સ્વામિન્ યશોદોત્સંગ લાલિત ।
પ્રેખ પર્યંકમાંરૂહ્ય મયિ દીને કૃપાં કુરૂ ॥

હે નવનિત પ્રિય, હે સ્વામિ, હે યશોદોત્સંગ લાલિત ! પારણામાં બિરાજીને દીન એવા મારા ઉપર કૃપા કરો.

આ પછી પલનાનું પ્રેખ પર્યંક કિર્તન ગાવું.

(૨૯) રાજભોગ ધરતાં પહેલાં આ પ્રમાણે વિનંતિ કરવી.

હરિ વલ્લભરાવેત્વે ક્રીડાસકતામ્ ગૃહસ્થિતાન્ ।
સમય રાજભોગસ્ય ગોપાન્ ગોપીસ્ચ સુચય ॥

(૩૦) રાજભોગ ધરીને ધુપ કરતાં વિનંતિ કરવી.

શ્રીમદ્રાધાંગ-સૌગન્ધ્યા ગુરૂ ધુપાર્પણાદ્ વિભો ।
ભાવાત્મકૃત-સામગ્રી ભોગેચ્છાં પ્રકટી કુરૂ ॥

હે વિભુ, શ્રી રાધાજીના અંગની સુગંધવાળા ધૂપના અર્પણથી, ભાવથી કરેલી સામગ્રીના ભોગની ઈચ્છાને પ્રકટ કરો.

(૩૧) દીપ કરતાં વિનંતિ કરવી.

દીપઃ સમર્પિતો ભોગ્ય-રૂપાન્નાર્થ પ્રદીપને ।
તદીપનેન ચોદીપ્ત ભાવો ભોજનમાચર ॥

આરોગવા લાયક અન્નના પ્રદીપન માટે આ દીપ સમર્પિત કર્યો છે જેનાથી ઉદ્દીપ્ત થયેલા ભાવવાળા આપ ભોજન કરો.

(૩૨) ભોગ-સામગ્રીમાં તુલસીજી ધરતાં વિજ્ઞપ્તિ કરવી.

પ્રિયાંગ સંગ સુરભિં તુલસીં ચરણ પ્રિયામ્ ।
સમર્પયામિ મે દેહિ હરે દેહમ લૌકિકમ્ ॥
પ્રસીદ પૂજિતો ભક્ત્યા તુલસ્યા પ્રિયગંધયા ।
નિષ્કિંચનાધીશ નાન્યત્ કર્તું શકનોમિ સર્વથા ॥

હે હરિ ! પ્રિયાજીના અંગની સુગંધવાળા આપના ચરણ જેમને પ્રિય છે તેવાં તુલસીજી આપને સમર્પું છું, મને સેવાપયોગી અલૌકિક દેહ આપો.

શ્રી પ્રિયાજીના સુગંધવાળા તુલસીજી વડે ભક્તિપૂર્વક પૂજા એવા આપ પ્રસન્ન થાઓ. હે નિષ્કંચન જનના સ્વામિ ! હું બીજાું કાંઇ કરી શક્તો નથી.

(૩૩) શંખોદક કરતાં બોલવું

કંબુનામાતિ પ્રિય શ્રીશંખાન્ત ર્ગત વારિણા ।
દષ્ટયાદિ દોષા ભાવાય સામગ્રી પ્રોક્ષિતા પ્રભો ॥

હે પ્રભુ ! શંખ રૂપે અતિપ્રિય શ્રીસ્વામિનીજીનાં શંખ જેવા કંઠના અંદરના જલ (અધરામૃત)થી દ્રષ્ટિદોષ દુર કરવા માટે સામગ્રી પોક્ષિત કરી છે.

આ પછી અગાઉ (૧૩)માં કહેલ મુજબ કાની દઇ ટેરો લેવો.

(૩૪) અગાઉ (૧૩) માં બતાવેલ મુજબ કાની દઇ ટેરો લઇ નીચે મુજબ વિજ્ઞપ્તિ કરવી.

સુયોદન પોલિકાદિતથાન્ય રચતુ વિધિમ્ ।
ભુંક્ષ્વ ભાવૈક સે શુદ્ધ રાધયા સહિતો હરે ॥૧॥

રાધા અધર સુધા પાંતુ કિમન્યન્મધુરાયિતમ્ ।
યન્નિવેદ્યતે દય્યેનન્નમ સંબધતો ભવેત્ ॥૨॥

પ્રિયા મુખાંબુજા મેદ સુરમ્યન્ન મતિ પ્રિય ।
અંગી કુરૂસ્વ ગોપીશ ત્વદીપત્વાનિવેદિતમ્ ॥૩॥

સ્વાર્થ પ્રકટ સેવાખ્ય માર્ગે શ્રી બલમ પ્રભો ।
નિવેદિતસ્ય મે ભોજ્યં સ્વારચે કુરૂ હુતાશનં ॥૪॥

(૩૫) રાજભોગનો ટેરો લઇ જાપ કરતાં પહેલા વિજ્ઞપ્તિ કરવી.

પ્રમેય બલ માત્રેણ ગૃહિતોયત્કરોદઢમ્ ।
યામ્યાં તો વલ્લભાધીશ વિઠ્ઠલેશોનમામ્યહમ્ ॥

(૩૬) સમય થયે ભોગ સરાવી - અગાઉ કહ્યા મુજબ આચમન મુખવસ્ત્ર કરી બીડા ધરી રાજભોગ આરતિ કરવી.

શ્રી ગુસાંઇજીકૃત રાજભોગ આરતિ

વ્રજરાજ-વિરાજિત ઘોષ-વરે વરણીય-મનોહર-રૂપ ઘરે ।
ધરણી-રમણી-રમણેક પરે પરમાર્તિ-હર-સ્મિત-વિભ્રમકે ॥૧॥

મકરાકૃતિ-કુંડલ શોભિ-મુખે મુખરી-કૃત નુપુર હૃદ્ય ગતે ।
ગતિ-સંગત-ભુતલ-તાપ-હરે હર-શુક વિમોહન ગાન પરે ॥૨॥

પરમ-પ્રિય-ગોપવધુ હૃદયે દયયા દિન-તાપ-હરે સુહૃદામ્ ।
હૃદય-સ્થિત-ગોકુલ-વાસિ-જને જન-હૃદ્ય-વિહારે-પટે સતતમ્ ॥૩॥

તત-વેણુ-નિનાદ-વિનોદ પટે પર-ચિત્ત-હર-સ્મિત-માપ-કથે ।
કથનીય-ગુણાકર પાદ યુગે યુગલે યુગતે સુદશાં સુરતો
રતિરસ્તુમમ વ્રજરાત સુતે ॥૪॥

(૩૭) શ્રી ને દંડવત સમયે વિજ્ઞપ્તિ.

હે કૃષ્ણ રાધિકાનાથ કરૂણા સાગર પ્રભો ।
સંસાર સાગરે ઘોરે મુમાદ્ધાર ભયાનકે ॥

(૩૮) શ્રી સ્વામિનીજીને દંડવત.

ભંગવાડિસાકૃષ્ટ કૃષ્મ- હન્મા નરોઘની ।
સ્વપાદ પંકજેવદ્વં કુરૂમાં શરણાગત ॥

(૩૯) શ્રી મહાપ્રભુજીને દંડવત.

નમઃ શ્રી વલ્લભાધીશ વિઠ્ઠલેશ પદાંબુજ ।
યદનુગ્રહાયતઃ પુષ્ટિમાર્ગ માંલવતે જનઃ ॥

(૪૦) સેવામાં અપરાધની ક્ષમા યાચવા વિજ્ઞપ્તિ

ક્ષમત્વ પ્રભોભવન્ન પરાધંગયા કૃત ।
અંગીકુરૂષ્વમા સેવા ન્યનામપિ કૃપાનિધિ ॥
અપરાધ સહસ્ત્રાણિ ક્રિયતોહર્નિશિમયા ।
દાસોહં ઇતિ જ્ઞાત્વા ક્ષમસ્વ વલ્લભ પ્રભો ॥

(૪૧) અનોસર પછી ઉત્થાપમ પહેલા ઘંટાનાદ કરી વિનંતિ કરવી.

જય જય શ્રીકૃષ્ણ શ્રી ગોવર્ધનોધરણધીર ।
દયાનિધે દીનોદ્ધરણ શ્રી વિઠ્ઠલેશ મહાપ્રભુ ॥

રાજા ધિરાજ રાજીવ લોચન અશરણ શરણ ।
શરણાગત વ્રજ પંજર આશ્રિત પારિજાત મહાપ્રભુ જય જય ॥

(૪૨) ઉત્થાપનભોગ ધરતા સમયે બોલવું.

તથા ફલાદિકં સર્વં ભુંક્ષ્વ ભાવાર્પિતંમયા ।
પુલિંદીવદ્ ભાવદાનાન્ સાર્થકં જન્મમે કુરૂ ॥

(૪૩) ભોગના દર્શન સમયે બોલવું.

દિવાવિરહજસ્તાપો વ્રજસ્થાનામયથાહત: ।
તથા મલ્લોચનેનાથ શિશિરી કુરૂ સંતતમ્ ॥

(૪૪) સંધ્યાભોગ ધરતી વખતે બોલવું.

શ્રીમન્નંદયશોદદિ પ્રેમ્ણે ભુક્તં વ્રજે યથા ।
ભોજનં કુરૂ ગોપીશ તથા પ્રમોર્પિત હરે ॥

(૪૫) સંધ્યા આરતી સમયે.

કૃષ્ણ કમલ પત્રાક્ષ: પુષ્પ શ્રવણ કિર્તન: ।
શ્રયમનોનુ ગોં પોપે: સાગ્રજો વ્રજમા વ્રજ ॥૧॥

તંગોરજશ્છુરિત કુંડલ વદ્દધાવહ ।
વન્ય પ્રસુન રૂચિરેક્ષણ ચારૂ હાસં ॥૨॥

વેણુ કૃણ તમનું ગૈરૂપ ગીત કીર્ત્તિ ।
ગોપ્યાદિ દક્ષિત દશોભગમન્ સમેતા: ॥૩॥

પીત્વા મુકંદ મુખસારધમ ક્ષિભૃંગ ।
સ્તાપંજ હુર્વિરહ વ્રજ જ્યો ખિતાંગ: ॥૪॥

તત્સત્કૃતિં સમધિ ગમ્ય વિવેશ ગોષ્ટમ્ ।
સ વ્રીડહાસ વિનપાંચત પાંગ મોક્ષમ્ ॥૫॥

(૪૬) શ્રી ના શ્રૃંગાર વડા કરતી વખતે બોલવું.

રાધિકાશ્લેશાન્તરાય ભુષણો તારણાત્પ્રભો ।
નિશિતત્તાન સુશ્રૃંગારા નગી કુરૂ પ્રસોદમે ॥

(૪૭) શયનભોગ ધરતી વખતે બોલવું.

દુગ્ધાન્ના દિય થાભુક્તં રોહિણ્યુપહિતાં નિશિ ।
વ્રજનાયક ભક્તવ્યં તર્થવહિ મદાર્પિતમ્ ॥

(૪૮) શયન આરતિ.

શરણાગત દીન દયૌ કપરે, પરક્ષત મોનિકરંવહરે ।
હરશકવિરચિ વિમોચકરે કરલાલિત ઘોષ વધુ હદયે ॥૧॥

હૃદય સ્થિત બાલક પુષ્ટિરતે રતરંજિત ગોપ વધૂનિચયે ।
ચય સંચિત પુણ્ય નિધાન ફલે ફલ ભક્ત પ્લુતિ રસ પુષ્ટિ નિજે ॥૨॥

નિજમાત્ર સમર્પિન ભોગ પરે પરમાત્ર સુવારિત દીપ ભરે ।
ભરભાવિત ભક્ત રસૈ કરતે રતલોલ વિમુદ્રિત નેત્ર ધરે ॥૩॥

વર વલ્લભ દર્શિત પુષ્ટિ રસે રસ વિઠ્ઠલ લાલિત પાદયુગે ।
યુગ મિતી નિવર્તિક ધર્મ રતૌ રતિ રસ્તુમમ વ્રજ રાજપતૌ ॥૪॥

(૪૯) દંડવત કરતા સમયે પ્રાર્થના.

નમઃ કૃષ્ણાય શુધ્ધાય બ્રહ્મણે પરમાત્મને ।
યોગેશ્વરાય યોગાય ત્વામહં શરણં ગતઃ ॥

(૫૦) પ્રભુને શયન કરાવતી વખતે બોલવું.

ભાવાત્મકતારમહૃદય પર્યંકમોષરૂપકે ।
રમસ્વ રાધયા કૃષ્ણ શયનો રસ ભાવત ॥

(૫૧) શ્રી સ્વામિનીજીને નમસ્કાર.

કોટી વિદ્યુછટા પુર્ણ શ્રીવૃંદાવિપિનાંતરે ।
સદા પુલક સર્વાણિ નમસ્તે કૃષ્ણ વલ્લભ ॥

(૫૨) શ્રી મહાપ્રભુજીને નમસ્કાર.

શ્રી ભાગવત ભાવાર્થ વિભાવાર્થ વતારિત ।
સ્વામિ સંતોષ હેતુ શ્રી વલ્લભ પ્રણમામ્યહમ્ ॥

(૫૩) શ્રી ગુસાંઈજીને નમસ્કાર.

યત્કૃપા બલતોનુંન ભગવદ્ ભક્તિ રસોત્કરઃ ।
નિજાના હૃદયા વિષ્ટ સ્તંવંદે વિઠ્ઠલેશ્વરમ્ ॥

* * *

સેવામાં પુષ્ટિમાર્ગીય સ્તોત્ર પાઠ કરવાનોક્રમ

(૧) સ્નાન કરતાં **શ્રી યમુનાષ્ટક** નો પાઠ કરવો.

(૨) મંદિરમાં પ્રવેશ કરતાં **શ્રી વલ્લભાષ્ટક** નો પાઠ કરવો.

(૩) મંદિરમાં બુહારીની સેવા કરતાં **અતઃકરણ પ્રબોધ** નો પાઠ કરવો.

(૪) મંદિર વસ્ત્ર કરતાં **સિધ્ધાંત રહસ્ય** નો પાઠ કરવો.

(૫) સિંહાસનની ગાદી વસ્ત્ર સિધ્ધ કરતાં **ગોકુલાષ્ટક** નો પાઠ કરવા.

(૬) જલ-પાનની સેવા, ખાસાજળથી મથની ભરતાં **ભક્તિ વર્ધિની** નો પાઠ કરવો.

(૭) ઝારી બંટા ઠાલવી ખાસા કરતાં **સેવાફલ** નો પાઠ કરવો.

(૮) ઝારીજી ભરતાં **શ્રી યમુનાષ્ટક** તેમજ ઘરતાં **નવરત્ન** નો પાઠ કરવો.

(૯) મંગળભોગ સાજતાં **મધુરાષ્ટક** નો પાઠ કરવો.

(૧૦) શ્રી પાદુકાજી, હસ્તાક્ષર. વસ્ત્ર સેવા ઈત્યાદી બિરાજતી હોય તો તે ગાદીજી પર પધરાવતા, **સપ્ત શ્લોકી** નો પાઠ કરવો.

(૧૧) શ્રી ના શૈયાજી તૈયાર કરતાં **દશમ સ્કન્ધ-અનુક્રમણિકા** નો પાઠ કરવો.

* * *

નાપમાત્મા પ્રવચનેન લભ્યો, નમેધયા, ન બહુના શ્રુતેન ।
યમે વૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈય આત્મા પિવૃણુતે તનું સ્વામ્ ॥

અર્થાત્

પ્રભુ કોઈને પ્રવચન, તીવ્ર બુધ્ધિ કે અત્યંત જ્ઞાનથી મળતા નથી. એતો એ જેનું વરણ કરે છે તેને મળે છે. તેની જ આગળ નિજ સ્વરૂપને પ્રકટ કરે છે.

(૧૩) સત્સંગ-નિત્યક્રમ

પુષ્ટિમાર્ગનાં પાંચ તત્વ

પુષ્ટિ મારગનાં પાંચ તત્વ નિત ગાયેજી,
તેના જનમ જનમનાં પાપસર્વે જાયેજી. ૧.

શ્રીજી શ્રીનવનીત પ્રિયા સુખકારીજી;
સમરો શ્રીમથુરાનાથ કુંજબિહારીજી. ૨.

શ્રીવિઠ્ઠલેશરાય શ્રીદ્વારકેશરાય ગિરિધારીજી;
શ્રી ગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારીજી. ૩.

બીજું તત્વ શ્રીવલ્લભકુલનો ભજીએજી;
કુલ લોકલાજનો કાજ સર્વે તજીએજી. ૪.

ત્રીજું તત્વ શ્રીગોવર્ધનગ્રંથ ગાયેજી,
શ્રીનટવરલાલનું ગમતું સરવે થાયેજી. ૫.

ચોથું તત્વ શ્રીયમુનાજીનો જાણોજી;
કરો સ્નાન ને પયપાન એ સુખ માણોજી. ૬.

પાંચમું તત્વ શ્રીવ્રજભૂમિનો ગાઈએજી;
નિત ઉઠી વૈષ્ણવજન, પદ રજ પાઈએજી. ૭.

આ પાંચ તત્વનું ધ્યાન નિરંતર ધરીએજી;
તો મનવાંછિતનાં ફલ સરવે પાઇએજી. ૮.

આ પાંચ તત્વ શિવબ્રહ્માદિકને દુર્લભજી,
શ્રીવલ્લભ પ્રભુ પ્રગટયા પ્રમાણ કીધાં સર્વે સુલભજી. ૯.

આ શોભા જોઈ 'હરિદાસ' જાય બલિહારીજી;
એ લીલા ગાજો નિત્ય નર ને નારીજી. ૧૦.

* * *

જયશ્રીકૃષ્ણ રે ભાઇ

જયશ્રીકૃષ્ણ રે ભાઈ, બોલો બોલો વૈષ્ણવરાઈ;
તેથી કલિમલ જાય નસાઈ. જયશ્રી૰ ૧.

વલ્લભી વૈષ્ણવની એ રીત, જયશ્રીકૃષ્ણ સદા પુનીત;
તેથી પ્રસન્ન થાય નવનીત. જયશ્રી૰ ૨.

જેણે જયશ્રીકૃષ્ણ ગાયા, તે તો અડસઠ તીરથ ન્હાયા;
તેણે પરમ પદારથ પાયા. જયશ્રી૰ ૩.

નામતણો પરતાપજ મોટો, તેથી આ જુગ લાગે ખોટો;
સર્વે વ્રજભૂમિમાં લોટો. જયશ્રી૰ ૪.

જે જન જસોદાજી ઘણું જાણે, એઉના સુતનો ઉદય વખાણે;
મનમાં મહેર કરીને માણે. જયશ્રી૰ ૫.

જસોદા સુતને પાન કરાવે, ગોપીજન સહુ આનંદ મનાવે;
વ્હાલો મારો વ્રજમાં લાડ લડાવે. જયશ્રી૰ ૬.

સુત તો પારણામાંથી જાગ્યા, સહુ ગોપીજન આનંદ પામ્યા;
વ્હાલે મારા તનના તાપ સમાવ્યા. જયશ્રી૰ ૭.

શ્રી વૃંદાવનની તે વાટે, મારગ રોકો છો શા માટે;
વ્હાલે રાસ રમાડયાં રાતે. જયશ્રી૰ ૮.

જેણે જયશ્રીકૃષ્ણ ગાયા, તેની સફળ થઈ રે કાયા;
તે તો પાંચ પદારથ પાયા. જયશ્રી૰ ૯.

રાખો ચરણકમલની છાંયે, તેના ભવનો ફેરો જાયે;
તે તો 'હરિદાસ' ગુણ ગાયે. જયશ્રી૰ ૧૦.

* * *

ગુણગાંન તથા દુઃખ ભાવનં દૈન્યમેવ ચ ।
તથા ત્યાગઃ સિધ્ધ દ્રશઃ કૃત્યમેતરચતુષ્ટમ્ ॥

પુષ્ટિફલની પ્રાપ્તિ માટે - ભગવાનના ગુણગાન, ભગવાનના વિપ્રયોગની આર્તિનો અનુભવ, દીનતા તથા (અસર્પિત, અન્યાશ્રય, અહંકાર આદિ) બાધકોનો ત્યાગ આ ચાર પુષ્ટિમાર્ગીય ધર્મના મહત્વના અંગોનું પાલન આવશ્યક છે.

જૈ શ્રીવલ્લભ જૈ શ્રીવિઠ્ઠલ

જય શ્રી વલ્લભ જય શ્રી વિઠ્ઠલ જય યમુના શ્રીનાથજી
કલિયુગના તો જીવ ઉદ્ધાર્યા, મસ્તક ધરિયા હાથજી.
મોર મુકુટને કાને કુંડલ, ઉર વૈજંતી માલાજી;
નાસિકા ગજ મોતિ સોહે, એ છબિ જોવા જઈએજી.
આસ પાસ ગૌ બિરાજે, ગ્વાલ મંડલી સાથેજી;
મુખથી વ્હાલો વેણુ બજાવે, એ છબિ જોવા જઈએજી,
જયશ્રી ગિરિધર જય ગોવિંદ જય શ્રી બાલકૃષ્ણલાલજી;
જય શ્રી ગોકુલ પતિ જય શ્રી રઘુ પતિ,
જય શ્રી યદુ પતિ ઘન શ્યામજી.
શ્રી ગોકુલવારે નાથ, મેરી દોરી તુમારે હાથજી,
જય યમુના શ્રીગોવર્ધનનાથ, મહાપ્રભુજી શ્રીવિઠ્ઠલનાથજી;
જય જય શ્રી ગોકુલેશ, શેષ ના રહે કલેશ
શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો,
શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો;
શ્રી વલ્લભ વિઠ્ઠલ ગોપીનાથ, દેવકીનંદન શ્રી યદુનાથ;
યશોદાનંદન નંદકીશોર, શ્રી મુરલીધર માખણચોર.
સૂરદાસ કૃષ્ણદાસજી, પરમાનંદ કુંભનદાસજી;
ચતુર્ભુજ નંદદાસજી, છીતસ્વામી ગોવિંદ,
શ્રી વલ્લભ દેવ કી જે, પ્રાણ-પ્યારે કી જે;
શ્રી ગોવર્ધન-નાથ કી જે, ચોરાશી વૈષ્ણવો કી જે,
બસ્સો બાવન ભગવદીયો કી જે,
સમસ્ત વલ્લભ કુલ પરિવાર કી જે,
અપને અપને ગુરૂ દેવ કી જે...

* * *

પ્રભુ પ્રત્યે શરણભાવ અને ભગવદીઓ પ્રત્યે દીનતાનો ભાવ રાખે
તેની સેવાથી પ્રભુ પ્રસન્ન થાય.

ભરોંસો શ્રીવલ્લભહીકો ભારી

ભરોંસો શ્રીવલ્લભહીકો ભારી ॥
કાહેકોંરે મન ભટકત ડોલત, જો ચાહત ફલકારી ॥૧॥

શ્રીવિઠ્ઠલ ગિરિધર સબ બાલક, જગત કિયો ઉદ્ધારી ॥
'પુરુષોત્તમ' પ્રભુ નામ મંત્ર દે, ચરનકમલ શિરધારી ॥૨॥

શ્રી વલ્લભ ભલે બુરે તોઉ તેરે

શ્રીવલ્લભ ભલે બુરે તોઉ તેરે ॥
તુમહી હમારી લાજ બડાઈ, બિનતી સુનો હરિ મેરે ॥૧॥

અન્ય દેવ સબરંક ભિકારી, દેખે બહુત ઘનેરે ॥
હરિપ્રતાપબલ ગિનત ન કાહૂ, નિડર ભયે સબ ચેરે ॥૨॥

સબ તજિ તુમ શરનાગત આયો, દ્રઢ કરિ ચરન ગહેરે ॥
'સૂરદાસ' પ્રભુ તિહારે મિલેતેં, પાયે સુખજૂ ઘનેરે ॥૩॥

કલી મેં એક બડો આધાર

કલિમેં એક બડો આધાર,
શ્રી વલ્લભ ગ્રહે પ્રગટ ભયેહે, શ્રી વિઠ્ઠલ અવતાર. ૧

પૂરન ચંદ્ર નરાકૃતિ સોહત, ખેલત આંગન દ્વાર,
માધો ચરમ શરણ જે આયે, તે ઊતરે ભવપાર. ૨

શ્રી વિઠ્ઠલનાથ જેસો તેસો તિહારો

શ્રીવિઠ્ઠલનાથ જૈસો તૈસો તિહારો ॥
મેં પાપી બહુ પાપ કમાયો, મેરે ઔગુન નાંહિ બિસારો ॥૧॥

હોં સેવક હોઉ તેરે ઘરકો, યે હેં પ્રાન હમારો ॥
શ્રીજમુનાકે નિકટહિં બસિકેં, શ્રીવલ્લભકુલહિં નિહારોં ॥૨॥

જૈસે અગલે જીવ ઉધારૈ, તૈસેહી મોહિ ઉબારૌ ॥
ઈતની બિનતી સુનહૂ કૃપાનિધિ, ભવસાગરતેં તારૌ ॥૩॥
માયાવાદ લગી મો તનકોં, અબ તુમ બેગિ ઉબારૌ ॥
કહત 'દાસ' સુન ચરનકમલ તુમ ચિતતેં કહૂં ન બિસારૌ ॥૪॥

જે જન શરણ આયે તોહી તારે

જે જન શરણ આયે તોહિ તારે.
દીન દયાળ પ્રગટ પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલરાજ દુલારે, ૧
જીતનિ રવિ છાયાકી કનિકા તિતને દોષ હમારે,
તુમારે ચરણ પ્રતાપ તેજતેં તેહું તતક્ષણ ટારે. ૨
માલા કંઠ તિલક માથે ધરી શંખ ચક્ર ભલ ધારે,
માનિકચંદ પ્રભુકે ગુન એસે મહાપતિત નિસ્તારે. ૩

શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી

શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી, હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી,
સદા સેવું શ્રી વલ્લભનંદન, કહા કરૂં જઇ કાશી. ૧
ઇનકો છાંડી ઓરકો ધાવે, સો કહીયો અસુરાસી;
છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ, વાની નિગમ પ્રકાશી. ૨

હમારે શ્રીવિઠ્ઠલનાથ ધની

હમારે શ્રીવિઠ્ઠલનાથ ધની ॥
ભાવસાગરતેં તારિ મહાપ્રભુ, રાખૌ શરન અપની ॥૧॥
જાકો નામ રટત નિશિબાસર, શેસ સહસ્ત્ર ફની ॥
'છીતસ્વામી'ગિરિધરન શ્રીવિઠ્ઠલ, ત્રિભુવન મુકુટ મની ॥૨॥

* * *

લાલન હી કી ચાહિયે

(રાગ : બિહાગ)

કૃપા તો લાલન જુ કી ચહિયે ।
વો જો કરે સોંહી સબ આછી અપને શિર પર સહિયે ॥

અપનો દોષ વિચાર હી સજની ઉનસોં કછુ નવ કહીયે ।
સુર અબ કછુ કહવે કી નાંહી શ્યામ શરણે વ્હે રહિયે ॥

એક પલક જો રહીયે

એક પલક જો રહીયે વૃન્દાવન
જન્મ જન્મ કે પાપ કટત હે, શ્રી કૃષ્ણ કૃષ્ણ મુખ કહિયે. ॥૧॥

મહાપ્રસાદ ઔર જલજમુના કો, તનક તનક ભર લઇ યે
સૂરદાસ વૈકુંઠ મધુપુરિ, ભાગ્ય બિના કૈસે પૈયે.. ॥૨॥

તરહટી શ્રીગોવર્ધન કી રહીયે

તરહટી શ્રીગોવર્ધન કી રહિયે ॥
નિતપ્રતિ મદનગોપાલ લાલકે, ચરનકમલ ચિત લહિયે ॥૧॥

તન પુલકિત વ્રજ રજમેં લોટત, ગોવિંદ કુંડમેં ન્હઈયે ॥
'રસિકપ્રીતમ' હિતચિતકી બાતેં, શ્રીગિરિધારી જુસોંકહિયે ॥૨॥

સદા મન ગોકુલમેં રહીયે

સદા મન શ્રી ગોકુલમેં રહિયે,
ગોવિન્દ ઘાટ છોંકરકી છૈયાં, બેઠક દરસન પૈયેં. ॥૧॥
જમુના પુલિન સુભગ વૃન્દાવન, ગિરિ ગોવર્ધન જઈએ,
ઘર ઘર ભક્તિ ભાગવત સેવા, તન મન પ્રાન બિકૈયે. ॥૨॥
વિઠ્ઠલનાથ બિરાજત નિસ દિન,ચરન કમલ ચિત્ત લઈએ,
શ્રી વલ્લભ પદ કમલ કૃપાતેં ઈનકે દાસ કહૈયે. ॥૩॥

દ્રઢ ઇન ચરણન કેરો

ભરોંસો દ્રઢ ઈન ચરનન કેરો, ॥
શ્રીવલ્લભ નખચંદ છટા બિન, સબ જુગ માંજ અંધેરો ॥૧॥

સાધન ઔર નહીં યા કલિમેં, જાસોં હોઈ નિવેરો ॥
'સૂર' કહા કહે દ્વિવિધ આંધરૌ, બિના મોલકો ચેરો ॥૨॥

આજે સૌને જયશ્રીકૃષ્ણ

આજે સૌને જયશ્રીકૃષ્ણ કાલે વહેલા આવજો
હરીગુણ ગાવા હરીરસ પીવા આવે તેને લાવજો
મન મંદિરના ખૂણે ખૂણેથી કચરો કાઢી નાંખજો
અખંડ પ્રેમતણી જ્યોતિને કાયમ જલતી રાખજો
વહેવારો સૌ પુરા કરીને સતસંગ માંહી બેસજો
હરતાં ફરતાં કામો કરતાં હેયે હરીને રાખજો
હૈયા હૈયા ખૂબ મીલાવી હરીનું નામ દીપાવજો
માન બડાઈ છોડી દઈને ઈર્ષા કાઢી નાખજો
ભક્તિ કેરાં અમૃત પીને બીજાને પીવડાવજો
સૌમાં એક જ પ્રભુ બિરાજે સમજી પ્રીતી બાંધજો
શ્રી વલ્લભની શીખ હૈયે ધારજો

હાલરડાં

એક દિવસ હરિ પોઢ્યા બ્હાર, ઉગ્યો ચંદ્ર ગગનમાં જાય
દીઠો હરિએ ચાંદો ખાસ, રમવા માટે કીધી આશ
ઓ માં ચાંદો આપો મને, એની સાથે રમવું ગમે
દડો ગેડી રમશું અમ માત, આણી આપો એહ વિસાત
યમુનાતીરે રમવા જઇશ, દડો એ રમવા લઇ જઇશ
બોલ્યા માત યશોદા હસી, માગો વસ્તુ બીજી કશી
ઉંચે ચાંદો નવ પહોંચાય, કેવી રીતે એ લેવાય

પ્રભુજી રડવા લાગ્યા બહુ, ગભરાયા વ્રજવાસી સહુ
દયામણા થઇ હરિ રડે, હાથ પછાડી મનમાં કળે
આંખે આંસુ વહે ચોધાર, દુઃખના આંસુ કોણ લોહનાર
માખણ મીશ્રી મેવા ખાસ, લાવી મુક્યા હરિની પાસ
પણ કશાથી રીઝે નહીં, રડતાં છાંના રહે જરી નહીં
રડતાં ચાંદો ચાંદો વદે, કોઇ ચીજ ન લેતા વધે
આણી એક સોનાની થાળ, જળમાંહી રેડ્યું તત્કાલ
દેખાયો ત્યાં એ શશી, દેખાડયો માતાએ હસી
પ્રીતમજી બહુ પ્રસન્ન થયા, જળમાં ચંદ્રમા પકડવા ગયા
નવ આવ્યો ચાંદો હાથમાં, હસી હરિ બોલ્યા સાથમાં
ઓ માં ચાંદો સંતાઇ જાય, પાણીમાં ઉંડો ડુબી જાય
આવે તો માખણ દઉં આજ, લે માખણ એ રજનીરાજ
આવ આવ ઓ ચાંદા આવ, રમવાને લઇએ બહુ લ્હાવ
નહીં મારૂં રમાડીશ તને, તુજ સાથે રમવું મને ગમે
ચંદ્ર ઉપર પ્રીતિ બહુ કરી, નામના ગોકુળચંદ્રમાની ધરી
નભને શીરે આ છે ચંદ્ર, કીંકર શિર પર શ્રીવ્રજચંદ્ર

❋

ભાઇ મ્હારો રૂપાળો બહુ, ભાઇની શી શી વાતો કંહું
નહાતા બોલે શ્રીયમુના નામ, શ્રી યમુનાજી પુરણ કામ
યમુનાજી નવડાવે ખાસ, ભાઇ મારાની પહોંચે હાસ
ભાઇ મ્હારો તો દડુલો રમે, શ્રી યમુનાજીને તીરે ભમે
મેવા મિઠાઇ ખાતો જાય, શ્રીયમુનાજીમાં નહોતા જાય
કિંકર શ્રીયમુનાજી એહ, માને ખોળે એની દેહ
રક્ષણ કરજો માતા સદા, શ્રી યમુનાજી હરજો વિપદા

❋

અહંકાર તજીને, નમ્રભાવે પ્રભુની શરણ ગતિ સ્વિકારવી, એ જેમ રાખે તેમ રહેવાની તૈયારી, એની કૃપાને ઝીલવાની તત્પરતા અને પુર્ણ તથા સમર્પિત ભાવ એ શરણાગત ભક્તનું લક્ષણ છે.

કલાવતીબેન રમણીકલાલ સોની

પાટણમાં શ્રી ધ્વજાજી મનોરથ નિમિત્ત, મહાગુજરાત સાપ્તાહિકમાં તા. ૧૧.૬.૯૪નાં રોજ પ્રસિધ્ધ થયેલ જીવન ઝરમર

પાટણના વતની સોની રમણીકલાલ નાથાલાલના ધર્મપત્નિ પ. ભ. શ્રીમતિ કલાવતીબેન સોનીના મનોરથથી તા. ૧૧-૬-૯૪ના દીવસે નિકુંજનાયક શ્રીનાથજી બાવા શ્રીધ્વજાજી સ્વરૂપે પધાર્યા હતાં. જેથી પાટણ અને તેની આસપાસની વૈષ્ણવ સૃષ્ટિને અલૌકિક દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો. શ્રી દ્વારકાધીશજીના મંદિરમાં વર્ષો પર્યંત કિર્તનની તથા તોસાખાનાની સેવા આપનાર ગો. વા. સોની કાંતિલાલ ગોરધનદાસના તેઓ બ્હેન થાય. તેમના કાકા ગો.વા. સોની પરસોત્તમદાસ વિરચંદ જેમણે પણ શ્રી દ્વારકાધીશજી મંદિરનો વહિવટ સંભાળેલો, ચુસ્ત મરજાદી વૈષ્ણવ હતા. કલાબેનને તેમના કાકા અને ભાઇનો ધાર્મિક સંસ્કારોનો વારસો પ્રાપ્ત થયેલ. નાનપણથીજ પોતે નામ સેવા અને સ્વરૂપ સેવાના વ્યાસંગી રહેલ હતાં અને ષોડષ ગ્રંથો, ચોરાસી બસો બાવન વૈષ્ણવોના પ્રસંગો તથા અન્ય ધાર્મિક સાહિત્યનું સતત વાંચન-મનન કરતાં રહ્યાં. જે તેઓને કંઠસ્થ હતાં અને સ્તોત્ર પાઠ, ધોળ, કિર્તન તેમના નિત્ય કર્મમાં વણાયેલ હતો. તેઓ તૃતિય પીઠાધિશ્વર નિ. લી. ગો. ૧૦૮ શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીના સેવક હતાં અને ગુરૂની આજ્ઞાથી વર્ષો પર્યંત 'શ્રી' ને ભોગ ધરીને લેતા રહ્યાં. યુવાવસ્થામાં સંઘર્ષમય જીવન વ્યતિત કરવા છતાં પ્રભુ ઉપરનો દ્રઢ વિશ્વાસ છોડ્યો નથી અને ૮૨ વર્ષની ઉંમર પર્યંત શારિરિક સ્વાસ્થ્ય સારૂ ન હોવા છતાં અડગ ભગવદ્ આશ્રય રાખી રહ્યા. સંતાનોમાં બે પુત્રો તથા પાંચ પુત્રિઓ છે. જેઓમાં પણ પોતે કાળજી પૂર્વક ધાર્મિક સંસ્કારોનું નાનપણથી સિંચન કરેલ, જેના કારણે તેઓ બધાજ ભગવદ્ સેવા પરાયણ અને ગુરૂદેવમાં દ્રઢ આશ્રય ધરાવે છે. તેઓના જેષ્ટ પુત્ર શ્રી જયેન્દ્રભાઇ ઉપર પણ વર્તમાન તૃતિય પીઠાધિશ્વર ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી તેમજ અમરેલી કાંદિવલી બિરાજતા ગો.૧૦૮ શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રીની પણ અકારણ વિશેષ કૃપા રહેલ છે. જેના કારણે આ આચાર્ય વર્યો ખુબજ વ્યસ્ત હોવા છતાં ખુબજ શ્રમ લઇને પાટણ પધાર્યા હતાં અને પાટણની વલ્લભીય સૃષ્ટિને અનુગ્રહિત કરી હતી. આપશ્રીના આશિર્વાદ અને પ્રેરણાથીજ શ્રીધ્વજાજી મનોરથનું આયોજન સંભવિત બન્યું હતું.

બીજુ બધું ભુલો ભલે મા-બાપને ભુલશો નહી.

ગો.વા.રમણીકલાલ નાથાલાલ સોનીના ભગવદ્ સ્મરણ